
કુમાર

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક
એપ્રિલ ૨૦૦૩, અંક ૪, વર્ષ ૭૯, સળંગ અંક ૯૦૪

સંસ્થાપક ● રવિશંકર મ. રાવળ
તંત્રી
ધીરુ પરીખ



વનવન લાગી આગ, ફાલ્યો કેસૂડો
તડકાની ભાગંભાગ, મ્હાલ્યો કેસૂડો
(છબીકાર ● હેમેન્દ્ર એ. શાહ)



ચિત્રકાર] તટ તરફ યૉટ [ટર્નર

ટર્નરને એનાં પાછલાં વર્ષોમાં સાગરચિત્રો દોરવાનું આકર્ષણ હતું, કારણ કે સાગરને એ કદાચ પ્રકૃતિનું શક્તિમાન તત્ત્વ ગણતો હતો. આ ચિત્રમાંનાં વમળો અને આબેહૂબ રંગો દ્વારા સંદિગ્ધ વિષયવસ્તુને તે ચિત્રાંકિત કરે છે. બંદર પર હરીફાઈમાં ઊતરેલી ક્રીડાનૌકા (યૉટ) સરકતા પડછાયાથી વિશેષ દેખાતી નથી. અને તેની આસપાસ રહસ્યમયતાનું અગાધ વાતાવરણ એણે કૅનવાસ પર તૈલરંગથી તાદશ્ય કરી આપ્યું છે. આ ચિત્ર ઈ.સ. ૧૮૪૫ થી ૧૮૫૦ના સમયગાળા દરમિયાન તૈયાર થયેલું.

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ
સામયિક

કુમાર

વર્ષ ૭૬મું અંક ૪

સ્થાપના : ૧૯૨૪

સૂચના

- ★ કુમાર દર માસની ૧૭મી તારીખે પ્રકટ થાય છે. મહિનાની આખર સુધીમાં અંક ના મળે તો પોતાના વિભાગની પોસ્ટ ઑફિસે તપાસ કર્યા પછી જ જાણ કરવી. જો અંક સિલકમાં હશે તો બીજો મોકલી અપાશે. ટપાલમાં ગુમ થતા અંકની જવાબદારી કાર્યાલયની નથી. આવી અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રકટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે.
- ★ અહીં પ્રકટ થતાં લખાણોમાંના અભિપ્રાયની જવાબદારી તે તે લેખકની છે.
- ★ લેખકોએ પોતાનું લખાણ કાગળની એક બાજુએ, સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. ઝેરોક્ષ નકલ મોકલવી નહીં.
- ★ સામાન્ય રીતે સ્વીકૃત કૃતિનો જવાબ એકાદ માસમાં અપાય છે, અન્યથા કૃતિ અસ્વીકૃત સમજવી. જવાબી ટપાલખર્ચ ન મોકલવું.
- ★ ગ્રાહકે પોતાના સરનામામાં ગામનો પિન કોડ સ્પષ્ટ અક્ષરે અચૂક જણાવવો. અંગ્રેજી અક્ષર સાથેનો આપનો ગ્રાહક નંબર પત્ર-વ્યવહારમાં અવશ્ય જણાવવો.

એપ્રિલ, ૨૦૦૩ ○ ૭૬મું વર્ષ ○ અંક ૪

સાંકળિયું

'કુમાર' સળંગ અંક ૯૦૪

કુમાર ટ્રસ્ટ તરફથી પ્રકાશક : ધીરુ પરીખ
પ્રકાશનસ્થાન : કુમાર ટ્રસ્ટ, ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ,
બઉવાની પોળ સામે, અમદાવાદ-૩૮૦ ૦૦૧ (ફોન નં. ૨૧૪૩૭૪૫)
કમ્પ્યૂટર કમ્પોઝ : કુમાર ટ્રસ્ટ, ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, અમદાવાદ-૧.
મુદ્રક : દીપક પ્રિન્ટરી, રાયપુર દરવાજા અંદર, કોઠી રાંગ, અમદાવાદ-૩૮૦ ૦૦૧. ફોન : ૨૧૪૩૬૩૫
વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦; પરદેશમાં હવાઈમાર્ગે ડૉલર ૨૫, પાઉન્ડ ૧૫ અથવા રૂ. ૧૦૦૦.
અમને સીધું લવાજમ મોકલનાર માટે ૩ વર્ષના રૂ.૪૦૦ અને પાંચ વર્ષના રૂ. ૬૭૫
આ અંકની છૂટક કિંમત રૂ. ૨૦ - ૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૭ - ૦૦

વાચકો લખે છે

હોળી-ધૂળેટીના પર્વ દરમિયાન 'મોના લિસા' 'કુમાર'ના મુખપૃષ્ઠ પર વાચકોને અબીલગુલાલનો છંટકાવ થઈ ગયો! ભારતીય ચિત્રકલાના પ્રાણસમી લેખશ્રેણી ચિત્રકલાનો વિષય લઈ ભણતા વિદ્યાર્થીઓ માટે ખરેખર ઉદ્દીપકનું કાર્ય કરે છે. શાંતિ માટેનાં શસ્ત્રોનો એક બાજુ લેખ ને બીજી બાજુ અશાંતિ માટે બુશના ધમપછાડા કેવો યોગાનુયોગ! સાહિત્યસંપર્ક પરોક્ષ રીતે વાચન-ભૂખ્યા વર્ગ માટે એક શિલા-લેખ બને છે. 'કુમાર' વાચકવર્ગની ત્રિજ્યાનો વ્યાસ બની પ્રગતિનો પરિઘ વિસ્તારે એવી શુભેચ્છા.

- દિલીપ આર શાહ (અમદાવાદ)

*

'કુમાર' જાન્યુઆરી ૨૦૦૩નો અંક મળ્યો જેમાં 'યંત્રવિજ્ઞાન અને ૨૧મી સદી' વિશે શ્રી પ્રહ્‌લાદ છ. પટેલનો તેમજ 'વિજ્ઞાન અને ૨૧મી સદી' વિષે ડૉ. જે.પી. ત્રિવેદીનો લેખ માહિતીસભર રહ્યો. તેઓશ્રીનાં વ્યાખ્યાનોને લેખરૂપે 'કુમાર'માં પ્રકટ કરવા બદલ તંત્રીમંડળને ઘણા ધન્યવાદ.

'વિજ્ઞાન અને ૨૧મી સદી'ના લેખમાં ડૉ. જે.પી.ત્રિવેદીએ શરૂઆતમાં લખ્યું છે કે 'આધુનિક વિજ્ઞાનની શરૂઆત યુરોપમાં નવજાગૃતિ કાળથી થઈ. લગભગ ૧૪મી સદી (૧૩૨૫) આ વિજ્ઞાનનું નવજાગરણ શરૂ થયું.' આ વિધાન વાંચીને મનમાં પ્રશ્ન ઊઠ્યો કે આ લેખમાં આવકાશી વિજ્ઞાન વિશે અને ખાલી યુરોપ વિશે જ કેમ લખ્યું છે. આપણાં શાસ્ત્રોમાં બ્રહ્માંડ અને ૧૪ લોક વિશેનો જે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે વિશે કેમ કોઈ માહિતી નથી આપવામાં આવી.

ડૉ. જે.પી.ત્રિવેદી અને આ વિષયના અન્ય આપણા વિજ્ઞાનીઓને વિનંતી કરું કે આપણાં શાસ્ત્રોમાં બ્રહ્માંડ અને ચૌદ લોક વિશે જે ચારથી પાંચ હજાર વર્ષ પહેલાં કહેવામાં આવ્યું છે તે ખરેખર સત્ય છે કે કલ્પિત રીતે કહેવામાં આવ્યું છે કે પછી લેખમાં યુરોપમાં જૂના સંશોધકોનાં શોધનાં વર્ષોમાં પ્રકટ થયેલાં સંશોધનોનો આધાર લઈને આપણાં શાસ્ત્રોમાં ઉમેરવામાં આવ્યું છે.

આ અવકાશી વિષયોમાં આપણાં શાસ્ત્રોમાં જે કહેવામાં આવ્યું છે તે વિશે વૈજ્ઞાનિક ઢબે માહિતીસભર લેખ 'કુમાર' દ્વારા પ્રસિદ્ધ કરાશે તેવી આશા રાખું છું.

- જયંત ઝવેરી (લંડન, યુ.કે.)

*

'કુમાર'ની ૭૯ વર્ષની એકધારી-અવિરત દડમજલમાં એકએકથી ચડિયાતી સાહિત્યવાનગી પિરસાય છે, તેનો રસાસ્વાદ હું માણું છું અને અનુભવું છું.

ફેબ્રુઆરી ૨૦૦૩ના અંકમાં ઘણા સારા લેખો પૈકી શ્રી પ્રા. ડૉ. આર.ટી. સાવલિયાનો માહિતી તથા ચિત્રથી શણગારેલો લેખ એક નવી જ ભાત પાડે છે. ડો. સાવલિયાએ પુરાણોમાં આવતા ઋષિઓની ભ્રાંતી તપશ્ચર્યા કર્યાનું અને ઐતિહાસિક સત્ત્વને અને કલાધારાને તથા આધ્યાત્મિક વિષયને સંશોધનાત્મક મૌલિક રીતે જે રજૂ કર્યો છે તે માટે તેઓ ધન્યવાદને પાત્ર છે. મહાભારતના શ્રીકૃષ્ણ અને બાળલીલા કરતા, રાધાજી સાથેના ભાવવાહી પૌરાણિક પ્રસંગોને ચિત્રકલા દ્વારા સત્તરમી-અઢારમી સદીમાં વિવિધ શૈલીમાં ભારતના ચિત્રકારોએ નિરૂપેલાં ચિત્રો મનમાં વસી જાય તેવાં, પુરાવારૂપે દર્શાવેલ છે. આ આખો રસથાળ તૈયાર કરવામાં પ્રા. સાવલિયાએ લીધેલ કામ, માહિતી એકઠી કરી સંકલન કરવામાં વિષયના જાણકાર અનેક સાક્ષરોને મળવા પાછળ ગાળેલ સમય વગેરે માટે તેઓને મારા પ્રણામ. આવા સુંદર લેખને આપના અંકમાં પ્રસિદ્ધ કરી વાચકો સુધી પહોંચાડવા બદલ આપને અભિનંદન.

- બકુલેશ સી. મજમુદાર (અમદાવાદ)

*

'કુમાર' માર્ચ-૨૦૦૩ના અંકમાં ભાઈ રસેશ જમીનદારનો પત્ર વાંચ્યો. તેમણે મૅકોલે વિશે જે વિગતો આપી છે તે અંગ્રેજી સાહિત્યના ઇતિહાસમાં આપવી અપ્રસ્તુત ગણાય. બાકી મૅકોલેની શિક્ષણનીતિએ ભારતને જે ભારે નુકસાન પહોંચાડ્યું છે તે વિગતો શિક્ષણના ઇતિહાસના અભ્યાસમાં સુવિદિત હોય. આ લેખકે પણ ગુજરાત વિદ્યાસભાના ઇતિહાસમાં (અને તેમના પિતાશ્રી હીરાલાલ પારેખે પણ એમના ગ્રંથોમાં) નોંધી છે. 'બેલિંગટન' છાપભૂલ કે લેખકની સરતચૂકનું પરિણામ છે.

- મધુસૂદન પારેખ (અમદાવાદ)

*

'કુમાર'ના માર્ચ-'૦૩માં 'વાચકો લખે છે' વિભાગમાં અંગ્રેજ વિદ્વાન 'મૅકોલે' અંગેનું વિધાન આશ્ચર્યજનક અને ચીલાચાલુ છે. બ્રિટિશરો ભારત પર રાજ્ય કરી ગયા તે સ્વીકારી શકાય, પરંતુ તેની સાથે તેને શૈક્ષણિક રીતે પણ બરબાદ કરી ગયા તે કેવી રીતે સ્વીકારાય? સવાલ એ છે કે મૅકોલેના સમય દરમિયાન એટલે કે ઓગણીસમી સદીના શાસનકાળ દરમિયાન શું ભારત પાસે પોતાની સર્વસ્વીકૃત માળખાગત પ્રાથમિક કે માધ્યમિક વ્યાપક શિક્ષણપ્રથા હતી ખરી? ખરી રીતે આ પ્રકારની શિક્ષણપ્રથાક્ષેત્રે શૂન્યાવકાશ હતો. એટલે મૅકોલે માટે આ પ્રકારની શિક્ષણપ્રથાને તોડવાનો તો પ્રશ્ન જ ન'તો. તેણે શિક્ષણક્ષેત્રે જે પ્રદાન કર્યું તે વિધેયક જ હતું. તે સમયના ભારતનો વિચાર કરીએ તો ભારોભાર અજ્ઞાન, નીરક્ષરતા, ગરીબાઈ, વહેમ અને અંધશ્રદ્ધાનો સમય હતો. સ્ત્રીઓ પ્રત્યે તથા પછાત વર્ગો પ્રત્યે તિરસ્કાર, જડબેસલાક જ્ઞાતિપ્રથા વગેરે વાસ્તવિકતા પ્રત્યે આપણે અજ્ઞાન કેમ સેવી શકીએ? આવા સમયમાં આ પ્રકારની માળખાગત, આધુનિક, સુવ્યવસ્થિત શિક્ષણપ્રથા દાખલ થઈ તે એક વિધાયક પગલું હતું. તે વખતના શાસન માટે પણ આ પ્રથા મદદરૂપ બની હોય. પણ તે તો એક અનિવાર્ય પરિણામ હતું. બ્રિટિશરોએ ભારતને કાયદાનું શાસન આપ્યું તે પ્રમાણે પણ આવી સુયોજિત માળખાગત શિક્ષણપ્રથા આપી તે સરવાળે તો ભારતના શિક્ષણક્ષેત્રે લાભદાયક જ ગણી શકાય.

આ ઉપરાંત આ પ્રકારની શિક્ષણપ્રથાને પશ્ચિમ બંગાળના ત્રણ દાયકાના શાસનકાળ માટે અને નિરીશ્વરવાદના ફેલાવા માટે જવાબદાર ગણાવવી તે આપણું ઇતિહાસ પ્રત્યેનું અજ્ઞાન અને અલ્પદૃષ્ટિનું પરિણામ સમજવું રહ્યું. જગતની લગભગ અડધા ઉપરાંતની વસ્તી લગભગ પાંચ દસક સુધી આ પ્રકારની વિચારધારા મુજબ જીવન જીવતી હતી. તે માટે ક્યા મૅકોલે પાક્યા હતા? દેશભક્તિના કેફમાં અને શૉખમાં આપણે વાસ્તવિકતા પ્રત્યે આંખમિચામણાં કરીએ તો સરવાળે આપણને જ નુકસાન થાય છે, જેનાં પરિણામો આપણે આજે પણ ભોગવી રહ્યાં છીએ.

- રસિક ર. શાહ (અમદાવાદ)

*

'કુમાર'ને ઉત્કૃષ્ટ અને વૈવિધ્યભર્યું વાચન પૂરું પાડવા બદલ હાર્દિક અભિનંદન. નવા વિષયોમાં છેલ્લા બારેક અંકથી 'ફિલ્માકાશ'ની લેખમાળા ખાસ દાદ માગી લે છે. ઈ.સ. ૧૯૩૦-૩૫નો ગાળો એ બોલતાં ચલચિત્રોની શરૂઆતનો સમય અને એ જ સમય તે ન્યૂ થીએટર્સની સ્થાપનાનો. એ સંસ્થા ઊભી કરવામાં કેટલીક સાહસિક વ્યક્તિઓએ પુરુષાર્થ કર્યો અને કેટલીક મુશ્કેલીઓનો સામનો કર્યો તે આપણે શ્રી રજનીકુમાર પંડ્યાના લેખોથી જાણ્યું. સાથેસાથે સાહિત્ય અને કલાની કેટલીક વિદ્વાન વ્યક્તિઓએ તેના નિર્માણમાં રસ લીધો એ પણ જાણ્યું. ઉત્તમ નવલકથા કે વાર્તાઓ પરથી ચિત્રો બનાવવાં અને તેને બંધબેસતાં સંવાદ, ફોટોગ્રાફી, સંગીત, અભિનય વગેરે વિષયો પરથી મનોરંજન પીરસવું એ ન્યૂ થીએટર્સનું ધ્યેય. ક્યાંય ઔચિત્ય કે મર્યાદાભંગ ન થાય અને મૂળ કૃતિને અન્યાય ન થાય તેવું દિગ્દર્શન અને પાત્રવરણી. આમ ગૃહદાહ, દેવદાસ, વિદ્યાપતિ, વગેરે ચિત્રો જોયાં. આ પાત્રોમાં કાનનબાલા-સાયગલ કે કે.સી.ડે વગેરેનાં નામો યાદ રહી જાય છે. મારી ઉંમર એ વખતે એવી કે સિનેમા જોવાં બહુ ગમે અને એવાં સુંદર ગીતોને મહેનતથી આબેહૂબ તેની નકલ કરવાનું મન થાય. આજે ૬૦-૭૦ વરસ બાદ પણ એ સુરીલા કંઠ અને એ ગીતો યાદ આવી જાય છે.

નીચેનો પ્રસંગ યાદ આવે છે : '૧૯૪૨ના જાન્યુઆરીનો સમય હતો. અમે કૉલેજની ટૂરમાં કલકત્તા ગયા હતા. એક દિવસ થોડો સમય હતો ત્યારે અમે ૩-૪ મિત્રો 'ટોલીગંજ'-કલકત્તાનું ફિલ્મી પરું-જવા ઊપડ્યા. આશય એવો કે કોઈ દિગ્દર્શક કે સિતારો રસ્તામાં મળી જાય તો તેની સાથે વાત કરીએ કે તેને જોઈ લઈએ તો ધન્ય થઈ જઈએ. રિક્ષાવાળો ન્યૂ થીએટર્સના સ્ટૂડિઓ પાસે ઉતારી ગયો પણ કમનસીબે સ્ટૂડિઓ બંધ હતો અને પ્રવેશ મના હતો એટલે નિરાશ થઈ અમે આગળ ચાલ્યા. ત્યાં 'ઇન્દ્ર મુવિટોન' નામનો સ્ટૂડિઓ જોયો. અવાજ ન કરવાની શરતે અમને અંદર જવા દીધા. એક વિશાળ ખંડમાં કોઈ બંગાળી ધાર્મિક ચિત્રનું શૂટિંગ ચાલતું હતું. ત્યાં દસેક મિનિટ ઊભા રહ્યા પણ કંઈ મજા ન આવી. ત્યાં કોઈએ ખબર આપી કે બાજુના રૂમમાં કાનનબાલા આવ્યાં છે અને સંગીતની પ્રૅક્ટિસ ચાલે છે. જોયું તો એક મોટા રૂમની વચ્ચે કારપેટ પાથરી હતી. મધ્યે બાજુબાજુમાં બે ખુરશીઓ હતી અને તેમાં કાનનબાલા અને પી.સી.બરુઆ બેઠાં હતાં. સામે મોટો અરીસો હતો અને બાજુમાં જમીન પર કમલ દાસગુપ્ત હારમોનિયમ પર હતા. અને તેની બાજુ એક મોટું વાયોલીન-વાયોલા સાથ પુરાવતું હતું. લગભગ ત્રીસેક મિનિટ પ્રૅક્ટિસ ચાલી અને ૮-૧૦ ગીતો ગવાયાં. શાંતિ હતી અને માત્ર સંગીતના સૂરથી વાતાવરણ ભરાઈ ગયું હતું. ત્યારે ખબર

તા. ૮-૩-૨૦૦૩ થી તા. ૩૧-૩-૨૦૦૩ દરમિયાન

'કુમાર ટ્રસ્ટ'ને મળેલાં દાન

૧. શ્રી જ્યોતિ ભટ્ટ (વડોદરા)	રૂ. ૧૦,૦૦૦
૨. શ્રી વિરમ્ય પેકલાઈટ લિમિટેડ (વડોદરા)	રૂ. ૧૦,૦૦૦
૩. શ્રી સંદિપભાઈ મોદી (વડોદરા)	રૂ. ૭,૦૦૦
૪. શ્રી સમન્વય સિસ્ટમ્સ પ્રા. લિ. (અમદાવાદ)	રૂ. ૫,૦૦૦
૫. શ્રી રવીન્દ્રભાઈ ભટ્ટ (ભાવનગર)	રૂ. ૧,૫૦૦
૬. શ્રી ચંદ્રકાન્ત ગિરજાશંકર પંડ્યા અને શ્રીમતી નીલાબહેન ચં. પંડ્યા (મોરબી)	રૂ. ૧,૫૦૦
૭. શ્રી ભગીરથભાઈ બ્રહ્મભટ્ટ (વલ્લભવિદ્યાનગર)	રૂ. ૧,૧૧૧
૮. શ્રી સૂર્યકાન્ત બી. ભટ્ટ (અમદાવાદ)	રૂ. ૧,૦૦૧
૯. અનુસ્નાતક વિદ્યાર્થીઓ (સ.પ.યુનિ. વ.વિ.નગર)	રૂ. ૮૫૦
૧૦. ડૉ. જે.કે.ભટ્ટ (વડોદરા)	રૂ. ૫૦૦
	રૂ. ૩૮,૪૬૨

લ ફોન્તેનની બોધકથા

— અનુ. સાંકળચંદ પટેલ —

ગધેડાનાં લાડ

એક ગધેડાને પોતાના માલિકનું વહાલ મેળવવાનું મન થયું એટલે તેણે વિચાર કર્યો કે હું પણ માલિકને લાડ-પ્યાર કરીશ, તો તે મને વહાલ કરશે.



ગધેડાએ સ્વગત કહ્યું, 'પણ એનો ઉપાય શો? આ કુરકુરિયું સુંદર છે, એટલે તે માલિક અને માલિકણની પાસે ને પાસે રહે છે, અને હું ડંડાનો માર ખાતો રહું છું.'

માલિક તેની સાથે પણ કુરકુરિયાની જેમ લાડ કરે, તેવું ગધેડો ઇચ્છતો હતો. પછી તેણે સ્વયં કહ્યું, 'મારે માલિક પ્રત્યે વધુમાં વધુ કૃતજ્ઞતા દાખવવી જોઈએ, જેથી માલિક મારી સાથે પણ લાડ-પ્યાર કરશે. અને એ કામ તો સહેલાઈથી થઈ શકે એવું હતું.'

માલિક ખુશ-મિજાજમાં બેઠો હતો. ગધેડો ધીમે ધીમે તેની પાસે ગયો. પછી તેણે અત્યંત લાડથી પોતાની ઘસાઈ ગયેલી ખરી ઊંચી કરીને માલિકની હડપચી પર મૂકી અને વહાલ કરવા લાગ્યો. આવું ભારે સાહસનું કામ કરવાથી તે ખુશ થઈ ગયો હતો. એટલે આનંદમાં આવીને તે પોતાના મધુર રાગથી ગીત પણ ગાવા લાગ્યો. 'હોંચીઈઈઈ... ઉ... હોંચીઈઈઈ...!'

માલિક ગભરાઈ ગયો. ગધેડાનું આવું દુઃસાહસ જોઈને તેણે કહ્યું, 'હાય રામ! આ વહાલ કેવું! અને અવાજ પણ કેવો કર્કશ! અરે છે કોઈ? ઓ ચોકીદાર!'

ચોકીદાર ડંડો લઈને આવી ગયો અને તેણે ગધેડાની બરાબરની ધોલાઈ કરી.

કોઈએ આ રીતે વાર્તાનો ગધેડો બનતાં પહેલાં સો વાર વિચાર કરવો.

નહિ કે આ કઈ ફિલ્મનાં ગીતો છે, પણ પાછળથી જાણવા મળ્યું કે એ ગીતો 'જવાબ' (હિન્દી અને બંગાળી) અને 'હૉસ્પિટલ' ફિલ્મનાં હતાં. તેનાં નામ અને શબ્દો અગાઉ કમલાબહેનના લેખમાં આવી ગયાં છે તે ગીતો ફિલ્મમાં જોવા કરતાં કે રેકોર્ડ સાંભળવા કરતાં આ પ્રત્યક્ષ શ્રવણમાં ખૂબ જ મીઠાશ હતી. આજે પણ એ 'તુફાન મેલ' કે 'ચાંદ છુપ ના જાના' અને 'પ્રેમ કી બંસી તો જરા મુજકો સુના જા'ની તરજો કાનમાં ગુંજે છે અને દૃશ્ય સ્મૃતિપટ પરથી ખસતું નથી.

આ રીતે 'કુમાર'ના જૂના અંકોમાં સાયગલ-કેદાર શર્મા અને કમલ દાસગુપ્તાનાં ફિલ્મોનાં ગીતો અને તેમની અંગત જીવનકથા વિશે વાંચ્યું અને તેની કરુણ કથા જાણી ખૂબ દુઃખ થાય છે. પણ એટલું તો ચોક્કસ કે દેવદાસ, લગન, વિદ્યાપતિ અને જવાબ ફિલ્મોનાં ગીત આજે પણ અમર છે અને તેનો મુખ્ય યશ આ કલાકારો, દિગ્દર્શકો અને તેમના કંઠને અને તેમની જ રચનાઓને છે. આમ 'કુમારે' એક ભવ્ય ભૂતકાળ તાજો કર્યો છે.

-રસિકભાઈ આચાર્ય (વલસાડ)

સૂત્રસાર

કર્મપાશમાંથી કોણ બચ્યું છે?

રાધેશ્યામ શર્મા

જેનો મહિમા થયો એવા ત્રણ યોગો, જ્ઞાનયોગ, કર્મયોગ અને ભક્તિયોગ છે. જ્ઞાનયોગમાં કર્તાપણાનો લોપ, ભક્તિ-યોગમાં સમર્પણભાવના અને કર્મયોગમાં કર્મ-ક્રિયાની ઔચિત્ય-દૃષ્ટિ મહત્ત્વની મનાઈ છે. કોઈ પણ યોગમાં કર્મની બાદબાકી શક્ય નથી. ચાહે તે જ્ઞાનયોગ હોય, ભક્તિયોગ હોય કે કર્મ-પ્રધાન વ્યક્તિ હોય. સામાન્યપણે કર્મને શરીર તથા ઇન્દ્રિયો દ્વારા થતા કાર્ય રૂપે ઓળખવામાં આવ્યું છે. હકીકતે મનથી પણ કાર્ય સંપન્ન થાય, વચન-વાણીથી પણ કાર્ય સંભવે ને કાયાથી પણ એ સધાય. મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર એ ચારનું બનેલું અંતઃકરણ વૃત્તિરૂપે ઉદ્ભવે કે કર્મ-કલાપનો પ્રારમ્ભ થાય. ભાવકર્મ, વિચારકર્મ, કલ્પનાકર્મ જેવા પ્રયોગો પણ આમ સૂચવે છે. અંગ્રેજીમાં પણ વારંવાર કહેવાયું છે, 'વર્ડ ઇઝ ઍક્શન'. શબ્દ પણ કર્મ છે - ભાષાનું, વાણીનું.

ટૂંકમાં, કર્મ, ક્રિયા, સંચરણ, સ્ફુરણ, આદિ ચેતનાની જ ગતિશીલતા ગણાય. શ્રીમદ્ ભગવદ્‌ગીતાના ત્રીજા અધ્યાયના કેટલાક શ્લોકોમાં કેવળ કર્મ જ નહિ, કર્મયોગ વિશે ઘણું કહેવાયું છે. દાખલા તરીકે પાંચમા શ્લોકમાં કર્મની અપરિહાર્યતા આ વિધાનમાં વર્ણવાઈ છે. 'કોઈ પણ મનુષ્ય એક ક્ષણમાત્ર પણ કર્મ કર્યા વગર રહી શકતો નથી.' શ્વાસ લઈએ કે મટકું મારીએ એ પણ શરીરનું સહજ કર્મ છે. કર્મને વેદથી નીપજેલું કહીને શ્રીકૃષ્ણે અર્જુનને નિજી સ્થિતિનું બયાન આપ્યું છે. 'હે પાર્થ! મારે ત્રણે લોકમાં કંઈ કરવાનું નથી કે નહિ મળેલું મેળવવાનું નથી, છતાં હું કર્મમાં વર્તું જ છું.' કૃષ્ણે સવ્યસાચીને પણ નિમિત્તરૂપ બની, ફળની આસક્તિ વિના કર્મ કરતા રહેવાનો બોધ દીધો હતો. કર્મની ચર્ચા સાથે વાસુદેવે વિ-કર્મ અને અ-કર્મની સ્પષ્ટતા પણ કરી છે. કર્મ, વિશેષ કર્મ બની જાય એ એની વિશિષ્ટતા અને વિ-કૃત કર્મ બને એ એની વિલક્ષણતા; પણ કર્મ કર્યા છતાં અ-કર્મની ભાવદશામાં જે સ્થિર રહી પ્રવર્તે એને કર્મયોગી કહી શકાય. ત્યાં કર્મનો કે ક્રિયાનો સંયોગ અકર્તાપદ સાથે થઈ જાય છે. એવો કર્મયોગી ગીતાની દૃષ્ટિએ શ્રેષ્ઠ મનુષ્ય છે અને તે જે જે આચરણ કરે છે તેનું અનુકરણ અન્ય જનો કરે છે કેમ કે વિશુદ્ધ કર્મયોગી અનન્ય છે, અને તેથી જ અન્યો એનું અનુગમન કરવા પ્રેરાય.

આવા કર્મયોગીની યાત્રા ભૌતિક કે ભૌગોલિક પૂરતી મર્યાદિત નથી હોતી. એવી સ્થૂળ યાત્રામાં જોતરાયો હોય તો પણ એની તો તે આંતરયાત્રા - ઈનર જર્નિ - સિદ્ધ થાય છે. બાહ્ય જગતના પરિવેશમાં એનો દેહ જે જે કાર્યોમાં સંકળાયો હોય ત્યારે પણ એની આંતરિક દિશા, દેહ છતાં દેહાતીત દશા ભણી હોય.

> હે પાર્થ,
> હું પણ કર્મમાં જ વર્તું છું
> \- શ્રી કૃષ્ણ

અમેરિકાને કાંઠે ઈ.સ. ૧૯૦૪માં દીવાદાંડીનો રક્ષક એક ખડક પાસે એકાએક ગુજરી ગયો. ત્યારે ઓરડીમાં એની સ્ત્રી, પતિ સાથે બેસી વાળુ કરવાની વાટ જોતી હતી. દીવો પેટાવવાનો વખત થઈ ગયો છતાં બહાર કાળોમેંશ અંધકાર જોઈ તે બહાર આવી તો પતિનું મડદું પડેલું ભાળ્યું. તત્ક્ષણે દીવાદાંડીમાં દીવો ના કરે તો દરિયા અંદરનાં વહાણો તારાજ થઈ જાય. સંયોગના પ્રબળ પ્રતાપે તે પોતાને, મૃત પતિના શબને સાવ ભૂલી ગઈ. સકલ સ્થૂળ અધ્યાસ કાંચળીની પેઠે સરકી ગયા. દીવાદાંડી પર પહોંચી દીવો પેટાવ્યો, સંચો ચલાવતાં આવડતું નહોતું એટલે આખી રાત પોતાના હાથે જ કાચ ફેરવ્યા કર્યા સવાર સુધી! પ્રિય પતિના અવસાનનો શોક તદ્દન સ્વાભાવિક રીતે કોરાણે મેલી, આ બાઈએ એકસરખું સુરક્ષાકર્મ સતત કર્યું.

આ ભલી બાઈએ ગીતા વાંચી નહોતી, કોઈનું અનુસરણ કર્યું નહોતું અને છતાં દીવાદાંડી સમાન કર્મયોગ સિદ્ધ કર્યો હતો. આવા કર્મયોગીની યાત્રાની પ્રેરણા અંદરના અજ્ઞાત ચૈતન્યમાંથી જ સ્ફુરતી હોય છે. એમાં શંકા ખરી? ❑

વસન્તે / *જયન્ત પાઠક*

(વસંતતિલકા • સૉનેટ)

વૃક્ષે ફૂટી અરુણકૂંપળ તાજીમાજી
ફૂટી કળી ભ્રમર-ગુંજન રાજીરાજી
કંઠે ગીતિ નવલ કોકિલ જાગીજાગી
શી છાલકો મલયવાયુની અંગ લાગી!
કો બાંસુરી રણઝણાવત વાગીવાગી.

સંભારવું કંઈ પુરાણું હવે ગમે છે
ભૂલી જવાનું ઘડી ભાન હવે ગમે છે
આ વ્યોમ ભૂરું લળ્યું ભોમ પરે ગમે છે.

શો રક્તનો રગરગે દ્રુત વેગ મીઠો!
ને શો વિલંબિત સ્ફુરે ઉર રાગ મીઠો!
આ ભાલ, ગાલ, મયમાદક લાલ હોઠ
ચૂમી લઉં, રહી શકાય ન જ્ઞાન-ઠોઠ.

પાંખે પતંગની ઊડે મન દિગ્દિગંતે
સર્વં પ્રિયે! સુખદ, ચારુતરં વસંતે.

પરિવર્તન / *દેવેન્દ્ર દવે*

(પૃથ્વી • સૉનેટ)

પડે ખબર ના જરી સમય જાય ક્યારે સરી!?
સમુદ્ર તટપે યથા ફીણ પરે ફીણો ઊછળે
ધસી, ધસમસી જતાં પવનવેગી અશ્વો સમા
સમર્થ નવ કોઈ જ્યાં પ્રબલ વેગને નાથવા!!

ત્વરીત સરક્યે જતી સમય-રેત શીશી થકી,
જતાં ચરણ ઠેકતાં હરણફાળ શાં કૂદતાં!
સચિંત મન ઑફિસે અધિર ફાઈલોમાં જવા
ચહે ન ઉર ટ્રેન કે બસ ભણી જવા આકળું...

હવે સમય કાચબો-ગતિવિહીન શો ભાસતો!
ખસે ન ઘડિયાળના અવ અચલ કાંટા દિસે,
નિરાંત-નવરાશમાં સતત આત્મશ્લાઘા મહીં
સુણે ન, સુણવા ચહે સ્વજન-તોય બોલ્યે જવું.

ન'તી ખબર સ્વપ્નમાં સમય ઠેકતો એકદા
અરે અલસ વેગથી-ઢસરડાય કો' કચ્છપ!

તાડની ઊંચાઈ! / *ભાનુપ્રસાદ પંડ્યા*

(અનુષ્ટુપ • સૉનેટ)

સીમમાં એકલો ઊંચો શૂળીના સ્તંભ શો ખડો,
નથી શાખા-પ્રશાખા કૈં ગણે સૌ વૃક્ષમાં વડો!

આછેરાં તાડપત્રોની છત્રીને મસ્તકે ધરું,
અંગાંગે તપ્ત છું ત્યાં ક્યાં અન્યને છાંયડી કરું?

યષ્ટિકા-શા થડે ચોંટ્યાં તીક્ષ્ણ આ ભીંગડાં નર્યાં,
છોરું તો ઠીક, ઓ પેલાં પશુયે સ્પર્શતાં ડર્યાં!

જોઉં છું કે નદીતીરે સુદૂરે વડ વિસ્તર્યો,
નીર જેવી ઢળી છાયા રોમાંચે શૈત્યથી ભર્યો!

મળે ત્યાં પંખીનો મેળો કૂજનો કંઠથી ખૂલે,
છાંયડે રમતાં છોરાં ડાળખી ઝાલીને ઝૂલે.

બીડીને આંખ સૌ ઢોરાં વાગોળે તૃણ ઘૂંટતાં,
મધ્યાહ્‌ને ગોપબંસીથી ફોરાં થૈ સૂર ઊડતા!

કૂજનો, પુચ્છ ને ગોષ્ઠિ ઘાટી છાયા મળે યદિ,
ધૂણતી વાયરાભેળી ઊંચાઈ આપી દૌં બધી!

જોઈ લઉં / *દિનેશ ડોંગરે 'નાદાન'*

(ગઝલ)

લાવ હથેળી હસ્તરેખા જોઈ લઉં,
ભાગ્યને પણ શું છે ઇચ્છા જોઈ લઉં.

આંગળે શાને ટકોરા રૈ ગયા?
દ્વાર ભીતર શી છે શંકા જોઈ લઉં.

જિન્દગીના રંગ તો જોયા ઘણા,
મોરનાં થોડાંક પીછાં જોઈ લઉં.

હું સમર્પિત આખેઆખો છું છતાં,
આજ, એની પણ અપેક્ષા જોઈ લઉં.

બે ઘડી જો પાંપણો મીંચાય આ—
તો અધૂરાં બે'ક સપનાં જોઈ લઉં.

સંચરે / *હર્ષદ મ. દવે*

(ગઝલ)

અધવચાળે આંતરે એ વેદના,
વૃક્ષ પાસે વિસ્તરે એ વેદના!

કેમ ઉત્સાહી થયો તો એટલો?
ઓછપાયો અંતરે, એ વેદના!

બંધ રાખું કે ઉઘાડી શો ફરક?
આંખ સામે તરવરે એ વેદના!

ટેવ આ કેવી પડી છે આંખને?
ઠાલવું તેવી ભરે એ વેદના!

છે ભરોસો એ શમી જાશે કદી,
શ્વાસ સાથે સંચરે એ વેદના!

નખ ને નહોર / *ધીરુ પરીખ*

(વનવેલી)

નહોરમાંથી તો નખ થતા
સહસ્રાબ્દીઓ કૈં થઈ,
વચ્ચે વળી પાછી હિરણ્યકશ્યપુ માટે
નૃ-ને સિંહ બનવાની ઘડી આવી ગઈ.
ભલે એમ થયું તો ય
નહોર તો સંકોચાઈ
પાછું નખરૂપ ધરે;
કોણ જાણે ક્યાંથી વળી
શિવાજીની આંગળીએ
નહોરનું રૂપ પાછું ફરે!

એમ તો ગિનેસબુકે
નખ બની નહોર,
ના કશું ય નુકસાન કરે.
તો ય નહોર કૈં બહુરૂપી જેમ
વેશાંતર કરી
મિસાઈલ સાથે તેજલિસોટે ધસે
બૉમ્બફેંક્યા ધુમાડાના ગોટાઓમાં
છૂપું છૂપું હસે.
હસ્તધૂનને એ નહોર તે પાછા ખસે.
નખ ને નહોરની જે સંઘર્ષકથા તે આમ
માણસ છે, આંગળાં છે
ત્યાં સુધી તે કેમ કરી પૂરી થશે!

ચલ મન... / *લાલજી કાનપરિયા*

(ગાન)

ચલ મન શબદને સથવારે,
શબદ તારે, શબદ ઉગારે, શબદ પાર ઉતારે.

મેલ બધી જંજાળો જગની મેલ બધી જંજાળો
શબદતરુની બખોલમાં તું બાધીં લેને માળો!
ભવરણમાં તું ભૂલ્યો ભટક્યો, જાગ હવે રણકારે
ચલ મન શબદને સથવારે.

શબદ નાદ છે, નાદ બ્રહ્મ છે નિગમ એમ ભણે
પલપલ કોણ પુકારે ભીતર? સાંભળ તું આ ક્ષણે.
જુગજુગ જૂના નાતાને તું કેમ હજી વિસારે
ચલ મન શબદને સથવારે.

કોણ ગાતું ગીત નિરંતર? કોણ વહાવે સૂર?
કોનાં હોવાનાં ઘૂઘવતાં ઘટમાં ઘોડાપૂર?
વેળા વીતી જાશે, અવ તું ઘાવ જ દે નગારે!
ચલ મન શબદને સથવારે.

અમરેલીનું સંનિષ્ઠ સેવાભાવી દમ્પતી



શ્રીમતી સુમિત્રાબહેન અને ડૉ. હરિપ્રસાદ ભટ્ટ

અનિલ ભટ્ટ

૧૭ જૂન, ૧૯૫૭ના દિવસે સોમવાર હતો, ચોમાસુ આવે છે એવા વાવડ લઈને કાળાં ડિબાંગ વાદળો ઘેરાતાં હતાં અને વીખરાઈ જતાં હતાં. વાતાવરણમાં ન સમજાય એવી ગમગીની છવાયેલી હતી. અમરેલી ઉપર તે દિવસે દુઃખનાં વાદળો ઘેરાવાનાં હતાં ને એક ગજબનાક વીજળી ત્રાટકવાની હતી.

સાંજે લગભગ પાંચેક વાગે ટેલિફોન ઉપર સમાચાર આવ્યા. બૃહદ્ મુંબઈ રાજ્યની ધારાસભાના પ્રથમ દિવસે હાજરી આપવા ગયેલા મોટાભાઈનું ધારાસભાના હૉલમાં જ હૃદય બંધ પડવાથી અવસાન થયું! આખું અમરેલી અવાક્ થઈ ગયું. લોકો ચોરે ને ચૌટે ભેગાં થવા લાગ્યાં. સમાચારની સત્યતા ચકાસવા લાગ્યાં. રખેને સમાચાર ખોટા હોય. પણ એવું ન હતું. દુઃખનાં વાદળ ઘેરાઈને લોકોની આંખમાંથી વર્ષાજલીનાં બિંદુઓ ટપકવા લાગ્યાં હતાં.

ધીરેધીરે ટોળું લાલાવદરના દરવાજા આગળ ભેગું થવા લાગ્યું. ત્યાં મોટાભાઈનું મેડી ઉપર ભાડાનું ઘર હતું. ઘરને તો તાળું હતું. પણ લોકો ત્યાંથી ખસવાનું નામ લેતાં ન હતાં.

છેવટે મોટાભાઈના કાકા કૃષ્ણપ્રસાદભાઈ આવ્યા. ઓટલા ઉપર ઊભા રહી સૌ અમરેલીના નગરજનોને બેસવાની વિનંતી કરી. પોતે ઘર ખોલી ઉપર ગયા. મોટાભાઈના ફોટાને સૂતરની આંટી પહેરાવી નીચે લાવ્યા. ઓટલા ઉપર ફોટો મૂક્યો. દીવો પ્રકટાવ્યો ને પોતે બાજુમાં બેસી ગયા અને રામધૂન બોલાવવી શરૂ કરી.

લોકો આવતાં ગયાં એમ બેસતાં ગયાં. વાહનોની અવર-જવરથી આખો રસ્તો રોકાઈ ગયો. અમરેલીની પ્રજા ઊઠવાનું નામ નહોતી લેતી. દુકાનો પણ ટપોટપ બંધ થઈ ગયેલી. રાતના લગભગ નવેક વાગ્યે કૃષ્ણપ્રસાદભાઈએ ઊભા થઈને લોકોને ઘેર જવા વિનંતી કરી. બધાં હારબંધ ઊભાં રહી ગયાં અને મોટા-ભાઈના ફોટાને પગે લાગતાં ગયાં ને વિખરાતાં ગયાં.

બીજે દિવસે પણ અમરેલીએ સ્વયંભૂ બંધ પાળ્યો. વિરાટ સરઘસ નીકળ્યું. અમરેલીના ઈતિહાસે કદી ન જોઈ હોય એવી એક વિરાટ શોક-સભા ટાવર બજારમાં ભરાઈ. સભામાં વક્તાઓએ જે ઉદ્‌ગારો કાઢ્યા અને જે શોકાંજલીઓ વંચાઈ એમાંના થોડાક અંશો જોઈએ :

'તેમના અકાળ અને અણધાર્યા અવસાનથી સૌરાષ્ટ્રના જાહેર જીવનને જે ખોટ પડી છે તે દીર્ઘકાળ સુધી વણપુરાયેલી રહેશે. અસહકારના દિવસોથી માંડીને તેમના અંતિમ શ્વાસ સુધી એક સાચા રાષ્ટ્રભક્ત તરીકે એમણે એક નિષ્ઠાથી દેશની સેવા કરી અને અંગત હિતના ભોગે પણ ગરીબોના હિતને સૌથી મોખરે રાખ્યું. એમનું નિષ્કલંક ચારિત્ર્ય, દેશનાં લોકોની નિરંતર સેવા કરવાની ધગશ પણ આપણા કાર્યકરો અને યુવાનો માટે પ્રેરણા-રૂપ બની રહેશે.'

'દરિયાવ દિલનો એક ફકીર આપણી વચ્ચેથી ચાલ્યો ગયો છે. ગામડાંની જનતાનો, ખેડૂતોનો અને ગરીબોનો તે બેલી હતો. ડૉક્ટરનો ધીકતો ધંધો છોડી દેશ-સેવામાં તેમનું જીવન વ્યતિત થયું. સત્ય, પ્રામાણિકતા, ચારિત્ર્ય, સાદાઈ અને ધીરજના ગુણોનો તે ભંડાર હતો. ડૉક્ટરી ધંધામાં તે ખૂબ જ કુશળ હતા. ગરીબોની તેમણે મફત સારવાર કરી, સાચો ધર્મ બજાવ્યો, એવો એક દેશભક્ત આપણી વચ્ચેથી ચાલ્યો ગયો છે.'

અમરેલીના આવા એક સપુતની કથા આપણે જાણીએ :

સંનિષ્ઠ શિક્ષક અને સંસ્કૃતના પ્રકાંડ પંડિત એવા પ્રશ્નોરા નાગર જ્ઞાતિના શ્રી વિશ્વનાથ માધવજી ભટ્ટ અને જૂની રંગભૂમિના એક મહાન નાટ્યકાર શ્રી મૂળશંકર હરિનંદ મુલાણીનાં પુત્રી ધીરજબહેનને ચાર સંતાનો. સૌથી મોટા હરિપ્રસાદભાઈ જે ડૉક્ટર બન્યા, માલતીબહેન જે આદર્શ ગૃહિણી બન્યાં, મનોરમાબહેન જે કવિશ્રી કાન્તનાં પુત્રવધૂ હતાં અને જે ૧૯૩૫ની સાલમાં પોતાના પતિ અને નાનાભાઈ સાથે લંડનમાં ભણવા ગયેલાં અને મૅડમ મૉન્ટેસરી પાસે જ મૉન્ટેસરીનું શિક્ષણ લીધું અને સૌથી છેલ્લા ચન્દ્રકાન્ત કે જેઓ વિલાયત (લંડન) જઈને આઈ.સી.એસ.નું ભણ્યા અને સરકારમાં એક હોનહાર સનદી અધિકારી બની રહ્યા.

હરિપ્રસાદભાઈનો જન્મ મોટા લિલિયામાં ૧૦ માર્ચ, ૧૯૦૩ના દિવસે થયો. અમરેલીમાં પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ લઈ કૉલેજમાં દાખલ થવા તેઓ વડોદરા ગયા અને ત્યાં તેમના કાકાને ત્યાં રહ્યા. ત્યાંથી મુંબઈની નૅશનલ મેડિકલ કૉલેજમાં દાખલ થવા ગયા ને મુંબઈમાં તેમના દાદાને ત્યાં રહ્યા. ત્યાર પછી પોતાના બનેવી જયંતકુમાર કે જેઓ કવિ શ્રી કાન્તના અનુજ પુત્ર હતા, તેમની સાથે રહ્યા. આર્થિક રીતે એમણે ઘણી મુશ્કેલી ભોગવી. એક સમયે તો સાળા-બનેવી પાસે ખાવાનું કાંઈ જ હતું નહીં એટલે માછલીને ખવરાવવા માટે લીધેલા મમરા તે બંને ખાઈ ગયા.

મેડિકલ કૉલેજમાં તે વખતે એમ.બી.બી.એસ. પહેલાં એલ.સી.પી.એસ.ની ડિગ્રી અપાતી. એ પાસ કરો એટલે તમે ડૉક્ટર તરીકેની પ્રૅક્ટિસ કરી શકો. હરિપ્રસાદભાઈ એલ.સી.પી.એસ. થયા ને એ દરમિયાન જ ગાંધીજીએ બ્રિટિશ રાજ સામે બગાવતનો બુંગિયો ફૂંક્યો. આખો દેશ આળસ મરડીને જાણે બેઠો થઈ ગયો. યુવાનો અને યુવતીઓ સત્યાગ્રહના આંદોલનમાં જોડાવા લાગ્યાં. હરિપ્રસાદભાઈ પણ એ રંગે રંગાયા અને ભણતરને તિલાંજલિ આપીને પોતાના માદરે વતનમાં જઈ દવાખાનું શરૂ કર્યું. એ દરમિયાન એમનું લગ્ન સુમિત્રાબહેન સાથે થયું.

પૂના નજીક આવેલ ધોંડો કેશવ કર્વે એટલે કે મહર્ષિ કર્વેના આશ્રમમાં દયાબહેન અને ચિત્રશિક્ષક બચુભાઈ રૂઘનાથજી મુલાણીને ચાર પુત્રીઓ. તેમાં સૌથી નાનાં તે સુમિત્રાબહેન. મહર્ષિ કર્વે સ્ત્રી-કેળવણીના પ્રખર હિમાયતી. આથી સુમિત્રાબહેનનો એવા માહોલમાં ઊછેર થયો. એમનાં બા અત્યંત રૂપાળાં. સુમિત્રાબહેને એમનાં બાનું રૂપ ચોરી લીધું!

શાળાના દિવસો દરમિયાન જુદી જુદી રમતોમાં પ્રથમ આવીને એમણે ઘણાં ઇનામો મેળવેલાં. આ ઉપરાંત તેઓ સાઇક્લિંગ અને સ્વિમિંગ પણ શીખેલાં. કછોટો મારીને કૂવામાં કૂદકો મારતાં. સંગીતની પણ તેમણે સૂઝ-બૂઝ અને હાર્મોનિયમ સરસ વગાડતાં. દિલરૂબા પણ શીખેલાં. એમનાં બાળકો સુમિત્રાબહેનને ફરમાઈશ કરતાં : ''બા, 'ચલ ચલ રે નવજવાન' હાર્મોનિયમ પર વગાડોને.'' અને તરત જ એમની આંગળીઓ હાર્મોનિયમ પર ફરવા માંડતી. યાદ રાખવા જેવી વાત છે. આ બધી જ કળાઓ તેઓ ૧૯૨૫-૩૦ની સાલમાં શીખેલાં. સ્ત્રીઓની સ્થિતિ એ ગાળામાં કેવી હતી એ વિચારવા જેવું છે. ફક્ત સોળ વર્ષની ઉંમરે સુમિત્રાબહેનનાં લગ્ન હરિપ્રસાદભાઈ સાથે થયાં અને પૂનાના એક અંતરિયાળ ગામમાં ઊછરેલી ગભરુ કન્યા અમરેલી ગામમાં એક રૂઢિચુસ્ત જ્ઞાતિના ઘરમાં કાયમ વસવાટ કરવા માટે આવી ગઈ. તેઓ પ્રશ્નોરા જ્ઞાતિનાં હતાં ને!

આ તરફ હરિપ્રસાદભાઈનું દવાખાનું ધમધોકાર ચાલવા લાગ્યું. તેમનું નિદાન સચોટ રહેતું. ગરીબો પ્રત્યે અત્યંત સંવેદનશીલ, આથી દવાખાનું હકડેઠઠ ભરાયેલું રહેતું.

હરિપ્રસાદભાઈને તેમનાં ભાંડરડાં અને બીજાં સગાંવહાલાં મોટાભાઈ કહીને સંબોધન કરતાં. આથી અમરેલીમાં પણ 'મોટાભાઈ' તરીકે ઓળખાવા લાગ્યા. આ રીતે આ દમ્પતી અમરેલીમાં એકમાત્ર સેવાભાવી દમ્પતી તરીકે ઓળખાવા લાગ્યું.

એ દરમિયાન મહાત્માજીએ બ્રિટિશ રાજ સામે અસહકારનું આંદોલન છેડ્યું. બરવાળા, ધોલેરામાં સ્વાતંત્ર્યવીરોએ આ આંદોલન શરૂ કર્યું. આ લડતમાં ભાગ લેવા હરિપ્રસાદભાઈએ ધમધોકાર ચાલતી પ્રૅક્ટિસને તિલાંજલિ આપી અને લડતમાં જોડાયા.

સુમિત્રાબહેનની ઉંમર તે વર્ષે ૧૭ વર્ષની હતી. પતિના પગલે પગલે એમને પણ આ આંદોલનમાં ઝંપલાવવાની ઇચ્છા હતી. પણ પરણ્યાને એક જ વર્ષ થયું છે એવી આ મુગ્ધાને રજા કોણ આપે? ત્યારે તેઓ અડધી-પડધી લાજ કાઢતાં. તેમના સસરા વિશ્વનાથભાઈ અત્યંત સમજુ, જ્ઞાની અને આદરણીય વ્યક્તિ હતા. તેઓ દીવાનખાનામાં હીંચકા પર બેસીને શ્લોક બોલતા. સુમિત્રાબહેન એમની પાસે જઈ ગુપચુપ ઊભાં રહી ગયાં.

વિચક્ષણ સસરા વહુ કાંઈક મૂંઝાય છે તે સમજી ગયા. તેઓ બોલ્યા, 'કાંઈ મૂંઝાવ છો? હરિપ્રસાદ વગર ગમતું નથી? પિયર જવું છે?' સુમિત્રાબહેને ડોકું હલાવી ના પાડી. કશું બોલ્યાં નહીં.

સુમિત્રાબહેનની બાજુમાં કનુ નામનો છોકરો અદબ વાળીને ઊભેલો. ગોળમટોળ સુદૃઢ શરીર, ખાદીની ચડ્ડી અને બાંડિયું પહેરેલાં આ કનુ રાજુલાના એક વેપારીનો દીકરો. મહાત્માજીના રંગે એ પણ રંગાયો. પણ વહેવારુ પિતાએ આંદોલનમાં જોડાવાની પરવાનગી ન આપી. એ સીધો રાજુલાથી અમરેલી આવીને હરિપ્રસાદભાઈ પાસે ઊભો રહી ગયો. એમણે બધી વાત સાંભળી. હરિપ્રસાદભાઈ એ કુટુંબને સારી રીતે ઓળખે. તેમણે કનુની આંખમાં ચમક જોઈ અને પોતાને ઘેર જ રાખ્યો. દવાખાનામાં કમ્પાઉન્ડરીનું કામ કરવા કનુ જતો. આમ, તે ઘરનો એક સભ્ય જ બની ગયેલો.



પ્રવચન કરતા ડો. હરિપ્રસાદ ભટ્ટ

વિશ્વનાથભાઈએ કનુ સામે જોયું, પૂછ્યું, 'શું વાત છે, કનુ?' કનુએ કહ્યું, 'બાપુજી, ભાભીને આ લડતમાં જોડાવાની ઇચ્છા છે.' વિશ્વનાથ ગંભીર વિચારમાં પડી ગયા. બોલ્યા, 'જો સુમિત્રા, રામાયણનો એક પ્રસંગ સાંભળ. રામને જ્યારે બાર વર્ષનો વનવાસ મળ્યો ત્યારે સીતાજી પણ તેમની સાથે જવા માગતાં હતાં. તેઓ દશરથ રાજા આગળ પરવાનગી માગવા ગયાં ત્યારે દશરથ રાજાએ કહ્યું, 'રામને તો બાર વરસ વનમાં ભટકવાનું છે. તમે સાથે જાવ તો તમારું ધ્યાન કોણ રાખશે?' એ વખતે લક્ષ્મણ બાજુમાં ઊભેલા. તેમણે કહ્યું, 'હું પણ વનવાસે જઈશ અને સીતાજીનું ધ્યાન રાખીશ.' આટલું બોલી વિશ્વનાથભાઈ અટકી ગયા. પછી કહ્યું, 'સુમિત્રા, તને પરવાનગી તો આપું પણ તારો લક્ષ્મણ કોણ?' બાજુમાં ઊભેલા કનુએ એક પળનો વિલંબ કર્યા વગર કહ્યું, 'બાપુજી, આજથી હું તેમનો ભાઈ, હું પણ આંદોલનમાં જોડાઈશ.' સુમિત્રાબહેનને પરવાનગી મળી ગઈ.

આગળ જતાં આ છોકરો કનુભાઈ લહેરીના નામે એક વિચક્ષણ અને પ્રામાણિક રાજકારણી થયા અને જીવ્યા ત્યાં સુધી સુમિત્રાબહેનને ભાઈ તરીકેનો બધો જ વ્યવહાર કર્યો.

હિન્દુસ્તાનમાં ચારે તરફ બ્રિટિશ સરકારે ધરપકડો શરૂ કરી. જેલો સ્વાતંત્ર્યવીરોથી ઉભરાવા લાગી. સુમિત્રાબહેન અને હરિપ્રસાદભાઈની પણ ધરપકડ થઈ અને સજારૂપે છ મહિનાની કાચી જેલ મળી. બ્રિટિશરો બહુ ચાલાક રાજકારણીઓ હતા. રેલવેના ડબ્બાની જેમ એમણે જેલમાં પણ વર્ગ-૧ના કેદી, વર્ગ-૨ના કેદી અને વર્ગ-૩ના કેદી એવા ભાગ પાડેલા. વર્ગ-૧માં ગાંધીજી, પંડિતજી, સરદાર જેવાને મૂકતા ને એમને બધી જ સગવડો મળતી. વર્ગ-૨માં હરિપ્રસાદભાઈને મૂકેલા. એમને પણ સગવડો મળતી પણ થોડી ઓછી જ્યારે સુમિત્રાબહેનને તો વર્ગ-૩માં મૂકેલાં.

જેલના પોતાના અનુભવોની વાત કરતાં સુમિત્રાબહેન કહેતાં, 'અમારી કાચી, આકરી, કેદ કહેવાતી. અમને બધાંને વહેલી સવારે એટલે કે અડધી રાતે બે વાગે ઉઠાડે. પછી બધાંને બહાર ખુલ્લામાં એકસાથે કુદરતી હાજતે જવાનું, પછી અંધારિયા રસોડામાં ધુમાડાની વચ્ચે સમગ્ર જેલના કેદીઓ માટે બાજરાના રોટલા અને મગની દાળ કરવાનાં. મગમાં કાંકરા આવતા અને બાજરાના રોટલામાં ધૂળ. બપોર પછી પણ આ જ ક્રમ. દરેક કામ માટે ઘંટ પડે અને ત્યારે એક નિશ્ચિત જગ્યાએ બધાએ હાજર થઈ જવાનું હોય.' સુમિત્રાબહેને એટલો બધો શ્રમ કરેલો કે એ છ મહિનાની આકરી કેદ ભોગવીને છૂટ્યાં ત્યારે એમનો ડાબો હાથ લકવાથી બહેર મારી ગયેલો, જે આખી જિંદગી એમને પીડા આપતો રહ્યો.

જેલમાંથી છૂટ્યા પછી સુમિત્રાબહેને ઘર-ગૃહસ્થી સંભાળી. સાસુ-સસરાની સેવા, નણંદ-નણંદોઈ ને અન્ય સગાંસંબંધીઓની તક-તેવડ સાચવવી ને રોજ રોજ આવતા મહેમાનોની આગતા-સ્વાગતામાં પરોવાઈ ગયાં.

બીજી તરફ હરિપ્રસાદભાઈએ જેલમાંથી છૂટ્યા પછી દવાખાનું શરૂ કરી દીધું, પણ સ્વાતંત્ર્યની લડત પણ જોર પકડતી ગઈ. ઘરબાર, નોકરી-ધંધો છોડીને યુવાનો-યુવતીઓ અને દરેક ઉંમરના લોકો સત્યાગ્રહીઓ બનતા ગયા. આ બધા સત્યાગ્રહીઓ માટે આ દમ્પતીનું અમરેલીનું ઘર જાહેર ધર્મશાળા બની ગયું. એ સમય દરમિયાન ભાગ્યે જ એવો દિવસ જતો કે જ્યારે એમને ત્યાં મહેમાન રહેનાર અને જમનાર ન હોય. આ દમ્પતી ખૂબ પ્રેમથી બધાંની સાર-સંભાળ લેતાં. મનુભાઈ પંચોળી 'દર્શક' એમના ઘરને સત્યાગ્રહીઓનું આશ્રયસ્થાન કહેતા અને સુમિત્રાબહેનને અન્નપૂર્ણાદેવી કહીને સંબોધતા.

આશરે ચાલીસીના ગાળામાં અમરેલીમાં કૉલેરાની ભયંકર મહામારી ફાટી નીકળી. લોકો ટપોટપ મરવા લાગ્યાં. અમરેલીમાંથી લોકો ભાગવા લાગ્યાં. હરિપ્રસાદભાઈ ઉપર તેમના સ્નેહીઓ અને સગાસંબંધીઓનું દબાણ આવ્યું. 'અમરેલી છોડીને અહીંયાં આવી જાવ.' અમરેલીના મોટાભાઈ સૌને એક જ જવાબ આપતા : 'આવા કપરા સંજોગોમાં અમારાથી અમરેલીને રેઢું ન મુકાય. પોતાનાં બાળકોને ભાવનગર પોતાના સાઢુભાઈને ત્યાં મોકલી આપ્યાં અને કૉલેરાના દર્દીઓને મફત દવા આપવાનો અને મફત વિઝિટે જવાનું શરૂ કરી દીધું. આ મહામારી ઉપર કાબૂ આવ્યો ત્યાં સુધી આ સિલસિલો ચાલુ રાખ્યો.

૧૯૪૨ની ચળવળમાં હરિપ્રસાદભાઈની ફરી ધરપકડ થઈ. એમને વડોદરાની જેલમાં રાખવામાં આવેલા. એમના નાનાભાઈ ચંદ્રકાન્તભાઈ એક હોનહાર સનદી અધિકારી હતા. ૧૯૩૦-૩૨ની સાલમાં વિલાયત (લંડન) જઈને એમણે આઈ.સી.એસ.ની પરીક્ષા આપેલી. તેઓ ત્યારે વડોદરા હતા. સુમિત્રાબહેન દિયરને ત્યાં રહ્યાં. રોજ સાંજે કેદીઓને મળી શકાતું. સુમિત્રાબહેન સાઇકલ ઉપર રોજ સાંજે દાંડિયા બજારથી જેલ સુધી પોતાના મોટા પુત્રને બેસાડીને જતાં-આવતાં.

જેલમાંથી છૂટ્યા પછી હરિપ્રસાદભાઈ પોતાને ગમતી


પ્રવચન કરતાં સુમિત્રાબહેન ભટ્ટ

ત્રિવિધ પ્રવૃત્તિઓમાં પરોવાઈ ગયા. દર્દીઓની સેવા, અન્યાય સામે ન્યાય મેળવવાની લડત અને આઝાદીના લડવૈયાઓની સેવા. અમરેલીના ટાવર બજારમાં જ્યારે દુકાનના પાટિયા ઉપર ઊભા રહીને કલાકો સુધી હરિપ્રસાદભાઈ બોલતા હોય ત્યારે મજાલ નથી કોઈ શ્રોતાની કે ઊભો થઈને ચાલતો થાય! એમની વાણીમાં અદ્‌ભુત શક્તિ હતી. ઘણાં યુવક-યુવતીઓ ફક્ત એમનું ભાષણ સાંભળીને જ લડતમાં ઝંપલાવતાં. એ ભાષણ કરવાના હોય ત્યારે આખું અમરેલી ટાવર બજારમાં ભેગું થતું. એમનું ભાષણ હંમેશાં છેલ્લું રાખવામાં આવતું. જેથી શ્રોતાઓ એમને સાંભળીને ચાલતા ન થાય. એ સમયે આખા સૌરાષ્ટ્રમાં એમના જેવો શબ્દોનો જાદુગર ભાગ્યે જ બીજો કોઈ હશે.

એમના મિત્રવર્તુળમાં વિવિધ ક્ષેત્રના પ્રતિનિધિઓ રહેતા કે જેઓ સાંજ પડે એમના ઘરે આવતા. મોટો જમેલો જામતો. તેમનાં નામો આ પ્રમાણે હતાં કે જેઓએ આગળ જતાં ઘણી નામના મેળવેલી : સર્વ શ્રી દ્વારકાદાસ પટેલ, છોટુભાઈ આડતિયા, હાવાભાઈ સંઘવી, સતાર પંખીડા, બાબુ મુસા, અબ્દુલભાઈ ઘાંચી, ફીદાહુસેન હસનઅલી, રાઘવજી લેઉઆ, પ્રેમજી લેઉવા, વલ્લભ કામોઠી, જટાશંકર ગોર, દામોદર માસ્તર, રતિભાઈ સુધરાઈવાળા, કડવા ભવાન. આ ઉપરાંત બીજા ઘણા મોટા માણસો પણ એમના ઘેર આવતા, જેવા કે ડૉ. જીવરાજ મહેતા, રતુભાઈ અદાણી, વજુભાઈ શાહ, જયાબહેન શાહ, મનુભાઈ પંચોલી, બબલભાઈ મહેતા, બાલુભાઈ જાળિયાવાળા વગેરે. આ ઉપરાંત જે કોઈ સરકારી કર્મચારી અમરેલીમાં આવતો એ હરિપ્રસાદભાઈને ઘેર જતો થઈ જતો, જેમ કે જિલ્લા વિકાસ અધિકારી, ડી.એસ.પી., સૂબાસાહેબ (કલેક્ટર), જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, એક જિલ્લાશિક્ષણાધિકારી બહેન કે જેઓ કુંવારાં હતાં તે તો જેટલું અમરેલીમાં રહ્યાં એટલો સમય એમને ત્યાં જ ધામા નાખેલા.

આપણા એક મહાન નવલકથાકાર રમણલાલ વસંતલાલ દેસાઈ અમરેલીમાં સૂબાસાહેબ તરીકે હતા ત્યારે આ દમ્પતીના મિત્ર બની ગયેલા. રમણભાઈએ સુમિત્રાબહેનને બહેન ગણેલાં. એમણે પોતાનું એક પુસ્તક 'ઊર્મિ અને વિચાર' સુમિત્રાબહેન અને હરિપ્રસાદભાઈને અર્પણ કરેલું છે, જેમાં એમણે લખેલું છે : 'કાઠિયાવાડના મારા સારામાં સારા સ્મરણરૂપ સૌ સુમિત્રાબહેન ભટ્ટ તથા ડૉ. હરિપ્રસાદ વિશ્વનાથ ભટ્ટને'. આ પુસ્તકની ૧૯૫૭માં બીજા આવૃત્તિ થઈ ત્યારે રમણભાઈના પુત્ર અક્ષયકુમારે પુસ્તકની પ્રસ્તાવનામાં લખેલું : 'જે ભટ્ટકુટુંબને આ પુસ્તક મુ. ભાઈસાહેબે અર્પણ કર્યું હતું તેમાંના અમરેલીના સદૈવ યુવાન અને સેવાભાવી ડૉ. હરિપ્રસાદ ભટ્ટના હમણાં જ થયેલા મૃત્યુથી હૃદય ખેદ અનુભવે છે.'

હરિપ્રસાદભાઈ ઉપર લોકોને અત્યંત શ્રદ્ધા અને વિશ્વાસ. કોઈ માંદુ પડે ત્યારે તરત જ લોકો મોટાભાઈ પાસે દોડી જતા એટલું જ નહીં, પણ ઘરગૃહસ્થીના પ્રશ્નો જેવા કે, દીકરીને સાસરે ત્રાસ આપતા હોય અથવા વહુને સાસરિયાં દહેજ લાવવાનું કહેતાં હોય કે પછી કોઈ હરિજનને ઉજળિયાત કોમ ત્રાસ આપતું હોય કે કોઈ ખેડૂતને સરકારી ખાતા તરફથી જવાબ ન આપતા હોય તેવા સંજોગોમાં પણ અમરેલીનાં લોકો હરિપ્રસાદભાઈનો આશરો શોધતા. કેટલીક વાર પરિસ્થિતિ એવી થતી કે આવાં સેવાનાં કાર્યોમાં એ રોકાઈ રહેતા અને દવાખાનામાં દર્દીઓ રાહ જોતાં બેસી રહેતાં.

અમરેલી ગાયકવાડી રાજ્ય હતું એટલે ગણેશ-ઉત્સવ ધામધૂમથી ઉજવાતો. હરિપ્રસાદભાઈ પોતે જ કલાના શૉખીન ને પારખું એટલે એમની રાહબરી નીચે આવા ઉત્સવોને ચાર ચાંદ લાગી જતા. આવા ઉત્સવો જો મોટાભાઈના માર્ગદર્શન નીચે થવાના હોય તો પોતાની બહેન-દીકરીઓને અમરેલીની પ્રજા બેહિચક મોકલતી. હરિપ્રસાદભાઈ પણ બરાબર મોટાભાઈ-પણું બજાવતા અને કાર્યક્રમ પૂરો થયે દરેક દીકરીઓને પોતે જાતે જઈને એમના કુટુંબને સોંપી આવતા.

યુવાનીમાં એમણે નાટકમાં પણ ભાગ લીધેલો એટલું જ નહીં, પણ એક નાટકમાં તો એમણે સ્ત્રીપાત્ર ભજવેલું ને એનો ફોટો પણ પડાવેલો. હસ્તલિખિત માસિક પણ પોતાના સુંદર અક્ષરોમાં ચલાવતા.

પછી તો દેશ આઝાદ થયો અને નેતાઓ રાજ્ય ચલાવવામાં પરોવાઈ ગયા. વડોદરા રાજ્યમાં પ્રજાસત્તાક મંડળ સ્થપાયું અને હરિપ્રસાદભાઈને સાંસદીય બાબતોના મંત્રી નિમેલા. ત્યાર પછી આખું ગુજરાત મહારાષ્ટ્ર રાજ્યમાં ભળી ગયું અને તે બૃહદ્ મુંબઈ રાજ્ય કહેવાયું.

૧૯૫૬માં હરિપ્રસાદભાઈને લાઠી-લિલિયાની બેઠક પર ટિકિટ મળી ને તેઓ આખા સૌરાષ્ટ્રમાં સૌથી વધુ મતોથી ચૂંટાઈ આવ્યા.

એ પછીની વાત આપણે જોઈ ગયા. ધારાસભાના પ્રથમ

દિવસે હૃદયરોગના હુમલાથી તેમનું અવસાન થયું.

સુમિત્રાબહેન, તેમના કુટુંબીઓ અને હરિપ્રસાદભાઈના ઘણાબધા સ્નેહીઓ અને પ્રસંશકો ઉપર આ એક વજ્રઘાત હતો. બધા વિચારશૂન્ય થઈ ગયેલા. ધીમે ધીમે કળ વળતી ગઈ તેમ તેમ હજારો વિચારોથી મન ઉદ્વેગ પામી ગયું. હવે સુમિત્રા-બહેનનું શું? ચાર બાળકો. સૌથી મોટો કૉલેજમાં. હરિપ્રસાદ-ભાઈનું બૅન્ક બૅલેન્સ લગભગ શૂન્ય.

એ સમયે હરિપ્રસાદભાઈના નાનાભાઈ મુંબઈમાં કલેક્ટર હતા. બૃહદ્ મુંબઈ રાજ્યના પ્રધાનો અને શુભેચ્છકો-નેતાઓ સુમિત્રાબહેન માટે વિચારવા લાગ્યા. ખાસ કરીને ડૉ. જીવરાજભાઈ મહેતા, રતુભાઈ અદાણી, રસિકભાઈ પરીખ, બાબુભાઈ પટેલ વગેરે મુખ્ય હતા. એક વિચાર સ્ફુર્યો ને એમણે એ સુમિત્રાબહેનના નાનાભાઈ, બહેનો અને નણંદોઈ સમક્ષ મૂક્યો. હરિપ્રસાદભાઈ જ્યાંથી ચૂંટાયેલા તે લાઠી-લિલિયાની ટિકિટ સુમિત્રાબહેનને આપવી. થોડી વિચારણાને અંતે એ વાત કુટુંબીઓએ સ્વીકારી, સુમિત્રાબહેનને ટિકિટ મળી અને એમણે અમરેલી તરફ પ્રયાણ કર્યું.

અમરેલીમાં એમની સાથે એમનાં મોટાં નણંદ માલતી-બહેન અને નણંદોઈ બટુકભાઈ ત્યાં પહોંચી ગયા. હરિપ્રસાદ-ભાઈના પોતાના પ્રસંશકો અને સુમિત્રાબહેનના ચાહકોથી સુમિત્રા-બહેનનું ઘર ઉભરાવા લાગ્યું. ચૂંટણી થઈ અને સુમિત્રાબહેન જંગી બહુમતીથી ચૂંટાઈ આવ્યાં અને ધારાસભ્ય બન્યાં. ધારાસભાના પ્રથમ દિવસે મરાઠીમાં ભાષણ કરી એમણે ઈતિહાસ સર્જ્યો.

સુમિત્રાબહેને પોતાના જીવનનું એક નવું પૃષ્ઠ લખવાનું શરૂ કર્યું. પોતાના વિસ્તારના પ્રશ્નો એક પછી એક હાથ ઉપર લ.ઈ ઉકેલતાં ગયાં. સ્વચ્છ અને પ્રામાણિક રાજકારણી તરીકેની એમની છાપ હતી એટલે પ્રધાનો અને મંત્રીઓ એમના કામને અગ્રતા આપતા અને એનો નિવેડો લાવી આપતા.

સાથે સાથે બે પુત્રો અને બે પુત્રીઓ ઉછેરવાં, ભણાવવાં, વરાવવાં અને નણંદો અને નણંદોઈ ને અન્ય સગાંસંબંધીઓની પૂરી કાળજી પણ મન દઈને કરવા લાગ્યાં. એમણે ધારાસભ્ય તરીકે એવી જોરદાર કામગીરી કરી કે એક જ વિસ્તારમાંથી ત્રણ-ત્રણ વાર ચૂંટાઈ આવ્યાં ને દર વખતે એમની સામે ઊભા રહેતા ઉમેદવારને હરાવ્યો.

પછી ખરી ગમ્મત થઈ. ચોથી વાર ૧૯૭૨માં કૉંગ્રેસે સુમિત્રા-બહેનને ટિકિટ ન આપી અને બીજા ઉમેદવારને આપી. ચૂંટણી થઈ. પરિણામ આવ્યું અને સૌના આશ્ચર્ય વચ્ચે સુમિત્રાબહેને જે ઉમેદવારને ત્રણ-ત્રણ વાર પરાસ્ત કરેલો એ જંગી બહુ-મતીથી ચૂંટાઈ ગયો. કૉંગ્રેસ પહેલી જ વાર હારી. ત્યાર પછી સરકારે સુમિત્રાબહેનને એસ.ટી.બોર્ડના સભ્ય તરી નિમ્યાં. કોઈ બહેનને આવું પદ મળ્યું હોય એવો એ પહેલ' પ્રસંગ હતો.

પણ ૧૯૫૭થી શરૂ કરીને કાળ પોતાના કોરડા સુમિત્રા બહેન પર એક પછી એક વીંઝતો ગયો. ૧૯૫૭માં તેમના પતિ ડૉ. હરિપ્રસાદભાઈ ગુજરી ગયા. ૧૯૫૮માં તેમના દિયર ચંદ્રકાન્તભાઈ કે જેઓ તે સમયે મુંબઈના કલેક્ટર હતા તેમનું હૃદયરોગના હુમલાથી અવસાન થયું. ૧૯૬૫માં તેમની સૌથી નાની દીકરી કાલિન્દી કાકડા જેવા સાવ સાદા ઑપરેશનમાં મૃત્યુ પામી. ૧૯૬૭માં એમના સૌથી મોટા પુત્રનું મુંબઈમાં કરાવેલ કરોડરજ્જુના ઑપરેશન પછી બંને પગ કામ કરતા અટકી ગયા અને તે અપંગ બન્યો. સુમિત્રાબહેન આવા કારમા ઘા સહન કરતાં કરતાં બેવડ વળી ગયાં, ઝૂકી ગયાં પણ તૂટ્યાં નહીં. જો કે કાળ એમને એમ છોડે એમ નહોતો. એમનાં નાનાં પુત્ર-વધૂને કૅન્સરનું નિદાન થયું. ધીરે ધીરે તે પ્રસરતું ગયું. ૧૯૭૫ના સપ્ટેમ્બરમાં સુમિત્રાબહેન મુંબઈ ગયાં. ત્યાં તેમની પુત્રી, નણંદો અને સગાંવહાલાંને મળ્યાં. શુક્રવાર તા. ૭ ઑક્ટોબરે અમરેલીમાં પાછાં આવ્યાં. તે સમયે તેમની નાની પુત્રવધૂની પથારીવશ સ્થિતિ જોઈ હબક ખાઈ ગયાં. શનિવારે સવારે અમરેલીની બજારમાંથી પસાર થતાં હતાં ત્યાં રસ્તામાંથી કોઈ એક કાર્યકર એમને સભામાં લઈ ગયો. ત્યાં એમણે ભાષણ કર્યું. રવિવારે શરદપૂનમ હતી. સવારે એમણે છાતીમાં દુ:ખાવાની ફરિયાદ કરી. ડૉક્ટર ઘેર આવે એમ હતા પણ એમનું ઘર નજીક હોવાથી પોતે ચાલતાં ગયાં. ડૉક્ટરે નિદાન કરતાં કહ્યું કે હાર્ટઅટૅક છે. તાત્કાલિક હૉસ્પિટલમાં દાખલ કર્યાં. એમના પુત્ર, પુત્રી, સગાંસંબંધી પહોંચી ગયાં. સોમવારે રાત્રે બાથરૂમ જવા ઊઠ્યાં અને બાથરૂમમાં જ નાના પુત્રના હાથમાં ફસડાઈ પડ્યાં. સુમિત્રાબહેનનું પ્રાણ પંખેરું તેમના પતિ હરિપ્રસાદભાઈને મળવા ઊડી ગયું. ફાગણ વદ-૧૩ના દિવસે જન્મેલા આ બન્ને એક ખાલિપો છોડીને વિદાય થઈ ગયાં.

આ સેવાભાવી દમ્પતી વિશે લખીએ તેટલું ઓછું છે. આ લેખ વાંચનારા તેમને ઓળખતા હશે તો મને ડર છે કે ઠપકો આપીને કહેશે અરે, તું જ આ અમુક વાત લખવી ભૂલી ગયો, પણ ક્યાંક અટકવું તો પડશે ને?

એમના વિશે લખવાનું વિચાર્યું ત્યારે સુમિત્રાબહેન અને હરિપ્રસાદભાઈને અંગત રીતે ઓળખનારા પર પત્રો લખેલા. એમના જે ઉત્તરો આવ્યા તેમનાથી જ આ લેખની સમાપ્તિ કરીએ :

પોતાની યુવાન અવસ્થામાં અમરેલીમાં રહી ચૂકેલા શ્રી સૂર્યકાન્તભાઈએ લખ્યું, 'પૂજ્ય ડૉ. હરિપ્રસાદભાઈ ભટ્ટ એટલે અમરેલીના અતિ લોકપ્રિય માનવતાવાદી ડૉક્ટર. ઊજળો વાન

અને આનંદિત હસમુખો ચહેરો, ખાદીથી સજ્જ એવા વડીલ ડૉ. હરિપ્રસાદ અમરેલીનું હૃદય હતા. આ અતિ માનવતાવાદી સજ્જન ડૉક્ટરની પાછળ પૂજ્ય સુમિત્રાબહેનનો સિંહફાળો હતો.

ગુજરાત રાજ્યના એક સમયે પ્રધાન રહી ચૂકેલા અને રચનાત્મક કાર્યકર શ્રી જયાબહેન શાહે લખ્યું, 'વજુભાઈ જેમને મોટાભાઈ સમા પરમ સ્નેહી માનતા હતા તેવા ડૉ. હરિપ્રસાદ-ભાઈની સાથે લાંબો પરિચય કેળવી શકાયો નહોતો કારણ કે તેઓ અકાળે ઓચિંતા વિદાય લઈ ગયા. પરંતુ એમનો સદાબહાર હસમુખો ચહેરો મારી નજર સામે આજે પણ તરવરે છે. બોલે તો જાણે મુખમાંથી ફૂલડાં ઝરે એવી એમની સભર વાણી હતી. એમનો મોટા ભાગનો સમય રાષ્ટ્ર સેવાનાં કાર્યોમાં અને દુઃખી-યારાંઓની પીડાનું નિવારણ કરવામાં જતો. તેમને મન ઉચ્ચ-નીચના કે નાના-મોટાના કોઈ ભેદ ન હતા.

એમનું અમરેલીનું ઘર કૉમ્યુન જેવું હતું. અડધી રાતે પણ કોઈ પ્રવેશ કરી શકે. બારણાં જાણે સદાય ખુલ્લાં. સત્યાગ્રહી-ઓનું જાણે મોસાળ સમજો. એમનાં જીવનસંગિની શ્રીમતી સુમિત્રા-બહેન પણ એટલાં જ પ્રેમાળ અને સરળ. એમનો તમામ લોકો સાથે સરખો પ્રેમયુક્ત સંબંધ હતો. આમ, ડૉ. શ્રી હરિપ્રસાદ-ભાઈ અને સુમિત્રાબહેનની જોડી અમરેલી પંથકની મૂલ્યવાન બક્ષિસ હતી. સંવેદનશીલતા અને શીલભદ્રતા એમને જન્મગત વર્યાં હતાં.'

શ્રી કાબરિયા પટેલ નાનજીભાઈ મોહનભાઈએ વાત કરી કે, 'ડૉ. હરિપ્રસાદ ભટ્ટ એટલે દેવ જેવો માણસ. ગરીબ માણસને ઘેર વિઝિટે જાય અને તેના જોવામાં આવે કે આના ઘરમાં નાણાંની તાઈણ છે તો જતી વખતે રૂપિયા પાંચ દર્દીને આપીને જાય અને કહે કે હવે મારી મેળે વિઝિટે આવીશ. મને બોલાવાય આવતા નહીં. આવા ભલા આ ડૉક્ટર હતા. એને જીવતોજાગતો ભગવાન જ કહેવાય. અંગ્રેજ રાજ વિરુદ્ધમાં ટાવર ચોકમાં ભાણજી વનમાળીની પેઢીના ઓટલા ઉપર ઊભા રહીને ડૉ. હરિપ્રસાદ ભટ્ટ ત્રણ-ત્રણ, ચાર-ચાર કલાક વગર લાઉડ સ્પીકરે ભાષણ કરતા ત્યારે આખું અમરેલી ટાવર ફરતું ભેગું થતું. એમની જેમ કોઈ બીજો એકધારા ઘાંટા પાડીને ભાષણ કરે તો બેભાન થઈ જાય. પણ એમની વાણી સાંભળવી એક લ્હાવો હતો. આ ડૉક્ટરસાહેબ એટલા બધા પરગજુ સ્વભાવના હતા કે તેમને જીવનભર ઘરનાં-ઘર થયાં નહીં. આખી જિંદગી ભાડાના મકાનમાં રહેતા હતા. આવા પરગજુ ડૉક્ટરને પ્રણામ હજો. આવા ઉદ્‌ગાર પોણોસો વટાવી ગયેલા અભણ વૃદ્ધ ખેડૂતના સાંભળ્યા પછી એમ થયું કેટલું જીવ્યા એ મહત્ત્વનું નથી, પણ કેવું જીવ્યા એ મહત્ત્વનું છે. ડૉ. હરિપ્રસાદ ભટ્ટ સાચા અર્થમાં એક ડૉક્ટર તરીકે જીવી ગયા. આજ પણ અમરેલી તેમનું ઋણી છે. ❐

કથાકુંજ

સારું શાસન

અમૃતલાલ વેગડ

એક વાર એક રાજાએ પોતાના દરબારીઓને પૂછ્યું :'મારું શાસન સારું છે કે પિતાનું શાસન સારું હતું કે પછી મારા દાદાનું શાસન સારું હતું?' મંત્રીએ રાજાને કહ્યું કે આ પ્રશ્નનો સાચો જવાબ મેળવવા આપ કોઈ એવા વૃદ્ધને બોલાવો જેણે ત્રણે શાસકોનો રાજ્યપ્રબંધ જોયો હોય.

રાજાનો હુકમ થતાં જ રાજ્યના નોકરો એક ગરીબ વૃદ્ધને શોધીને લઈ આવ્યા. એ રાજ્યનો સૌથી વૃદ્ધ માણસ હતો. રાજાનો પ્રશ્ન સાંભળીને એણે ઝૂકીને કહ્યું, 'મહારાજ! હું ભલા રાજકાજની વાતોમાં શું સમજું? એટલે મારા જીવનની એક ઘટના કહી સંભળાવું છું. એ સાંભળીને આપ જાતે જ નિર્ણય કરી લેજો.' આમ કહીને એણે પોતાની વાત શરૂ કરી–

આપના દાદાજીના વારામાં એક વાર બહુ ભયંકર વાવાઝોડું આવ્યું. દિવસમાં જ રાત થઈ ગઈ. હાથને હાથ નહોતો વરતાતો. કેટલાંયે મકાનોનાં છાપરાં ઊડી ગયાં. મોટાં મોટાં ઝાડ જડ-મૂળથી ઊખડી ગયાં. એ જ વેળા કિંમતી કપડાં અને ઘરેણાં પહેરેલી એક ખૂબ સુંદર સ્ત્રી ભટકીને મારે ઘેર આવી ગઈ. એનં કપડાં ભીંજાઈ ગયાં હતાં અને એ બહુ જ ગભરાયેલી હતી. એને ધીરજ આપતાં મેં કહ્યું કે બહેન, ગભરાવાની કશી વાત નથી. વાવાઝોડું શાંત થતાં હું તને તારે ઘેર હેમખેમ પહોંચાડી આવીશ. મારી વાત સાંભળીને એનો જીવ હેઠો બેઠો. થોડી વારે વાવ.ઝોડું શાંત થતાં હું એને એના ઘરે પહોંચાડી આવ્યો. એ સમયે હું જુવાન હતો પણ મારા મનમાં કોઈ જાતનું પાપ ન આવ્યું. બલકે મને ખૂબ જ સંતોષ થયો કે મેં એક સારું કામ કર્યું.

આપના દાદાજીના બાદ આપના પિતાજીનું રાજ આવ્યું. એ સમયે હું આધેડ ઉંમરનો થઈ ગયો હતો અને પેલી ઘટના વિશે વિચાર કર્યા કરતો કે હું પણ કેવો મૂરખ હતો! પેલી સ્ત્રીનાં ઘરેણાં ઉતારીને એને ઘેરથી કાઢી મૂકત તો એ વાવાઝોડામાં કોઈને પણ જાણ ન થાત.

હાલમાં આપનું શાસન છે. હું સાવ બુઢ્ઢો થઈ ગયો છું. છતાં મનમાં ઘણી વાર વિચાર આવે છે કે જુવાનીમાં હું કેવો મહામૂર્ખ હતો! જો એ વેળા પેલી સ્ત્રીનાં ઘરેણાં પણ લઈ લેત અને એને પણ રાખી લેત તો કોઈને કાંઈ ખબર ન પડત. ઓહ, કેટલી સુંદર હતી પેલી સ્ત્રી અને કેવાં તો કિંમતી ઘરેણાં પહેર્યાં હતાં એણે! આજે એ વાતને યાદ કરું છું નો બહુ પસ્તાવો થાય છે.

આટલું કહીને પેલો વૃદ્ધ ચૂપ થઈ ગયો. રાજાને પોતાના વહીવટ પર બહુ ગર્વ હતો. વૃદ્ધની વાત સાંભળતાં જ એનો ગર્વ ઊતરી ગયો. ❐

ગોળો કે ગાગર્ય?

ભરત ના. ભટ્ટ

'મોટીન, તારા લાડકા દિયર સિદ્ધાર્થભાઈ, શ્રીમાન ગંભીરસિંહ, દેખાતા કેમ નથી?'

'હજી તો તું ચાલી આવે છે. શ્વાસેય હેઠો બેઠો નથી ત્યાં તારી ચાવળાઈ શરૂ!' સુમતિ જરા ઠપકા-નારાજગી સાથે બોલી. પછી જરા અટકીને કહે, 'સિદ્ધાર્થની મશ્કરી કરી તારે ખોબો ભરીને હસવું ને પછી તેના જ માટે કૂવો ભરીને પાછું રડવું!'

'હા મોટીન, એ... તો... પા... છું... ખ... રું...' અચાનક જેમ સૂર્ય આડે વાદળું આવી જાય તેવો ચહેરો વૈશાલીનો થયો. બંનેની આંખમાં ક્ષણિક જળ ડોકાયાં.

વૈશાલી નાની અને સુમતિ મોટી. મોટાભાઈ અને સુમતિ વચ્ચે ત્રણેક વર્ષનું અંતર, પરંતુ સુમતિ ને વૈશાલી વચ્ચે ખાસ્સો એક દાયકો. જનેતા ઘરકામ ને વ્યવહારમાં ને અહીં સુમતિ વૈશાલીની પાલકમાતા. સંબોધન મોટીબહેન પછી મોટીન થઈ ગયેલું.

વીસેકની ઉંમરે સુમતિનાં લગ્ન થયાં ત્યારથી આજ સુધીનો ૧૦-૧૨ વર્ષનો ગાળો વૈશાલી માટે સુમતિનું સાસરુંય જાણે પિતૃગૃહ. હવે તો તે એમ.એસસી. થઈ છે ને મામાના દીકરાને મેડિકલ સ્ટોરમાં મદદ કરે છે. પરંતુ હજી પણ આ રીતે ગમે ત્યારે તે અહીં ટપકી પડે!

આમેય વૈશાલીને અહીંનું આકર્ષણ. હિંમતનગરની બાજુમાં, ધોરીમાર્ગથી જરા અંદર, સુમતિના સસરા કલ્યાણભાઈનાં સારાં ખેતીવાડી-બાગાયત છે. આજુબાજુ છે હૃષ્ટ-પુષ્ટ ફળઝાડોના ગાલીચા, જાર રજકાની ચાદરો તેમજ ફ્લાવર, મરચાં, ટમેટીના ક્યારાઓની રંગોળી. આ સર્વ વચ્ચે બિરાજે પરંપરિત-આધુનિક બાંધણી-સુવિધાના સમન્વય સમો વિશાળ, ઉન્નત ને સૌષ્ઠવપૂર્ણ પ્રાસાદ. પાછળ ઉપનિવાસ જેવાં ગૌશાળા, ઓજાર-સંકુલ ને ગોડાઉન.

વડોદરામાં ઊછરેલી સુમતિ માટે જેમ બંને જીવનનો સુભગ સમન્વય તેવું જ વૈશાલીનું. હિમ્મતનગરની બજારમાં જો તે સાડીમાં સજ્જ, નાના જૂથની આગેવાન સમી ઝડપી ચાલે ફરતી દેખાય તો સમજવું કે વૈશાલી જિજાજીની ફિયાટમાં આવી બે-ચાર સેવકોને દોડાવતી શૉપિંગ કરે છે. મૂળે અત્યંત વાતોડિયણ પણ જો હાથ-પગ, ચહેરે ગહન-ગાંભીર્ય-વ્યસ્તતા ભાસે તો ગૌદોહનની જવાબદારીનો જબરો ટોપલો તેના માથા પર છે ને વાડીનાં પાકાં ચીકુ-સીતાફળની એસ.ઓ.એસ. બૂમ તેને સંભળાય છે તેમ માનવું.

તેનું ચાંપલ્ય પંજાબી ડ્રેસ સાથે વધુ બંધ બેસે. પણ... 'વૈશાલી સાડીમાં વધુ સરસ લાગે છે' સાંભળ્યા પછી સાડી માટે નિર્ભેળ ને નિર્દંભ પક્ષપાત. ચાંચલ્ય સાડીમાં ભલે સંતાઈ જતું! મેધાની શગ ચડેલી, વળી હવે તો તેને દસે દિશામાં રસ, આવડત ને અભિપ્રાયનાં પીછાં ઊગેલાં. કામ કરવું, વાંચવું, રમવું, સૂવું. રખડવું ને મીઠા ધ્વનિથી ઘર આખાને ભરી દેવું. આમાં વૈશાલીને મરવાની પણ નવરાશ ક્યાંથી હોય?

અહીં પરિવારજનોની પણ તે સ્વજન. ચાર-છ માસે જો ટપકી નથી તો ઠપકા-ટીખળના સંદેશાઓ વડોદરા પહોંચે : 'હવે આ ડોસો વહેલી સવારે ધમાધમ કરીને બેટાની મીઠી ઊંઘ નહીં ઊડાડે, આવી જા.' કલ્યાણભાઈનો સંદેશો હોય, 'વૈશાલી પરણી તો નથી ગઈ ને?' રમાબહેન હસતાં હસતાં પુછાવે, 'સાધ્વી થઈ ગઈ?' જીજુ ફોનમાં ચીડવે.

આ વખતે પણ વૈશાલી આવી છે તો એવી જ સહજ રીતે ને... ઉપરથી ખુશ પણ એવી જ લાગે છે. પરંતુ ધડકતું અંતર પૂછે છે કે આ મુક્ત-સ્વૈચ્છિક એવી છેલ્લી મુલાકાત તો નહીં હોય ને? દીવાલો પર તેની મુલાકાતોની તસવીરકથા છે એ બધું શું હતું-ન હતું થઈ જશે?

*

સુમતિનાં લગ્ન પછી દોઢ-બે વર્ષે તે પહેલી વાર અહીં નિરાંતે રહેવા આવેલી. હાઈસ્કૂલનાં પગથિયાં ચડેલી કિશોરી સમી વૈશાલી મોટીનના લાડ પામવા અધીરી. માંડ તેના મનઘોડાની લગામ ઘરનાંએ ખેંચી રાખેલી.

'મોટીન, આજે તું મને માથું ઓળી દઈશને?' સુમતિની પાસે આવી તેના પાલવમાં છુપાતાં વૈશાલીએ પૂછેલું.

'હા વિશુ, હું જ ઓળી દઈશ. આજે કેવું ઓળશું?'

'બે ચોટલા લેવાના. હું આકાશી રંગની બે રિબન લાવી છું તે નાખવી છે, ને... ચોટલામાં કુન્દેર પુષ્પ, ખરું ને?' મોટાભાઈના સંસ્કૃત-બંગાળી જ્ઞાનમાંથી બે બુન્દ વૈશાલીએ તફડાવેલાં તે અહીં ઠાલવ્યાં.

વૈશાલીની બૌદ્ધિકતા-યાદશક્તિથી સુમતિ કાયમ ખુશ. તેના ગાલે હળવી ટપલી મારીને કહે, 'એમ જ કરીશું.'

પરંતુ બે દિવસ તો એમ જ જતા રહ્યા. સુમતિ નવરી જ ન થાય. પછી 'આવતી કાલે નક્કી'નું વચન આપે એટલે ભીની આંખે ને ફૂલેલા ગાલે વૈશાલી જાતે માથું ઓળી લે. આજે માંડ મેળ પડતાં સુમતિ વૈશાલીનું માથું ઓળવા બેઠેલી.

'ભાભી, ભૂખ લાગી છે, જલદી નાસ્તો આપો.' જાણે ઘોડે ચડીને આવ્યો હોય તેમ સિદ્ધાર્થ ધસી આવ્યો. જમણા હાથમાં બૅટ અને તેના વડે બૉલ ઉછાળતો જાય. બૉલ તેના હાથમાંથી છટકીને તેલના કચોળા પર પડતો જરામાં રહી ગયો. વૈશાલીથી 'હાય' થઈ ગયું.

ક્ષણિક કુતૂહલભરી, પછી ઠપકાભરી ને વધુ તો ઉપેક્ષા દર્શાવતી નજરે વૈશાલી સામે જોઈ સિદ્ધાર્થે ફરી ભાભી સામે જોયું.

'આ... આના ચોટલા લઈને... હમણાં જ આપું, હો...'

'એના ચોટલા પછી, મને નાસ્તો પહેલો.'

'ના મોટીન, ચોટલા પહેલા...'

સુમતિએ દિયરને ખૂબ લાડ કરાવેલાં. હજી તેનામાં સમજણ ઓછી ને જીદ-તોફાન વધુ. કાંતોક કચોળું ફોડશે કે ચોટલા પકડશે તેવી દહેશતમાં સુમતિ હતી ત્યાં...

'સિદ્ધાર્થ, ચાલ તને હું નાસ્તો આપું છું. સુમતિને એ કામ પતાવવા દે.' સુમતિનાં સાસુ રમાબહેનનો જરા કડક અવાજ આવ્યો.

નાસ્તો ગમે તેમ મોંમાં ભરતો, પગ પછાડતો સિદ્ધાર્થ ગયો ને સુમતિને હાશકારો થયો.

સિદ્ધાર્થ રમીને આવ્યો ત્યારે તેનો રોષ હજી શમ્યો નહોતો. વૈશાલી સોફામાં બેસીને સામયિકોનાં ચિત્રો જોતી હતી. ભાભી પણ નજીક જ છે તેની ખાતરી કરી ડહોળાં પાણીના ધોધ જેવા સિદ્ધાર્થે ગર્જના કરી, 'પોતાની નાની બહેન આવી એટલે અમારું સ્થાન ગયું ને?' ને પછી વૈશાલી સામે ચીડથી જોઈ, તે કાંઈ સમજે તે પહેલાં તેને બે બાવડેથી પકડી બાજુના સોફામાં ધકેલી દીધી! કહે, 'આ મારું ઘર છે. મારે બેસવું હોય ત્યાં તારે નહીં બેસવાનું.' ને ધડ કરતો સોફામાં બેઠો.

વૈશાલી તો હતપ્રભ, રડવા જેવી, આર્ત.

હવે ભાભી તરફ ફરીથી જોવાનો માંડ સિદ્ધાર્થને સમય મળ્યો. સુમતિ સિદ્ધાર્થની પાસે ન આવી. ન તેને પંપાળ્યો-મનાવ્યો. વેદના-નારાજગી સાથે તે મોં ફેરવી ચાલી ગઈ.

અચાનક અસીમ શાંતિ! સિદ્ધાર્થ ક્યારે ક્યાં ગયો તેનો કોઈને ખયાલ ન આવ્યો.

નમતી સાંજે સિદ્ધાર્થ પાછો આવ્યો ત્યારે જાણે નિર્મળ-મંદ વહેતાં જળશો, વૈશાલીને મીઠાશથી બોલાવતાં કહે, 'ચાલ, તને રાભડાં જેવાં ગલૂડિયાં બતાવું ને...' રસોડા તરફ જતાં કહે, 'તને જામફળ ભાવે છે ને? ખાઈશું. ચાલ મારી સાથે.'

ગલૂડિયાંનું નામ પડતાં વૈશાલી પણ કૂદતી ઊભી થઈ. તેનું બાવડું પકડી સિદ્ધાર્થ જે દોડ્યો છે!... 'હવે કાં તો ઉત્સાહમાં વૈશાલીને પછાડીને રડાવશે...' એવો હળવો ગણગણાટ રમા-બહેનથી થઈ ગયો.

જામફળીઓની વચ્ચે એક મોટી જામફળી પર સિદ્ધાર્થનો 'મોજમહેલ'. વૈશાલીને હાથ પકડીને તેણે ત્યાં ચડાવી-બેસાડી. પાતળી ડાળો પરનાં જામફળને લંબાઈ-નમીને તોડતાં સિદ્ધાર્થને જોઈ ફફડતી, ચિંતિત, અવાક્ વૈશાલી, સિદ્ધાર્થ તેની પાસે આવીને બેઠો એટલે ખીલી ઊઠી. સિદ્ધાર્થે ટોપલીમાં જામફળ નાખ્યાં એટલે 'કેવાં સરસ!' બોલતાં તેનાથી તાળી પડાઈ ગઈ.

વૈશાલીના ભાવપરિવર્તનથી અલિપ્ત હોય તેમ, સિદ્ધાર્થે કોઈ જાદુગરની અદાથી, ખિસ્સામાંથી મીઠું, ધાણાજીરું, ચપ્પું વગેરે કાઢ્યાં. પછી બે લાલ જામફળનાં ચપ્પુથી કાપીને ફૂલ બનાવ્યાં ને બાકીનાંની ચીરો સમારી. પછી તેણે એક કાગળમાં ફૂલ, ચીરો, ધાણાજીરું મૂકી વૈશાલી સામે ધર્યું.

બસ, ત્યારથી બંનેના કિશોર સંવેદનજગતનો એક અંશ એક-બીજામાં પ્રવેશ્યો ને ઓગળી ગયો.

*

બોર્ડની પરીક્ષા આપીને વૈશાલી અહીં આવી ત્યારે બે-અઢી માસ રહેલી. હજી પણ અહીં તે તૃપ્ત-ખુશ એટલી જ, પરંતુ પેલાં કૂદાકૂદ, દોડાદોડી, તાળીઓ, ઉદ્ગારો પર વિવેકનો અંકુશ આવી ગયેલો. હવે તે ઘરકામમાં સુમતિનો જમણો હાથ બનતી.

સિદ્ધાર્થ પણ બદલાયો હતો. બહારગામ ભણતો હતો, વૅકેશન પડતાં આવ્યો. કોણ જાણે શાથી, તેનું વૈશાલી સાથે બોલવાનું ઓછું થઈ ગયું. વૈશાલી હોય ત્યાંથી સંયમપૂર્ણ હસીને ચાલ્યો જાય. ભાભી સાથેનો સંબંધ એવો જ, વૈશાલી દૂર હોય તો ગમ્મત ચાલે. પણ તેની જાણ બહાર વૈશાલી ત્યાં હોય તો તે હસી જ પડી હોય ને સિદ્ધાર્થ સંકોચ સાથે મલકી ત્યાં ચાલ્યો જાય. પણ? તેને કે કોઈને ખબર નહોતી કે સિદ્ધાર્થ માટે આમ ચાલ્યા જવું એ સંતોષ-ધન્યતા-ખુશાલીની જ અભિવ્યક્તિ હતી.

હમણાં રાતે સૌ ગંજીપો કે સોગઠાંબાજી રમવા બેસતાં. કલ્યાણભાઈ પોતે જ ખૂબ શૉખીન ને કુશળ. એક દિવસ આ બાજુ વૈશાલી, સિદ્ધાર્થ ને રમાબહેન ભેરુ ને સામે પક્ષે, કલ્યાણભાઈ ને પુત્ર-પુત્રવધૂ મનોજ ને સુમતિ. વૈશાલીનો પક્ષ સતત જીતતો હતો એટલે મનોજ કહે, 'બાપુજી, આ છોકરાં આપણને ને ખાસ તો તમને હરાવી જાય તે મનાતું નથી.'

'આ વૈશાલી-સિદ્ધાર્થ કાંઈ ઓછાં છે? વચ્ચે વચ્ચે ઈશારા કરી લે છે. પછી તો જીતે જ ને?' નિર્દોષ-મુક્ત હસતાં કલ્યાણભાઈ બોલ્યા.

'રાખો હવે! છોકરાં બિચારાં શાંતિથી ને આવડતથી રમે છે. ઈશારા શું કરે વળી?' રમાબહેને વાત નગણ્ય હળવી કરી નાખતાં કહ્યું, આ બાજુ મનોજ-સુમતિએ સામસામે જોઈ હોઠને ખૂણે હસી લીધું. સિદ્ધાર્થ મૂગો મૂગો રમવા લાગ્યો ને વૈશાલી? સંકોચની મારી ભાગી તો ન શકી પરંતુ મનથી પોતાના ખંડના અંધારિયા ખૂણામાં લપાઈ ગઈ.

*

કૉલેજનું દ્વિતીય વર્ષ પૂરું કરીને વૈશાલી આવી ત્યારે સિદ્ધાર્થ હજી આવ્યો નહોતો. એક સપ્તાહ પછી આવ્યો પણ ટાઈફૉઈડ લઈને! મનોજે સ્ટેશન સુધી સામે લેવા જવું પડેલું. શરીર તો એવું કંતાઈ ગયેલું કે સિદ્ધાર્થને સુવાર્યો ત્યાં સુધી સુમતિ માંડ ત્યાં રહી શકી. બીજી જ ક્ષણે મોંએ પાલવ ઢાંકી, માંડ રડવું ખાળતી તે

પોતાના ખંડમાં ચાલી ગઈ.

સુમતિએ સિદ્ધાર્થની સારવાર સંભાળી ને વૈશાલીએ સુમતિનું રસોડું. થોડા દિવસ વૈશાલીનું કામ જોયા પછી રમાબહેન કહે, 'સુમતિ બેટા, મને હતું કે તારા જેટલી કુશળ વૈશાલી નહીં થાય. પરંતુ... આ છોકરી મને ખોટી પાડવાની!' પછી વૈશાલી સામે જોઈ પ્રસન્નતા સાથે કહે, તેને માટે ઘર-વર શોધો ત્યારે કહેશો તો તેઓનું સદ્ભાગ્ય સમજાવવા હું જરૂર આવીશ.'

વૈશાલી સમજદાર બની હતી પરંતુ ગમ્મતી-હળવી એવી જ હતી. સિદ્ધાર્થ સાથે ગમ્મત-ટીખળ કરી લેવાનું, થોડું ઝગડી લેવાનું તેને મન થતું; પણ સિદ્ધાર્થ? સાવ જુદો. અર્થશાસ્ત્ર સાથે એમ.એ. કરતો હતો. વૅકેશનમાં પણ વાંચવા માટે ગ્રંથો લઈ આવેલો. ઘરનાં ખેતી-ધંધામાં પણ એ જ વાતો.

એક દિવસ સૌ જમતાં હતાં ત્યાં વૈશાલી કહે, 'હેં જિજાજી, આ અર્થશાસ્ત્રનાં પુસ્તકોમાં લખાણ હોય કે એરંડિયું?' બધાં હસી પડેલાં-સિદ્ધાર્થ પણ. પછી બોલેલો, 'નર્યું એરંડિયું જ હોય તેમાં. રખે એ પુસ્તકોને કોઈ ખોલી બેસતાં!' પણ સિદ્ધાર્થ આટલું બોલ્યો ત્યાં વૈશાલીને ચાર દિવસનું આનંદભાથું મળી ગયું.

લગભગ નિયમિત સિદ્ધાર્થના મિત્રો મળવા-બોલાવવા આવે ત્યારે સિદ્ધાર્થનું નવું જ રૂપ દેખાય. સૌ ત્રણ-ત્રણ પગથિયાં ઠેકતા, એકબીજાને તાલીઓ આપતા, તો વળી, પરસ્પરના ખભા પર હાથ ભરાવતા, હસતા-કૂદતા નીકળી પડે. સિદ્ધાર્થને આટલો પ્રફુલ્લિત જોઈ હરખાતી તો વળી, મારી જ સાથે ગમ્મત નહીં-એમ ચીડાતી વૈશાલી બારીમાંથી સૌને જતા જોઈ રહે.

એક વાર સૌ બેઠકખંડમાં બેઠાં હતાં. વાતવાતમાં સુમતિ કહે, 'આ સિદ્ધાર્થ હવે થોડો બદલાયેલો લાગે. બહાર મિત્રોમાં ખીલે પરંતુ ઘ...ર...માં જ...રા...'

'ગંભીરસિંહ' પડખે બેઠેલી વૈશાલીએ ટાપસી પૂરી.

'ભાભી...' સિદ્ધાર્થ સુમતિ તરફ એવો ધસી આવ્યો જાણે વૈશાલીને હમણાં એક થપ્પડ લગાવી જ સમજો.

'મોટીન, મરી ગઈ...' ખુશ થતી વૈશાલી સુમતિના પડખામાં ભરાઈ.

'ભાભી', જરા ધીમો પડતાં સિદ્ધાર્થ બોલ્યો, 'આ યુગ-પ્રતિભાનું હવે અહીં વારંવાર શું કામ છે?' વળી જરા અટકીને કહે, 'ભાભી, તમારાં બા-બાપુજીને લાવો હું જ લખી નાખું કે આ વૈશાલી-બહેનને ક્યાંક જલદી પરણાવી ઘો.' અને આટલું કહેતાં એવો ગમ્મતમાં આવી ગયો કે પહેલાં વૈશાલી સામે બે હાથ જોડ્યા ને પછી બંને હાથથી કોઈ ભારેખમ દાગીનાને ધકેલવાનો અભિનય કરતાં કહે, 'આ તોફાની પાર્સલ હવે રવાના કરો.' ને સડસડાટ ભાગ્યો. સુમતિ ને વૈશાલી તો પેટ પકડીને લોટપોટ!

ખબર કદાચ કોઈને નહીં પડી હોય, ને કારણની વૈશાલીને પણ કાંઈ સમજ નહીં પડેલી પરંતુ તે રાત્રે વૈશાલીના ખંડની દીવાલોએ દીર્ઘ-મૂંગું રુદન સાંભળેલું.

*

આ પછીના ગાળામાં વૈશાલીએ ઘરેથી સુમતિને લખેલું, 'મોટીન, અત્યારે બા-બાપુજી મારા માટે પાત્રની શોધ કરે છે. પણ... મોટીન, મારું મન એક ડાળે બેસી ગયું છે. ખબર નથી કેવી રીતે, ક્યારે આ લાગણી જન્મી! એક વાર અચાનક ચિત્તમાં આકાર લેતા કલ્પનાના જીવનસાથીનું મૂળ ઝાંખા સ્વરૂપે એક વાસ્તવિક ચહેરામાં ભળ્યું ને? ને પછી તો તે સ્પષ્ટ-ઘેરું બનતું બનતું આજે અવિનાશીરૂપે બિરાજી ગયું છે.'

'કહું મોટીન, હું તારી દેરાણી ન બની શકું?'

સુમતિનો થોડા દિવસમાં ટૂંકો જવાબ આવેલો, 'તું તારા મનની વાત બા-બાપુજીને જણાવી ૧૦-૧૫ દિવસ અહીં આવી જા.'

''સુમતિ, વૈશાલીએ પોતાના મનની વાત કરી. અમારી હા જ નહીં, ખુશાલી છે. પણ વૈશાલીનો યોગ ક્યાં છે તે તો ઉપરવાળો જ જાણે. તું ત્યાં જ છો ને સિદ્ધાર્થ તો તારે દીકરા જેવો છે. તને લાગે તે રીતે વાત કરી 'ગોળો કે ગાગર્ય' એ જાણી લે.'' વૈશાલી સાથે તેની માતાએ મોટી પુત્રી પર ચિઠ્ઠી લખેલી.

નમતા બપોરે સુમતિએ કાર કઢાવી ને થોડે દૂરના એક રમ્ય-એકાન્ત નદીકિનારે રેતી-ખડક પર જઈને બંને બેઠાં.

'વિશુ, તારા પત્ર પરથી એટલું તો સ્પષ્ટ હતું કે હું જ સીધું સિદ્ધાર્થને પૂછું તો તેમાં કશો કોઈને વાંધો ન હોય, પરંતુ તેથી જ મૂંઝવણ પણ થયેલી, પરંતુ પછી મેં જ પૂછવાનું નક્કી કર્યું.' સુમતિ જરા અટકી. પછી આગળ કહે, 'અમે બંને અહીં જ આવેલાં. નિરાંતે વાતો કરેલી ને પછી મેં તારા મનની વાત હોં... શ... થી.... ક... રી... પ... ણ...' ક્ષીણ થઈને અટકી જતાં અવાજે સુમતિ બોલી ને તેણે વૈશાલીનું માથું હળવેકથી પોતાના ખોળામાં લીધું.

સાશંક પણ તીવ્ર ઇંતેજાર ને મધુર આશાના બંધ એકાએક તૂટી ગયા. વૈશાલીનાં હીબકાં, વૈશાલીના માથે-વાંસે ફરતો મૃદુ હાથ ને સુમતિનો નીરવ અશ્રુપ્રવાહ.

'મોટીન, એમણે શું કહ્યું? સાફ ના જ પાડી?' વૈશાલીએ પૂછ્યું.

મારી વાત સાંભળ્યા પછી સિદ્ધાર્થ પણ ઘડીક અવાક્ થઈ ગયો. પછી મંદ અવાજે કહે, 'ભાભી, મારી સાથે અભ્યાસ કરતી સંધ્યા નામની એક યુવતીને હું ઘણા વખતથી ચાહું છું.'

'પછી?' વૈશાલી.

'પછી જરા અટકીને સિદ્ધાર્થ કહે, 'ભાભી મારા મનને પણ થોડું સાંભળશો?'

'હાસ્તો, મારે તો જેવી વૈશાલી તેવો તું.'

'પણ થોડું અનુચિત બોલાય તો મારવાનો નહીં!'

'પહેલાં ક્યારેય માર્યું છે?'

'ના... પણ'

'હવે જલદી કહે જે કહેવું હોય તે.'

'ભાભી, વૈશાલીબહેનના મનમાં આ ભાવ જાગ્યો એટલું હું પામી ગયો હતો, ને...'

ને... શું?

'સિદ્ધાર્થના ચહેરા પરથી ગંભીરતા ગઈ. લાડભર્યું મલકતાં કહે, 'તે તમારાં બહેન છે એટલે... સ્વરૂપવાન તો હોય જ.' સિદ્ધાર્થની આંખમાં ધન્યતા ને આદર હતાં. ચહેરા પર નિર્મળ-નિખાલસ સ્મિત હતું. સુમતિનો ચહેરો સાત્ત્વિક લાવણ્ય, સ્ત્રી-સહજ સંકોચ ને વત્સલ પ્રફુલ્લતાથી સભર હતો.

'વિશેષ કાંઈ?' જરા મશ્કરું હસતાં સુમતિએ પૂછ્યું.

'સાચું કહું ભાભી?'

'હં...'

'વૈશાલીબહેન અહીં આવવાનાં હોય છે ત્યારે મારી અંદરથી કોઈક સતત તેમની રાહ જુએ છે. ને... તેઓ અહીં હોય છે ત્યારે વાતાવરણમાં મને સર્વત્ર પ્રફુલ્લતા જ પ્રફુલ્લતા લાગે છે.'

'એટલે?'

'એટલે શું તે તો નથી જાણતો, ભાભી; પરંતુ તેમની મારા તરફની એ સ્નેહદૃષ્ટિ માણવા મન લોભાયા કરે છે.'

'સિદ્ધાર્થ, એ મારી નાની બહેન છે હો, હવે અહીં બોલાવું જ નહીં!' જરા ગંભીર અવાજે સુમતિ બોલી.

'ભાભી,' બે હાથ જોડતાં સિદ્ધાર્થ બોલ્યો, કહે, 'માફ કરો; પરંતુ આટલા ગાળામાં ક્યારેય તેઓ એકલાં હોય ત્યારે મને તેમની પાસે જોયો? ને ક્યારેય કોઈ બાબતમાં આમન્યા-મર્યાદાભંગ કર્યો છે મેં?'

'જાણું છું તને પૂરેપૂરો ને એટલે જ...'

'શું?'

'વૈશાલીની પસંદગી બદલ આનંદ-ગૌરવ અનુભવેલાં પરંતુ...'

'શું ભાભી?'

'વૈશાલી ભાંગી પડશે.' રૂંધાયેલા સ્વરે સંભળાયું.

'ભાભી, વૈશાલીબહેનને જે પામશે તે નસીબદાર હશે.'

'સિદ્ધાર્થ, તો તારો આ આખરી જવાબ છે ને?'

'ભાભી, સંધ્યાનો ભાઈ મારો મિત્ર છે. તે મારા મનને જાણે છે. તેનાં બા-બાપુજી પણ કદાચ. સૌ રાજી પણ છે. હા, હું સંધ્યા પાસે સીધો વ્યક્ત નથી થયો, પણ... આ બધું સમજું છું છતાં તેની આસ-પાસ મન એટલું બધું વીંટળાઈ ગયું છે કે... એમ જ ગણવું કે આ મારો આખરી જવાબ છે.' પછી જરા અટકીને કહે, 'એક માર્ગ છે.'

'કયો?'

'ગુસ્સે નહીં થવાનું?'

'કહે, શો?'

'આપણા કાયદામાં બે પત્ની રાખવાની મંજૂરી અપાવી દો!'

'હવે સાચ્ચે જ મારું એક ગાલ પર!' બંને હસી પડ્યાં.

બધો અહેવાલ સાંભળ્યા પછી ઊંડાણમાંથી આવતા હોય તેવા અવાજે વૈશાલી બોલેલી, 'હું સ્વસ્થ થઈ જઈશ, મોટીન, પણ તું ચિંતા ન કરતી? જેમાં સિદ્ધાર્થ રાજી તેમાં હું રાજી.'

*

આ પછી પણ વૈશાલી તેના સહજ ક્રમે અહીં આવ્યાં કરતી. માત્ર તેનું હૈયું એક તુમુલ યુદ્ધ સહ્યે જતું હતું. દ્વિતીય પત્ની રૂપે પણ તેને સિદ્ધાર્થ પાસે દોડી જવાનું મન થતું તો ક્યારેક એવી વાત કરનાર સિદ્ધાર્થ પર તેને અસામાન્ય ક્રોધ ચડતો. સિદ્ધાર્થને જોવા-સાવ મૂક રહીને દૂરથી જોવા માત્ર - તે ઘરેથી અહીં આટલે આવતી તો વળી, ક્યારેક સિદ્ધાર્થનું મોં પણ ન જોવાનો સંકલ્પ જાગતો. ક્યારેક વૈશાલીને થતું, કેવો વિરલ આ અનુભવ છે! માત્ર તેનાં સ્મરણોમાં જ હવે શેષ જિન્દગી ધન્યતાથી પસાર થઈ શકે. તો ક્યારેક તેને એવું થતું કે લાવ આપઘાત કરી લઉં! પોતાનો અનુરાગ સિદ્ધાર્થ જાણે છે તે પ્રતીતિ ક્યારેક રાગ તો વળી દ્વેષ, સંકોચ તો વળી બેફિકરાઈના ભાવધ્રુવો જગાવતી. પરંતુ હમણાં હમણાં તો આ સર્વને નામશેષ કરતી કોઈ પ્રસન્નતાએ તેને છલકાવી દીધી હતી. સિદ્ધાર્થ પરણી જાય ત્યાં સુધી આ સંવેદન અને સમયને તે માણી લેવા આતુર હતી.

*

વૈશાલી એક વાર અહીં હતી. પરિવારનાં સૌને એક લગ્ન પ્રસંગે બહાર જવાનું હતું. સિદ્ધાર્થને પરીક્ષા આવતી હોવાથી તે નહોતો જવાનો. રસોયણ ખરી પણ હમણાં વૃદ્ધ ફઈબા પણ અહીં આવેલાં. બધું સંભાળે કોણ? સુમતિ મૂંઝાતી હતી. તેને થયું 'હું નહીં જાઉં.' વૈશાલી કહે, 'મોટીન, હું છું ને અહીં! ફઈબા ને સિદ્ધાર્થભાઈની ચિંતા રાખ્યા વગર તું જા.'

આગલી રાત વૈશાલીથી માંડ પૂરી થઈ. સૌ ગયાં એટલે તે નાહીને તૈયાર થઈ. આછા આકાશી રંગની સાડી, પીળી કિનાર ને પોતમાં પીળાં લહેરિયાં. વચ્ચે તેમાં આછા કેસરી રંગની ફૂલ-બુટ્ટીઓ, આકાશી ને ઘેરા બ્લ્યૂ પટ્ટાવાળું બ્લાઉઝ, માથે કાળા-લાંબા વાળનો જરા શિથિલ અંબોડો, અંબોડામાં મોગરાની પાંચ કળીઓ.

વૈશાલીએ આજે વેઢમી, કઢી, ભાત, શાક ને પાતરાં બનાવવાનું નક્કી કરેલું. રમાબહેન કહેતાં, 'સિદ્ધાર્થ ને તેના બાપુજી માટે વેઢમી એટલે ગવર્નરની ગાડી.' કોણ જાણે વૈશાલીને પણ વેઢમી પ્રિય બની ગયેલી.

'ચા લાવું છું.' દસેક વાગ્યે વૈશાલીએ ખંડના બારણામાં આવી કહ્યું.

'લાવો, પણ બે કપ લાવજો. તમારે પણ સાથે પીવી પડશે.'

'આજે સવારથી લાગે છે કે જમવામાં કાંઈક ગળ્યું-ભાવતું

મળવાનું છે.' ચાનો ઘૂંટ ભરી શાંતિ તોડતાં સિદ્ધાર્થ બોલ્યો.

'શું હશે, કહો જોઉં!'

'નામનું રહસ્ય તો ભલે રહ્યું તમારી પાસે. પરંતુ મારા માટે બનાવવાનું હોય તો બા, ભાભી તો ઠીક, તમે પણ શું બનાવો તે હું સ્વપ્નમાં પણ કહી દઉં...' પછી જરા અટકીને કહે, 'હું કાંઈ સાવ ગંભીરસિંહ નથી.'

વૈશાલીને હસવું તો એવું આવ્યું કે ચા માંડમાંડ ઢોળાતી રહી, પરંતુ માત્ર ક્ષણ માટે. પછી આનંદ ને ક્ષોભે તેને મૂંઝવી નાખી. સારું થયું કે પગે તેને મદદ કરી - ઝડપથી તેને બહાર લઈ ગયા!

બંને સાથે ડાઈનિંગ ટેબલ પર જમવા બેસવાનાં હતાં. વૈશાલી તૈયારી કરી રહી હતી ને સિદ્ધાર્થ જરા દૂર ઊભો ઊભો જોતો હતો. રસોઈકામ પતાવ્યા પછી વૈશાલીએ વસ્ત્રો બદલ્યાં હતાં. આછા બદામી રંગની સાડી, ઑફ વ્હાઈટ એવી જરીની કિનાર, પોતમાં આછા ચટણી રંગના પટ્ટા. તેમાં વચ્ચે વચ્ચે રંગ મૅચિંગ પ્રમાણે આછા પોપટી ને મધ્યમ મરૂન રંગના મોર-હંસ-હાથી ભરેલાં, ઑફ વ્હાઈટ અને ચટણી રંગના પટ્ટા વાળી, લગભગ કોણી સુધીની બાંયવાળી ચોળી. લાંબો કેશકલાપ ને મોગરાની સેર. સેરને ઉપલે છેડે લાલ ગુલાબ. વૈશાલીએ ચોટલો ખભા પરથી આગળ લીધેલો.

પ્રફુલ્લ-ભાવવાહી ચહેરો, શિલ્પકૃતિ સમી દેહયષ્ટિ, નર્તન સમી ચાલ ને કાર્યરત નહીં, કંકણરવે રમતા હાથ.

'ક્યાં ગયા? સિદ્ધાર્થભાઈ ચાલો.' સિદ્ધાર્થને ઊભેલો ન જોતાં નજર બધે ફેરવતી વૈશાલી બોલી પણ કોણ કહે કે, 'આ લાવણ્ય તારે એકીટશે ન જોવાય, સિદ્ધાર્થ.' એમ અંદરની શીખ સાંભળી સિદ્ધાર્થ તો આંગણામાં જઈ આંટા મારે છે!

'બધુંએવુંસરસ બન્યુંછે કેમાપ કરતાંવધુખવાઈ ગયું.' સિદ્ધાર્થ.

'હજી લ્યો, બપોરે થોડું વધુ સૂઈ લેજો.' આનંદ-સંતોષથી ને હોંશથી વેડમી પીરસવા જતાં વૈશાલીએ કહ્યું.

'નહીં નહીં, એ તો હવે ચાલે જ નહીં, પણ... તમે હા પાડો તો પાતરાં હજી લઉં. જગ્યા તો નથી પણ મન છે.'

પાતરાં ખાતાં ખાતાં કહે, 'શું મસ્ત બનાવ્યાં છે તમે!' ને વૈશાલી સામે જોઈ રહ્યો. ચાર-પાંચ ક્ષણ પછી પણ સિદ્ધાર્થની નજર ન હટતાં વૈશાલીએ નજર ફેરવી લીધી ને તેનો ચહેરો તો સંકોચ થકી કેસૂડાંનું ઝૂમખું જાણે. ક્ષોભ વધતો ગયો ને લજ્જા-આવરણ ક્યાંય ખસી તો નથી ગયું ને? હાથે તપાસ શરૂ કરી. નિરાવરણ તો માત્ર મોં, ગળું ને હાથ હતાં? મોં તે કેમ ઢાંકવું-છુપાવવું? ગળા ફરતી સાડી વીંટળાઈ ગઈ ને માત્ર કોણી સુધી જ ખુલ્લા હાથ, ટેબલની આડશે વૈશાલીના ખોળામાં લપાઈ ગયા! વૈશાલી ન ભાગી શકી-ન રહી શકી. ત્યાં જ બેઠી બેઠી એ જાણે લજ્જાથી ઓગળી ગઈ!

*

વૈશાલીનું ધડકતું અંતર, મનમાં શંકા-અવસાદ ને સુમતિની ટકોર. આ સર્વ એક અનિવાર્ય પણ અનિચ્છનીય પળની આગાહી કરતાં હતાં. તેઓનું આ મુક્ત ને સહજ મિલન ભૂતકાળ બની જવાનું હતું. આ વખતે અહીં આવતાં પહેલાં વૈશાલીએ એક પાત્ર માટે સંમતિ આપી દીધી હતી ને અહીં સિદ્ધાર્થની પ્રેમિકા જલદી તેની વાગ્દત્તા બનવાની હતી.

એકાદ વર્ષ પહેલાં સિદ્ધાર્થે સંધ્યાને પોતાની લાગણી જણાવી હતી. સંધ્યાએ કહેલું, 'મેં આ દિશામાં હજી વિચાર્યું નથી. મને સમય આપ.' ત્યાર પછીના ગાળામાં બંને મળતાં રહેતાં હતાં ને નજીક આવ્યાં હતાં. સંધ્યા એ પછી બે-એક વાર સિદ્ધાર્થના ઘરે પણ આવી ગયેલી. હમણાં સંધ્યાને ત્યાં વધુ મળવાનું બનતું. અહીં સૌને સંધ્યા યોગ્ય લાગેલી ને સંધ્યાનું કુટુંબ તો ખૂબ રાજી હતું. તેઓ તો જલદી સગાઈ કરવાનું જ કહેતાં, પરંતુ સંધ્યાએ હજી આખરી નિર્ણય નહીં આપેલો. તેનો આખરી નિર્ણય જાણવા માટે હવે સિદ્ધાર્થ સંધ્યાને ત્યાં - મોડાસા - જવાનો હતો.

સવારે નવેક વાગ્યે સિદ્ધાર્થે નીકળવાનું હતું. વૈશાલી સિદ્ધાર્થને 'બેસ્ટ લક' કહેવા આતુર હતી પણ નીકળવાની ક્ષણે સ્વસ્થ રહેવાશે? તેને શંકા હતી, આથી જરા વહેલી સિદ્ધાર્થ પાસે જઈ કહે, 'સિદ્ધાર્થભાઈ હું વાડીમાં થોડા કામે જાઉં છું. આજના તમારા આશય માટે ખૂબ શુભેચ્છાઓ. સગાઈની તારીખ વહેલી વહેલી નક્કી થાય તેવા સમાચાર લાવો.'

સિદ્ધાર્થ મોડી સાંજે પાછો આવ્યો. સૌ પોતપોતાનાં કામમાં હતાં. માત્ર સુમતિ ત્યાં હતી. 'ભાભી થાક્યો છું. નાહીને આરામ કરું?' થાકભર્યું હસતાં સિદ્ધાર્થે કહ્યું ને તે પોતાના રૂમમાં જતો રહ્યો.

પરાણે બીજું કામ કાઢી સુમતિએ માંડ અડધો કલાક પસાર કર્યો. પછી તરત તે સિદ્ધાર્થના ખંડમાં ગઈ. સિદ્ધાર્થ પલંગ પર ટેકે બેસી વાંચતો હતો. સુમતિએ તેની પાસે બેસી પૂછ્યું એટલે કાંઈ બોલ્યા વગર સિદ્ધાર્થે એક નાની ચબરખી ભાભીના હાથમાં મૂકી. તે વાંચીને સુમતિ ઊભી થઈ ને પોતાના ખંડ તરફ ગઈ. આગળના બારણામાં જ વૈશાલી આતુર ચહેરે ઊભી હતી.

'મોટીન, શું કહ્યું એમણે? શો નિર્ણય લીધો બંનેએ? ગોળો કે ગાગર્ય?'

'આમ તો બંને કહેવાય. સુમતિના મોંએ આ શબ્દો આવ્યા, પરંતુ કશું બોલ્યા વગર તેણે પેલી ચબરખી વૈશાલીના હાથમાં મૂકી. સુમતિનું મન હજી બોલતું હતું, 'ગોળો કે ગાગર્ય, એ તો વિશુ તું જ નક્કી કર, ને કદાચ એ તારા જ હાથમાં છે હવે!' પરંતુ તે કશું બોલી નહીં.

વૈશાલી દોડીને પોતાના ખંડમાં ગઈ ને તરત ચબરખી ખોલીને વાંચી. લખ્યું હતું - "ભાભી, કોઈ મહાપુરુષે કહ્યું છે : 'એ યુવતીને ન પરણતા તમે જેને ચાહતા હો, એ યુવતીને પરણજો જે તમને ચાહતી હોય.' મેં એ મહાપુરુષની સલાહ માનવાનું નક્કી કર્યું છે."-સિદ્ધાર્થ. ❐

ફિલ્માકાશ-૨૭

૧૯૩૭ની કેટલીક સીમાચિહ્નરૂપ ફિલ્મો

રજનીકુમાર પંડ્યા

ન્યૂ થિએટર્સની ૧૯૩૭ની સર્વકળાએ યશોદાયી ફિલ્મ વિદ્યાપતિના સંદર્ભે ગયા હપ્તામાં કેટલીક કડવી કહાણીનો સ્વાદ આપ્યા પછી તેના વિષેની એકાદી મધુર વાતનું પણ સ્મરણ કર્યા પછી જ એ ચર્ચાનું સમાપન કરવું યોગ્ય લેખાશે. ફિલ્મવિવેચક શ્રી સરૈયાએ તો પોતાના 'પદઘોષ' નામના પુસ્તકમાં અતિશય ભાવુક થઈને 'મન કી ખિડકી ખોલ' શીર્ષક તળે આ ફિલ્મનું રસદર્શન કરાવ્યું છે. સોળ પૃષ્ઠોમાં પથરાયેલા આ લેખમાં આ અદ્‌ભુત ફિલ્મનાં અનેક રસકેન્દ્રોનો વ્યવસ્થિત પરિચય કરાવ્યો છે. જ્યારે ફિલ્મ 'વિદ્યાપતિ'ને પોતાના જીવનની શ્રેષ્ઠ કલાનૂભૂતિ માનનારા શ્રી રમણ પાઠક 'વાચસ્પતિ'એ આ લખનારની સાથેના ઇન્ટરવ્યૂ દરમિયાન એક અત્યંત કલાકીય અને પ્રભાવી સિક્વન્સની છણાવટ કરી હતી. આ દૃશ્યાવલીમાં અંધ ગાયક કે.સી.ડે (ફિલ્મમાં નામ મધુસૂદન દાદા) જે ગીત ગાય છે તે અસલમાં પણ સદીઓ અગાઉ કવિ વિદ્યાપતિએ જ રચેલું અસલ ગીત જ છે. (એ ગીતનો ઉલ્લેખ પ્રકરણ ૨૫માં આપણે કર્યો જ છે) કવિ વિદ્યાપતિ રાજકવિ બનવા માટે પોતાનું ધામ (કવિકુંજ) છોડીને મિથીલા જવા ચાલી નીકળે છે. એ વખતે આ ગીત કે.સી.ડેના કંઠે ગવાય છે : 'ગોકુલસે ગયે ગિરધારી, ભઈ સૂની નગરી સારી, રોવત હૈ નરનારી.'

આ પછીની બીજી કડીમાં ગોપીઓની વ્યથિત મનોદશાનું સચોટ વર્ણન છે. જેના પ્રારંભમાં કે.સી.ડે બોલે છે : 'ઔર ગોપીઓંકી હાલત તો ઔર ભી ખરાબ થી, બિચારી રો રો કર કહ રહી થી : 'કૈસે જાઉં જમુના જલ ભરને, તટ પે ન આયે મુરારી, ગોકુલસે ગયે ગિરધારી.' વળી બોલે છે : 'ઔર અનુરાધા જૈસી એક રાધા ભી થી, બિચારી રો રો કર કહ રહી થી.' ગાઈને - 'તાન, માન હૈ, આન રહત હૈ, ભૂલત નાહી બિહારી, કહે વિદ્યાપતિ મધુસૂદનને શ્રી રાધે મનસે બિસારી.'

અને આમ એ ગીત પૂરું થાય છે. પણ આ ગીત અને દૃશ્યાંકનની ખૂબી એ છે કે પહેલી કડીમાં ગોકુલના નગરજનોનું દુઃખ, તો બીજી કડીમાં ગોપીઓની હૃદયપીડા અને ત્રીજી કડીમાં જે તીવ્રમાં તીવ્ર દુઃખ છે તે રાધાનું જ હોઈ શકે તે પ્રતીત થાય છે ગીત, સંગીત અને દૃશ્યના સંયોજન વડે. એક બીજી કાવ્યોચિત



'વિદ્યાપતિ'માં કાનનદેવી, સન્યાલ, પૃથ્વીરાજ.

વક્રતાની વાત એ છે કે મૂળ તો આ ગીત 'વિદ્યાપતિ'ના પ્રેમમાં તરબોળ એવી અનુરાધા (કાનનદેવી)ને વિરહપીડામાંથી રાહત દેવા માટે, એટલે કે આશ્વાસન દેવા માટે જ આ અંધ કલાકાર ગાય છે. પણ તેને ખબર નથી (કારણ કે તે અંધ છે) કે અનુરાધા તો કવિ વિદ્યાપતિ સાથે જ ચાલી નીકળી છે. ફિલ્મ જોનારા દર્શકો તો એ જાણતા જ હોય છે એટલે જ્યારે અનુરાધાની હાજરી કલ્પીને કવિ જ્યારે 'અનુરાધા તુઝે એક કહાની સુનાઉં' કહીને ગીતનો પ્રારંભ કરે છે ત્યારે ટ્રેજડીની ધાર ઔર તેજ બને છે.

પડદા ઉપરના અમર કાવ્ય જેવી આ 'વિદ્યાપતિ' ફિલ્મ ઉપર ધારે તો કોઈ ડૉક્ટરેટ કરી શકે એટલું ખનીજ એમાં ભર્યું છે.

૧૯૩૭ની સાલમાં ન્યૂ થિએટર્સે 'પ્રેસિડેન્ટ', 'અનાથાશ્રમ', 'મુક્તિ', 'મિસ સુંદરી' અને 'વિદ્યાપતિ' જેવી ફિલ્મો આપીને પોતાની પ્રબળ પ્રાણવત્તા સાબિત કરી તો સામે બીજા સમર્થ ફિલ્મ-નિર્માતાઓ પણ પોતાનું વિત્ત બતાવવાની હોડમાં પાછળ ન રહ્યા. ન્યૂ થિએટર્સના મુખ્ય દોરે દોરે સમર્થ નિર્માણોની વાત ટૂંકમાં કરવાનો ઉપક્રમ રાખ્યો છે, તેથી એના ભણી પણ જરા તપાસ-દૃષ્ટિ ફેરવી લઈએ. એમાંથી કેટલાકની વાત આપણે પ્રકરણ-૨૩માં કરી છે, તેથી તે સિવાયની તે સાલની બીજી નોંધપાત્ર વાત કરીએ તો પ્રભાત ફિલ્મ કંપની-કોલાપુરનું સ્મરણ કરવું જ પડે, જે ૧૯૩૩થી પૂનામાં સ્થળાંતર કરી ગઈ હતી. પ્રભાત ફિલ્મ કંપનીના મૂળ સ્થાપકો વ્હી. શાંતારામ, ફતેહલાલ, વિષ્ણુપંત દામલે અને કેશવરાવ ધાઈબર અસલમાં બાબુરાવ પેઈન્ટરની રાહબરી હેઠળ મહારાષ્ટ્ર ફિલ્મ કંપનીમાં કામ કરતા હતા. ૧૯૨૯માં તેમણે પોતાની આગવી ફિલ્મ નિર્માણ સંસ્થા શરૂ કરવાનું ઠરાવ્યું. ગાંઠે મૂડી હતી માત્ર રૂપિયા દસહજારની! અલબત્ત સાથમાં સિતારામ પંત કુલકર્ણી નામના ફાઈનાન્સર હતા ખરા. પણ તેમણે એ જ સાલમાં પહેલી ફિલ્મ બનાવી 'ગોપાલક્રિષ્ણ'. એ મૂક ફિલ્મથી શાંતારામનો સ્વતંત્ર

દિગ્દર્શક તરીકે ઉદય થયો. આની પહેલાં તેમણે ૧૯૨૭માં 'નેતાજી પલકર' નામની મૂંગી ફિલ્મ કેશવરાવ ધાઈબર સાથે રહીને દિગ્દર્શિત કરી હતી. પણ આ જ ફિલ્મ 'ગોપાલક્રિષ્ણ'થી બ્યુગલ બજાવતી નારીનું એમ્બ્લેમ (પ્રતીક-ચિહ્ન) લોકમાનસમાં સ્થાપિત થયું. જે વાસ્તવમાં ફતેહલાલની પ્રિયતમા અને મહારાષ્ટ્ર ફિલ્મ કંપનીની નાયિકા કમલાબાઈ ઉર્ફે ગુલાબબાઈનું હતું.

શાંતારામ ન્યૂ થિએટર્સની રંગદર્શી-વાસ્તવદર્શીતાથી તદ્દન જુદા છેડાના મિજાજના હતા. તેઓ કલા ખાતર કલામાં નહીં પણ જીવન ખાતર કલાના સૂત્રમાં માનનાર હતા. તેઓ પોતે પોતાના આ વલણનો ખુલાસો કરતાં કહે છે : 'મારા મનમાં અંશતઃ જે તે વખતના મરાઠી રંગમંચની પરંપરા અને કંઈક અંશે એ વખતના સમગ્ર દેશ-કાળના મિજાજને કારણે એ વાત એક આદર્શ તરીકે સ્થપાઈ ગઈ હતી કે, કલા માત્ર મનોવિલાસનું સ્થાન ન બની રહેતાં જીવનમાં મનુષ્યને માટે વિચારોદ્દીપક બની રહેવી જોઈએ. એ દિવસોમાં નારાયણ હરિ આપ્ટે અને ખાડીલકર જેવા મરાઠી સાહિત્યકારો પોતાની સમર્થ કલમનો ઉપયોગ સમાજના સળગતા પ્રશ્નોની રજૂઆત માટે કરતા હતા, છતાં એનું કલાકીય મૂલ્ય લેશમાત્ર ઊણું નહોતું.

શાંતારામની આ વાત સાચી હતી. લોર્ડ કર્ઝનની રાજ્ય-નીતિની ટીકા જેમાં પ્રતીકાત્મક રીતે વણી લેવામાં આવી હોય એવું 'કિચકવધ' નામનું ખાડીલકરનું નાટક એ દિવસોમાં ભારે ખ્યાતિ પામ્યું હતું. એમાં રહેલો બ્રિટિશ શાસન પ્રત્યેનો કટાક્ષ એટલો અસરકારક હતો કે બ્રિટિશ સરકારે એના પર પ્રતિબંધ મૂક્યો. એવી જ રીતે શાંતારામનું પોતાનું શરૂઆતનું મૂક ચલચિત્ર 'સ્વરાજ્ય તોરણ' પણ સેન્સરની હડફેટે ચડી ગયું હતું. કારણ કે એમાં છત્રપતિ શિવાજીએ પોતાની યુવાનીમાં સ્વાતંત્ર્ય માટેના સંગ્રામમાં મેળવેલી સફળતાનું ચિત્રણ હતું, જે વર્તમાનકાળમાં પણ દેશી જનોને ઉશ્કેરે તેવું હતું. સ્વાતંત્ર્યની ચાહનાની અપીલને જરા મોળી પાડી દે તેમ કાતર ચલાવ્યા પછી જ બ્રિટિશ સેન્સર બોર્ડે તેને સર્ટિફિકેટ આપ્યું હતું. તેનું નામ 'સ્વરાજ્ય તોરણ'માંથી બદલીને 'ઉદયકાળ' રાખ્યું. એ ફિલ્મમાં શિવાજીનું પાત્ર શાંતારામે જાતે ભજવ્યું હતું.

આ બધું છતાં શાંતારામની વૃત્તિ અને ચેષ્ટા હંમેશાં એવી પૌરાણિક કથાઓ શોધી કાઢવાની રહી હતી કે જેના તાણાવાણા ઉપર વર્તમાનનો સંઘર્ષ વણી લઈ શકાય.

એટલે જ પ્રભાતના નેજા હેઠળ એમણે જે પહેલી ફિલ્મ ૧૯૨૯માં બનાવી તે હતી 'ગોપાલકૃષ્ણ'. એમાં પણ કૃષ્ણ અને કંસને પ્રતીક તરીકે લઈને ભારતની પ્રજા અને બ્રિટિશ શાસન વચ્ચેનો સંઘર્ષ જ કેન્દ્ર સ્થાને હતો. પણ એ કામ શાંતારામે દિગ્દર્શક તરીકે એટલી સૂક્ષ્મતાપૂર્વક પાર પાડ્યું હતું કે સેન્સર બોર્ડ કોઈ વાંધો લઈ શકે નહીં. એમાં પણ તેમણે પ્રતીક કલાના એવા તો ચમકારા બતાવ્યા હતા કે દર્શકો આફરીન થઈ ગયા હતા. શાંતારામે એક જગ્યાએ એક બહુ જ રમૂજી કિસ્સો લખ્યો છે, અને તે એ કે બાળક કૃષ્ણ સાથે રમતાં રમતાં એમના એક બાળગોઠિયાની ચડ્ડી અકસ્માત જ ઊતરી ગઈ અને તે બાળક નગ્ન દેખાઈ ગયો. રિટેક કરવાને બદલે ફિલ્મમાં એ દશ્ય એમ જ રહી ગયું. પ્રિવ્યુ વેળા શાંતારામનું ધ્યાન એ 'બાળ અશ્લિલતા' ઉપર પડ્યું અને તેઓ ચોંકી ગયા. સેન્સરની નજર બહાર એ એટલા માટે રહી ગયું હશે કે એ બાળક હતો, પણ જુનવાણી લોકો ટીકાની ઝડી વરસાવશે એવી એમને ખાતરી હતી. પણ શું થાય? હવે એ અનિવાર્ય દશ્યને રિ-શૂટ કરવું કોઈ રીતે શક્ય નહોતું. આથી બધું ભગવાન ભરોસે છોડીને ફિલ્મને એમ ને એમ રિલીઝ કરી, ને 'ભગવાન પરનો ભરોસો' સાચો જ નહીં, સફળ પણ નહીં, ભારે ફળદ્રુપ સાબિત થયો. દેશભરના દર્શકોએ એને એક નિર્ભિક અને સચોટ વાસ્તવિક નિરૂપણ તરીકે એ દશ્યનાં મોંફાટ વખાણ કર્યાં અને વિવેચકોએ તો તેને દિગ્દર્શનની અનન્ય ખૂબી તરીકે વધાવી લીધું.

ખેર, આપણે જે સાલની, ૧૯૩૭ની વાત કરીએ છીએ- ત્યાં સુધીમાં તો શાંતારામ અને પ્રભાત ફિલ્મ કંપની ન્યૂ થિએટર્સના બરોબરિયા ગણાવા માંડ્યા. ન્યૂ થિએટર્સ બંગાળી અને હિંદીમાં ફિલ્મો લગભગ સમાંતરે જ બનાવતું, તો આ પ્રભાત પણ મરાઠી અને હિંદીમાં લગભગ સમાંતરે જ એની એ ફિલ્મો બનાવતું. ૧૯૩૭ પહેલાંની એની નોંધપાત્ર ફિલ્મો 'અયોધ્યાકા રાજા' (૧૯૩૨), 'અમૃતમંથન' (૧૯૩૪), 'ચંદ્રસેના' (૧૯૩૫) 'ધર્માત્મા' (૧૯૩૫) અને 'અમર જ્યોતિ' (૧૯૩૬) હતી. એની વાતો આગળના હપ્તાઓમાં આપણે થોડી થોડી કરી છે.

પણ ૧૯૩૭માં આ પ્રભાત ફિલ્મ કંપનીની જે યુગપ્રવર્તક ફિલ્મ આવી તે 'દુનિયા ના માને'. આ ફિલ્મ બનાવી ત્યારે શાંતા-રામની વય માત્ર છત્રીસ વર્ષની હતી. (જન્મ ૧૯૧૩ની ૧૮મી નવેમ્બર). આ વયે તેમણે કોઈ પ્રયોગાત્મક અને ક્રાંતિકારી ફિલ્મ બનાવવાનો મનસૂબો કર્યો, અને એ માટે તેમણે નારાયણ હરિ આપ્ટેની મરાઠી નવલકથા 'ન પટણારી ગોષ્ઠ' ઉપર પસંદગી ઉતારી. તેનું હિંદી રૂપાંતર પણ જાતે જ કર્યું, 'દુનિયા ન માને'. પણ નવલ-કથામાં જરા ઊંડા ઊતરતાં જ તેમને સમજાયું કે પોતે જેવી હેતુલક્ષી અને સામાજિક સંદેશ આપતી ફિલ્મ બનાવવા માગે છે, તેને અનુરૂપ ઢાંચામાં નવલકથાને ઢાળવા માટે થોડા ફેરફાર કરવા જ પડશે અને આ ફેરફાર એવા હશે કે જે તેમના સહ-કાર્યકરો દામલે, દાતે કે ફતેહલાલને જરા પણ મંજૂર નહીં હોય. કારણ કે એ ફેરફારોને કારણે ચિત્રની બજારકિંમત, વેચાણકિંમત પર જબરો પ્રહાર થશે.

શાંતારામની દિગ્દર્શક તરીકે કુદરતી પ્રતિભાને સમજવા માટે તો આ ફિલ્મના નિર્માણ વિષે તેમની આત્મકથા 'શાંતારામા'નું આખું એક અલગ પ્રકરણ છે તે વાંચવું જોઈએ. પણ અહીં સંક્ષિપ્તમાં આ એક જ વાતનો જીકર બસ થઈ પડશે.

શાંતારામ એવો તે કેવો ફેરફાર કરવા માગતા હતા કે



પ્રભાત ફિલ્મ કંપનીનું બોધચિહ્ન

જે તેમના સહયોગીઓને મંજૂર નહોતો?

જવાબ રસપ્રદ છે. મૂળનવલકથા ગરીબાઈને કારણે અને અનાથાવસ્થાને કારણે એક બુઢ્ઢા બચરવાળ વૃદ્ધ વકીલ સાથે બળજરીથી પરણાવી દેવામાં આવતી યુવતીની કથા-વ્યથા નિરૂપાઈ છે. આ સ્ત્રી પરણી તો જાય છે, પણ બુઢ્ઢા પતિને લગ્નના કોઈ જ હકો આપવાનો મક્કમતાપૂર્વક ઇન્કાર કરે છે. તે એને પતિ તરીકે સ્વીકારતી કે માનતી જ નથી. આમાંથી સંઘર્ષ જન્મ લે છે. પતિની બુઢ્ઢી કાકી દ્વારા તેના પર બળજબરી કરવાનો પ્રયાસ થાય છે જેને તે મચક આપતી નથી. વળી પતિનો આગલા ઘરનો વિલાસી, બદનજરવાળો પુત્ર પણ વારંવાર તેની તકલીફોમાં ઉમેરો કરતો રહે છે. આ યુવતી નિર્મલાને એક માત્ર હમદર્દી સાંપડે છે, આ બુઢ્ઢા પતિની જ આગલા ઘરની પરણીત પુત્રી ચિત્રાની. એના સહકારથી તે ગામેગામ ફરીને સ્ત્રી-મુક્તિ અને સ્ત્રીના જન્મસિદ્ધ અધિકારોનું રણશિંગું ફૂંકે છે. ઘણા બધા ઘટનાક્રમ પછી અંતે બુઢ્ઢા વકીલનું હૃદય પરિવર્તન થાય છે અને તે નિર્મળાનો માર્ગ મોકળો કરવા માટે, એટલે કે તેના પ્રત્યેના કરુણાભાવથી પોતે આપઘાત કરે છે, જેથી તે બીજા કોઈ યુવાન સુયોગ્ય પાત્રની સાથે પોતાનું જીવન જોડી શકે.

પણ મૂળ નવલકથામાં માત્ર આટલું જ નહોતું. તેમાં તો એ યુવતી (નિર્મળા)ના લગ્ન પહેલાંના એક યુવક સાથેના પ્રણયસંબંધનું પણ નિરૂપણ હતું જે કથાને વિશેષ સાહિત્યિક-પરિમાણ બક્ષતું હતું.

હકીકતમાં સામાન્ય રીતે ફિલ્મ માટે પણ આવા પ્રણયસંબંધની ટ્રેક બહુ ઉપયોગી ગણાય. કારણ કે આજની જેમ તે યુગમાં પણ પ્રેમદૃશ્યો વગરની કોઈ ફિલ્મની કલ્પના કરવી અશક્ય હતી.

પણ શાંતારામ જુદી માટીના હતા. તેમણે વિચાર્યું કે જો લગ્નપૂર્વેના આ પ્રણયસંબંધની વાત ફિલ્મમાં પણ લાવવામાં આવશે તો શુદ્ધ નારીવિદ્રોહની વાત મોળી પડી જશે. કારણ કે દર્શકોના મનમાં એવી છાપ ઊભી થશે કે નિર્મળા પોતાના આગલા આ પ્રણયસંબંધને કારણે જ નવા લગ્નજીવનમાં સેટ થઈ શકી નહીં. એનો વિદ્રોહ એ શુદ્ધ વિદ્રોહ નહોતો પણ એક પ્રકારનો હતાશાનો તરફડાટ કે અંગત વેરનો પ્રેરેલો જ હતો. જો આવું થાય તો ફિલ્મ એ શોષણ સામે નારીના બંડની વાત નહીં રહે અને પ્રયોગાત્મક ના રહેતાં એક રાબેતા મુજબની ફિલ્મ બની રહેશે.

'શાંતારામબાપુ' કામલેએ કહ્યું, 'આ આપણી પહેલી જ સામાજિક ફિલ્મ છે, એ જો પીટાઈ જશે તો આપણી એ ઘોર નિષ્ફળતામાં ખપી જશે. આપણી આબરૂ ધૂળધાણી થઈ જશે.'

શાંતારામે બહુ ટાઢા કોઠે જવાબ વાળ્યો, 'એવું નહીં થાય પણ ઘડીભર ધારી લો કે તેમ થયું તો પણ એ આપણી નહીં, આપણા પ્રયોગની જ 'ધ ગ્રેટ ફેઈલ્યોર' ગણાશે અને શાંતારામે કોઈ પણ લવસ્ટોરી વગરની જ પટકથા લખી.

અને ખરેખર નિષ્ફળતા ભોગવવાની વાત તો એક તરફ રહી પણ ફિલ્મ જ્વલંતતમ સફળતાને વરી. સૌથી પહેલી ફિલ્મ કલકત્તામાં પ્રદર્શિત થઈ. એ વખતે શાંતારામ તાવમાં પટકાયેલા હતા. પણ કલકત્તાથી આ ફિલ્મની સફળતાનો તાર આવતાં જ એમની આંખો હર્ષથી છલકાઈ પડી. એ પછી તો મુંબઈના કૃષ્ણ સિનેમા અને પછી મુંબઈના જ કોટ વિસ્તારના એક્સેલસીઅર સિનેમામાં રજૂ થતાંવેંત જ 'દુનિયા ના માને'એ દુનિયા માની ન શકે એવા બુલંદ સફળતાના ડંકા વગાડ્યા.

નવાઈની વાત એ છે કે એમાં અનેકાનેક નવીનતાપૂર્ણ પ્રયોગો શાંતારામે કર્યા હતા જે જોખમી હતા પણ છતાં ફિલ્મ તેને કારણે જ વધુ પ્રાણવાન બની. આ પ્રયોગોની વાત આવતા હપ્તામાં. (ક્રમશઃ)

મુંબઈના વયોવૃદ્ધ ફિલ્મ વિશેષજ્ઞ શ્રી નારાયણ મુલાણી આ લેખમાળામાં ઊંડો રસ ધરાવે છે. તેમણે કેટલીક વિશેષ માહિતી આપી છે તે પ્રકરણ-૨૪ના સંદર્ભમાં છે. (૧) 'પ્રેમકા હૈ ઈસ જગમેં પંથ નિરાલા' ગીતમાં 'હમરાઝ'ના ગીતકોશ મુજબ ભલે સાયગલ અને પહાડી સન્યાલનો સંયુક્ત સ્વર દર્શાવવામાં આવ્યો હોય પરંતુ વાસ્તવમાં તે સાયગલનું એકલગીત હતું. પહાડી સન્યાલે એમાં કામ પણ કર્યું નહોતું. (૨) 'મુક્તિ' ફિલ્મનું ગીત 'શરાબી શોચ ના કર મતવાલે'માં જે મહિલા સ્વર છે તે ગાયિકા કલ્યાણીનો ફિલ્મમાં છે અને રાધારાણીનો રેકોર્ડમાં છે. પ્રકરણ-૨૪ના સંદર્ભમાં શ્રી મુલાણી જણાવે છે કે 'અનાથાશ્રમ'માં કામ કરતાં મનોરમા તે આજ લગી ફિલ્મો-સિરીયલોમાં કામ કરતાં સ્થૂળકાય પંજાબી મનોરમા નહીં પણ બંગાળનાં બીજાં મનોરમા દેવી હતાં. ઉપરાંત તે જ પ્રકરણમાં 'વિદ્યાપતિ'નાં અભિનેત્રી રામેશ્વરી નહીં પણ રામપ્યારી હતાં તેમ તેમણે જણાવ્યું છે. તેમનો આભાર - લેખક.

આણું-જીઆણું

ભગીરથ બ્રહ્મભટ્ટ

હર પ્રસંગે યાદ આવે છે હજી પણ એમની,
એ પરાયાં થઈ ગયાં તો ય સગપણ રહી ગયાં.

આણું-જીઆણું જેવા શબ્દો હવે તો ભુલાતા જાય છે. થોડાં વર્ષો પૂર્વે લગ્નવિધિ ત્રણ તબક્કામાં થતો હતો. પહેલો તબક્કો વિવાહનો રહેતો જેમાં વાગ્દાન અથવા સગાઈનો વિધિ થતો. બીજો તબક્કો લગ્નનો જેમાં ધામધૂમથી ઉત્સવ ઉજવાતો. છોકરીઓ અને વહુવારુઓ ઉત્સાહપૂર્વક ગાણાં ગાતાં હોય, નવાં નકોર કપડાં પહેરી પુરુષો અને સ્ત્રીઓ એ ઉત્સવમાં જોડાયાં હોય... જેવી જ્ઞાતિ એવા એના રિવાજો. એવાં જ એમનાં ગાણાં. સાંજીનાં ગીતોથી માંડી ગણેશસ્થાપન, માંડવો અને પછીનાં ટાણાં આવે, એનાં ગીતો ગુંજતાં હોય... 'ઘડીએક વહેલો પરણીશ, ઘડીએક મોડો પરણીશ, તારી અભણ લાડીને રાયવર નહીં પરણે' કે પછી 'મોર તારી સોનાની ચાંચ, મોર તારી રૂપાની ચાંચ, સોનાની ચાંચે મોરલો મોતી ચરવા જાય' જેવાં ગીતો હજીય સ્મૃતિપટ પર એવાં ને એવાં સંભળાય છે, પછી તો જાન આવે, મંગલ ગીતો અને અમંગળ ફટાણાંય ગવાય. સામસામા પક્ષ પડી જાય અને છેક કુળને લાંછન લગાડે એવાં ફટાણાં ગવાય :

છોરા તું કેમ કાળો મેંશ?
તારી માએ ખાધા જાંબું તેથી કાળો મેંશ.
ગોર કરો રે ઉતાવળ ગોર ચટપટિયો
ગોરનું નળિયા જેવડું નાક,
ગોરનું ગોળી જેવડું પેટ ગોર ચટપટિયો.

*

કિયાભાઈ આવ્યા સાસરે રે, કાઢી મેલો ખાસડે રે
માંડવે બેઠી છોરી રે પલકારા મારે

ફટાણાં એવાં ગવાતાં કે ક્યારેક બંને પક્ષ લડાઈ સુધી પહોંચી જતાં, પછીનો પ્રસંગ કન્યાવિદાયનો આવે. એ આખો પ્રસંગ લગ્નનો ગણાતો.

લગ્ન પછી જે ત્રીજો તબક્કો છે એ આણાનો ગણાતો. નવાં પરણેલાં વરવધૂનું કાયદેસર લગ્નજીવન શરૂ કરવા માટેનો ચોક્કસ રિવાજ. સામાન્ય રીતે એ સમયમાં ઘણી નાની ઉંમરે દીકરીઓનાં લગ્નો થતાં, પરંતુ જ્યારે એ પુખ્તવયની થાય પછી જ સાસરે મોકલવામાં આવતી. સારું મુહૂર્ત કઢાવાય, બ્રાહ્મણ બોલાવાય, પછી વરપક્ષ તરફથી કુટુંબીઓ અને વાળંદ વહુને તેડવા જાય... વહુ તેડી લાવવાની ઘટનાને આણું કહેવાય. આણું લઈને આવનારાઓની જાનૈયાઓથી પણ વધારે સરભરા થાય ખાટલા ને પાટલા... ભોજનોય ભાતભાતનાં... દીકરીને સાસરે વળાવતાં મા-બાપ દીકરીને કપડાં, દાગીના, ગાદલાં, રજાઈ ચાદર, મીઠાઈ, મુખવાસ બધું જ યાદ કરી કરીને આપે. લગ્ન કરતાંય 'આણું' મોંઘું ગણાતું. રબારી, ઠાકોર જેવી કોમોમાં તો 'આણું' પ્રતિષ્ઠાનો પ્રસંગ બની જાય... આ બધું લઈને દીકરી પહેલી વાર સાસરે જાય. સાસરે ગયેલી દીકરી આમ પ્રથમ વાર નવવધૂ બનીને સાસરે થોડો સમય રોકાય. ત્યારે સૌ જણ એને 'આણે આવી છે' એમ કહેતાં. પ્રથમ આણું થઈ જાય, થોડો સાસરી પક્ષનો પરિચય મેળવીને પછી પાછી પિયર જતી રહે.

વળી, પાછા થોડા અંતરે બીજું આણું થાય, એમ ધીરેધીરે નવી વહુ સાસરીપક્ષનો પરિચય પામતી થાય અને માનસિક રીતે ઘડાતી જાય. હવે તો લગ્નની ઉંમર જ વધી ગઈ. મોટી ઉંમરે લગ્નો થવા લાગ્યાં એટલે સમાજમાંથી આણાંનો મહિમા જ ઓસરવા લાગ્યો. લગ્નની સાથે જ આણાં વળાવવાનો રિવાજ દૃઢ થતો ગયો. લગ્નભેળો જ એ વિધિ ભળી જવા પામ્યો છે.

પહેલે આણે સાસરે ગયેલી વહુનાં માન-પાન પણ ઓછાં ન હોય! સગાંવહાલાં એમને (વર-વધૂને) જમવા બોલાવે. નોતરાં આપે. ભેટ-સોગાદો આપે. આ રીતે નવી વહુ પોતીકાં સ્વજનોને ઓળખતી થાય. આવાં જમણને 'વાયણું' કહેવામાં આવતું... સીમંત પછી દીકરી જ્યારે સંતાનને લઈ સાસરે જાય તે ટાણાને 'જીઆણું' કહેવામાં આવે છે. આજે તો એ બંને શબ્દો શબ્દકોશના થઈ ગયા છે. ગામડામાં ક્યાંક ક્યાંક એના અર્થ પડ્યા છે, એ પણ પલટાતી પરિસ્થિતિમાં, પલટાઈ રહ્યા છે. આણાં-જીઆણાં સામાજિક પ્રતિષ્ઠાનો અવસર બની રહેતાં. આણાં-જીઆણાં કેટલા રૂપિયાનાં થયાં એના ઉપરથી કરનારની વાહ-વાહ બોલાય અને પ્રતિષ્ઠાનો આંક નક્કી થાય.

'આણું-જીઆણું'ની પરંપરાઓ નિરર્થક નહોતી, પણ મોટી ઉંમરે થતાં લગ્નોને કારણે એનો મહિમા ઓછો જરૂર થયો છે. ❐

ગુન્હા તપાસની એક પદ્ધતિ

ડી.એન.એ. ફિંગર-પ્રિન્ટિંગ

ડૉ. જે.પી.ત્રિવેદી

તપાસની આ રીત કોષમાં રહેલા રંગસૂત્રોના જનીનો વચ્ચે રહેલાં અતિ-પરિવર્તનશીલ ક્ષેત્રો ઉપર આધાર રાખે છે. આ ક્ષેત્રો જનનીય સંકેતો બનાવતા ચાર બેઈઝના ક્રમાંકોના બનેલ હોય છે. પરંતુ તેમાં કોઈ નોંધપાત્ર જનનીય માહિતી હોતી નથી. આ ક્ષેત્રો વિવિધ લંબાઈના હોય છે તથા આ લંબાઈનું વિતરણ પ્રત્યેક વ્યક્તિ માટે અનન્ય હોય છે.

આ રીત વિવિધ ડીએનએ (**DNA**-ડિઓક્સિરાઈબો ન્યૂક્લિઈક ઍસિડ) ટુકડાઓની શ્રેણીઓને તેમની લંબાઈ અનુસાર જેલ વિદ્યુતકણ સંચાલન (**gel electro phoresis**) પદ્ધતિ દ્વારા છૂટી પાડીને તેમાંથી મળતી અનન્ય ભાત (ઢાંચો) ઉપર આધાર રાખે છે. સંભવિત આરોપી/તહોમતદારના સ્નાયુ-પેશીના નમૂનાને ગુન્હાના સ્થળેથી મળેલા પુરાવા સાથે સરખાવવામાં આવે છે.

જે રીતે આપણાં આંગળાંની છાપ દરેક વ્યક્તિની અલગ હોય છે તેમ ડીએનએ ફિંગર પ્રિન્ટ પણ એક વ્યક્તિની બીજી વ્યક્તિથી અલગ પ્રકારની હોય છે, માત્ર એકરૂપ જોડકાંઓના અપવાદ સિવાય. કોઈ બે વ્યક્તિઓને એકસમાન ડીએનએ ન હોવાને કારણે તેઓની ડીએનએ ફિંગરપ્રિન્ટ મળતી આવતી નથી. મા-બાપ દ્વારા તેમની સંતતિમાં પ્રત્યેકનાં રંગસૂત્રોનાં સેટ અનેકવિધ શક્ય સહયોજન દ્વારા ઊતરતાં હોવાથી કોઈ પણ બે વ્યક્તિનાં એક સમાન ડીએનએ હોવાની શક્યતા અતિ અસંભવિત (૩૩ અબજમાં ૧) બને છે.

ફિંગર પ્રિન્ટિંગ માટેના નમૂનામાંથી નિયંત્રક ઉત્સેચકોની મદદથી ડીએનએને કાપીને વિવિધ લંબાઈના ટુકડાઓ મેળવવામાં આવે છે. પરિણામે આ ટુકડાઓના પરિમાપમાં વિભિન્નતા અને તેથી ફિંગર પ્રિન્ટિંગની ભાત (ઢાંચો)માં તેમનાં જુદાજુદા સ્થાન નમૂનામાં ક્યાંથી કાપ મૂકવામાં આવે છે તેના ઉપર અવલંબે છે. આ પ્રકારની વિભિન્નતાને ખંડશઃ લંબાઈ નિયંત્રક બહુરૂપતા (**Restriction Fragment Length Polymorphism - RFLP**) કહે છે.


ફિંગર પ્રિન્ટિંગ વિધિ માટેનાં સોપાનો નીચે મુજબ હોય છે :

(૧) ડીએનએને કાપવા માટે જે નિયંત્રક ઉત્સેચકો વપરાય છે તેઓ ડીએનએમાંના ન્યૂક્લિયોટાઈડ (બેઈઝ+શર્કરા+ફોસ્ફેટ)ના ચોક્કસ ક્રમાંકો શોધી કાઢે છે. આવા ઉત્સેચકો પણ અનેક પ્રકારના હોય છે, જેમાંના મોટા ભાગના ડીએનએમાં ચોક્કસ જગ્યાએ કાપ મૂકવાનો ગુણ ધરાવે છે. કેવો ટુકડો (તથા તેનો અણુભાર) બનશે તેનો આધાર તેના કાપ મૂકવાના સ્થળ ઉપર તથા કયો નિયંત્રક ઉત્સેચક વાપર્યો તેના ઉપર આધાર રાખે છે. એવું માનવામાં આવે છે કે અસંબંધિત વ્યક્તિઓમાં પ્રત્યેક હજાર ન્યૂક્લિયોટાઈડમાં માત્ર એક ન્યૂક્લિયોટાઈડ જ અલગ પ્રકારનો હોય છે. દા.ત. **Bam H I** નામનો નિયંત્રક ઉત્સેચક ડીએનએ દ્વિસર્પિલમાંના એક છ-બેઈઝ-યુગ્મના ક્રમાંકને જ ઓળખે છે અને તેને નીચે દર્શાવ્યું છે તેમ જમણી બાજુએ જ કાપ મૂકે છે. (અહીં બેઈઝ **G**=ગ્વાનીન, **A**=એડેનીન, **T**=થાઈમીન તથા **C**=સાઈટોસીન છે તેમજ **A**નો પરસ્પરપૂરક **T** તથા **C**નો પરસ્પરપૂરક **G** હાઈડ્રોજન બંધ દ્વારા જોડાયેલાં રહે છે.)

5' - GGATCC - 3'	**5'-G GATCC-3'**
3' - CCTAGG - 5'	**3' - CCTAG - G-5**


(૨) હવે કાપીને છૂટા પાડેલા ડીએનએ ટુકડાઓને જેલ વૈદ્યુતકણ સંચલન દ્વારા અલગ પાડવામાં આવે છે. આ ટેકનિકથી ડીએનએ ટુકડાઓ તેમના પરિમાપ અથવા અણુભાર મુજબ અલગ પડે છે. જેલ ઉપર આવાં ઘણાં નિયંત્રિત ટુકડાઓ ફેલાયેલાં હશે જે દેખાતાં નથી. (આકૃતિ-૧)

આકૃતિ:૧, નિયંત્રક ઉત્સેચક વડે કાપેલા ડીએનએનું જેલ ઇલેક્ટ્રોફોરેસીસ



(૩) આ ટુકડાઓને સધર્ન બ્લૉટિંગ દ્વારા અદૃશ્યમાંથી પ્રત્યક્ષ (જોઈ શકાય તેવું) કરવામાં આવે છે. (એડવર્ડ સધર્ને શોધેલી એક સંકરણ ટેકનિક જેમાં એક પ્રકારનો ડીએનએ અન્ય ડીએનએ સાથે જોડાઈ જાય છે) આ માટે છૂટા પાડેલા ડીએનએ ટુકડાઓને જેલમાંથી નાઈલોન પેપર ઉપર ફેરબદલ કરી તેમાં રેડિયોઍક્ટિવ લેબલ કરેલો ડીએનએ-પ્રોબ (**prob**=નિવેશક અથવા ખોજ-શલાકા) ઉમેરીને જોવામાં આવે છે કે તે કોઈ ટુકડા સાથે જોડાય છે? જો ટુકડામાં પ્રોબનો પરસ્પર સમાન ભાગવાળો ડીએનએ ક્રમ હશે તો તે તરત જ જોડાઈ જશે. (આકૃતિ-૨) અહીં કદાચ લક્ષ્ય ક્રમાંકનો થોડો ભાગ ઉત્પરિવર્તન દ્વારા બદલાયો હશે તો પણ જોડાવા માટે તેમાં પૂરતું સરખાપણું હોય છે.


આકૃતિ:૨, જેલ ઉપરથી નાઇલોન પેપર ઉપર ડીએનએ ટુકડાઓની ફેરબદલી



(૪) હવે વિકિરણ સંવેદી ફિલ્મ દ્વારા આ બ્લૉટને ઢાંકી દઈ **autoradiograph** (વિકિરણ સક્રિય સ્વચિત્ર) મેળવવામાં આવે છે, પરિણામે રેડિયોઍક્ટિવ પ્રોબ (ખોજ શલાકા) સાથે પ્રક્રિયા કરેલ ડીએનએ ટુકડાઓનું સ્થાન દેખાય છે. (આકૃતિ-૩)


બે જુદી જુદી વ્યક્તિ-ઓના બેઈઝ-ક્રમાંકમાંનો ફેરફાર જો કાપ મૂકવાની જગ્યા બદલાવવાને લીધે થયો હોત તો ટુકડો વધુ લાંબો કે ટૂંકો બનત અને તે મુજબ જેલ ઉપર તેનું સ્થાન પણ બદલાત. આનાથી **RFLP** મળશે, જ્યાં ડીએનએ ટુકડો જેલ

આકૃતિ:3, વિકિરણ-સક્રિય સ્વચિત્ર આલેખન



ઉપર સધર્ન બ્લૉટિંગપરિવર્તી હશે ત્યાં જ પ્રોબ (ખોજ શલાકા) બંધાશે.પ્રયોગોમાં વિવિધ વ્યક્તિ-ઓ માટે જુદા જુદા નિયંત્રક ઉત્સેચક વાપરીને ટુકડાઓનું સ્થાન સરખાવવામાં આવે છે. અલગ અલગ વ્યક્તિઓની **RFLP** ભાત (ઢાંચો) ખૂબ જુદી પડે છે. આ રીતે ડીએનએનું સંપૂર્ણ ફિંગર પ્રિન્ટિંગ કરવા માટે છ અઠવાડિયાંનો સમય થાય છે. ડીએનએ ફિંગર પ્રિન્ટિંગની અંતિમ નીપજ ઑટોરેડિયો-ગ્રાફીમાં મળે છે, જેમાં ઓછામાં ઓછી પાંચ લેઈન્સ (આવશ્યક નમૂનાઓ) હોય છે. (આકૃતિ-૪)

આકૃતિ:૪, ડીએનએ ફિંગરપ્રિન્ટિંગ ઓટોરેડિયોગ્રાફ માટે પાંચ આવશ્યક નમૂનાઓ




અહીં માર્કર (પ્રચ્છાદક) જાણીતા પરિમાપવાળા પ્રમાણિત રેડિયોલેબલ કરેલા ડીએનએ ટુકડાઓ અને કન્ટ્રોલ (નિયંત્રક) જાણીતા સ્રોતમાંથી મેળવેલ ડીએનએ જે ચોક્કસપણે અને આધારભૂત રીતે ડીએનએ પ્રોબ સાથે જોડાશે તથા કસોટી ખરેખર ધાર્યા મુજબની થઈ છે તે દર્શાવશે. આમાં ગુન્હાનો ભોગ બનનારનો નમૂનો, પ્રતિવાદીનો નમૂનો ઉપરાંત ગુન્હાના સ્થળેથી પુરાવા માટે નમૂનો જોઈએ. ઉપરની આકૃતિમાં દર્શાવ્યા મુજબ પુરાવાના તથા શકમંદના બૅન્ડ (પટ્ટા) મળતા ન હોવાથી ડીએનએ શકમંદનો નથી તેવું પુરવાર થાય છે. અહીં પુરાવારૂપ નમૂનો ખરેખર ભોગ બનનારના નમૂના સાથે એકરૂપ થાય છે.

બાજુના કૉલમમાં આકૃતિ-પમાં કોઈ એક ખરેખરા ફોજદારી મુકદ્દમા દરમિયાન લેવાયેલ ઑટોરેડિયોગ્રાફ દર્શાવ્યો છે. પ્રતિવાદી, જેના ઉપર આરોપ હતો, તેના લોહીથી ખરડાયેલાં કપડાંને **RFLP** માટે તપાસવામાં આવ્યાં હતાં. આ ડાઘામાં લોહીમાં રહેલો ડીએનએ આરોપીના લોહી સાથે મળતો આવ્યો નહોતો.

આ કેસમાં યોગાનુયોગ સરખાપણું (સાંયોગિક પુરાવો) એકરૂપ થવાની શક્યતા ૩૩ અબજમાં એક ગણવામાં આવેલી.


પુનરુક્તિ ક્રમાંકના ઉપયોગ દ્વારા : **(Using Repeated Sequences)** ડીએનએ ફિંગર-પ્રિન્ટિંગમાં જણાતી વિભિન્નતા માટે **Variable Number Tandem Repeats (VNTRs)** (એકની પાછળ એક એવો વિભિન્ન પુનરુક્તિ પ્રદેશ) પ્રદેશોમાંના



આકૃતિ:૫, ખરેખરા ફોજદારી ગુનામાં વપરાયેલ ઓટોરેડિયોગ્રાફનાં પરિણામો આ ઓટોરેડિયોગ્રાફ દર્શાવે છે.
અહીં શકમંદ વ્યક્તિના પેન્ટ તથા શર્ટ ઉપરના લોહીના ડાઘોને ગુન્હાનો ભોગ બનનાર વ્યક્તિ તેમજ શકમંદના જાણીતા લોહીના નમૂના સાથે સરખાવવામાં આવ્યા છે. શકમંદનાં કપડાં ઉપરના લોહીના ડાઘામાંના ડીએનએ તેના પોતાના લોહીના નમૂના સાથે મેચ થતા નથી પરંતુ ગુન્હાનો ભોગ બનનારના ડીએનએ સાથે મેચ થાય છે. આના ઉપરથી કપડાં ઉપરના ડીએનએની ભાત (પેટર્ન) તથા ભોગ બનનાર વ્યક્તિના ડીએનએની સાંજોગીક પુનરાવર્તિતા ગણતાં તે ૩૩ અબજ (બિલ્યન)માં માત્ર એક જેટલી જ આવી.
ચાવી : સ્તંભ ૧,૨,૩,૯ તથા ૧૦ ક્વોલિટી કંટ્રોલ નક્કી કરતા નમૂનાઓ છે. સ્તંભ ૪ 'ડી' શકમંદ પોતાનો લોહીનો નમૂનો છે. સ્તંભ ૫,૬,૭ શકમંદના પેન્ટ (જીન્સ) તથા શર્ટ ઉપરના લોહીના ડાઘાનો નમૂનો છે. સ્તંભ ૮ 'વી' ગુનાનો ભોગ બનનાર વ્યક્તિના માનક (પ્રમાણિત) લોહીનો નમૂનો છે.

ડીએનએને તપાસવાનો હોય છે. ડીએનએના નાના ક્રમાંકો ફરી ફરી પુનરુક્તિ પામતા હોય છે, પરંતુ જુદી જુદી વ્યક્તિઓમાં આવી પુનરુક્તિ સંખ્યા અલગ અલગ હોય છે. **VNTR** સામાન્ય રીતે ડીએનએના બિનસાંકેતિક પ્રદેશોમાં મળે છે. નિયંત્રક ઉત્સેચકો દ્વારા **VNTR** ધરાવતા ડીએનએ ટુકડાઓને મૂર્ત (જોઈ શકાય) કરી શકાય તથા તેનું અગાઉ મુજબ તુર્ત જ સધર્નબ્લૉટિંગ કરવામાં આવે છે. નીચે આકૃતિ-૬માં **VNTR** ધરાવતા ડીએનએ ટુકડાને કાપવા માટે નિયંત્રક ઉત્સેચક વાપરેલો. આકૃતિમાં ત્રણ અલગ અલગ વ્યક્તિઓનાં ડીએનએ ટુકડાઓ દર્શાવ્યા છે. જે તેમની પુનરુક્તિ સંખ્યામાં પણ અલગ અલગ જણાય છે તથા જુદી જુદી વ્યક્તિઓમાં ટુકડાની લંબાઈ પણ અલગ અલગ દેખાય છે. જેલ ઇલેક્ટ્રોફોરેસીસ કરવાથી આ સંબંધિત ટુકડા જેલમાંથી જુદી જુદી ગતિએ આગળ વધીને ત્રણ અલગ અલગ સ્થાનો દર્શાવે છે. ડીએનએનો સૌથી લાંબો ટુકડો સૌથી ઓછું અંતર કાપતો જણાય છે.

આકૃતિ:૬, નિયંત્રક ઉત્સેચક ભિન્ન વ્યક્તિઓમાં ભિન્ન લંબાઇના ટુકડા આપે છે.




ડીએનએમાંની કોઈ એક ચોક્કસ **VNTR** સ્થળમાંની પુનરુક્તિ સંખ્યા જુદી જુદી વ્યક્તિઓમાં ખૂબ મોટી (પ્રચંડ, ગંજાવર) પરિવર્તન સંખ્યા દર્શાવે છે. આથી બે વ્યક્તિઓ વચ્ચે સંપૂર્ણ મૅચ થવાની પુનરાવર્તિતા ખૂબ ઓછી હોય છે. કેટલાક **VNTR**માં **100** થી **200** અલગ અલગ ફરક હોય છે, જે તેમને

ન્યાયસહાયક કે ગુનાશોધક પૃથક્કરણ માટે ખૂબ ઉપયોગી બનાવે છે. **VNTR** ખરેખર સાચાં જનીન હોતાં નથી પરંતુ તેમના ફરકને કેટલીક વાર **alleles** વિકલ્પી જનીન કહેવાય છે અને આ માટે **multi-allelic** અથવા **hypervariable** (અતિ પરિવર્તનશીલ) શબ્દ વપરાશમાં છે.

પૉલીમરેઝ શૃંખલા પ્રક્રિયા દ્વારા : **(Using Polymerase Chain Reaction = PCR)** ખૂબ ઓછી માત્રામાં મળતા ડીએનએનું પ્રવર્ધન કરવા અથવા ડીએનએ ખૂબ વિઘટિત થઈ ગયો હોય ત્યારે **PCR** વાપરવામાં આવે છે. **PCR** યંત્ર ડીએનએના **100** થી **3000** બેઈઝયુગ્મ લાંબા ટુકડાને વધારવા માટે ઉપયોગી છે. **1** પિકોગ્રામ (10^{-12} ગ્રામ) જેટલા નાના ડીએનએ ટુકડા તથા સામાન્યતઃ વ્યવહારમાં માઈક્રોગ્રામ (10^{-6} ગ્રામ) કે તેથી વધુ માત્રાવાળા ટુકડા પૃથક્કરણ માટે સરળ રહે છે. માત્ર એક જ કોષ (દા.ત. શુક્રાણુ) લભ્ય હોય ત્યારે પણ **PCR** વાપરી શકાય. ડીએનએ ફિંગર પ્રિન્ટિંગમાં ડીએનએના પ્રમાણમાં લાંબા ટુકડા જોઈએ જ્યારે ખૂબ ટૂંકા ડીએનએ ટુકડા માટે **PCR** વાપરી શકાય. વ્યક્તિઓમાંની ઊંચી ચલ-પરિવર્તિતાવાળાં નાના ભાગનું **microsatellite** પ્રવર્ધન કરવા આ રીત ખાસ ઉપયોગી બની છે. અનેક ઉચ્ચ પરિવર્તિતાવાળા ક્ષેત્રોમાં જો બે નમૂનાઓ મૅચ થતા હોય તો તે નમૂનાઓ એક જ વ્યક્તિના છે તેમ સાબિત થાય છે. એક વાર ફોરેન્સિક નમૂનામાંના ડીએનએને પ્રવર્ધિત કરીને શકમંદ વ્યક્તિના ડીએનએ સાથે સરખાવવામાં આવે છે. બંનેના ડીએનએ નમૂનાનાં સ્પૉટ્સ ને પટલ સાથે જોડીને તેમનું ડીએનએ પ્રોબ નમૂના સાથે બાઈન્ડિંગ (જોડાણ) માટે કસોટી કરવામાં આવે છે. આ ડીએનએ ખોજશલાકા રેડિયોઍક્ટિવ અથવા ફ્લોરેસન્ટ રંગક હોઈ શકે. શલાકા કાં તો જોડાઈ જશે અથવા નહિ જોડાય. પરિણામે કોઈ પણ સ્પોટ +ve કે -ve હોય છે. આ કસોટીને **dot blot** (ડૉટ બ્લૉટ) કહે છે. (આકૃતિ-૭) ડૉટ બ્લૉટ કસોટી ચોક્કસ ક્રમાંક ધરાવતા ડીએનએને લેબલ કરેલ ડીએનએ ખોજશલાકા સાથે ઓળખવાની રીત છે.

આકૃતિ:૭, ડોટબ્લોટ કસોટી




C માં 1 તથા 3 બીજાથી અલગ રંગ દર્શાવે છે.

ઉપર દર્શાવેલ બંને રીતમાં તફાવત એ છે કે ડીએનએ ફિંગર પ્રિન્ટિંગ ટુકડાઓના પરિમાપનો ફેરફાર તપાસે છે જ્યારે **VCR** કસોટી ન્યૂક્લિયોટાઈડના ચોક્કસ ક્રમાંકની હાજરી કે ગેરહાજરી શોધે છે. **PCR** પ્રક્રિયા ત્રણથી ચાર કલાકમાં જ પૂરી કરી શકાય છે.

ડીએનએ કસોટી અને સંભાવ્યતા : જો બે ડીએનએ નમૂના જુદા પડે તો તે જુદી જુદી વ્યક્તિના જ હોઈ શકે જેથી શકમંદને તરત જ બાકાત કરી શકાય, પરંતુ જો બે ડીએનએ નમૂના આ બધી કસોટીઓમાં મૅચ થતા હોય તો શું? આ માટે મૅચિંગની સંભાવના નીચે મુજબ નક્કી કરાય છે : (અ) શકમંદ જે જાતિનો સભ્ય હોય તેઓનાં જુદા જુદા સભ્યોના યાદચ્છિક નમૂના ભેગા કરાય છે. (બ) આ રીતે પસંદ કરેલા વ્યક્તિગત નમૂનાનો જનીન પ્રકાર નક્કી કરી શરીરનાં જુદાં જુદાં બિંદુસ્થાનોએ તેમના **allelles** વિકલ્પી જનીનની પુનરાવર્તિતા અંદાજાય છે. (ક) શકમંદના જનીન પ્રકારની સંભાવ્યતા નક્કી કરાય છે. (ડ) અનેક બિંદુ-સ્થાનોમાંથી નિર્ધારિત કરેલ ગુણોની પુનરાવર્તિતાનો ગુણાકાર કરતાં જે આંક મળે તે શકમંદના ડીએનએ સાથે પુરાવાની સંભાવ્યતા નક્કી કરશે. સામાન્યતઃ એક લાખમાં એકની જ સંભાવ્યતા મળે છે જો શકમંદ નિર્દોષ હોય તો.

ડીએનએ પુરાવા તથા ગુનેગાર સાબિતી : ડીએનએ પુરાવા સામાન્યતઃ બળાત્કારના કેસમાં વપરાય છે. આ ઉપરાંત ઘણા શકમંદોની સંખ્યા પણ ઓછી થઈ જાય છે. બ્રિટનમાં ન્યાયતંત્ર આ કસોટીને ખૂબ અગત્ય આપે છે. ૧૯૯૬ સુધીમાં અમેરિકાના ૨૫૦૦થી વધુ ક્રિમિનલ કેસોમાં ડીએનએ ટેસ્ટ વપરાયો છે. કસોટી ખૂબ મોંઘી હોય છે. અમેરિકામાં **F.B.I.**એ એક રાષ્ટ્રિય ડીએનએ ડેટાબૅન્ક પણ વિકસાવી છે.

ડીએનએ કસોટી દ્વારા ૧૯૯૧માં રશિયામાં એક અનામી કબરમાંથી ૧ પુરુષ, ૧ સ્ત્રી તથા ૩ બાળકોનાં હાડપિંજર મળેલાં જે ૧૯૧૭ની બોલ્શેવિક ક્રાંતિમાં મારી નાખવામાં આવેલા ઝાર નિકૉલસ બીજો, તેની પત્ની તથા તેમનાં ત્રણ બાળકોનાં હતાં તે નિર્વિવાદરૂપે સાબિત થયું છે. બાળકનો ખરેખર પિતા કોણ છે તે સાબિત કરતી આ કસોટી પૂર્ણ ગણાય છે અને પશ્ચિમમાં વપરાવા લાગી છે. (આકૃતિ-૮) ❒



આકૃતિ:૮, ડીએનએ ફિંગર પ્રિન્ટિંગ ટેકનીક દ્વારા વ્યક્તિની ઓળખ નિશ્ચિત સાબિત કરી શકાય છે. આ વિધિ દ્વારા વ્યક્તિના ડીએનએને દૃશ્યરૂપ(૧)માં મેળવાય છે. વ્યક્તિની ડીએનએ ભાત અનન્ય હોય છે. આમાં અપવાદ સમરૂપ જોડકાં હોય છે. બાળકમાં માબાપ બંનેના ડીએનએ હોવાને કારણે તેના ડીએનએનો ઢાંચો આંશિક રીતે બંને જેવો જ મળશે. નમૂનો લોહી(૨)માંથી, ત્વચામાંથી કે પ્રસ્વેદમાંથી લઈ શકાય. ડીએનએને અલગ તારવી (૩) તેમાં નિયંત્રક ઉત્સેચક ઉમેરતાં તે જનીનો વચ્ચેના (૪) મિનીસેટેલાઈટ પ્રદેશ ઉપર આક્રમણ કરે છે. હવે જનીનોને વીજ-ક્ષેત્રની મદદથી વર્ગીકૃત (૫) કરવામાં આવે છે. જેલ ઈલેક્ટ્રોફોરેસીસ દ્વારા ડીએનએના વિવિધ ટુકડાઓ તેમના પરિમાપ મુજબ આગળ ધપે છે. પરિણામે એક ચોક્કસ પ્રકારનો ઢાંચો મળે છે જે પ્રત્યેક વ્યક્તિ માટે અનન્ય હોય છે. આ રીતે સરખાં ચિહ્નો (૬) દ્વારા પિતૃત્વ નક્કી કરી શકાય.

ઍન ફ્રેન્કની રોજનીશી



શુક્રવાર, ૩જી માર્ચ, ૧૯૪૪
મારી પ્રિયતમ કિટી,

આજે રાત્રે મીણબત્તીની જ્યોત નિહાળતાં જ મેં ફરી એક વાર અંતરમાં શાંતિ અનુભવી. એ જ્યોતમાં મને નાનીમા દેખાય છે. જાણે ત્યાંથી જ મને જુએ છે, મને રક્ષે છે, મને આનંદિત કરી દે છે. પણ... મારી મનઃસ્થિતિ તો કોઈ બીજી વ્યક્તિના જ હાથમાં છે... એ છે પીટર. આજે હું બટાકા લાવવાને મિશે ઉપર ગઈ અને પાછી આવતી સીડી પર ઊભી હતી ત્યાં એણે પૂછ્યું, 'આજે બપોરે તેં શું કર્યું?'

હું ત્યાં જ બેસી ગઈ અને અમે વાતોએ ચડ્યાં. બટાકા સવાપાંચ વાગ્યા સુધી રસોડે પહોંચ્યા નહોતા (એટલે કે હું બટાકા લાવવા ગઈ એક કલાક સુધી). આજે પીટરે એનાં મા-બાપનો વિષય ન કાઢ્યો. પુસ્તકો અને ભૂતકાળ વિશે જ અમે વાતો કરી. મને એટલી પ્રેમાળ નજરે જુએ છે કે હવે એના પ્રેમમાં પડવામાં મને બહુ વાર નહિ લાગે.

આજે તો એણે જ એ વિષય કાઢ્યો. બટાકા છોલવાનું કામ પતાવી હું એના રૂમ પર ગઈ. 'કેટલી ગરમી છે નહિ,' સાથે વાતોની મેં શરૂઆત કરી. 'ઉષ્ણતામાન કેટલું છે એ તો માર્ગટનો અને મારો ચહેરો જોઈને જ ખબર પડી જાય. ગરમીમાં અમારા ચહેરા લાલ થઈ જાય ને ઠંડીમાં ગોરા.' મેં કહ્યું.

'ને પ્રેમમાં?' એણે પૂછ્યું.

'હું શા માટે પ્રેમમાં પડું?' મેં સાવ મૂર્ખાઈ ભર્યો જવાબ (કે સવાલ!) આપ્યો.

'કેમ નહિ,' એણે કહ્યું. પણ ત્યાં જમવાનો વખત થયો.

એ શું કહેવા માગતો હશે? આજે તો મેં એને પૂછી જ નાખ્યું કે મારો આ બડબડાટ એને હેરાન તો નથી કરી મૂકતો ને? 'મને વાંધો નથી.' એણે એટલું જ કહ્યું. આ શરમના માર્યા કહ્યું હોય તો કોણ જાણે.

કિટી, હું પ્રેમમાં પડી હોઉં એવી વાતો કરું છું? જેને પોતાના પ્રિયકર સિવાય કોઈ બીજી વાત જ સૂઝતી નથી. અને પીટર તો પ્રિય છે જ. આ હું એને ક્યારે કહી શકીશ? પણ એ તો તો જ બને જો એની મારા તરફની લાગણી પણ એવી જ હોય અને પાછું મારી સાથે જરા સંભાળીને કામ લેવું પડે એ તો હું પણ જાણું છું. એને પૂછ-પૂછ કરો એ પણ ગમતું નથી. એટલે હું એ જે હોય તે. પણ અમે એકબીજાની વધુ ને વધુ નજીક આવી રહ્યાં છીએ. અમે થોડી વધારે હિંમત કરીએ તો સારું-

અનુવાદ
હિના ગોખલે

એમ મને થાય છે. કોણ જાણે મને લાગે છે એટલી એ ઘડી કદાચ દૂર નહિ હોય! દિવસમાં બે-એક વાર મને ખાસ નજરે જુએ છે જવાબમાં હું આંખ મીચકાવું છું. બસ એટલાથી જ અમારાં હૈયાં આનંદ-વિભોર થઈ ઊઠે છે. અલબત્ત, એના આનંદ-વિભોર થવા વિશે મારું બોલવું જરાક વધુ પડતું જ કહેવાય. તો પણ ઊંડે ઊંડે મારું હૃદય કહે છે કે એ પણ આમ જ વિચારી રહ્યો છે.

લિ. ઍન. મે. ફ્રેન્ક.

શનિવાર, ૪થી માર્ચ, ૧૯૪૪
મારી પ્રિયતમ કિટી,

ઘણા વખતે આ પહેલો એવો શનિવાર છે જ્યારે ન થાક લાગ્યો કે ન કંટાળો આવ્યો. એનું કારણ પીટર છે. આજે સવારે મારું એપ્રન સૂકવવા ઉપર માળિયે જતી હતી ત્યાં જ પપ્પાએ પૂછ્યું કે મને ફ્રેંચ ભણવું અત્યારે ગમશે કે? મેં હા પાડી. થોડો વખત અમે ફ્રેંચમાં અંગ્રેજીનો અભ્યાસ કર્યો. પપ્પાએ ડિકન્સ મોટેથી વાંચી સંભળાવી. ને હું આસમાનમાં વિહરતી હતી... પપ્પાની ખુરશીમાં હું બેઠી હતી અને મારી બાજુમાં પીટર હતો.

પોણા અગિયારે હું નીચે ગઈ. સાડા અગિયારે હું ફરી ઉપર ગઈ ત્યારે પીટર મારી રાહ જ જોતો હતો. હું જ્યારે જ્યારે એના રૂમમાંથી જાઉં-જેમ કે જમવા માટે, ત્યારે કોઈ આસપાસ નથી એની ખાતરી કરીને પીટર હળવેથી મને કહે છે, 'ઍન આવજે, ફરી મળીએ ત્યાં સુધી.'

અરે, હું કેટલી ખુશ છું! ખરેખર એ મારા પ્રેમમાં પડશે જ. નહિ? ગમે તે હોય, પણ છોકરો ખૂબ સારો છે અને એની સાથે વાતો કરવી એ પણ લ્હાવો છે એની તો કલ્પના તને કેવી રીતે આવે?

હું પીટર સાથે વાતો કરવા જાઉં એનો શ્રીમતી વૅનડાનને એમ વાંધો નથી. પણ આજે જરા મશ્કરીભર્યા સૂરમાં એમણે મને પૂછ્યું, 'તમે બંને એકલાં હો એની અમારે ચિંતા કરવાની જરૂર તો નથી ને?'

'અલબત્ત, જરૂર નથી.' મેં મારો વિરોધ નોંધાવ્યો. 'આ અપમાન જેવું જ મને લાગે છે.' સવાર-બપોર-સાંજ-રાત હું પીટરને મળવાની રાહ જોઉં છું.

લિ. ઍન. મે. ફ્રેન્ક.

તા.ક. : હું ભૂલી જાઉં તે પહેલાં જ કહી દઉં કે કાલ રાત્રે આખા શહેર પર બરફની ચાદર પથરાઈ ગઈ હતી. હવે તો લગભગ બધો જ બરફ ઓગળી ગયો છે.

સોમવાર, ૬ઠ્ઠી માર્ચ, ૧૯૪૪

પ્રિયતમ કિટી,

જ્યારથી પીટરે મને એનાં મા-બાપ વિશે વાત કરી છે ત્યારથી પીટર તરફ મારી પણ કોઈ જવાબદારી હોય એવું મને લાગવા માંડ્યું છે - આ વાત તને જરા અજુગતી નથી લાગતી? એ બધા ઝગડાઓ સાથે જાણે મારે એટલો જ સંબંધ છે જેટલો પીટરને છે અને છતાંય એ વિષય પીટર સામે કાઢવો મારે માટે અશક્ય છે. કારણ કે મને ડર લાગે છે કે રખેને પીટર અસ્વસ્થ બની જાય અને કોઈ પણ હિસાબે એમાં માથું મારવાનો મારો ઈરાદોય નથી.

મારી જેમ પીટરને પણ વિચાર કરવાની ટેવ છે. એને જોતાં જ એ સમજાઈ જાય. કાલે રાત્રે શ્રીમતી વૅનડાને ટોણો મારતાં પીટરને 'વિચારવંત!' કહીને બોલાવ્યો. મને તો ત્યારે એવો ગુસ્સો આવ્યો કે બસ. બિચારો પીટર પણ છોભીલો પડી ગયો. મેં ઘણો કાબૂ રાખ્યો નહિ તો હું ત્રાટકી જ હોત!

બધાં કોક વાર ચૂપ રહેતાં હોય તો? આમ એકલા પડેલા પીટરને ત્રયસ્થ તરીકે જોયા કરવો ને કોઈ જ જાતની મદદ ન કરી શકો ત્યારે મને કેવું લાગતું હશે - એ તો તું કલ્પી પણ નહિ શકે. આવે સમયે એની જગ્યાએ હું હોઉં તો એટલા વિચારમાત્રથી હું એની હાલત સમજી શકું છું અને એને જરૂર છે એ વહાલનું શું?

એને મિત્રોની જરૂર નથી એવું એણે કહ્યું ત્યારે એના અવાજમાં કેવી ટાઢાશ હતી! ખોટું બોલે છે. મને નથી લાગતું અને ખરા અર્થમાં એવું લાગતું હોય. એના પૌરુષને, એકલતાને અને બેફિકરી વૃત્તિને વ્યર્થ વળગી રહ્યો છે. આવું ક્યાં સુધી ચાલી શકે? આવા અતિ-માનવી વર્તનમાંથી અચાનક બહાર આવવું જ પડશે.

અરે પીટર, તને મદદ કરવા હું કેટલી તરસું છું? મને એકમાત્ર મોકો આપ. આપણે બેય ભેગાં મળીને આ એકલતાનો અંત આણીશું, આપણે બંનેની એકલતાનો!

આજકાલ હું ઘણો વિચાર કરું છું પણ એ વિશે બોલતી નથી. એને જોઈ હરખાઉં છું. અમે બંને સાથે હોઈએ અને જો બહાર તડકો ખીલે તો મારા આનંદની સીમા રહેતી નથી. કાલે હું માથે નહાતી હતી ત્યારે બાજુના જ રૂમમાં પીટર છે એ વિચારે મારું હૃદય રોમાંચથી નાચી ઊઠ્યું. એને રોકવું મારા માટે શક્ય નહોતું. મારા અંતરને શાંત રાખવા જતાં મારું બાહ્ય રૂપ થનગની ઊઠત! મારા આ બાહ્ય રૂપના બખ્તરને કોણ છેદશે?

સારું છે કે વૅન્ડાનને દીકરી નથી. મેં ઝીલેલો આ પડકાર એટલો... એટલો સુંદર ને એટલો સરસ કોઈ સજાતીય વ્યક્તિ સાથે થોડો બની શક્યો હોત!

લિ. ઍન. મે. ફ્રેન્ક.

તા.ક. તું તો જાણે છે કે મેં તારાથી કાંઈ જ છુપાવ્યું નથી. એટલે મારે તને કહેવું જ રહ્યું કે હું જીવું છું એક મુલાકાતથી બીજી મુલાકાત વચ્ચે. હું ઝંખું છું મારી એક ઝાંખી મેળવવાના એના તલસાટને જોવા. મને જોવાના એના સંકોચ સભર પ્રયત્નોથી મારું દિલ પાણી પાણી થઈ જાય છે. મારી જેમ એ પણ પોતાની લાગણીને સહજતાથી વ્યક્ત કરી શકે એવી એની અંતરની ઈચ્છા હશે, એની મને ખબર છે. પણ એને ખબર નથી કે એનો આ શરમાળ સ્વભાવ જ મને સ્પર્શી ગયો છે.

મંગળવાર, ૭મી માર્ચ, ૧૯૪૪

પ્રિયતમ કિટી,

મારા ૧૯૪૨ના દિવસોનો વિચાર કરું છું તો મને પ્રશ્ન થાય છે કે વાસ્તવમાં એવી જિંદગી હતી? એ સ્વર્ગીય સુખમાં મ્હાલનારી ઍન ફ્રેંક આજની આ ચાર દીવાલો વચ્ચે શાણી બનેલી ઍન ફ્રેંકથી જુદી જ લાગે છે. હા, એ દિવસો ખરેખર સ્વર્ગીય હતા. ચોરે ને ચૌટે એના ચાર પ્રસંશકો હતા, વીસેક મિત્રો હતા, શિક્ષકોમાં પ્રિય હતી અને મા-બાપના લાડથી ફટવેલી હતી. જોઈએ એટલી મીઠાઈ અને વાપરવા ખિસ્સાં ભરીને પૈસા. એનાથી વધારે જોઈએ પણ શું?

હવે તને થતું હશે કે આટલાં બધાં લોકોને મેં વશમાં શી રીતે લઈ લીધાં હશે? પીટરના કહેવા પ્રમાણે એનું કારણ છે મારું આકર્ષક વ્યક્તિત્વ. પણ મને એ સંપૂર્ણ સાચું નથી લાગતું. શિક્ષકોને ગમતા મારા સાયુક્તિક જવાબો, મારું હાજરજવાબી-પણું, મારો હસતો ચહેરો અને મારી સચોટ વિચાર કરવાની રીત. મારી મહેનતુ વૃત્તિ, મારી પ્રામાણિકતા અને દિલાવર સ્વભાવ જેવા સારા ગુણો પણ લોકોના મારી તરફના સારા વર્તન માટે કારણીભૂત હતા. મારી નોટ વાંચવા મેં કોઈને ના પાડી નથી. મને મળેલી મીઠાઈઓ મેં છૂટે હાથે વહેંચી ખાઈ છે. અને એકેય વાતે હું અટવાઈ પડી નથી.

આટઆટલી પ્રસંશા વચ્ચે રહીને મને જરા વધુ પડતો જ આત્મવિશ્વાસ આવી ગયો હોત નહિ? એ તો સારું જ થયું કે ખ્યાતિની ટોચે હતી ત્યાં જ વાસ્તવિક જગતમાં હું આવી પડી. પ્રશંસકો વિના જીવતાં શીખતાં મને ખાસ્સું એક વરસ લાગ્યું.

શાળામાં બધાં મારા વિશે શું વિચારતાં હશે? વર્ગનો જાંગલો કે કાયમનો રીંગલીડર, એક સુસ્વભાવી જરાય રોતલ નહિ એવી છોકરી. એટલે બધાંને મારી સાથે સાયકલ પર સંગાથ કરવો હોય કે મને ખુશ કરવા તૈયાર હોય એમાં આશ્ચર્ય થવા જેવું તે શું છે?

પાછું ફરીને જોતાં મને ઍન ફ્રેંક ખુશ-મિજાજી. આનંદી પણ છીછરી લાગે છે. જેને મારી સાથે કોઈ જ સંબંધ નથી. પીટર મારે

માટે શું બોલ્યો હતો : 'મેં તને જ્યારે જોઈ ત્યારે તું ઢગલો છોકરીઓ અને ઓછામાં ઓછા બે છોકરાઓ વચ્ચે ઘેરાયેલી જ હતી. હંમેશાં હસતી અને હંમેશાં બધાનું ધ્યાન ખેંચતી!' એણે બરાબર કહ્યું હતું.

અને હવે ઍન ફ્રૅંકમાં એમાંનું શું બાકી રહ્યું છે? એમ તો હસવામાં કે હાજરજવાબીપણામાં વધારે હોંશિયાર નહિ તો એવી ને એવી તો છું જ. લોકોને ત્રસ્ત કરી મૂકવા બાબતમાં પણ એવી જ છું અને હજી પણ ચાંપલાશ અને મંગલાવેડા કરી શકું... જો ધારું તો...

પણ ત્યાં જ ફેર છે. આવી મસ્તરામ જિંદગી મને જીવવી ગમશે પણ એક સાંજ માટે કે થોડાક દિવસ માટે કે અઠવાડિયા સુધી. પણ એ અઠવાડિયાને અંતે હું કંટાળી જઈશ. કોઈ અર્થપૂર્ણ વાતો કરવા મળે તો ધન્ય ધન્ય થઈ જઈશ. મને મિત્રો જોઈએ છે, પ્રશંસકો નહિ. જે મારા વ્યક્તિત્વને મારા કામને માન આપે, નહિ કે મારા ખુશામતિયા હાસ્યને. મારી આસપાસનું વર્તુળ નાનું હશે પણ જ્યાં સુધી એમાંના લોકો પ્રામાણિક અને ઠરેલ હોય ત્યાં સુધી એનો મને શું વાંધો હોઈ શકે?

આ બધું હોવા છતાં ૧૯૪૨ની સાલમાં હું બહુ ખુશ હતી એવું પણ નહોતું. ઘણી વાર મને લાગી આવતું કે હું સાવ એકલી પડી ગઈ છું. પણ આખો દિવસ હું ક્યારેય પગ વાળીને બેસતી નહોતી એટલે એનો મેં ઝાઝો વિચાર પણ કર્યો નહોતો. શક્ય એટલી મજા કરી અને જાણતાં-અજાણતાં મારું ખાલીપણું હસી-મજાકથી ભરી રહી.

પાછું વળીને જોતાં લાગે છે કે મારા જીવનનો એ કાળ કાયમ માટે પાછળ રહી ગયો છે. પેલા મસ્તરામ, બેફિકરી શાળાના દિવસો હંમેશાં માટે પૂરા થઈ ગયા છે. મને એ યાદ પણ નથી આવતા. એમાંથી હું બહાર આવી ગઈ છું. મારે માટે ફક્ત અલ્લડ રહેવું શક્ય નથી કારણ કે મારા સ્વભાવનું એ એક ગંભીર પાસું કાયમ રહેશે.

એક પ્રખર સૂક્ષ્મદર્શક કાચમાંથી ૧૯૪૪ સુધીની મારી જિંદગી હું નિહાળી રહી છું. મને દેખાય છે કે ઘેર મારી જિંદગીમાં અજવાળું જ અજવાળું હતું ને પછી ૧૯૪૨ના અધવચમાં બધું જ રાતોરાત બદલાઈ ગયું. ઝગડાઓ-દોષારોપણ-હું એ બધું પચાવી ન શકી. મને ખબર પડે એ પહેલાં જ બધું બની ગયું. મારી જાતને સંભાળવા સામા જવાબ આપ્યા સિવાય મારા માટે કોઈ આરો નહોતો.

૧૯૪૩ની શરૂઆતમાં મારો રોયારાણીનો કાળ શરૂ થયો. એકલતા લાગી, ધીમે ધીમે મને ભાન થયું મારી ભૂલોનું અને મારા અવગુણોનું. ત્યારે મને એ અગણિત અને અફાટ લાગ્યાં. મેં વાતો કરવામાં દિવસ કાઢવા શરૂ કર્યા, પીમને મારી વધુ નજીક લાવવા પ્રયત્ન કર્યો પણ તે અસફળ રહ્યો. પરિણામે મને સુધારવાનું કપરું કામ મારી એકલીને માથે આવી પડ્યું. જેથી મને હતાશ કરી મૂકતી એ વઢ ખાવાનો વારો ન આવે.

વરસના બીજા છ મહિના કાંક સારા ગયા. હું કિશોરાવસ્થામાંથી યુવાવસ્થામાં પહોંચી. બધાં મારી સાથે મોટી વ્યક્તિ જેવું વર્તન કરવા માંડ્યાં. મેં પરિસ્થિતિનો વિચાર કરવો શરૂ કર્યું. હું વાર્તા લખવા માંડી અને બધાને અંતે નિર્ણય પર આવી કે મારે કેમ જીવવું એ બીજાં નક્કી કરી શકે નહિ. મને એક ઘડિયાળના લોલકની જેમ આમથી તેમ ડોલાવવાનો કોઈને અધિકાર નથી. મને ગમે તે રીતે હું બદલાઈશ. મને ભાન થયું કે મમ્મી વિના પણ હું રહી શકું છું અને એનું મને લાગી આવ્યું. એના કરતાં પણ પપ્પાને પણ હું મારા મનની વાત નહિ કહી શકું એની મારા પર વધારે અસર થઈ. મારા સિવાય હવે મને કોઈ પર વિશ્વાસ નહોતો.

નવું વર્ષ એક નવા જ વળાંક લઈ આવ્યું. મેં સ્વપ્ન જોયું અને મને જાણ થઈ કે મને ખેવના છે... એક પુરુષની, બહેનપણીની નહિ પણ એક દોસ્તની. સાથે મને મારા ઉપરછલ્લા બાહ્ય ખુશનુમા દેખાવની અંદર રહેલા મારા આંતરિક આનંદની ઓળખ થઈ. ઘણા વખત માટે હું શાંત રહેતી. હવે હું જીવું છું પીટરને કારણે. કારણ કે મારા ભવિષ્યનો બધો આધાર એની ઉપર જ છે!

રાત્રે સૂતાં પહેલાં હું પ્રાર્થના કરું છું, 'હે ભગવાન, જે કાંઈ સરસ છે, સ્નેહલ છે અને સુંદર છે એ માટે હું તારો પાડ માનું છું.' અને મારું હૈયું આનંદથી છલકાઈ જાય છે. મારું સંતાઈ જવું, મારી તંદુરસ્તી અને મારું અસ્તિત્વ સરસ છે, પીટરનો સ્નેહ (જે હજી કેટલો નાજુક છે કે એના વિશે અમારામાંથી કોઈ કાંઈ બોલતું પણ નથી), મારું ભાવિ અને મારો આનંદ એ સ્નેહલ છે, અને આ દુનિયા, નિસર્ગ અને સઘળાંનું નિઃસીમ સૌંદર્ય ને ભવ્યતા એ સુંદર છે.

એ ક્ષણે હું બધાં જ દુઃખને વિસરી જાઉં છું ને વિચાર આવે છે જે હજી પણ સુંદર છે એનો. અહીં જ મારામાં ને મમ્મીમાં મોટો ફેર છે. આપત્તિમાં એમની સલાહ છે : 'દુનિયામાં અન્ય દુખિયારાંનો વિચાર કરો ને આભાર માનો કે આપણે એમાંનાં એક નથી.' જ્યારે મારી સલાહ છે, 'ક્યાંક દૂર ચાલ્યા જાવ અને સૂર્યે અને નિસર્ગે જે બક્ષ્યું છે એને માણો. બહાર આવી તમારી અંદર સમાયેલા આનંદને પારખો. તમારા અંતરના ને તમારી આસપાસના સૌંદર્યને પામો અને આનંદિત બનો.'


મમ્મીની સલાહ મને યોગ્ય લાગતી નથી કારણ કે તમે પણ દુઃખીયારાની વચ્ચે દુઃખી બનીને બેસી જાઓ તો શું ફાયદો થવાનો? તમે ક્યાંયના નહિ રહો. એથી ઊલટું ગમે તેવી આપત્તિમાં પણ સૌંદર્ય નાશ પામતું નથી. તમે ખોળશો તો તમને આનંદ મળશે જ અને ફરી એક વાર તમે પૂર્વવત્ બની જશો. જે વ્યક્તિ ખુદ આનંદી છે એ બીજાંને પણ આનંદિત કરી દેશે. જેમાં હિમ્મત છે અને આસ્થા છે એ ક્યારેય વિષાદમાં મૃત્યુ નહિ પામે.


લિ. એન. મે. ફ્રૅંક

(ક્રમશઃ)

અત્ર લુપ્તા સરસ્વતી...

ગિરીશભાઈ પંડ્યા





હરિયાણાની શિવાલિક ટેકરીઓમાં આવેલા આદિ બદ્રી ખાતેથી નીકળતી હોવાની માન્યતા ધરાવતી અને કચ્છના રણ નજીક ક્યાંક પૂરી થતી સરસ્વતી નદીનો પ્રાચીન પ્રવાહપથ દર્શાવતો ઉપગ્રહીય માહિતી આધારિત નકશો. (સૌજન્ય : ડૉ. બલદેવ સહાય, ભૂતપૂર્વ ડેપ્યુટી ડિરેક્ટર, અવકાશ સંશોધન ટ્રસ્ટ, ઈસરો, અમદાવાદ.)

આજે દંતકથા બની ગયેલી, પરંતુ ઋગ્વેદમાં, પ્રાચીન પૌરાણિક ગ્રંથોમાં તેમ જ મહાકાવ્ય મહાભારતમાં જેના ભરપૂર ઉલ્લેખો મળે છે તે આ સરસ્વતી નદી ભૂતકાળમાં કોઈ એક કાળે વાયવ્ય ભારતમાં વહેતી હતી. કહેવાય છે કે તે હિમાલયની કોઈક હિમનદીમાંથી નીકળતી હતી અને આજના હરિયાણા, પંજાબ, રાજસ્થાન, સિંધ, ગુજરાતને વીંધીને અરબી સમુદ્રના કોઈ એક કાંઠાને મળતી હતી. છેલ્લાં આશરે ૧૫૦ વર્ષોના ગાળા દરમિયાન તેના અસ્તિત્વના તેમજ પ્રવાહપથના પુરાવા શોધવા અનેક સંશોધકોએ પ્રયાસો કરેલા છે.

વર્તમાન પૂર્વે ૧૮લાખ વર્ષ અગાઉથી ૬.૫ કરોડ વર્ષ વચ્ચેનો કાળગાળો ભૂસ્તરીય ઇતિહાસમાં તૃતીય જીવયુગ નામથી ઓળખાય છે. તેના પ્રારંભ વખતે નગાધિરાજ હિમાલયનું લેશમાત્ર અસ્તિત્વ ન હતું, તેને સ્થાને ટેથીઝ સમુદ્ર ઘૂઘવતો હતો, તેના તળ પર કરોડો વર્ષોથી કણજમાવટ થયે જતી હતી. તૃતીય જીવયુગના અંતિમ ચરણ સુધીમાં તો હિમાલયનું જુદા જુદા તબક્કાઓમાં લગભગ પૂર્ણ ઉત્થાન થઈ ચૂક્યું હતું. ટેથીઝ સમુદ્ર નામશેષ થઈ ગયો હતો. આ ગિરિનિર્માણ દરમિયાન ઉત્તર ભારતના ભૂપૃષ્ઠમાં તેમજ નદીઓની જળપરિવાહ રચનામાં મોટા પાયા પરના ફેરફારો થતા રહેલા. ઉત્તર ભારતની કેટલીક નદીઓના પ્રવાહપથની દિશામાં વિપરીતતા ઉદ્‌ભવેલી. ગિરિનિર્માણની આ ભૂસંચલન-જન્ય ઘટના અગાઉ વર્તમાન હિમાલય હારમાળાને સમાંતર દક્ષિણ તરફ, આસામથી નેપાળ થઈ કુમાઉં અને ત્યાંથી પંજાબ થઈ સિંધ સુધીના સળંગ લાંબા પટમાં વહેતી એક ઘણી મોટી નદી અસ્તિત્વ ધરાવતી હતી. ભૂસ્તરવિદોએ આ નદીને 'ઇન્ડોબ્રહ્મ' (બ્રહ્મસિંધુ-એક નદી સ્વરૂપે બ્રહ્મપુત્ર - ગંગા-સિંધુનું સંયુક્ત સ્વરૂપ) અથવા 'શિવાલિક' (આજની શિવાલિક ટેકરીઓ ન હતી ત્યારે તે સ્થાન પરથી વહેતી નદી) જેવાં વૈકલ્પિક નામ આપ્યાં છે. આ નદી ટેથીઝ સમુદ્રમાં ઠલવાતી હતી.

તૃતીય જીવયુગના કાલખંડો દરમિયાન હિમાલયનું જેમ જેમ તબક્કાવાર ઉત્થાન થતું ગયું, તેમ તેમ ટેથીઝ સમુદ્ર પાછો હઠતો ગયો. નદીઓના ખીણ વિભાગો કાંપની પૂરણીથી ભરાતા ગયા. આ નદીનો ત્રિકોણપ્રદેશ જે ઉત્તર તરફ હતો તે ક્રમશઃ દક્ષિણ તરફ ખસતો ગયો. ખંભાતનો અખાત આજે જ્યાં છે ત્યાં ત્યારે ન હતો, પરંતુ એ જ રેખીય દિશામાં ઘણે દૂર ઈશાન તરફ હતો. ટેથીઝ ત્યારે નૈનીતાલ, સોલોન, મુઝફ્ફરાબાદ, અટક અને ત્યાંથી સિંધ તરફ ફંટાયેલો હતો. આ અખાત ક્યારેક સિંધનો અખાત હતો. ઉત્થાન અને કાંપપૂરણીને કારણે તે દક્ષિણ તરફ ધકેલાતો ગયો. બ્રહ્મસિંધુ નદીનું વહેણ પણ બદલાતું રહ્યું. ત્રિકોણ-પ્રદેશ નૈઋત્ય તરફ ખસતો ગયો. ઉત્તર તરફનું પ્રાદેશિક ભૂમિતળ ઊંચું આવતું ગયું... પરિણામ એ આવ્યું કે આ વિશાળ નદીનું વિભાજન થતું ગયું. બ્રહ્મસિંધુ નદી જે આસામથી ઉત્તર ભારતની સળંગ લંબાઈમાં થઈ પાકિસ્તાનના પોટવાર સુધી અને ત્યાંથી ફંટાઈને તત્કાલીન સિંધના અખાતના દક્ષિણ તરફી પાછા હઠતા જતા ત્રિકોણપ્રદેશના શિખાગ્રભાગ સુધી વહેતી હતી, તેનું મુખ્ય ત્રણ શાખાઓમાં વિભાજન થયું : (૧) વાયવ્ય હઝારા તરફથી નૈઋત્ય તરફ સિંધુ તેમજ તેની પાંચ શાખા નદીઓએ પશ્ચિમ તરફનો વહન-માર્ગ ગ્રહણ કર્યો, (૨) વાયવ્યથી અગ્નિ તરફ ફંટાઈને અલગ પડેલી ગંગા અને તેની શાખા નદીઓએ પૂર્વ તરફનો વહન માર્ગ ગ્રહણ કર્યો, (૩) બ્રહ્મપુત્ર નદી હિમાલયમાંથી બંગાળના ઉપસાગર તરફ

ફંટાઈ. આ રીતે આ ત્રણે નદીઓ પહેલાં હતી અને આજે પણ છે, તેથી તે 'યથાપૂર્વ' અથવા 'અનુવર્તી' નદીઓ લેખાય.

બ્રહ્મસિંધુ નદીના વાયવ્ય વિભાગનું એટલે કે સિંધુ નદીનું, તેની પૂર્વ તરફથી આવતી છેલ્લી સતલજ શાખા-નદી સાથેનું અલગ અને સ્વતંત્ર પરિવાહ-થાળું આમ નવેસરથી તૈયાર થયું. આજની યમુના નદી જે પ્રયાગ પાસે ગંગાને મળે છે તે ત્યારે સતલજની સાથે સાથે સિંધુને મળતી હતી. આજની પૂર્વ તરફ વહેતી યમુના ત્યારે પશ્ચિમ તરફ વહેતી હતી. સિંધુ-ગંગા (અથવા સિંધુ-યમુના) વચ્ચેના પ્રાદેશિક ભૂમિતળનું પૂરણ થતું જવાથી, સિંધુને મળતી યમુનાનું વહેણ ક્રમશઃ ખસેડાતું જઈને વિપરીત બનતું ગયું, જે પછીથી ગંગામાં ભળી ગયું. આજની યમુના નદી જ પ્રાક્ ઐતિહાસિક કાળમાં સંભવતઃ સરસ્વતીની સહાયક નદી હતી, ત્યારનો તેનો તજી દેવાયેલો પટ આજે પૂરણથી દટાયેલો મળી આવે છે.

ઉત્તર ભારત તરફનાં અહીંનાં મેદાનોની વધુમાં વધુ ઊંચાઈ સમુદ્ર સપાટીથી ૨૭૫ મીટર જેટલી છે. આ ઊંચાઈ પંજાબમાં સહરાનપુર, અંબાલા અને લુધિયાણા વચ્ચે જોવા મળે છે. આ પ્રાદેશિક વિભાગ બંને બાજુની નદીઓ માટેનો જળવિભાજક બની રહેલો છે, જે પૂર્વ તરફ વહેતી ગંગા અને તેની શાખા નદીઓથી અલગ પાડે છે, પરંતુ જૂના વખતમાં જળવિભાજક આ ન હતો, આ જળવિભાજક તો ક્રમે ક્રમે થયેલી કાંપપૂરણીથી ઊંચે આવેલો છે અને તેથી વહેણ બદલાયાં છે.

સિંધુ, ગંગા અને બ્રહ્મપુત્ર નદીઓ પૈકી સિંધુનું વખતોવખત એક કે બીજાં કારણોથી પશ્ચિમાયન થતું રહેલું છે, તેનો ત્યજી દેવાયેલો પટ પણ મળે છે. તેના ઉત્તર ભાગમાં ઘગ્ગર નદીનો ત્યજી દેવાયેલો શુષ્ક ભાગ પણ મળે છે. યમુના એક કાળે અહીં વહેતી હતી, તેનો પણ ત્યજી દેવાયેલો પટ મળે છે. આમ, સરસ્વતીના અસ્તિત્વ માટેના જુદા જુદા મતમતાંતર પ્રવર્તે છે.

વીસમી સદીના ઉત્તરાર્ધકાળની શરૂઆત ભારતના વૈજ્ઞાનિકોએ સરસ્વતી નદી શોધ પરિયોજના હેઠળ ભગીરથના ગંગાવતરણની જેમ સરસ્વતી નદી ઉત્થાનું મહાભગીરથ કાર્ય ઉપાડ્યું છે. આર્યોએ - ઋષિઓએ વેદોમાં જેનાં ભરપૂર ગુણગાન ગાયાં છે એ સરસ્વતી નદી કેમ, ક્યાં અને ક્યારે લુપ્ત થઈ ગઈ? વિજ્ઞાનના આ વિકસતા જતા યુગમાં શું આપણે એ માની લેવું કે બ્રહ્મપુત્ર દક્ષ પ્રજાપતિની ૨૭ પુત્રીઓ (૨૭ નક્ષત્રો) પૈકી અતિ-સુંદર (વધુ પ્રકાશિત) રોહિણી પર મુગ્ધ બનેલા ચંદ્રને દક્ષે ક્ષય પામી જવાનો શાપ આપેલો - તેના પ્રતિભાવમાં ચંદ્ર સહિત દેવ-ગણોની વિનંતીથી પ્રસન્ન દક્ષે ચંદ્રને આંશિક શાપમુક્તિ આપીને કહેલું કે તે જો સરસ્વતીના પવિત્ર જળમાં સ્નાન કરે તો દર મહિને પંદર દિવસ માટે તેની કળાઓ વૃદ્ધિ પામતી જશે... કહે છે કે ચંદ્રે પુણ્યસલિલા સરસ્વતીમાં સ્નાન તો કર્યું, પણ શાપિત ચંદ્રના સ્નાનથી પ્રદૂષિત સરસ્વતી અદશ્ય થઈ ગઈ... આ ખગોલિ ઘટનાને ઋષિઓએ-આર્ષદ્રષ્ટાઓએ લોકમાનસમાં પરંપરાગત છવાઈ રહે તે માટે ધાર્મિક કથાનું સ્વરૂપ આપીને વણી લીધેલી છે.

આ કારણે સરસ્વતીના અદશ્ય થવા પાછળનો વૈજ્ઞાનિક અભિગમ રજૂ કરવાનો અહીં પ્રયાસ કરવામાં આવ્યો છે.

સરસ્વતી નદીનું મૂળ ચાલી આવતી માન્યતા મુજબ હરિયાણાની શિવાલિક હારમાળાના 'આદિબદ્રિ' સ્થાનકને ગણવામાં આવેલું છે. વૈદિક કાળની આ સરસ્વતી નદી આજે પણ હરિયાણાના કેટલાક ભાગોમાં શુષ્ક પટ હેઠળ અમુક ઊંડાઈએ જળસંચય સ્વરૂપે મળે છે. ભૂગર્ભ જળશાસ્ત્રીઓ, ભૂસ્તરશાસ્ત્રીઓ, પુરા-તત્ત્વવિદો અને અવકાશ વિજ્ઞાનીઓ આજે જેના જળપ્રવાહને મેળવવા મથી રહ્યા છે, તે જળભંડાર ઓછાવત્તા પ્રમાણમાં પણ ઉપલબ્ધ થાય તો ભારતવર્ષની આર્ય/વૈદિક સંસ્કૃતિ જેને કાંઠે પાંગરી અને વિકસી તે સરસ્વતી નદીનો તાગ મળે. આ હેતુ સિદ્ધ કરવા માટે તો સરસ્વતી નદી શોધ પરિયોજના કામ કરી રહી છે.

આજે આપણે જેને પ્રયાગ ખાતેના ત્રિવેણી સંગમ (ગંગા-જમના-સરસ્વતી) તરીકે ઓળખીએ છીએ ત્યાં માત્ર બે નદીઓ (ગંગા-જમના) જ નજરે પડે છે, કહે છે કે સરસ્વતી ત્યાં પ્રચ્છન્ન રૂપે વહે છે એટલે અત્ર, તત્ર કે અન્યત્ર, ગમે ત્યાંથી તેને શોધી કાઢવાના પ્રયાસો કરવા રહ્યા. વર્તમાન પૂર્વે ૧૦,૦૦૦ વર્ષ અગાઉથી ૧૮ લાખ વર્ષ સુધીના પ્લાયસ્ટોસીન કાળ દરમિયાન પ્રવર્તેલા ચાર હિમયુગો પૈકીના છેલ્લા હિમયુગ (વિસ્કોન્સિન હિમયુગ)ની સમાપ્તિ પછી હિમગલનથી આ નદી ઉદ્ભવી હોય તો તેને નકારી શકાય નહિ. આજે તો તેનો બધો જ પટ શુષ્ક છે. આ શુષ્ક પ્રવાહ-પથ હેઠળથી પણ તે જે સ્વરૂપે મળે તે સ્વરૂપે પણ જો વૈજ્ઞાનિકો તેને શોધી શકે તો ભારતની ભવ્ય પ્રાચીન સંસ્કૃતિના અંશને ફંફોળ્યાનો લ્હાવો લઈ શકાય!

સરસ્વતી નદીનું ઉદ્ગમસ્થાન 'આદિ બદ્રિ' ખાતે હોવાનું જે મનાય છે તે સંભવિતપણે હિમાલયના ઉપરવાસમાં આવેલાં હિમક્ષેત્રોમાં હોવાનું વધુ સ્વાભાવિક છે, કારણ કે મહાભારતમાં, પુરાણોમાં અને વિશેષે કરીને ઋગ્વેદની ઋચાઓમાં તેને સિંધુ-ગંગા કરતાં પણ મોટી નદી તરીકે વર્ણવેલી છે.

સરસ્વતી નદી સંશોધનનો પ્રયાસ શરૂ કર્યાને ૧૫૦ વર્ષથી વધુ સમય થયો નથી. ઇતિહાસકારો અને પુરાતત્ત્વવિદો કહે છે કે આર્યો ઈરાનથી હિન્દુસ્તાનમાં જ્યારે પણ આવ્યા ત્યારે તેમણે ઋગ્વેદની ઋચાઓ લખેલી હોવી જોઈએ, તેઓ એમ પણ ઉમેરે છે કે સરસ્વતીનો પ્રવાહ કદાચ અફઘાનિસ્તાન (ગાંધાર) અને ઈરાન સાથે સંકળાયેલો હતો કારણ કે ત્યાં હરહવતી (હરઃવતી) નામની નદી હતી! નદી સંશોધનના પ્રયાસોમાં દૂરસંવેદન (**remote-**

sensing), અવકાશમાંથી લીધેલી ભૂમિતસવીરો (Landset Imageries) અને ન્યૂક્લિયર ભૌતિકશાસ્ત્ર (Nuclear Physics)નો ફાળો પણ નાનો-સૂનો નથી!

ઋગ્વેદમાં સરસ્વતી નદીને અમ્બિતમે (શ્રેષ્ઠ માતા), નદી તમે (શ્રેષ્ઠ નદી) અને દેવી તમે (શ્રેષ્ઠ દેવી) તરીકે પૂજીને તેને પુષ્કળ મહત્ત્વ અપાયેલું છે. એટલું જ નહિ, અન્ય શાસ્ત્રોમાં પણ તેનાં પ્રશસ્તિગાન ગવાયાં છે. આજથી આશરે ૫૦૦૦ વર્ષ અગાઉના ગાળામાં આ નદીને કાંઠે આર્ય/હરપ્પા સાંસ્કૃતિ પાંગરેલી અને વિકસેલી. ભારત અને પાકિસ્તાનમાં આશરે ૨૬૦ જેટલાં જે પુરાતત્ત્વીય સ્થળો મળી આવ્યાં છે તે પૈકીનાં ૨૦૦૦ જેટલાં તો આ નદીને કાંઠે હતાં.

ઉપગ્રહીય તસવીરોમાં તેની કુલ લંબાઈ ૨૫૬૦ કિ.મી. તથા સરેરાશ પહોળાઈ ૬ થી ૮ કિ.મી. હોવાનું નક્કી થયું છે. તેનો પ્રવાહપથ ઉત્તરાંચલના પશ્ચિમ ગઢવાલમાં નેતવાર નજીકની હર-કી-દૂન હિમનદીમાંથી શરૂ થઈ, હિમાચલ પ્રદેશ (પોંતા સાહિબ) હરિયાણા, (પેહોના અથવા પૃથુદક), પંજાબ (રાખી ગઢી, ભટિંડા, લખમીરવાલા - આ ત્રણે સ્થળો હરપ્પા અને મોંહે-જો-દડો જેટલાં વિશાળ છે), રાજસ્થાન (કાલીબંગન, પીલીબંગન, હનુમાનગઢ, સિરસા અથવા સરસ્વતીનગર), કચ્છના રણમાં, ધોળા-વીરામાં, સુરકોટડા, રોજડી, નળસરોવરની આજુબાજુનો વિસ્તાર, લોથલ અને પ્રભાસપાટણમાં થઈને પસાર થતો જણાયો છે. આ પ્રવાહ-પથમાં પ્રાચીન સંસ્કૃતિના અવશેષો ધરાવતાં ૨૦૦૦ જેટલાં પુરાતત્ત્વીય સ્થળો આવેલાં છે, ત્યાંથી ભૂગર્ભજળના સ્રોત મળવાની સંભાવના છે.

૧૮૪૪માં મેજર મેકિનસને દિલ્હી અને સિંધપ્રદેશને જોડવા માટે આઠ પથવાળો ધોરીમાર્ગ તૈયાર કરાવવાની કલ્પના સેવેલી. ૧૮૬૯માં એલકસ રૉગ નામના પુરાતત્ત્વવિદે જણાવેલું કે ખંભાતના અખાતનો તળભાગ હિમાલયના ઘસારાદ્રવ્યથી બનેલો કાંપનિક્ષેપ ધરાવે છે, જે (એટલો વિપુલ જથ્થો) સાબરમતી કે નર્મદા લાવી શકે નહિ - અર્થાત્ હિમાલયની જ એવી કોઈ નદી હોવી જોઈએ જે આ અખાતમાં ઠલવાતી હોય - તે સરસ્વતી જ હોઈ શકે! જો એ સરસ્વતી જ હોય તો સિદ્ધપુર પાસેથી આજે વહેતી કુંવારિકા સરસ્વતી (ગુર્જર સરસ્વતી), તેના ત્યજી દેવાયેલા માર્ગ પરનો - છેડા નજીકનો એક શેષભાગ હોય! ૧૮૯૩માં ભારતીય સર્વેક્ષણ ખાતા (GSI)ના ભૂસ્તરશાસ્ત્રી સી.એફ. ઓલ્ડહામે તેમના આ નદીઅભ્યાસના નિચોડરૂપે જણાવેલું કે રાજસ્થાનના રણની ધારે ધારે જે સૂકો પટ મળી આવેલો છે તે સરસ્વતી નદીનો જ હોવો જોઈએ. આ જો શક્ય હોય તો આજનો સોમનાથ-પાટણ પાસેનો ત્રિવેણી-સંગમ, જેમાં એક નદી (સરસ્વતી) પ્રચ્છન્નરૂપે વહેતી હોવાની જે માન્યતા છે, તે આ સરસ્વતી નદીનો કદાચ અંતિમ છેડો પણ હોઈ શકે!

સરસ્વતી નદીના અદૃશ્ય થઈ જવામાં અથવા ફંટાઈ જવામાં એક અન્ય પુરાવો રજૂ કરી શકાય તેમ છે : દિલ્હી નજીક પૂરી થતી અરવલ્લી પર્વતમાળાની રેખીય વિસ્તરણ દિશામાં દિલ્હીથી હરદ્વાર વચ્ચે દટાયેલી-દબાયેલી ડુંગરધારો રહેલી હોવાનું સર્વેક્ષણ દ્વારા નક્કી થયેલું છે; કાંપ દ્વારા થયેલી ભૂમિપૂરણીની આ હકીકત સરસ્વતી નદીને પણ લાગુ પાડી શકાય તેમ છે.

મોહેં-જો-દડો અને હરપ્પા ખાતેનાં, ૨૦મી સદીની શરૂઆતમાં કરાયેલાં, સર મૉર્ટિમર વ્હીલરનાં ઉત્ખનનકાર્યોના અભ્યાસે ઉપર્યુક્ત ખ્યાલોમાં આમૂલ પરિવર્તન લાવી મૂકેલું. તેમણે જણાવેલું કે પ્રાચીન વસાહતોનાં જે ખંડિયેરો અને અવશેષો મળી આવેલાં તે આર્ય સંસ્કૃતિ અગાઉની વસાહતો હતી. ઋગ્વેદના આર્યો અહીં ઈન્દ્ર (પુરંદર)ની દોરવણી હેઠળ આવેલા, તેમણે દ્રાવિડોની તત્કાલીન વસાહતોનો નાશ કરી તેમને અહીંથી હાંકી કાઢેલા. એટલે વેદકાળ અગાઉ પણ અહીં કોઈ સંસ્કૃતિ અસ્તિત્વ ધરાવતી હતી એવા સંશયો પણ રજૂ થયેલા છે. સર ઑરેલ સ્ટાઈને સર્વેક્ષણ કરીને બતાવેલું કે રેશમના વેપાર માટેનો મધ્ય એશિયાઈ માર્ગ અહીંથી પસાર થતો હતો. અંતિમ હરપ્પા કાળના લોકોએ એમની વસાહતો એમ સમજીને સ્થાપેલી કે ફરીથી તેમને સ્થળાંતર નહિ કરવું પડે, એટલે કે તે વખતે પણ અહીં શુષ્ક નદીપટ હતો.

૧૯૬૪માં રૉબર્ટ્સ હાઈક્સે કરેલો આ સ્થળોનો અભ્યાસ સૂચવે છેઃ અહીંની વસાહતો ભૂકંપ જેવી ભૂસંચલનજન્ય હોનારતને કારણે નાશ પામી હશે. ઉત્થાન થયું હોય તો નદી ફંટાઈ ગઈ હોય અને તેનો ત્યજાયેલો શુષ્કનદીપટ રહી ગયો હોય! ભૂસંચલનજન્ય ફેરફારોએ આ નદીને શુષ્ક બનાવવામાં મુખ્ય ભાગ ભજવ્યો હોય તો તે ઘટનાને સ્વીકારવી રહી. ૧૮૧૯ના ભૂકંપથી કચ્છ-સિંધ સરહદે અલ્લાહ બંધ રચાઈ શકે, તેમ જ ત્યાંનું એક બંદર દટાઈ જઈ શકે, તો નદી પણ ફંટાઈ જાય! સિંધુ નદીનું પશ્ચિમાયન તેનું સ્પષ્ટ ઉદાહરણ છે. વળી આ પ્રકારની શક્યતા માટે ભૂસ્તરીય પુરાવો રજૂ કરી શકાય તેમ છે. અરવલ્લી હારમાળા લગોલગ પશ્ચિમ તરફ સિદ્ધપુરથી દિલ્હી સુધી ઉત્તરી-ઈશાન (NNE) દિશામાં વિસ્તરેલો રેખીય વલણવાળો 'લૂણી-સુકરી' સ્તર-ભંગ (Fault) અસ્તિત્વ ધરાવે છે. વાયવ્ય ભારતના સમગ્ર વિસ્તાર માટે આ સ્તરભંગનુંઘણુંમહત્ત્વ છે. સંભવ છે કે ભૂતકાળમાં આંતર-તક્તીના સંચલનથી ભૂકંપ ઉદ્‌ભવ્યો હોય! આ સ્તરભંગ સિંધુ-સરસ્વતીને સમાંતર ચાલ્યો જાય છે. શક્ય છે કે ભૂકંપની અસરથી કેટલોક ભાગ ભૂપૃષ્ઠમાં ગરક થઈ ગયો હોય. કચ્છ અને હિમાચલ પ્રદેશ તેમજ ઉત્તરાંચલ ભૂકંપને પાત્ર વિસ્તારો છે; જ્યારે પણ ભૂકંપ થાય

ત્યારે સપાટીજળ કે ભૂગર્ભજળમાં જાતજાતના ફેરફારો થઈ શકે.

૧૯૬૯માં જર્મન ભૂસ્તરશાસ્ત્રી હર્બર્ટ વિલ્હેલ્મીએ વાયવ્ય ભારતની નદી-જળપરિવાહ રચના (drainage system)નું સર્વેક્ષણ કરીને અર્થઘટન કરેલું કે અહીં જ્યારે સરસ્વતી નદી વહેતી હતી ત્યારે તેને સતલજ અને યમુનાનાં જળ મળી રહેતાં હતાં, પરંતુ ત્યાર બાદ ભૂમિઉત્થાન કે ભૂમિ-પૂરણી થવાથી યમુનાનું વહેણ વિપરીત બન્યું. સરિતાહરણ (riber capture) થયું તે પૂર્વ તરફ ફંટાતી જઈને ગંગામાં મળી ગઈ; સતલજનો સંગમ ફંટાયો - તેમનાં જળ મળવાં બંધ થયાં, પરિણામે સરસ્વતી શુષ્ક પટમાં ફેરવાઈ ગઈ હોવી જોઈએ. આ બધી બાબતોને ચકાસવા અને સંશોધન કરવા ભારતના પુરાતત્ત્વ-વિદ્ ડૉ. જગત્પતિ જોષી, ડૉ. આર.ડી.બેનરજી અને ડૉ. મધુસુનિકે પશ્ચિમ તરફ આવેલાં ભારતનાં લગભગ બધાં જ અંતિમ હરપ્પા કાળનાં સ્થળોની, વિશેષે કરીને શુષ્ક નદીપટનાં સ્થળોની સફર ખેડેલી છે. ૧૯૮૦માં ડૉ. યશપાલે આદિ બદ્રિથી હરિયાણા સુધીનો, ત્યાંથી રાજસ્થાનના કાલિબંગન અને છેક હરપ્પા-સ્થળો સુધીનો સરસ્વતી નદીનો પ્રવાહપથ ઓળખી બતાવ્યો છે. ડૉ. બી.બી. લાલે તે જ સ્થળોએ ફરીને ભૂકંપ થયાનાં ચિહ્નો પણ બતાવ્યાં છે... આ બધી બાબતો, પુરાવા અને ચિહ્નો સ્પષ્ટ સૂચવે છે કે નદી ત્યાંથી ખસી ગઈ હોવા કરતાં શોષાઈ ગઈ હોવી જોઈએ.

ડૉ. યશપાલે યુ.એસ.માંથી મેળવેલી ઉપગ્રહીય ભૂમિ-તસવીરો હરિયાણામાં પ્રાચીન નદીપટ હતો એવા સ્પષ્ટ સંકેતો આપે છે. તેઓ એમ નથી કહેતા કે સરસ્વતી બારમાસી નદી હતી, પરંતુ તે ભારતમાંથી વહેતી હતી, એટલું તો જરૂર કહે છે.

૧૯૮૫માં વી.વાકનકરે ભોપાલમાં પુરાપાષાણયુગની ગુફાઓનું ઉત્ખનન કરાવેલું - તે અરસામાં તેમણે ૩૫ વૈજ્ઞાનિકોની ટુકડી સાથે હરિયાણાના આદિ-બદ્રિથી ગુજરાતના સોમનાથ સુધીનું અભિયાન પણ કરેલું. લગભગ આ જ માર્ગે, પરંતુ ઊલટી દિશામાં, મહાભારતના યુદ્ધ સમયગાળા દરમિયાન, મહાભારતના યુદ્ધમાં ભાગ ન લેવા માટે બલરામે દ્વારકાથી સોમનાથ અને મથુરાને માર્ગે સરસ્વતી તેમજ યમુનાને કાંઠે યાત્રા કરેલી. આ યાત્રાનું વર્ણન મહાભારતના શલ્ય પર્વમાં ૨૦૦ શ્લોકોમાં કરાયેલું છે. તેમાં બલરામ આશ્રમોની મુલાકાત લે છે, ભારતીય પરંપરાનાં ગુણગાન ગાય છે તેમજ પ્રાચીન ઋષિઓને અંજલિ આપે છે. ત્યારે પણ સરસ્વતીનો પટ શુષ્ક જોઈને બલરામ ખિન્નતા અનુભવે છે. અન્ય યાત્રાસ્થળોની સાથે સાથે તેઓ સરસ્વતીના ઉદ્ગમસ્થળ પ્લક્ષ પ્રસ્રવણ સુધી પણ જાય છે. મહાભારતના ઉલ્લેખ પરથી એમ કહી શકાય કે સરસ્વતી-નદીની અદૃશ્ય થવાની ઘટના મહાભારત કાળ અગાઉની ગણાય. (આવતા અંકે પૂરું)

સ્પૉર્ટ્સ ક્વીઝ - ૮

ડૉ. પી. ડી. શર્મા

(૧) વિમ્બલ્ડન ટેનિસ સ્પર્ધાનું આયોજન કઈ સંસ્થા કરે છે?
(અ) વેલ્સ ટેનિસક્લબ (બ) લિસ્ટર ટેનિસક્લબ
(ક) લંડન ટેનિસક્લબ (ઈ) ઑલ ઈંગ્લન્ડ લોન ટેનિસક્લબ

(૨) નેતાજી સુભાષ નૅશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ સ્પોર્ટસ ભારતમ ક્યાં આવેલી છે?
(અ) મધ્યપ્રદેશમાં ગ્વાલિયર મુકામે (બ) તામિલનાડુમાં ચેન્નાઈ મુકામે
(ક) પંજાબમાં પતિયાલા મુકામે (ઈ) હિમાચલપ્રદેશમાંસિમલા મુકામે

(૩) કયા ભારતીય એથ્લીટે 'મહાભારત'ની ટીવી સિરિયલમાં 'ભીમ' તરીકે કામ કર્યું હતું?
(અ) વિજયસિંહ ચૌહાણ (બ) પ્રવીણકુમાર
(ક) બહાદુરસિંહ (ઈ) શક્તિસિંહ

(૪) 'અર્જુન ઍવૉર્ડ' પ્રાપ્ત કરનાર પ્રથમ ભારતીય મહિલા ખેલાડી કોણ છે?
(અ) સ્ટેફી ડી'સૂઝા (બ) પી.ટી.ઉષા
(ક) સાઈની વિલ્સન (ઈ) અનસૂયાબાઈ

(૫) ત્રણ રમતોમાં ભારતનું પ્રતિનિધિત્વ કરનાર મહિલા ખેલાડી કોણ છે?
(અ) અનસૂયાબાઈ (બ) સાઈની વિલ્સન (ક) શિરીન ખુશરો (ઈ) એન્-રીપાલ

(૬) એવો કયો ખેલાડી છે જેણે બે માઈલથી ૧૯ માઈલના અંતરની દોડમાં ૧૯ રેકોર્ડ પ્રસ્થાપિત કર્યા પરંતુ ઑલિમ્પિકનો સુવર્ણચંદ્રક મેળવી શક્યા નહિ?
(અ) કાર્લલૂઈસ (બ) પાવોનૂમો (ક) એમિલ ઝેટોપેક (ઈ) રોન ક્લાર્ક

(૭) એવો કયો યજમાન દેશ છે જેણે ઑલિમ્પિક રમતોત્સવનું આયોજન તો કર્યું પરંતુ એક પણ સુવર્ણચંદ્રક પ્રાપ્ત કરી શક્યો નહિ?
(અ) મેક્સિકો (બ) ઈટાલી (ક) કૅનેડા (ડ) જાપાન

(૮) સામાન્ય રીતે બૅડમિન્ટનની શરૂઆત 'હેલાં ખેલાડીઓ શટલની કસોટી કરે છે, તેનો આધાર શો હોય છે?
(અ) શટલનું વજન (બ) શટલની ગતિ
(ક) શટલની લંબાઈ (ડ) શટલનાં પીંછાં

(૯) ટેસ્ટ ક્રિકેટમાં આઠ હજાર રન કરનાર સચિન વિશ્વમાં કેટલામો ખેલાડી છે?
(અ) દસમો (બ) અગિયારમો (ક) બારમો (ઈ) તેરમો

(૧૦) અત્યાર સુધી ટેસ્ટ ક્રિકેટમાં ભારતના કેટલા ખેલાડીઓએ ત્રેવડી સદી નોંધવી છે.?
(અ) એક (બ) બે (ક) ત્રણ (ડ) એક પણ નહિ

(આના સાચા ઉત્તરો આવતા અંકે આપવામાં આવશે.)

સ્પૉર્ટ્સ ક્વીઝ - ૭ના સાચા ઉત્તરો

૧. સેરેના વિલિયમ્સ, ૨. જર્મનીના ઑલિવર કેહને, ૩. આલ્બર્ટ કોસ્ટા, ૪. ઈન્ટરનૅશનલ ઑલિમ્પિક સમિતિ, ૫. ગ્વાલિયર, ૬. દોડ, ૭. સર દોરાબજી તાતા, ૮. ભારતનો અજિત અગરકર, ૯. ઓસ્ટ્રેલિયાના લિટોન હેવિટ; ૧૦. પાંચ.

શ્રી હનુમાન સંગીત મતની જાણકારી

ડૉ. ચંપકલાલ ઈ. વસાવા

આજન્મ અખંડ બ્રહ્મચારી શ્રી હનુમાનજી મહાન સંગીતજ્ઞ ગાયક મનાયા છે. તેમનું ગાયન સાંભળીને પશુ-પંખી સ્થાવર અને જંગમ બધાં જ મુગ્ધ થઈ જતાં. એક સમયની વાત છે. એક સુંદર સ્વચ્છ જળાશયની પાસે સંગીત સંમેલનનું આયોજન થયું, દેવ, દાનવ, કિન્નર, ગાંધર્વ વગેરે ભેગા થયા.

ભગવાન પાર્વતીવલ્લભ તથા નારદજીનું ગાયન થઈ રહ્યું છે. દેવઋષિ તેમજ દાનવ તેમને મદદ કરી રહ્યા છે. તેવા સમયે પવનકુમાર હનુમાનજીએ અત્યંત મધુર સ્વરમાં ગાયન આરંભ કર્યું. જાણે અમૃતવર્ષા થવા લાગી. બધા ગાયકો-વાદકોના મુખારવિંદ પર આનંદની હેલી વરસવા લાગી. તેઓ બધાં શ્રી હનુમાનજીની ગાયન-લહેરીમાં મસ્ત બની ગયાં ને શાંત ચિત્તે સ્વરગંગામાં સ્નાન કરી નાચી ઊઠ્યાં. તન-મન રોમરોમ પુલકિત થયાં, શ્રી મારુતનંદનનું જીવન એટલે ત્યાગથી ભરપૂર છે. શ્રીરામના મંગલમયી નામનાં કીર્તન-મનન સિવાય તેમના જીવનમાં બીજું કાંઈ જ નથી. આજનું સંગીત તેમના જ મતનું ચાલી રહ્યું છે.

સંગીત 'પારિજાત'માં શ્રીહનુમાનજી સંગીતશાસ્ત્રના મુખ્ય રચયિતા ગણાયા છે.

કર્તા સંગીતશાસ્ત્રસ્ય હનુમાંસ્ય મહા-કપિઃ ।
શાર્દૂલ કહાલવે તૌ સંગીત ગ્રંથ કરિણૌ ॥

અર્થાત્ શ્રીહનુમાનજી, શાર્દૂલ અને કહાલવે ત્રણ વ્યક્તિ સંગીતશાસ્ત્રના આચાર્ય છે. ભાસ્યકાર કલિંદજીના મતાનુસાર શિવજીએ જે સંગીતશાસ્ત્ર બનાવ્યું તેને શિવમત, ભરતજીએ સંગીતશાસ્ત્ર ને કૃષ્ણે જે સંગીતશાસ્ત્ર રચ્યું તેને કલિનાથ મત ગણાયો છે. આજના કલિયુગમાં શ્રી હનુમાનજીના સંગીત મતનું જ પ્રભુત્વ છે.

શાસ્ત્રંચકાર શિવભાલ વિભૂષિતાંગઃ
પૂર્વશ તચ્છિવમતં ભરતસ્તદંતે ।
તદ્ભારતં કપિવરશ્ચ વિલીભિખદ્ પત્
પશ્ચાદિદં હનુમતો મતભિરિંતં તમ્ ॥

સંગીત 'પારિજાત' શ્રી હનુમતનો ગ્રંથ છે એટલે તેના ભાષ્યના મંગલાચરણમાં કલિદ્જીએ પોતાના પૂર્ણભાવ શબ્દોમાં શ્રી હનુમાનજીનું સ્મરણ કર્યું છે.

સંગીતને વશિકરોતિ વરદંક્ષ્માધરાઘવં
યશ્રવાભિકર ચારુગાત્રસુષમાંવિસ્તારયત્ય દ્ભૂતમ્ ।
નાનાતાલ કલાકલાપનિપુણઃ કૌશલ્યાવદ્ગીયતે,
સપ્રીણાતુપશસ્ત ગાન રસિક વ્યામો દાશાખા મૃગઃ ॥

જે પોતાના સંગીત દ્વારા વરદાયક સીતારામને વશમાં કરી લે છે, જે ભક્તોની સામે પોતાના શરીરની સોના જેવી અત્યંત અદ્‌ભુત શોભાનો વિસ્તાર કરે છે, જુદા જુદા તાલ ને પોતાની કલાના સમૂહને એકસાથે ઉચ્ચારણ કરવામાં નિપુણ છે, અને ઘણી કુશળતાથી ગાયન કરે છે, એવા સંગીત-શ્રોતાઓને અતિઆનંદિત કરવાવાળા શ્રી હનુમાનજી મારા પર પ્રસન્ન થાઓ.

સંગીત 'પારિજાત'ના અભ્યાસથી શ્રી હનુમાનજીના સંગીતશાસ્ત્રનું મહત્ત્વ અને તેના સ્વરૂપનું જ્ઞાન થાય છે.

'ભદ્ર'

ભદ્રસંક્ષમલંકારમાંજને યોડ વધત્ સુધીઃ ।
એકૈસ્ય સ્વર સ્યાત્ર હનમાસ્ય ક્રમો ભાવેત્ ॥

'ભદ્ર' નામના સંગીતાલંકારનો વિસ્તાર શ્રી હનુમાનજીએ આ પ્રમાણે કર્યો છે કે જેનો ક્રમ એક-એક સ્વરનો હનન - સંઘર્ષથી ઉત્પન્ન થાય છે.

'ગ્રીવ'

સ-ગૌ-રિ-ગૌ-સમુસ્ચાર્ય મ-ગૌ-રિ-સૌ તપૈવચ ।
ગ્રીવં લઘુદ્રયે નામ હનુમાન્ વદત્ સુધીઃ ॥

સ-ગૌ-રિ-ગૌ-ના ઉચ્ચારણ કર્યા પછી મ, ગૌ, રિ, સૌ નો ઉચ્ચારણ કરે, બીજી વાર તેને બે લઘુ માત્રાઓથી સમૂહમાં કરે તો તે ગ્રીવના નામનો સંગીત અલંકાર બને છે. બુદ્ધિમાન હનુમાનજીનું કહેવું છે.

'ભાલ'

સ-ગૌ-રિ-ગૌ-સમુસ્ચાર્ય મ-ગૌ-રિ-સૌ તથૈવચ ।
દ્રુતાભ્યાં લઘુકાલેન ભાલં વદતિ મારુતિઃ ॥

હનુમાનજીનું કહેવું છે કે સ, ગૌ, રિ, ગૌ-નું ઉચ્ચારણ કરી મ, ગૌ, રિ, સૌનું ઉચ્ચારણ કરે અને તરત જ –

'બિંદુ'

આદ્યં દીર્ઘત્રયં પ્રાહ દ્વિતીયં હ્રસ્વમેવ ચ ।
બિંદુ બિંદુત્રયેણીયી હનુમાન્ સાર્ધ બિંદુના ॥

પહેલા ત્રણ સ્વર દીર્ઘ પછી બે સ્વર હ્રસ્વ પછી ત્રણ અર્ધબિંદુના મિલનયોગથી બિંદુ નામનો અલંકાર બને છે, એવો હનુમાનજીનો મત છે.

'પ્રકાશ'

સૌ-રિ-ગૌ-મો-ગ-રિ ગ્રશ્વરિ-સિવિતિ સ્વરૈશ્ચ તૈઃ ।
હનુમાનડ તાલેન પ્રકાશાખ્યં તમબ્રવીત ॥

કાળ વિપર્યય

બહાદુરભાઈ જ. વાંક

શહેરના એક મંદિરમાં... સોનાનાં આભૂષણે મઢેલી પ્રભુની મૂર્તિની ગદ્‌ગદિત બનીને એક પૂજારી આરતી ઉતારે. આરતી ઉતારતાં ઉતારતાં ચોતરફ ગોઠવાયેલા વિદ્યુતના દીવાઓમાં પૂજારીનું કપાળ ઝગારા મારવા માંડે. વિશિષ્ટ રીતે ગોઠવાયેલા સ્ટિરિયોમાંથી આવતાં ઝાલર, શંખ અને શરણાઈના મધૂર સૂરોમાં સામે જોતાં જોતાં પૂજારીની આંખ ઝોલાં ખાતી અનાયાસે જ ઊંઘમાં સરી પડે. પૂજારીની ઊંઘ ઉડાડવા હરિભક્તો રામનામની ધૂન બોલતાં બોલતાં તાલીઓ પાડે. તાલીઓ પાડતાં પાડતાં સ્વયં હરિભક્તો પણ ઊંઘમાં સરી પડે. આ બધો તાલ જોઈને મૂર્તિનું ખોળિયું ત્યજીને સર્વશક્તિમાન પ્રભુ પણ મંદિરમાંથી ક્યાંક નાસી છૂટે. પછી મંદિરની સ્મશાનવત્ શાંતિમાં અંધકારના ઓળાઓનું નર્તન. અંધકારમાં મૂર્તિનાં બધાં જ આભૂષણોની ચોરી થઈ જાય ને મંદિરની ટોચ ઉપર 'સબસલામત'નો સંકેત આપતી ધજા પવનમાં લહેરાતી રહે!!

બરાબર આ જ વખતે ભૂકંપથી ધરતી ધણધણી ઊઠે. આખેઆખું મંદિર કડડભૂસ થતું જમીનદોસ્ત થઈ જાય. હજારો નિર્દોષ માણસો ધરતીના પેટાળમાં હોમાઈ જાય. વત્તીઓછી ઈજાઓ સાથે કેટલાક પુણ્યશાળી માણસો ભૂકંપની આ વિભીષિકામાંથી બચી જાય. આ પુણ્યશાળી માણસોની વચ્ચે સહેજ પણ ઈજા વગર - સાવ સાંગોપાંગ એક માણસ પણ બચી જાય. તે સરકારી અને અન્ય સેવાભાવી સંસ્થાઓની મબલક રાહતો મેળવીને આજીવન ન્યાલ થઈ જાય!!

આ માણસ કોણ છે, એની કદાચ તમને ખબર નહીં હોય. ક્યાંય પણ મારી ચાડી-ચુગલી ન કરો તો એ માણસ વિશે હું તમને ઘણું બધું કહી શકું તેમ છું. તો જરા મારી નજીક આવો. તમારા કાનમાં કહું - આ માણસ છે મંદિરની પ્રભુની મૂર્તિનાં નગદ્ સોનાનાં આભૂષણોની ચોરી કરનાર પેલો ચોર!!

સૌ, રિ, ગૌ, મો, ગ, રિ અને સૌ તથા એ જ સ્વરોને આડતાલના મિલનથી 'પ્રકાશ' નામનો સંગીત અલંકાર બને છે એવો શ્રી મારુતદેવનો મત છે.

'ઉદ્ઘાહિત'

આદ્યં સ્વરં ચતુર્વારં દ્વિવારંચ દ્વિતીયકમ્ ।
સકૃદુક્તં તૃતયં તુ તથા સકૃસ્યતુર્થકમ્ ।
ઉદ્ઘાહિતસ્ત્વલંકારો હનુમતા પ્રકિર્તિતઃ ॥

જેનો પહેલો સ્વર ચાર વાર, બીજો બે વાર, ત્રીજો એક વાર અને ચોથો પણ એક વાર ઉચ્ચાર કરવો પડે તે ઉદ્ઘાહિત નામનો સંગીત અલંકાર બને છે એવું શ્રી હનુમાનજીના મત પ્રમાણે જોવા મળે છે, 'અનુપ સંગીત રત્નાકર'ના મંગલાચરણમાં ભટ્ટજીએ હનુમાનજીનું સંગીતાચાર્યના રૂપમાં નીચે પ્રમાણે સ્મરણ કર્યું છે.

આંજનેયો માતૃગુપ્તો, રાવણો-નંદિકેશ્વરઃ ।
સ્વાતિગંણો, બિંદુરાજઃ ક્ષેત્રરાજસ્ય કાહલ ॥

અંજનીપુત્ર શ્રી હનુમાનજી, માતૃગુપ્ત રાવણ, નંદિકેશ્વર, સ્વાતિર્ગણ, બિંદુરાજ, ક્ષેત્રરાજ, કાહલ એ આઠ સંગીતશાસ્ત્રના પરમાચાર્ય કહેવાયા છે. આ પ્રમાણે શ્રી હનુમાનજી સંગીતાચાર્ય છે, ભક્તિ-સંગીતનું મૂળ છે.

'સંધિપ્રચ્છાદન'

હ્રસ્વમાદ્યધૃયં કૃત્વા દિર્ઘકૃત્વા તૃતિત્રકમ્ ।
હનુમાનહ સર્વસઃ સંધિપ્રાચ્છાદ્નં પરમ્ ॥

જેમાં પહેલા બે સ્વર હ્રસ્વ અને ત્રીજો દીર્ઘનો ઉચ્ચાર કરવો પડે છે તેને બધા શ્રી હનુમાનજીએ 'સંધિપ્રચ્છાદન' નામનો અલંકાર બતાવ્યો છે.

જાણીતા માણસની અજાણી વાત

હસમુખ શુક્લ

સને ૧૯૫૨-૫૩ની સાલમાં હું રાજકોટની ધર્મેન્દ્ર કૉલેજમ ભણતો હતો ત્યારે મુંબઈથી મુ. શ્રી મોરારજીભાઈ કૉલેજમ પધાર્યા હતા. સવારનો સમય હતો. શમિયાણામાં વિદ્યાર્થીઓ વિદ્યાર્થિનીઓ અને અધ્યાપકો ઉપસ્થિત હતાં. સમારંભમાં અધ્યક્ષ સ્થાનેથી કૉલેજના તત્કાલીન પ્રિન્સિપાલ શ્રી જી.આર. કોટવાલસાહેબે પોતાની આગવી રસાળ શૈલીમાં અંગ્રેજીમાં પ્રાસંગિક પ્રવચન કર્યું ત્યાર બાદ મોરારજીભાઈ પોતાનું વક્તવ્ય આપવા ઊભા થયા. સંબોધન કર્યું : 'કૉલેજના પ્રિન્સિ-પાલ શ્રી કોટવાલ સાહેબ, અધ્યાપક ગણ તથા વહાલા વિદ્યાર્થી-મિત્રો' ત્યાં તો સભામાંથી વિદ્યાર્થીઓએ પોકાર શરૂ કર્યો કે 'અંગ્રેજીમાં બોલો.' મોરારજીભાઈએ કાંઈ પણ ગણકાર્યા વગર પોતાનું વક્તવ્ય ગુજરાતીમાં જ ચાલુ રાખ્યું. થોડી વાર પછી અંગ્રેજીમાં ભાષણ અંગે અવાજ ચાલુ હતા. મોરારજીભાઈએ પોતાનું વક્તવ્ય અટકાવ્યું અને ખૂબ જ નીડરતાથી ભારપૂર્વક જણાવ્યું કે, 'હું ગુજરાતી છું, તમો પણ ગુજરાતી છો, આ ગુજરાત છે તેથી હું ગુજરાતીમાં જ બોલીશ. જેને મારું ભાષણ ન સાંભળવું હોય તે સભાસ્થાન છોડીને ચાલ્યા જાય.' ઘડીભર સભામાં સોપો પડી ગયો. સભા શાંત થઈ ગઈ અને મોરારજીભાઈએ પોતાની આગવી છટાથી અસ્ખલિત વ્યાખ્યાન ગુજરાતીમાં જ આપ્યું.

મોરારજીભાઈનાં નીડર વ્યક્તિત્વની તથા માતૃભાષાના પ્રેમની અમીટ છબી તે વખતે મારા યુવાન હૃદયમાં પડી જે છેવટ સુધી કાયમ રહી.

દુઃખ નામનો પ્રદેશ

રિદ્ધિ દેસાઈ

આજકાલ શું કરી રહ્યાં છો? - આ પ્રશ્નના ઉત્તરમાં 'હું એક મઝાનો હાસ્યલેખ લખી રહી છું.' એમ કહેતી ત્યારે લોકો મારો લેખ વાંચ્યા વિના જ હસતા. લાલુપ્રસાદજીને શિક્ષણ ખાતું સોંપવામાં આવ્યું છે - મારાથી એવો કોઈ રંગીન-સંગીન છબરડો થઈ ગયો હોય એમ મારી લખવાની વાત પર સૌ કોઈ ખડખડાટ હસવા માંડતા. પોતાનો હાસ્યલેખ વંચાવ્યા વિના જ સામેવાળાને હસતા કરી દેવાનું આવું અભૂતપૂર્વ સામર્થ્ય નવોદિત હાસ્યલેખકોમાં રહેલું છે. લોકોના હસવા પર હસી કાઢીને, આખરે એક દિવસ સાચે જ મારાં મસ્તિષ્ક, હાથ અને કલમે ભેળા મળીને એક સહિયારું સાહસ પૂર્ણ કર્યું. આમ, અસ્તિત્વમાં આવ્યો મારો પ્રથમ હાસ્યલેખ 'શાંત પાણી...'

મેં મારો આ લેખ સૌ પ્રથમ એક નામવર સાહિત્યકારને વાંચવા આપ્યો. એમાં એમનાથી જરાક સરખી ચૂક થઈ ગઈ. એમણે એક સાહિત્યકાર તરીકે લેખ વાંચવાને બદલે એ નામવર સાહિત્યકાર તરીકે લેખ વાંચી કાઢ્યો. માત્ર બે-ચાર સેકન્ડમાં તો એમણે મારું કામ તમામ કરી નાખ્યું - હસી હસીને ધનુષ્યની કમાનની પેઠે બેવડ કેમ નથી વળી જવાતું? જડબાં રહી કેમ જતાં નથી? પેટમાં દુઃખી કેમ જતું નથી? આંખોમાં પાણી કેમ આવી જતાં નથી? કિન્તુ તમે લેશમાત્ર ચિન્તા કરશો નહીં. કહેવત છે ને કે સંઘરેલો સાપ પણ કામમાં આવે... તમે આ લેખ સંઘરી રાખો!

જે પ્રથમ પગથિયે પડે છે તે ખૂબ ઉપર ચઢે છે. મોટા મોટા મહાન લેખકોનો ઇતિહાસ ગવાહ છે, ભાઈ! આ સોનેરી સૂત્રને ગાંઠે બાંધતાં એક દિવસ સફળતાએ મારા બારણેય ટકોરા દીધા. એપ્રિલના અંકમાં મારો હાસ્યલેખ 'શાંત પાણી...' છપાયેલો જોઈને હું તો હરખપદુડી થઈ ગઈ. ઘેરથી માતુશ્રીએ મકાનના દસ્તાવેજની ઝેરોક્ષ કઢાવવા મોકલ્યા હતાં ને ભવિષ્યનાં આ આશાસ્પદ લેખિકા એમના લેખની પૂરી અર્ધો ડઝન ઝેરોક્ષ કઢાવી લાવ્યાં. ત્યાંથી ઘર તરફ પ્રયાણ કરતાં સોસાયટીમાં પ્રથમ ઘર આવ્યું પૂર્વીમાસીનું.

પ્રભુ શ્રીકૃષ્ણના દીનહીન બાળસખા સુદામા જેમ અજાચકવ્રતધારી હતા તેમ અમારાં પૂર્વીમાસી ચુસ્ત જાચકવ્રતધારી! ગુજરાતી લેખકોની ભાષામાં કહેવું હોય તો કહી શકાય કે એમની નસેનસમાં નિર્ભેળ યાચકવૃત્તિ હિલોળા લેતી હતી. અમારી આખી સોસાયટીમાં તેઓ તેમની યાચકવૃત્તિ માટે સુપ્રસિદ્ધ (?) હતાં. કો'કને ત્યાંથી દહીં, કો'કને ત્યાંથી દૂધ, કો'કને ત્યાંથી ખાંડ... ચા, ચણાનો લોટ, કોકમ, બટાકા, લીંબુ, મરચાં, કાગળ, બૉલપેન, છત્રી, ખીલી, હથોડી, સોય-દોરો, ચાળણી, ખાંડણી, સ્લીપર, દવા-ગોળી... ટૂંકમાં કહીએ તો માગવામાં તેઓ હરચીઝમૌલા હતાં. જીવનમાં પ્રથમ વાર મેં એમને વણમાગ્યે કોઈ વસ્તુ (મારો હાસ્યલેખ) આપી. પરંતુ હર્ષના અતિરેકમાં ભૂલમાં મકાનનો દસ્તાવેજ અપાઈ ગયો. પૂર્વીમાસી તો ઘેલાં ઘેલાં થઈ ગયાં—'દાનેશ્વરી કર્ણ કે પછી બલિરાજા... કોનો અવતાર છે તું? વાહ મારી કળિયુગની દાનેશ્વરી ધન્ય છે તને!' મારી ઝબકી. મેં દસ્તાવેજના કાગળ પાછા લઈને મારા હાસ્યલેખની એક ઝેરોક્ષ અત્યંત હોંશપૂર્વક આપતાં કહ્યું, 'ખૂબ જતનપૂર્વક લખ્યો છે. એક વાર અવશ્ય વાંચજો હોં! ખૂબ મજા આવશે.' એટલામાં એમની બેબી ક્યાંકથી દોડતી દોડતી આવી અને કહેવા લાગી, 'મમ્મી, મમ્મી! સવિતામાસીના આંગણે બકરીની ઘણીબધી લીંડી પડી છે. ગુલાબના કૂંડામાં નાખવા કામ લાગશે... જલદીથી એક કાગળ આપ!' એની વત્સલ માતાએ તુર્ત જ હાથ લાંબો કરતાં કહ્યું, 'લે બેટા!'

હું તો ડઘાઈ જ ગઈ! કાપો તો લોહી ન નીકળે એવી મારી સ્થિતિ થઈ ગઈ. હું ખરું કહું છું. ક્રૌંચ વધને બદલે વાલ્મીકિજીએ યદિ આ દૃશ્ય જોઈ લીધું હોત તો એમના ઉરમાંથી 'રામાયણ' કરતાંય વધુ હૃદયદ્રાવક મહાકાવ્ય પ્રકટ્યું હોત! એક લેખિકાને એના પ્રથમ વાચક તરફથી મળેલો આ પ્રથમ આંચકો હતો એટલે જરા જોરથી વાગ્યો. ત્યાંથી ચાર-પાંચ ઘર છેટે ઓટલા પર બાખડબોલાં સવિતાબહેન - સંભવિતઃ મારાં દ્વિતીય વાચક- દૃષ્ટિગોચર થયાં એટલે મારામાં ઉત્સાહનો નવસંચાર થયો. ઉમંગમાં હરણફાળ ભરતી ભરતી હું એમની સન્નિકટ પહોંચી ગઈ. અત્યંત ગર્વભેર મારા લેખની એક કૉપી એમને આપતાં મેં કહ્યું, 'મારા પ્રથમ બાળક સમો મારો આ પ્રથમ હાસ્યલેખ! સમય મળે એટલે અવશ્ય વાંચજો! જો જો તો ખરાં કે વાંચવાથી કેવો આનંદ આવે છે!'

'બળ્યું પહેલું છોરું! નખ્ખોદિયું પહેલું જ બહુ પજવે!' એમણે એમની સ્વભાવગત બેતકલ્લુફી પ્રદર્શિત કરતાં કહ્યું. પછી મારા લેખવાળો કાગળ ઊંધોચત્તો કરીને જોતાં કહ્યું, 'બ્લૅક ઍન્ડ વ્હાઈટમાં છે? જરી રંગીન કાગળમાં હોત તો મઝા આવત! બ્લૅક ઍન્ડ વ્હાઈટ ટી.વી.ય આજે ક્યાં ચાલે છે? છાપામાંય અમે તો રંગીન ભાગ જ જોઈએ, બાકીનાં તો પડીકાં જ બંધાય! ખેર, વખત મળે એટલે જોઈ લઈશું!' કહીને એમણે મારા લેખવાળો કાગળ ગડી કરીને એમના કબજામાં સમાવી દીધો.

એમની આવી કદરદાની નિહાળ્યા બાદ મેં મનોમન નક્કી સંકલ્પ કરી નાખ્યો કે હવે મારે મારો લેખ કોઈ સુપાત્ર વ્યક્તિને જ વાંચવા માટે આપવો જોઈએ. એ શુભ પળે મનમાં કાન્તિકાકાનું સ્મરણ થયું. સાલસ, સુશિક્ષિત અને સહૃદયી એવા કાન્તિકાકા જ મારો લેખ વાંચવા માટે સૌથી સુપાત્ર વ્યક્તિ છે એ વાતની પ્રતીતિ થતાં હું એમને ઘેર ગઈ. 'કેમ બેટા, કંઈ તકલીફ છે?'

મને જોતાંવેંત એમણે મીઠાશપૂર્વક પૂછ્યું. લેખકોનું દરદ આ જાલિમ જમાનો ક્યાં સમજે છે... હું મનોમન બબડી. 'બોલ બેટા, મૂંઝાઈશ નહીં', એમણે કહ્યું ને મને દોડતીને જાણે ઢાળ મળી ગયો. મેં મારી લેખનપ્રવૃત્તિ અંગે એમને વિસ્તૃત માહિતી આપતાં, મારા લેખની એક કૉપી આપી, જે એમણે મને હર્ષ થાય એટલા ઊમળકાપૂર્વક લઈ લીધી. વિશ્વમાં એક સાચા, સહૃદયી ભાવકને પામીને મેં ધન્યતાની લાગણી અનુભવી. કાન્તિકાકાના ઘરના મંગલ વાતાવરણમાંથી હું બહાર નીકળી કે મારગમાં મને મીનાક્ષી-બહેન સામાં મળ્યાં. અમારી સોસાયટીનો વજ્ર કહી શકાય એવાં આ માલેતુજાર મૅડમ હંમેશની જેમ મોંઘાંદાટ, ફક્કડ વસ્ત્રોમાં સુસજ્જ થઈને ક્યાંક પાર્ટી-બાર્ટીમાં જઈ રહ્યાં હોય એમ લાગ્યું. મારા લેખની એક કૉપી એમને ધમાવીને મેં વહેતી ગંગામાં હસ્તપ્રક્ષાલન કરી લીધું.

ત્યાંથી વળી આગળ ચાલી હોઈશ કે સામેના ઓટલે ભુજંગીબહેન દેખાયાં. આ બાઈ સાથે મારે ગત જન્મનો પુષ્કળ ઋણાનુબંધ! અમારી વચ્ચે હંમેશાં ગણિતના છત્રીસના અંકવાળો વ્યવહાર રહેલો. મોકા જીવનમાં વારે-ઘડીએ નથી આવતા હોતા. મને પજવવા બાબતનો આ એમનો જીવનમંત્ર હતો. પૂર્ણિમાના પૂર્ણચન્દ્રને જોઈને જેમ દરિયાનાં મોજાં ઉછાળા મારે એમ મને જોતાંવેંત એમની ભીતર રહેલો વીરરસ ઉછાળા મારવા માંડતો. આજે એમને બાળવાનો સારો મોકો છે એવો સુવિચાર આવતાં હું એમની નિકટ ગઈ. કિન્તુ અઠવાડિયા પહેલાં જ એમના જેઠનું નિધન થયું હોવાથી એમને હાસ્યલેખ આપવો ઉચિત ન લાગતાં મેં પાછાં ડગ માંડ્યાં. મને જોતાંવેંત એમને ઊભરો આવ્યો, 'કેમ લી? આજકાલ દેખાતી નથી... તબિયત તો સારી છે ને? સંભાળજે હોં કે! આજકાલ એઈડ્ઝનો ખૂબ વાવર છે!' એમણે સૂતેલી શેરનીને જગાડી એટલે શેરનીએય (મેં) કહી નાખ્યું – 'મારી તબિયત તો ઑલરાઈટ છે પણ તમારા માટે માઠા સમાચાર છે.' 'કેમ? તારી વર્ષગાંઠ છે?' એમણે પૂછ્યું. 'ના, એક પ્રતિષ્ઠિત મૅગઝીનમાં મારો હાસ્યલેખ છપાયો છે.' મેં ગર્વભેર છાતી ફુલાવતાં કહ્યું. 'લાવ, લાવ!' કહેતાં એમણે ફટ દઈને એક કૉપી મારા હાથમાંથી ખેંચી લેતાં કહ્યું, 'જોને, જેઠજી ગુજરી ગયા છે, એના આઘાતથી જેઠાણીજી સૂનમૂન થઈ ગયાં છે. સહુ કોઈએ એમને રડાવવાની ખૂબ કોશિશ કરી પણ એ કેમેય કરીને રડતાં જ નથી! ખરે વખતે તારો આ લેખ કામમાં આવી જશે મારી વા'લ્લી!' એમના આ પ્રકારનાં શર-સંધાનોથી આમ તો હું ખાસ્સી કેળવાયેલી હતી. કિન્તુ શી ખબર શાથી આ વખત તીર ક્યાંક વાગ્યું હોય એમ લાગ્યું.

એક શિક્ષિકાથી વિશેષ સાહિત્યને કોણ સમજી શકે? એવી સમજ હેઠળ મેં મારા લેખની અંતિમ કૉપી સોસાયટીના છેલ્લા ઘરવાળાં અંજુબહેન રાજસ્થાનીને આપવાનો નિર્ધાર કર્યો. હું એમને ઘેર ગઈ ત્યારે અંજુબહેન ઍન્ડ ફૅમિલિ હવા ખાવા રાજસ્થાન (?) જવાની તૈયારી કરી રહ્યું હતું. મારા લેખ અંગેની ઊડતી વિગત આપતાં મેં અંજુબહેનને કહ્યું, 'લો, આ મારો પ્રથમ હાસ્યલેખ... બસમાં સમય મળે એટલે અવશ્ય વાંચજો... ખૂબ આનંદ આવશે!' 'હેં લી? આ બે જ કાગળિયાં છે? આખી ચોપડી આપી હોય તો કંઈ કામ લાગે ને!' અંજુબહેન ઉવાચ. પુસ્તક જેવી અધ્યયનની વસ્તુ સાથે 'કામ લાગવું' ક્રિયાપદ કઈ રીતે બંધ બેસે એ એક વિચારણીય બાબત જણાઈ. પરંતુ એ અંગે મેં ઝાઝો વિચાર ન કરવાનું મુનાસિબ માન્યું.

પોતાનો લેખ ખૂબ ઉમળકાભેર પોતાના નિકટવર્તી વાચકો સુધી પહોંચતો કર્યા બાદ એમનો પ્રતિભાવ જાણવા એક લેખિકા બેબાક બની. પરંતુ એમને કમ સે કમ અઠવાડિયાનો સમય તો આપવો જ ઘટે. આખરે ગુજરાતી વાચકો છે ભાઈ! આ અંગે અહીં મને એક અદ્‌ભુત પ્રસંગનું સ્મરણ થાય છે. એક વાર અમે અમારા સંબંધીને મળવા ગયા. અમે એમને ઘેર પહોંચ્યા ત્યારે એમની આંખોમાં આંસુ અને હાથમાં કો'ક પુસ્તક હતું. આવું હૃદયંગમ દૃશ્ય જોતાં મેં જિજ્ઞાસાવશ પૂછ્યું, 'શું પછી રમણકાકા... કોઈ ટ્રૅજડી-બૅજડી વાંચી રહ્યા છો કે શું?' ત્યારે ધોતિયાની કોર વડે આંસુ લૂછતાં એમણે કહ્યું, 'ના રે! આ તો જ્યોતીન્દ્ર દવેની 'રંગતરંગ' વાંચતો હતો. તમને ખબર છે? હું અને જ્યોતિ સાથે ભણેલા. કેટલી લાગણીપૂર્વક એણે મને આ પુસ્તક આપ્યું હતું... એ મારો બેટો આવડો મોટો લેખક હતો એ વાતની આજે જ પ્રતીતિ થઈ! એનું સ્મરણ થઈ આવ્યું એટલે જરીક આંખો ભીની થઈ ગઈ.' આવા ધીર-વીર ગુર્જર વાચકોને થોડો-ઘણો સમય તો આપવો જ ઘટે! લગભગ પંદરેક દિવસ બાદ હું મારા લેખ અંગે વાચકોનો અભિપ્રાય જાણવા નીકળી પડી. કોઈ મારી લેખનકળાની ગમે તેટલી પ્રશંસા કરે - જયનાદો કે હર્ષનાદો સુધ્ધાં કરે તોય મનમાં અભિમાન ધરવું નહીં એવો નિશ્ચય કરી લીધો. આખરે વિવેક પણ કોઈ ચીજ છે, ભાઈ!

સૌપ્રથમ મનમાં શ્રીગણેશનું સ્મરણ કરીને હું શ્રીમાન કાન્તિકાકાને ઘેર ગઈ. મને જોતાંવેંત કાન્તિકાકાએ મને વધાવી લીધી. ફુલાઈને ફાળકો થઈ જવાય એવી કઠિન પળેય મેં નમ્રતા જાળવી રાખી. પછી ગદ્‌ગદિત થઈ જતાં એમણે કહ્યું, 'તારા લેખે તો કમાલ કરી નાખી હોં, બેટા! જેવો તારો લેખ વાંચવા કાઢ્યો– એનું શીર્ષક 'શાંત પાણી...' વાંચ્યું કે મને યાદ આવ્યું કે ટાંકીનો નળ બંધ કરવાનું તો હું ભૂલી જ ગયો છું! એટલે તુર્ત જ દોડી જતાં મેં નળ બંધ કર્યો ત્યાં ટાંકીમાં હું શું જોઉં છું કે લગભગ ત્રીસેક જીવ જીવન અને મરણ વચ્ચે ઝોલાં ખાઈ રહ્યા છે. એમને તાકીદે બચાવવાની જરૂર હતી. ઈશ્વરની અસીમ કૃપાથી એ વખતે

તારા લેખવાળો કાગળ મારા હાથમાં હતો. એક એક કરીને ત્રીસ કીડીઓનો જીવ બચાવવામાં તારા લેખે એના પ્રાણોની આહુતિ આપી દીધી. ત્રીસ જીવની રક્ષાર્થે તારો લેખ શહીદ થઈ ગયો! મેં તો પલળીને લોચો થઈ ગયેલા તારા લેખને એક સૅલ્યુટ પણ કરી. બોલ બેટા! તારા લેખનો આનાથી સારો કોઈ ઉપયોગ થઈ શક્યો હોત?' કાન્તિકાકાના આવા અકલ્પ્ય અભિવાદને મને નિર્વચનીય કરી નાખી.

ત્યાંથી નિરાશાનાં ભારે ડગ માંડતી હું સવિતામાસીને ઘેર ગઈ. 'શું પછી માસી... કેવો લાગ્યો મારો...' હજી હું મારું વાક્ય પૂરું કરું એ પહેલાં તો માસીએ મારો હાથ ઝાલીને મને સોફામાં લગભગ પટકી. હર્ષના અતિરેકમાં કે એવા કોઈ અદમ્ય ભાવાવેશમાં આવું બધું થઈ જતું હોય છે, હું એ ક્યાં નહોતી જાણતી! વિશ્વપ્રસિદ્ધ લેખિકા વર્જિનિયા વુલ્ફને એક વાર એમના એક પાગલ પ્રશંસકે હૂબહૂ આવી રીતે જ પટક્યાં હતાં. 'માસી! બોલો ને કેવો લાગ્યો?' હું મારી પ્રશંસા સુણવા આતુર બની. ત્યાં તો માસીએ ગર્જના કરી, 'વાતમાં મો'ણ નાખ્યા વગર હાવ હાચ્ચે હાચ્ચું કહું ને તો... ગધેડાના ગોબર જેવો. તને તો સોટીએ સોટીએ ફટકારીને શીખવવું જોઈએ...' માસીનું બાખડબોલાપણું સોળે કળાએ ખીલી ઊઠ્યું હોય એવું જણાયું. અહીં સૌપ્રથમ તો મેં માસીની ભાષાકીય ભૂલ સુધારી – 'માસી! 'ગધેડાનું ગોબર' એ અનુચિત શબ્દપ્રયોગ છે. 'ગોબર' શબ્દ તો 'ગૌ' અર્થાત્ ગાયની વિષ્ટા માટે જ અભિપ્રેત છે. લીંદ અથવા લાદ જેવા શબ્દકુસુમો અશ્વ-વિષ્ટાને અનુલક્ષીને પ્રયોજવામાં આવે છે. એ જ-વિષ્ટા બાબતે શબ્દકોષે 'લીંડી' જેવા સુકુમાર શબ્દનું ચયન કર્યું છે. જ્યારે ગર્દભ બાબતે...' 'બસ બસ હવે... મૂંગી મર! સવારે તેં જે કંસાર મોકલ્યો હતો તે એવો જ હતો!'–માસી ઉવાચ. 'ઓહોહો... તો તમે કંસારની વાત કરતાં હતાં? મારો તો અહીં સંસાર નંદવાતાં નંદવાતાં રહી ગયો! ખેર, મારો લેખ વાંચ્યો?– મેં પૂછ્યું. 'શું કપાળ વાંચે? લેખ સાલ્લો ક્યાં મૂકી દીધેલો એ યાદ જ નથી આવતું! મેં એમને લેખ મૂકવાના 'પાવનસ્થાન'ની યાદ દેવડાવી. 'હાય રે! તો તો ગટરગંગાયે સ્વાહા થઈ ગયો હશે! તને ખબર છે કે હું કેટલી મરજાદી છું. બે વખત ન્હાવાનું એટલે ન્હાવાનું! મૂઓ! લેખ મારાથી ના વંચાયો એનો ગમ નથી પણ કમ સે કમ તારા માસાને તો વંચાવવો જ હતો. એમને નાનપણથી જ ટુચકાનો ભારે શૉખ છે!' માસીએ અફસોસ પ્રકટ કરતાં કહ્યું.

વેદના અને સર્જન એક સિક્કાની બે બાજુ છે–એક વિખ્યાત ફિલસૂફે કહેલું વિધાન અલબત્ત સ્હેજ જુદી રીતે મને સ્ટેપ બાઈ સ્ટેપ સમજાવા લાગ્યું. એમના ઘેરથી દાઝેલા દિલે હું મારા અન્ય એક સંભવિત વાચક - મીનાક્ષીબહેનને ઘેર ગઈ. મને જોતાંવેંત મીનાક્ષીબહેને મને ઉષ્માપૂર્વક આવકાર આપ્યો. પછી એમનું હાઈ સોસાયટીનું ફિક્સ લેન્થવાળું સ્મિત કરતાં કહ્યું, 'ઓહ ડીઅર! થેંક યુ વેરી મચ ફૉર યૉર આર્ટિકલ! તારા વન્ડરફુલ લેખે તો મારી આબરૂ બચાવી હોં! યૂ નો, તે દિવસે અમે એક મોટી પાર્ટીમાં ગયેલાં. ઉતાવળમાં હું મીકીને ડાયપર પહેરાવવાનું ભૂલી ગયેલી ને પાર્ટી એક ઓપન ગ્રાઉન્ડમાં હતી. અચાનક મીકીએ ચડ્ડી... યૂ નો!... ખરે વખતે તેં આપેલ કાગળ કામમાં આવી ગયો. યૂ આર જસ્ટ ગ્રેટ યાર!!'-કહેતાં એમણે મને એક હળવો ધબ્બો માર્યો. એમના આ ધબ્બાથી જાણે હું કોસો દૂર ફંગોળાઈ ગઈ હોઉં એવું લાગ્યું. ગુજરાતી વાચકો કેટલા 'વૉટર'માં છે એનો મને સુપેરે પરિચય મળી ગયો. મનમાં ખીજ તો એવી ચઢી હતી કે એમ થયું કે ઘેર જઈને સીધી ગોદડાભેગી થઈ જાઉં, પણ પછી થયું કે પલાળ્યું છે તો પછી મૂંડી જ નાખીએ. આશાનું અંતિમ કિરણ અંજુબહેનના ઘરભણી દોરી ગયું. અંજુબહેન રાજસ્થાનની હવા ખાઈને હેમખેમ પાછાં આવી ગયેલાં. મારા દર્શનમાત્રથી એ ખીલી ઊઠ્યાં અને પછી મારાં ઓવારણાં લેતાં કહેવા માડ્યાં, 'ઓ મારી બન્નો, કૉંગ્રેચ્યુલેશન! તારો લેખ તો ભાઈ કહેવો પડે! તને ખબર છે? તારા લેખની સૌથી મોટી એ છે કે એ ખૂબ જ ઉપયોગી છે! એપ્રિલ મહિનાની કાળાઝાળ જેવી ગરમી, બસની ચિક્કાર ગિર્દી અને ઉપરથી અમે પ્લાસ્ટિકનો પંખોય લઈ જવાનું ભૂલી ગયેલાં... મારી લાડો! તું નહીં માને... તારા લેખના કાગળથી અમે પૂરા સાત જણાએ પંખા ખાધેલા એટલું જ નહીં, રસ્તામાં એની ઉપર સુખડી, બુંદી, ચવાણું અને ફાફડા ખાધા એ અલગ! ત્યાં પહોંચતાં સુધીમાં તો તારો લેખ સાવ પીંખાઈ ગયેલો. છતાંય એનું મથાળું વાંચ્યું હો! 'શાંત પાણી...' આગળનું સમજી ગઈ... ઊંડાં હોય છે!' ખડખડાટ હસતાં હસતાં અંજુબહેને કહ્યું.

હું તો ડઘાઈ જ ગઈ! હતપ્રભ થઈ ગઈ. મને તમ્મર આવતાં આવતાં રહી ગઈ. એ ગોઝારી પળે મનમાં વૈદેહીભાવનું પ્રાકટ્ય થયું કે ધરતીમાતા મારગ આપે તો એમાં સમાઈ જાઉં! ત્યાંથી ધૂંવાંપૂંવાં થતી હું સીધી ઘરભેગી થઈ ગઈ. મનમાં એટલો ગુસ્સો આવ્યો કે ન પૂછો વાત! ઘૂવડની પેઠે રાત્રે જાગી જાગીને આંખો કોડિયા જેવી થઈ ગઈ હતી. મગજનું તેલ કાઢી ને લેખ લખ્યો, એ આ દિવસ જોવા માટે? એ ક્ષણે મને આખી દુનિયા પર ધિક્કાર છૂટી ગયો. દુનિયાને કોસતી કોસતી હજી હું આડી પડી હોઈશ કે બહાર મૂઓ પસ્તીવાળો આવી ધમક્યો. મારા પેટમાં ફાળ પડી. હજુ તો બરાબર લખવુંય શરૂ કર્યું નથી ને પસ્તીવાળો આંટાફેરા મારતો થઈ ગયો? મને એ ઝેરીલા નાગ જેવો ઘૃણાસ્પદ લાગ્યો. 'પસ્તી-બસ્તી કશું નથી, જા અહીંથી!'

(અનુસંધાન પૃ. ૨૬૧ પર)

હું અને કાલાં

પ્રફુલ્લ રાવલ

વર્ષો સુધી કાલાં ફોલ્યાં છે. મોસમની શરૂઆતમાં ઉત્સાહથી અને પછી કંટાળાથી, કંઈક અણગમાથી પણ ફોલ્યાં છે. ચીડ ચડતી કાલાં પર એટલાં ફોલ્યાં છે. બાના ચહેરા પર તરતી ચિંતાને દૂર કરવા અનિચ્છાએ પણ ફોલ્યાં છે. કાલાંનો ભાગ પાડીને બા લાલચ આપતી કાણિયા પૈસાની. એ લાલચે ફોલ્યાં છે. તર્જની અને અંગુઠો છોલાઈ જતાં, તો ય ફોલ્યાં છે. મારો ઉકેલ સારો એટલે કાલાંનો ભાગ પણ મળતો સારો. 'કરકટિયા તું આવી જા, મારાં કાલાં ફોલી જા' એ મારું કાલાં ફોલવાનું ગાન હતું. એ બોલતાં તાન ચડતી. ઘડીકમાં તબકડું કાલાં ફોલાઈ જતાં. મારા ભાગે અઢી તબકડાં કાલાં આવતાં. કાલાં ફોલતાં ફોલતાં મન ભણવામાં દોડતું. હું ઝડપથી કાલાં ફોલી નાખતો. વાંચવા બેસી શકાય એ ઈચ્છાએ, અડધો કલાક વંચાતું અને પહેલી ધડી પૂરી થઈ જતી. પછી બીજી ધડીનો ભાગ પડતો. વળી, કાલાંનું તબકડું લઈને બેસી જતો. ક્યારેક નાની નાની ઢગલી કરીને કાલાં ખુટાડતો. ક્યારેક અંતકડી રમતો રમતો તબકડું પૂરું કરતો. ક્યારેક ખાટ પર સામે ચોપડી રાખીને કાલાં ફોલતો રહેતો. વિજ્ઞાનનાં સૂત્રો બોલું, ગોખેલી કવિતા બોલું, સ્પેલિંગો પાક્કા કરું, બધું ય ચાલે, તો સાથે કાલાં પણ ફોલાતાં રહે.

આ કાલાંની મોસમ પરીક્ષાની જુગલબંધી કરીને આવતી. કાલાં ફોલવાં એ અર્થની ચિંતાને થોડી દૂર કરવાનું સાધન હતું. ભણવું એ ભવિષ્યનું આયોજન હતું. છતાં ય અર્થની ચિંતા પહેલી હતી. સાંજે બા કે બેબી ધડી નાખી આવે ત્યારે બે-અઢી રૂપિયા આવતા, ચાર-પાંચ ધડીના. ચાની પીળી પડીકી, પાશેર મોરસ, અડધો શેર ગૉળ, થોડું તેલ, ઓઘડ સંગજીની સાબુની ગોટી હું મિયાંની દુકાનેથી લઈ આવતો. એક દિવસ ટૂંકો થતો. ચાર મહિના જેવી કાલાંની મોસમ ચાલતી. એ દરમિયાન ઘરનું ગાડું ચાલતું. અરે, દોડતું. કાલાંટાણી દરમિયાન એકાદ વાર જયંતી ગોલીનો આઈસ્ક્રીમ ખાવા મળતો, અનાનસનું સરબત પીવા મળતું, ઘરમાં તડબૂચ આવતું અને પિક્ચર જોવા મળતું. એ હતી સમૃદ્ધિની સીમા. આજે કાલાં જોઉં છું ત્યારે એ દિવસો વહાલ કરતાં બાઝી પડે છે. તાણનો એ કાળ પણ રમ્ય હતો. સમજ ઓછી હતી. જરૂરિયાત નહીં જેવી. જે મળે તે સ્વર્ગીય. જીવનનો છેડો બાનો શબ્દ હતો. એ જ આદર્શ હતો, એ જ અપેક્ષાનું પૂર્ણવિરામ હતું. એટલે સાદું જીવન એ શીખ આત્મસાત્ કરી હતી.

વૅકેશનમાં કાલાં ફોલવાની પ્રવૃત્તિ પૂરજોશમાં ચાલતી. બા સિવાય સહુને કાલાં ફોલવાનો ઉકેલ ઝાઝો. ડાબા હાથના અંગૂઠાથી કાલું તોડીને જમણા અંગૂઠા ને તર્જની વડે પહોળું કરી ડાબા હાથે રૂ કાઢીને ઠાલિયું અલગ કરતું. રૂ થોડાં કાલાં ફોલા ત્યાં સુધી હાથમાં રખાય. ક્યારેક કાલું ચાર પાંખડીનું હોય ત તેને ઘોડો કહેતાં. મને ઘોડાનું આકર્ષણ હતું. આજે ય છે. ઘોડ ઐશ્વર્યનું પ્રતીક હતું. ઘોડા પર બેસવાની ઈચ્છા થતી. પરંતુ મારી ઈચ્છા તો ઓશિયાળી હતી. આ ઘોડો હું બાજુએ મૂકી રાખતો સાવ છેલ્લે ફોલવાનો. સહુ એમ જ કરતાં. છેલ્લે ફોલવાનું કારણ સમઝાતું નહીં. કદાચ એટલો સમય અશ્વના માલિક હોવાનો ભાવ રહેતો. કલ્પનામાં સમૃદ્ધ રહેવાનું ઓછું રોમાંચક નથી હોતું!

બે પાંખડીનું કાલું તે ચકલી... આ ચકલી સખીને બહુ ગમતી. મહોલ્લામાં તુલસીક્યારાને અડીને હું બેસતો ત્યારે એ આવતી. ચકલી કાલું બોલે અને પછી રૂ લઈને દોડી જાય. હું એની પાછળ દોડું. મારાં કાલાં એટલું ખોટી થતાં. વળી એ મારો ભાગ ફોલાવતી. એનો ઉકેલ સારો હતો. પરંતુ એના ઘરે કાલાં આવતાં નહીં. વિનિમયમાં હું પરીક્ષામાં તેને લખાવતો. ક્યારેક કાલું પાંચ કે છ પાંખડીનું હોય તો એને સહુ લાખ કહેતાં. આ લાખ સહુ રાખી મૂકતાં એટલે હું ય રાખી મૂકતો. લાખ રાખીએ તો લખપતિ થવાય એવી આસ્થા પ્રચલિત હતી. કાલાંટાણાં દરમિયાન હું બધી લાખ ભેગી કરી રાખતો. ઊંડે ઊંડે અપેક્ષા હતી લખપતિ થવાની. લખપતિ હોવું એ મોટી ઘટના હતી. ભાગ્યે જ થવાય એવી માન્યતા હતી. એ કાળે સાચી પણ હતી. પછી તો પૈસો નાનો થતો ગયો. લખપતિ થવાની ઘડી આવી ત્યારે લાખની કશી કિંમત ન રહી. પણ કાલાંએ એક સ્વપ્નું તો આપ્યું જ હતું તે લખપતિ થવાનું. માણસ સુખની અનુભૂતિ કેવી મેળવતો રહે છે!

કાલાંનું આગમન થતું એ ગમતું, પ્રસ્થાન નહીં. કાલાંની આવક થતાં સાંજના ખાવામાં ફેરફાર થઈ જતો. બે-ત્રણ દિવસે સાંજે ભાખરી, ઢેબરાં, ઢોકળાં એમ જુદું જુદું ખાવાનું થતું. બાકી તો ખીચડી રહેતી. છાશ અને ખીચડી એ અમારું શાહી ખાણું હતું. એટલી છાશ ખાધી છે - અરે પીધી છે કે એનું સ્મરણ પણ આજે ઓડકાર આપી રહે છે! કાલાંએ ઘણું આપ્યું. કાલાં એ જીવનનો આધાર હતો. જ્યારે આવક માટે બધી જ દિશાઓ બંધ હતી ત્યારે કાલાં જ અર્થોપાર્જનનું સોહમણું સાધન હતું. કાલાં ફોલ્યાં પછી પાછળ ઠાલિયાં રહેતાં. એ ચૂલામાં વપરાતાં. અલબત્ત, ધૂણી થતી, આંખ બાળે એવી ધૂણી. છતાં બા ચૂલામાં ઠાલિયાં વાપરતી. છાણાં વેચાતાં લાવવાં પડતાં. ઠાલિયાં મફત મળતાં. એટલાં ઠાલિયાં ભેગાં થતાં કે માળિયામાં ભરી રાખતાં. એ લગભગ આઠ મહિનાનું ઈંધણ હતું. ઠાલિયાંથી રાંધતાં ક્યારેક ધૂણીની ગંધ ખાવામાં ભળી જતી. એ ખાવાનું પણ ભાવતું, મિષ્ટ લાગતું.

કાલાં ફોલતાં ફોલતાં ગોગડું નીકળતું. એ જુદું રાખતાં. એમાં રૂ ઓછું હોય કે ન જ હોય. કાલાંટાણી પત્યા પછી ફૈબા એ ઠાલિયામાંથી રૂ કાઢવા પ્રયત્ન કરતાં. નીકળેલાં એ રૂની દિવેટ

બનાવતાં. બા એ ગોગડાને ગરમ પાણીમાં પલાળીને ગાયને ખવડાવતી. કાલાંટાણીના દિવસો ઝડપથી પસાર થઈ જતા. મહોલ્લો આખો કાલાં ફોલે. રાત્રે તો મહોલ્લો ભરાઈ જતો. સહુ વાતો કરતાં કરતાં કાલાં ફોલતાં. ક્યારેક કોઈક વૃદ્ધ વાર્તા કહે. જીમાશી રામાયણ-મહાભારતની વાર્તા કહેતાં. ઓખાહરણ વંચાતું. મહોલ્લામાં એક જ રેડિયો હતો. બુધવારે બિનાકા ગીતમાલા સાંભળતા. અંતકડી તો વારંવાર રમાતી. મહોલ્લા વચ્ચે તુલસીક્યારો હતો. એ આરક્ષિત બેઠક હતી. સુધરાઈનો દીવો બળતો - માત્ર પંદર વૉલ્ટનો. પણ તો ય અજવાળું લાગતું. વીજળી-દીવા સહુને ઘરે નહોતા. રાતના દસ પછી મહોલ્લામાં કાલાં ફોલવાનું બંધ થતું. સહુ પોતાનાં ઘરમાં કાલાં ફોલે. બાપા ઘરની ઓસરીની વચોવચ કાલાંની ધડીનો ઢગલો કરે. ચારે બાજુ સહુ બેસી જઈએ. કાલાં વચ્ચે એક ટમટમિયું રાખતાં. એનું અજવાળું પડતું. એક વાર ટમટમિયું નીચું પડ્યું ને કાલાં સળગવા માંડ્યાં. રૂને સળગતાં કેટલી વાર! પછી બાને ચિંતા પેસી ગઈ તે ધડીના પૈસા નહિ મળે તેની. ધડીનું રૂ ઓછું થયું. પરંતુ ફોલાવનારને સાચી વાત કીધી એટલે પૈસા તો મળ્યા પણ સાંજ સુધી બાનું મન ચિંતાગ્રસ્ત રહેલું.

કાલાંટાણી દરમિયાન આખું ગામ પ્રવૃત્ત લાગતું. ક્યારેક કાલાંની વખારમાં આગ લાગતી ત્યારે સહુને દુ:ખ થતું. કોલાપુરવાળાની વખાર અમારા મહોલ્લાની નજીક જ હતી. સાંજના અમે સહુ છોકરાઓ કપાસ ખૂંદવા જતા. મળતું તો કંઈ નહીં, પરંતુ ખૂંદવાનો આનંદ અપાર હતો. કાલાંનો આવરો ધીમે ધીમે ઓછો થતો એટલે ધડી ઓછી મળતી અને પછી મોસમ પૂરી થતી ત્યારે નિસાસો નખાઈ જતો. મને આનંદ થતો પણ પછી વસ્તુઓની તાણનો અનુભવ થતો ત્યારે મન વળી કાલાં ફોલવા પ્રવૃત્ત થતું.

આજે જ્યારે કાલાં જોઉં છું ત્યારે સ્મૃતિ અતીતને આરે જઈને બેસે છે. મારો અતીત સાતતાલીની રમત રમવા માંડે છે. હું પકડાઈ જાઉં છું. હું દાવ આપું છું, બસ આપ્યા જ કરું છું. ❒

અનુસંધાન] દુ:ખ નામનો પ્રદેશ [પૃ. ૨૫૯ થી

કહીને મેં એને કાઢી મૂક્યો. પણ એ તો કે ખસવાનું નામ જ નહોતો લેતો. આવા હાલી-મવાલીઓ દિવસે આવીને ઘર જોઈ જતા હોય છે. મેં એને ધમકાવીને, બે-ચાર અપશબ્દો સંભળાવીને પછી ધડામ દઈને બારણું વાસી દીધું. આટલું અપમાન કરવા છતાં એ ઠીક બારી પાસે આવીને ઊભો રહી ગયો. હવે મારો પિત્તો ખસ્યો. હું ફાટી પડી–'મૂઆ નાલાયક! અહીંથી ટળે છે કે નહીં! કે પછી પોલીસને બોલાવું!' 'પણ... સાંભળો તો ખરાં!' એ કહેવા લાગ્યો. હવે તો તું માર જ ખાવાનો થયો છે કહેતાં હું લાકડી લઈને બારી પાસે ગઈ.

'પણ... પણ... બહેન તમે સાંભળો તો ખરાં!' એ કરગર્યો, પછી કહેવા લાગ્યો – 'ગઈ કાલની પસ્તીમાં, પસ્તીભેગો એક કાગળ હાથ લાગી ગયો. એમાં 'શાંત પાણી...' નામનો એક હાસ્યલેખ હતો. મેં એ ખૂબ રસપૂર્વક વાંચ્યો. તમે નહીં માનો ગઈ કાલે મારાથી શેઠના પાંચસો રૂપિયા ક્યાંક મુકાઈ ગયેલા. હું એના ભારે ટેન્શનમાં હતો. પણ તમારો લેખ વાંચીને મન હળવુંફૂલ થઈ ગયું કે પૈસા ક્યાં મૂકેલા એ ફટ દઈને યાદ આવી ગયું. બહેન, તમે સાચે જ ખૂબ રૂડું લખો છો. લેખની નીચે નામ-સરનામું વાંચીને હું તમને અભિનંદન આપવા આવ્યો છું. હવે બીજો લેખ છપાય તો મને ચોક્કસ જાણ કરજો! હું પૈસા દઈને ચોપડી ખરીદીશ. ક્યાંય નોકરી ન મળતાં હું પસ્તીવાળાને ત્યાં કામ કરું છું, બાકી આમ તો હું એમ.એ. પાસ છું, હોં!!!' ❒

બોધકથા

તીર્થ-યાત્રાનું મહત્ત્વ

મૂ.લે. સંત અમિતાભ, અનુ. રમેશ શાહ

તીર્થયાત્રીએ બોધિસત્ત્વને કહ્યું, 'હું દુનિયાનાં બધાં તીર્થોની યાત્રા કરી આવ્યો. શાંતિ ન મળી. તીર્થયાત્રાનું જરા પણ મહત્ત્વ છે ખરું?

બોધિસત્ત્વે કહ્યું, 'તીર્થયાત્રાનું તો ખૂબ મહત્ત્વ છે. તેં જે જે તીર્થની યાત્રા કરી એ બધાં મનુષ્ય-નિર્મિત બનાવટી તીર્થો છે, સ્વાભાવિક તીર્થો નથી. સ્વાભાવિક તીર્થ છે 'આત્મ-તીર્થ'. શાંત થવું હોય તો 'આત્મ-તીર્થ'ની યાત્રા કરો.'

યાત્રી વિસ્મયભાવથી બોલ્યો : 'એ તીર્થ ક્યાં રહી ગયું? આવું નામ પહેલી વાર સાંભળું છું. ક્યાંક ગાઢ જંગલમાં આ તીર્થ હશે! ત્યાં પહોંચવા સરખો રસ્તો પણ નહીં હોય! ત્યાં કોઈ વાહન પણ નહીં જતાં હોય!'

બોધિસત્ત્વ : 'એ તીર્થ ગાઢ જંગલમાં નથી. એ તો તારી અંદર જ આવ્યું છે.'

યાત્રી હડભડાતો સહસા બોલી ઊઠ્યો : 'મારી અંદર!!!'

બોધિસત્ત્વ : 'હા, હા, તારી જ અંદર.'

યાત્રી : 'તો હું ત્યાં કેવી રીતે પહોંચી શકું? મારે એ યાત્રા કરવી છે. મને મારગ બતાવો.'

બોધિસત્ત્વ : 'ત્યાં પહોંચવા માટે એક શરત છે. પહેલાં તું ચૂપ થઈ જા - અંદરથી અને બહારથી. ચૂપ થઈશ એટલે તું આપોઆપ એ તીર્થમાં પહોંચી જઈશ.'

યાત્રી ઉત્કંઠિત હતો. શાંતિની ખોજ હતી. એણે શરત માન્ય કરી. ચૂપ થઈ રહ્યો અને સ્વયં આત્મ-તીર્થ પહોંચી ગયો અને પ્રશાંત થયો.

આત્મતીર્થ જેવું કોઈ તીર્થ નથી.
એની યાત્રા જેવી બીજી કોઈ યાત્રા નથી.

લઘુકથા

પહેલી બોણી

બકુલચંદ્ર અંજારિયા 'આત્મા'


ટ્રેનની લાંબી મુસાફરી પૂરી થતાં વસંતલાલ તેમની નાની પુત્રી સાથે વિલાસપુર જંકશન પર ઊતર્યા. તેમના ચહેરા પર હળવો થાક અને હાથમાં મોટી સૂટકેસ જોતાં સ્ટેશન બહાર રિક્ષાવાળાઓ તેમને ઘેરી વળ્યા. વસંતલાલે સહજ મોટા અવાજે પ્રસ્તાવ મૂક્યો : 'મારે રામ સોસાયટી ઊતરવું છે.' એક રિક્ષાવાળો નજીક આવીને બોલ્યો, 'આવો, પચ્ચીસ રૂપિયા આપજો...' બીજા એકે ઠાવકાઈભર્યો આગ્રહ કર્યો, 'ચાલો, વીસ રૂપિયા આપી દેજો, બરાબર છે?' એ દરમિયાન જરા દૂર પોતાની રિક્ષામાં બેઠેલા ભાઈએ સ્વસ્થતાથી કહ્યું, 'વડીલ, પહેલી બોણી છે, બેસી જાવ!' એ રિક્ષાવાળાની ઑફર સાંભળી બીજા રિક્ષાવાળાઓ થંભી ગયા! વસંતલાલ તરત એ રિક્ષામાં બેસી ગયા.

રામસોસાયટી પહોંચીને વસંતલાલે રિક્ષાભાડું પૂછ્યું, પેલા રિક્ષાવાળાએ સ્વાભાવિક રીજે જણાવ્યું, 'મોટાભાઈ, જે ઠીક લાગે તે આપી દો, તમે જે આપશો તે ધર્માદા કરીશ, અમારા બાપ-દાદાના વખતથી અમારા ધંધાની પહેલી બોણીની આવક ધર્માદા કરવાની પ્રણાલિકા છે અને એમ કરવાથી અલ્લાહની અમારા પર રહેમ છે.' રિક્ષાવાળાના પ્રત્યુત્તરમાં ભારોભાર સાદગી અને પ્રામાણિકતા વ્યક્ત થતી હતી. વસંતલાલે હાથમાં રાખેલા વીસ રૂપિયામાં બીજા પાંચ ઉમેરીને સદ્‌ભાવપૂર્વક રિક્ષાવાળાને આપ્યા અને કેવળ મુખથી જ સંમતિ દર્શાવી ચાલતા થયા.

પહેલી બોણી ધર્માદા કરવાની રજૂઆતે વસંતલાલને વિચારવમળમાં મૂકી દીધા. જુનવાણી અને ભાવિક વૃત્તિવાળા વસંતલાલે આખરે મન મનાવતાં વિચાર્યું, 'વધારાના આપેલ પાંચ રૂપિયા પણ ધર્માદા જ થશે. ત્યાં અચાનક જ પેલો રિક્ષાવાળો પાછળથી વસંતલાલ પાસે આવ્યો અને ભાડાના પચીસ રૂપિયા વસંતલાલની પુત્રીના હાથમાં મૂકી દીધા! વસંતલાલના મુખ પર આશ્ચર્ય પથરાઈ ગયું, તેમણે આશ્ચર્યભાવે પૂછ્યું, 'ભાઈ, ભાડું કેમ પાછું આપો છો?' રિક્ષાવાળાએ તરત સ્પષ્ટતા કરી, 'ભાઈસા'બ! ભાડું પાછું આપતો નથી, ધર્માદા કરું છું... મારે પણ આ બેબી જેવી જ એક પુત્રી હતી, જે થોડા સમય પહેલાં જ અલ્લાહને પ્યારી થઈ ગઈ! તમારી આ બેબીને જોતાં મને મારી પુત્રી યાદ આવી છે. મારી આજની પહેલી બોણી તમારી પુત્રીને ધર્માદારૂપે આપતાં ખુશી અને સંતોષ થાય છે, મારું નામ સલીમભાઈ છે, આવજો સા'બ, ખુદા હાફિઝ!'

ચેસ-કૉર્નર : કોયડો-૨૬

કાળું



સફેદ

સફેદ મહોરાની ચાલ અને કાળા રાજાને બે ચાલમાં મહાત કરવાનો. (**White to play and mate in two**)

મહોરાંની ગોઠવણી શબ્દોમાં નીચે મુજબ છે :

સફેદ : **Ke3, Qh1, Rb2, Ra8, Bc8, P-b3, d3**

કાળાં : **Ka1, Qa3, P-b4, c5**

આ કોયડાનો ઉકેલ આગામી પંદરમી તારીખ સુધીમાં પહોંચે તે રીતે લેખિકાના સરનામે – અર્પી શાહ, ૨૪/૨૫૧, પરિશ્રમ એપાર્ટમેન્ટ, બીમાનગર પાસે, સેટેલાઈટ રોડ, અમદાવાદ ૩૮૦૦૧૫ (e-mail -shaharpi@hotmail.com) મોકલી આપવા વાચકોને નિમંત્રણ છે. સાચો ઉકેલ મોકલનારનાં નામ જૂન ૨૦૦૩ના 'કુમાર'ના અંકમાં પ્રકટ કરવામાં આવશે.

*

'કુમાર'ના નવેમ્બર ૨૦૦૨ના અંકમાં આવેલા કોયડા નં. ૨૪નો ઉકેલ :

(૧) **Key move Qc1** છે.

જો... **Pd5**	**(2)**	**Qc7 #**
જો... **Rd5**	**(2)**	**d4 #**
જો... **Rd4**	**(2)**	**d3 #**
જો... **Rc3**	**(2)**	**Pxc3 #**
જો... **Re3**	**(2)**	**Pxe3 #**
જો... **Rxf3**	**(2)**	**Qc4 #**
જો... **Rxd2**	**(2)**	**Qxd2 #**

ઉપરોક્ત કોયડાનો પ્રતિભાવ કુલ ૧૨ વાચકો તરફથી મળ્યો છે જે પૈકી સાચો ઉકેલ મોકલનાર વાચકમિત્રોનાં નામ : (૧) પ્રો. એ. આર. રાવ, (૨) ઝેડ. એલ. ઝાલાવાડિયા, (૩) નૌતમભાઈ વખારિયા, (૪) ડૉ. દિલીપ અહલપરા (અમદાવાદ), (૫) સુરેશ મોદી (મુંબઈ), (૬) માધવસિંહ પી. ડોસા (મુંબઈ), (૭) હર્ષદ દવે (રાજકોટ), (૮) કિરણભાઈ એન. શાહ (આણંદ), (૯) નરેન્દ્રભાઈ સી. પરમાર (જામનગર).

પ્રો. એ. આર. રાવ જણાવે છે કે, આ જાતના કોયડાને '**White Piccaninny**' કોયડો કહે છે. શતરંજની રમતમાં પ્યાદાની કુલ ચાર ચાલ હોય છે અને જે કોયડામાં આ ચારેય ચાલનો ઉપયોગ થયો હોય તેને ઉપરોક્ત પ્રકારનો કોયડો કહેવામાં છે. -અર્પી શાહ

અંગ્રેજી સાહિત્યનું આચમન

ડૉ. મધુસૂદન પારેખ

રસ્કિન, મૅથ્યૂ આર્નલ્ડ

વિક્ટોરિયન યુગનાં અનિષ્ટોની સમાજ ઉપર પકડ મજબૂત થતી ગઈ તેમ તેમ તેની સામે વિરોધના સૂર પણ આક્રોશપૂર્વક છતાં તાર્કિક રીતે પ્રકટ થવા માંડ્યા. એમાં કાર્લાઈલ, રસ્કિન જેવા આંતરિક સૌંદર્યનીતિ, આત્મનીતિ જેવાં તત્ત્વોના પુરસ્કર્તા મુખ્ય હતા.

રસ્કિનને યંત્રવાદ અને પ્રચલિત અર્થશાસ્ત્રના સિદ્ધાંતો સામે તો સખ્ત વિરોધ હતો જ પણ ખાસ તો આખા પ્રજાસમૂહમાં, સંસ્કૃતિમાં જે બેડોળપણું, વિરૂપતા છવાઈ ગઈ હતી તેની સામે તેણે લેખો અને વ્યાખ્યાનો દ્વારા પ્રબળ વિરોધ ઉઠાવ્યો. ઔદ્યોગિક સંસ્કૃતિના યુગમાં ગુણવત્તાને સ્થાને વિપુલતા-અધિકતા પર ધ્યાન કેન્દ્રિત થયું હતું અને એમાં રસ્કિનને રોજબરોજનાં સુંદર તત્ત્વોનો હ્રાસ વર્તાતો હતો. રસ્કિનના સિદ્ધાંતોને પ્યૂરિટન સંપ્રદાયના પ્રભાવ દ્વારા જ સમજાવી શકાય. પૂરી તાર્કિકતા દ્વારા એણે સમાજમાં પ્રવેશી ચૂકેલાં દુરિતો સામે આ અસરો ઝીલીને પડકાર ફેંક્યો. કાર્લાઈલના વિદ્રોહી અવાજ કરતાં ય રસ્કિનનો અવાજ વધારે બુલંદ હતો. એણે ખાસ તો પ્રચલિત યુગમાં વિકસતા જતા અર્થશાસ્ત્રના વિકૃત સિદ્ધાંતોની ઝાટકણી કાઢી. એક રીતે કહીએ તો રસ્કિનનું, માનવના આત્માને હણી નાખનારા, એને યંત્ર-ઓજારનો ગુલામ બનાવી દેનાર, એને જડ બનાવી દેનાર, યંત્રયુગ અથવા તો યંત્રવાદ સામેનું ધર્મયુદ્ધ હતું. જીવનનો મર્મ અને તેનો રોજિંદા વ્યવહારમાં સૌંદર્ય અને શાલિનતા સાથેના સંબંધ પર પ્રકાશ ફેંકતું અને કલા-નીતિના સુયોગનો પુરસ્કાર કરતાં રસ્કિનનું એક ઉત્તમ નિવેદન 'સેસમિ ઍન્ડ લિલીઝ'માંના એક વ્યાખ્યાનમાં પ્રકટ થયું છે. એનાં કેટલાંક પાછળનાં વ્યાખ્યાનો-લેખોમાં જે સંદિગ્ધતા કે ધુમ્મસી વાગ્મિતા છે તેનાથી ઉપરનું વ્યાખ્યાન ખાસું મુક્ત છે. રસ્કિને એનાં બીજાં પુસ્તકોમાં 'અનટુ ધિસ લાસ્ટ' (૧૯૬૦-૬૨), 'મુનેરા પલ્વરીઝ' (૧૮૬૨-૭૨), 'ધ ક્રાઉન ઑવ્ વાઈલ્ડ ઑલિવ' (૧૮૬૬) અને 'ફૉર્સ ક્લેવીગૅરા' (૧૮૭૧-૭૪) સામાજિક અને આર્થિક નીતિવિષયક સુવાર્તિક અભિનિવેશયુક્ત વાગ્મિતાથી પ્રકટ કર્યું છે. અલબત્ત, એમાં સર્વત્ર એકસરખી સુસંગતતા જળવાઈ નથી. એનાં પાછળનાં લખાણોમાં બુદ્ધિનો જ્વલંત પ્રકાશ, ઊંચી તાર્કિકતા, વ્યાજસ્તુતિ, અનુચિત આક્રમકતા - એ સર્વ એકસાથે જોવા મળે છે. એનાં પુસ્તકોનાં પાનેપાનાં એની આવી વિશિષ્ટ અને વિચિત્ર શૈલીનો અનુભવ કરાવશે.

રસ્કિનનો શ્રમજીવીની મજૂરી વિશેના સિદ્ધાંતનો મુખ્ય મુદ્દો તેના નીચેના નિવેદનમાં રજૂ થયો છે :

Cheap labour is not merely bad from the stand point of morality, it is bad even from the lower standpoint of economy. For cheap labour means impoverished lives and impoverished lives means inefficient work. The consumer gains at the outset but loses ultimately, for if you sqlueeze wages to starvation point you get inferior work and shoddy goods.

રસ્કિનના સામાજિકતાને લગતા સિદ્ધાંતનો અર્થ નીચેના ટૂંકા પરિચ્છેદમાં સમજી શકાય :

Specialisation is good upto a point, but over specialisation is bad, for it deadens the wroker. A man whose labour consists, say, in making a fractional part of a pin becomes a mere machine. Division of labour you call it, it is division of human beings - dividing men into segments.

રસ્કિનની અપૂર્ણ રહી ગયેલી આત્મકથા 'પ્રેઈટૅરિટા' (૧૮૮૫-૮૯) શીર્ષક ધરાવે છે. એમાં એના વિલક્ષણ ચરિત્ર પર તો પ્રકાશ પડ્યો જ છે પણ એના જીવન પર અને એની શૈલી પર કોનો કેવો કેટલો પ્રભાવ પડ્યો તે સમજવા માટે પણ તેની ઉપયુક્તતા છે. એનું ચરિત્ર અને એની લેખનરીતિ જાણે કે બાઈબલે જ ઘડી છે. બાઈબલ એણે બચપણમાં પૂરી ચુસ્તતાથી વાંચ્યું હતું. એનું વાચન એને માટે ફરજિયાત તાલીમરૂપ હતું. પણ એનું વાચન કરતાં એ એમાં રમમાણ થઈ ગયો, બાઈબલમય બની ગયો અને બાઈબલમાં ધર્મકથાઓ, ઉપદેશો, રમણીય સૂત્રો-સ્તોત્રો અને એમાંની વૈવિધ્યપૂર્ણ રમણીય, તાજગીભરી, સરળ, રોચક, સુબોધક શૈલીનું એને કામણ લાગી ગયું. રસ્કિને એ શૈલીના ઉત્કૃષ્ટ નમૂના આત્મસાત્ કરી લીધા હતા અને એનાં સર્વ લખાણોમાં એ પ્રતીત થશે.

એની કારકિર્દીના આરંભમાં લખાણોની શૈલીમાં આડંબર કે કસબ દેખાય પણ એના વિચારોના વિકાસ સાથે એની શૈલી પણ કાવ્યમય અને સચોટ અસરકારક બની રહી.

મૅથ્યૂ આર્નલ્ડ



રસ્કિને જો પોતાના સિદ્ધાંતો-વિચારોની અભિવ્યક્તિ માટે કલાને માધ્યમ તરીકે ખપમાં લીધું તો મૅથ્યૂ આર્નલ્ડે સાહિત્યને-સંસ્કૃતિના એક પ્રકાર તરીકે સાહિત્યને ઉપયોગમાં લીધું.

આર્નલ્ડનો જન્મ ૧૮૨૨માં. એનું શિક્ષણ રુગ્બી અને ઑક્સફર્ડમાં. ૧૯૫૧થી શાળામાં ઈન્સ્પેક્ટર તરીકે નોકરી. જીવનનાં ઘણાં વર્ષો એણે એમાં જ વિતાવ્યાં. કવિતામાં થોડા કાચા-પાકા પ્રયોગો પછી ૧૮૪૯માં તેણે પહેલો કાવ્યસંગ્રહ 'ધ સ્ટ્રેડ રેવલર ઍન્ડ અધર પોએમ્સ' પ્રકાશિત કર્યો. એનો બીજો સંગ્રહ 'એમ્પિડોકલ્સ ઑન એટના' ૧૯૫૨માં, 'પોએમ્સ'ની બે શ્રેણી ૧૮૫૩-૫૫માં અને પદ્યમાં એક ટ્રૅજેડિ 'મિરોપ' ૧૮૫૮માં. એ પણ ૧૮૬૭માં 'ધ ન્યૂ પોએમ્સ'માં કેટલાંક નવાં કાવ્યો સમાવિષ્ટ કર્યાં. ૧૮૫૭માં ઑક્સફર્ડમાં તેને પ્રોફેસર ઑવ્ પોએટ્રી તરીકે સ્થાન મળ્યું.

સામાન્યતઃ એમ કહી શકાય કે આર્નલ્ડ એની આરંભની કારકિર્દીમાં કાવ્ય તરફ ઢળ્યો હતો અને પાછળની જિંદગીમાં ગદ્યલેખો-વિવેચન તરફ વળ્યો. જો કે કાવ્યલેખન એ સમયાંતરે કરતો જ રહ્યો. એનાં કાવ્યોમાં એ જીવન-વિવેચક તરીકે વાયવ્યરૂપે જોવા મળે છે. એના ગદ્યમાં નક્કર જીવન-વિવેચક તરીકે ઊપસે છે પણ એ વિવેચક તો સદાનો રહે છે જ. તટસ્થ, ઠરેલ અને સન્નિષ્ઠ વિવેચક. એનાં સાહિત્યિક કે અન્ય લખાણોમાં એનું સમર્થ વિવેચન સાહિત્યના, સંસ્કૃતિના સંદર્ભમાં પ્રકટતું રહ્યું છે.

આર્નલ્ડ એના તમામ પુરોગામી અંગ્રેજી લેખકો કરતાં, ચોક્કસપણે પોતાનું જીવન અને સાહિત્ય વિવેચનના પાયા પર જ ઘડ્યું એ નકરો વિવેચક - બૌદ્ધિકતાનો હિમાયતી વિવેચક - તરીકે પ્રકાશી ઊઠ્યો. પ્રોફેસર હ્યુમ જેવા તત્ત્વચિંતકે પ્રત્યેક વિચાર અને કેટલીક સામાજિક બાબતોને આકરી કસોટીએ ચડાવીને તાવણી કરી હતી, પણ રાષ્ટ્રિય માનસનો કે જેમાંથી બ્રિટિશ પ્રજાની રીતરસમો ઉદ્ભવતી હતી, તેનો માનસશાસ્ત્રીય અભ્યાસ કોઈએ કર્યો નહોતો. આર્નલ્ડે એ શુભકાર્ય સ્વીકાર્યું અને એ કાર્યમાં જ એની પ્રતિભાની વિશેષતાઓ પ્રકાશિત થઈ. એનામાં કવિ તો હતો જ પણ તે વિવેચક સાથે સંકળાયેલો હતો. જો કે બંનેમાં એકરાગ હતો એમ કહી શકાશે નહિ. સાહિત્યના ઈતિહાસમાં અને વિચારોની બાબતમાં આર્નલ્ડ ગદ્યકાર તરીકે વિશેષ સામર્થ્ય પ્રકટ કરે છે. એના ગદ્ય લેખો-વિવેચનોનો પ્રભાવ જ ખાસ ધ્યાન ખેંચી રહે છે. વિશાળ અર્થમાં આર્નલ્ડ માટે એમ કહી શકાય કે એ બૌદ્ધિક સભ્યતાનો ઉદ્ગાતા છે. અને વિક્ટોરિયન યુગની સંસ્કૃતિમાં એ આ રીતે જ પ્રવર્ત્યો છે. એણે પોતાના મિશનકાર્યમાં નિષ્ઠાનો અને જ્ઞાનનો સબળ પરચો આપી દીધો છે. જો કે ઘણી વાર તેના પૂર્વગ્રહોમાં, દૃષ્ટિબિંદુની સંકુચિતતામાં તે સપડાયો છે અને કેટલીક બાબતમાં તેની જીવનદૃષ્ટિ ધૂંધળી બનતી પણ લાગે છે. ટૂંકમાં કહીએ તો એની સામાજિક અને નૈતિક ફિલસૂફી એકસાથે સાહસિક અને નિર્બળ છે. કેટલીક બાબતોમાં તેણે અજાણપણે આ ઈરાદાપૂર્વક દૃષ્ટિ નાખવાનું ટાળ્યું છે. જો કે તેણે જે કાંઈ સ્પષ્ટપણે વિચાર્યું છે તેમાં નિખાલસતા છે અને વેધકતા છે.

આર્નલ્ડનાં લખાણમાં તેની ત્રણ લાક્ષણિકતા ધ્યાનપાત્ર છે સૌમ્યતા, ઠરેલતા અને એકાગ્રતા. તદ્ઉપરાંત તેની સરળ શૈલી અ સ્વસ્થ સમભાવપૂર્વકનાં તેનાં કેટલીક બાબતોનાં અર્થઘટનો પ એને વિવેચક તરીકે યશ અપાવે તેવાં છે. એના વિચારોમ આક્રમકતા નથી. એ ક્યાંય અનિષ્ટ બાબતો પર પ્રહાર કરે ત્યાં પણ તેના કટાક્ષમાં જલદતા હોતી નથી. અતિશય પ્રશંસા કે આકર કટાક્ષપ્રહાર કે જેમાં સ્વિનબર્ન જેવા મોજ માણતા હતા કે તેનો ઓછાયો પણ આ સૌમ્ય વિવેચકમાં નથી. એ એની પ્રકૃતિની મર્યાદાને કારણે કવિ શેલીને કદાચ કવિ તરીકે પ્રમાણી શકતો ન હોય તથાપિ એના વિશે એનો સદ્ભાવ તો હોય છે જ. કવિતાનો નહિ તો એના વ્યક્તિત્વનો યે ગુણરાગી તો રહે છે જ.

સાહિત્યવિવેચક તરીકે આર્નલ્ડના કેટલાક ચોક્કસ સિદ્ધાંતો છે અને એ સિદ્ધાંતોને તેણે સ્પષ્ટ રીતે સમજાવ્યા છે. એના આગમનથી એક નવી સ્કૂલ શરૂ થઈ એમ કેટલાક વિવેચકો માને છે. એની પૂર્વે કોઈએ એના જેટલી સૂક્ષ્મ સમજદારીથી સુસંગત રીતે પોતાના વિચારોને અભિવ્યકિત આપી નથી.

ગ્રીક કલાસાહિત્યના નમૂનાનો એને ભરપૂર લગાવ છે, પણ તે સાથે ફ્રેંચ સાહિત્યને પણ તે પ્રશંસી શકે છે. એ બાબતે એનું ચિત્ત ઉદાર છે. એક તાલીમબદ્ધ વિવેચકની જેમ એ પુસ્તકનું તેની આંતરિક રચના-આકૃતિને લક્ષમાં રાખીને અને એમાંની શૈલીની સૂક્ષ્મ છાયાઓ ગ્રહીને વિવેચન કરે છે. (ક્રમશઃ)

પર્યાવરણ-૧

(વૈશ્વિક મંથન અને સ્થાનિક પુનર્ઘટન)

પ્રો. આર.વાય.ગુપ્તે

૧૯૭૨ની સ્ટોકહોમ પરિષદ બાદ દુનિયામાં પર્યાવરણ વિશેની સભાનતામાં ખૂબ વધારો થયો. ૧૧૩ દેશોએ તેમાં ભાગ લીધો. માનવ અધિકારના મૂળભૂત હક્કો, સ્વાધીનતા, સમાનતા, નૈસર્ગિક સંપત્તિની જાળવણી, પુનઃપ્રાપ્ય સંપત્તિની પુનઃસ્થાપના, હાનિકારક પ્રદૂષકોનું નિયંત્રણ વગેરે બાબતોને આવરી લેતો ૨૬ મુદ્દાઓનો કાર્યક્રમ આ પરિષદે બહાર પાડ્યો. યુનાઈટેડ નૅશન્સના નેજા હેઠળ 'માનવ-પર્યાવરણ' ઉપરની આ પહેલી પરિષદ ભરાઈ હતી. ભારતે પણ આ પરિષદમાં પ્રતિનિધિત્વ કરેલું.

પર્યાવરણની સમસ્યાઓ સમજવા અને તેના ઉકેલ માટે અનેક વિદ્યાશાખાઓનો આશ્રય લેવો પડે છે. તેમાં ભૂમિ-વિજ્ઞાન, રસાયણશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર, પરિસ્થિતિવિદ્યા, જીવશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર, વનવિદ્યા, કૃષિવિદ્યા વગેરેના પારંગતોની જરૂર પડે છે. માનવ-કલ્યાણ અને સામાજિક વિકાસનો વિચાર કરતાં સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, વેપાર અને ઉદ્યોગોને લક્ષમાં રાખવા પડે છે. પર્યાવરણ એક સામ્રાજ્ય છે. તેનાં બધાં જ ઘટકો પ્રત્યે લક્ષ્ય ન અપાય તો તે છિન્ન ભિન્ન થઈ જાય. આજે પર્યાવરણની જે અવદશા થઈ છે તેના મૂળમાં સમગ્ર દૃષ્ટિથી અભ્યાસ કરનારાઓની અછતનું કારણ છે.

પર્યાવરણની સમસ્યા ઔદ્યોગિક કે વિકસિત રાષ્ટ્રોમાં છે તેટલી જ વિકાસશીલ રાષ્ટ્રોમાં છે. માત્ર દરેકની પ્રાથમિકતા અલગ અલગ છે. ઔદ્યોગિક અને વિકસિત રાષ્ટ્રો ઓઝોન, મિથેન, ક્લોરોફ્લોરો કાર્બન અને ગ્રીન હાઉસ ગૅસીસની ચર્ચામાં પડ્યા છે ત્યારે વિકાસશીલ રાષ્ટ્રો હજુ પોષાક, આહાર, પાણીની અછત અને નૈસર્ગિક સમસ્યાઓ દૂર કરવા મથી રહ્યાં છે. ૧૯૯૦માં ભારત સરકારના વન અને પર્યાવરણના મંત્રાલયે એસ. સ્વામિનાથનના અધ્યક્ષપદે વન અને પર્યાવરણના ટકાઉ (Sustainable) વિકાસ સાધવા અંગે એક કમિશન નીમ્યું. આ કમિશનના રિપોર્ટમાં સરકારી માળખું, બિનસરકારી સંસ્થાઓ, શિક્ષણસંસ્થાઓ તેમજ ગ્રામ અને આદિવાસી લોકોના સહકાર સાથેનું પાયાનું માળખું (Infrastructure) વિવિધ સ્તરે રચવાનું સૂચન કર્યું છે. રાજ્ય સ્તરે વનવિભાગ સામાજિક વનીકરણ, શિક્ષણ-શિબિરો વન અને વન્ય પ્રાણી સર્વેક્ષણના વિવિધ પ્રોજેક્ટ હાથ ધરે છે.

ભારત ખેતીપ્રધાન દેશ છે. તેની ૬૦ ટકાથી વધુ વસ્તી ગામડાંઓમાં વસે છે. ૧૦૦ કરોડ વસ્તીવાળા ભારત દેશમાં ૬૦ થી ૭૦ કરોડની વસ્તીને પગભર કરવા ખેતી અને વનસંપત્તિ મુખ્ય સાધન છે. ઈ.સ. ૨૦૨૦ સુધીમાં ભારતને વિકાસશીલ રાષ્ટ્રમાંથી વિકસિત રાષ્ટ્ર બનવાની ખેવના છે. ત્યાં સુધીમાં વાર્ષિક ૨૦૦ મિલ્યન ટનમાંથી ૩૦૦ મિલ્યન ટન સુધી અનાજ પકવવાનું આયોજન કરવું પડશે. આ આયોજન હાલની ૧૭૦ મિલ્યન હૅક્ટર ખેતીની જમીનને બદલે ૧૦૦ મિલ્યન હૅક્ટર ખેતીની જમીનમાંથી અનાજ પકવીને ધ્યેય સિદ્ધ કરવાનું છે.

એક અંદાજ મુજબ આપણા દેશમાં લગભગ ૫૪ મિલ્યન હૅક્ટર એટલે કે કુલ ભૌગોલિક વિસ્તારનો ૧/૫ ભાગ ઉજ્જડ, વેરાન કે ખરાબાની જમીન (Waste Land) છે, તે પૈકી ૧૫ મિલ્યન ગોચર વિસ્તાર છે, ૭ મિલ્યન ખારી કે ક્ષારવાળી જમીન છે. ૨૨ મિલ્યન બિન-ખેતી લાયક પડતર જમીન છે, જ્યારે ૧૦ મિલ્યન હૅક્ટર જમીન ખરેખર વેરાન છે. આ જમીન મોટે ભાગે પહાડો, ખીણો, નદીના મુખ પ્રદેશો અને રણ પ્રદેશોમાં વિસ્તરેલી છે. પાણીનો અભાવ, અતિક્ષારતા, અયોગ્ય વ્યવસ્થાપન અને પ્રબળ ઇચ્છાશક્તિનો અભાવ આ પર્યાવરણ યાને નૈસર્ગિક સંપત્તિની અધોગતિ માટે જવાબદાર છે.

નૈસર્ગિક કારણો હોય કે માનવસર્જિત કારણો હોય, પર્યાવરણનું પુનર્ઘટન વિકાસ માટે આવશ્યક છે. તેના ઉત્થાન માટે વ્યક્તિગત ધોરણે તેમજ સામૂહિક ધોરણે કાર્યક્રમ હાથમાં લીધા સિવાય છૂટકો નથી. ગુજરાત અને રાજસ્થાનની પર્યાવરણની સમસ્યામાં 'વધતું જતું રણ' અને 'વૃક્ષવિહીન થતા ડુંગરાઓ' અતિ મહત્ત્વના છે. આ સમસ્યા વખત જતાં આખા ભારતને ભરખી જશે. **Greening of Mountains is Greening of Gujarat (and also rest of India).** (પહાડોને હરિયાળા કરવા એ ગુજરાતને હરિયાળું કરવા બરાબર છે.) આ દીર્ઘદૃષ્ટિને નજર સમક્ષ રાખી લાંબા ગાળાનું આયોજન હાથ ધરાયું હોય એવું જાણમાં નથી. આ દિશામાં અત્રે જે વિચારણા અને આયોજન થઈ રહ્યું છે તેની આછી રૂપરેખા આ મુજબ છે :

(૧) ગ્રીનક્રોસ સોસાયટી જેવી સમગ્ર પાસાંઓને આવરી લેતી બિનસરકારી સ્વૈચ્છિક સંસ્થાનો કાર્યક્રમ.

(૨) શિક્ષણમાં 3-D શિક્ષણ પ્રથાની સર્વત્ર આવશ્યકતા.

(૩) પર્યાવરણ-વ્યવસ્થાપન (Environment Management) અભ્યાસક્રમ.

(૪) સંબંધિત પ્રજાજનોનો સાથ અને સંગાથ.

(૫) ધ્યેયસિદ્ધિ.

(ક્રમશઃ)


પસ્તીનાં પાનાં

ડૉ. પ્ર. ચુ. વૈદ્ય

સરોજિની નાયડુ

તા. ૧૯-૪-૯૮ : આપણાં બધાંનો ખ્યાલ એવો છે કે સરોજિની નાયડુ બંગાળી - બંગાળમાં ઊછર્યાં અને પછી કોઈક નાયડુને પરણ્યાં. તા. ૫-૪-૯૮ના હૈદરાબાદથી આવેલા કાગળમાં કાંઈક જુદું જ વાંચ્યું. આ રહ્યો તે કાગળનો મુખ્ય ભાગ:

'હમણાં હમણાં અહીંના એક પ્રતિષ્ઠિત અને બુદ્ધિશાળી ચટ્ટોપાધ્યાય-કુટુમ્બ વિશે ખૂબ વાંચવા મળ્યું. આ જાણકારીની શરૂઆત થઈ ૧૩મી ફેબ્રુઆરીથી. તે દિવસે સરોજિની નાયડુનો ૧૧૩મો જન્મદિવસ. તે નિમિત્તે અહીંનાં છાપાંમાં તેમના વેશે લેખ વાંચ્યો ત્યારે ખબર પડી કે તેઓ મૂળે હૈદરાબાદનાં હતાં. એટલે કે, તેમનું પિયર પણ હૈદરાબાદ હતું. તેમના પિતાનું નામ અઘોરનાથ ચટ્ટોપાધ્યાય. હૈદરાબાદના નિઝામના માનીતા હતા અને સુધારાવાદી વિચારના હતા. અહીંની પ્રતિષ્ઠિત કૉલેજ - નિઝામ કૉલેજના તે સ્થાપક હતા અને પહેલા પ્રિન્સિપાલ હતા. તેમની પુત્રી સરોજિનીનું શિક્ષણ અહીં હૈદરાબાદમાં થયું. બન્યું એવું કે ૧૪ વર્ષની ઉંમરે સરોજિની અહીંના એક વિધુર ડૉ. નાયડુના પ્રેમમાં પડ્યાં. સમાજસેવાનું કાર્ય કરતા ડૉ. નાયડુ સરોજિની કરતાં ઉંમરમાં ૨૦ વર્ષ મોટા હતા. સ્વાભાવિક છે કે અઘોરનાથ ચટ્ટોપાધ્યાયને આ વાત જચી નહિ. દીકરી પર સવાર થયેલા આ ભૂતને દૂર કરવાના હેતુથી એમણે સરોજિનીને ઉચ્ચ અભ્યાસ અર્થે ઈંગ્લન્ડ મોકલી દીધી. સરોજિની તો પહેલેથી જ અંગ્રેજીમાં કાવ્ય કરતાં. ઈંગ્લન્ડમાં એમણે પોતાનાં કાવ્યો ત્યાંના પ્રતિષ્ઠિત કવિઓને બતાવ્યાં. આ કાવ્યોની પ્રશંસા કરતાં એમણે સરોજિનીને સલાહ આપી કે 'તમારાં કાવ્યોમાં વાતાવરણ અને સંસ્કૃતિ પાશ્ચાત્ય છે. એમાં જો ભારતીયપણું આવે તો કાવ્યો વધુ સુંદર બની રહે.' અને ત્યારથી તેમનાં કાવ્યો ભારતીય બની રહ્યાં... હાઉં, ભણીગણીને સરોજિની પાછાં આવ્યાં. પણ પિતાને જે ભૂત ઉતારવું હતું તે કાંઈ ઊતર્યું નહિ. ઈંગ્લન્ડ ગયા પછી ડૉ. નાયડુ પ્રત્યેનો તેમનો પ્રેમ પત્રવ્યવહારે ખીલ્યો અને ઉત્કટ બન્યો. છેવટે ડૉ. નાયડુ સાથે તેમનાં લગ્ન થયાં અને તેઓ સરોજિની નાયડુ બન્યાં.



ચટ્ટોપાધ્યાય કુટુમ્બની એ વિશેષતા એમની વિનોદવૃત્તિ. સરોજિની નાયડુ પણ તેમની વિનોદવૃત્તિ માટે જાણીતાં હતાં... રાજાજી જ્યારે (૧૯૪૮માં) ગવર્નર જનરલ ઑફ ઈન્ડિયા બન્યા ત્યારે રહેવા માટે આજના રાષ્ટ્રપતિ ભવનમાં ગયા. સરોજિની પણ તેમની સાથે હતાં. રાજાજીએ એમને શયનખંડનો મોટો પલંગ બતાવીને કહ્યું, 'મારા જેવો સીધો સાદો માણસ આનું શું કરે?' ફટ દઈને સરોજિની નાયડુએ ઉત્તર આપ્યો, 'જુઓ રાજાજી, આવી પડેલી અનેક વિકટ પરિસ્થિતિમાં મેં તમને સાથ આપ્યો છે પણ આ બાબતમાં મને માફ કરો. હું તમને કાંઈ જ મદદ કરી શકું તેમ નથી.' ઉપસ્થિત બધાં જ ખડખડાટ હસી પડ્યાં.

કુન્દનલાલ સહગલ

તા. ૨૬-૪-૯૮ : કુન્દનલાલ સહગલ, કે.એલ.સહગલ પણ આપણા બધા માટે જાણીતા સાયગલના જીવન વિશે આપણે કેટલું ઓછું જાણીએ છીએ? યુરોપ-અમેરિકામાં ફિલ્મ કલાકારોનાં જીવન વિશે સંશોધન થાય છે. એકલી મૅરેલિન મનરો ઉપર નહિ નહિ તો પાંચેક પુસ્તકો અને બે હજાર જેટલાં પાનાં લખાયાં છે. પણ આપણે ત્યાં? ૧૯૩૦ થી ૧૯૪૭ના બે દાયકા સુધી ગાયક કલાકાર સાયગલ આખા ભારતીય સિનેમા યુગ પર છવાઈ ગયા છતાં આ અમર ગાયક વિશે, તેણે ગાયેલાં ગીતો સિવાય આપણે શું જાણીએ છીએ?



અમદાવાદની એક ગ્રામોફોન ક્લબ તરફથી તા. ૧૭-૧-૯૮ના રોજ સાયગલની ૫૧મી સંવત્સરી પ્રસંગે અમદાવાદમાં સાયગલ વિશે એક ઓડીઓ-વિઝ્યુઅલ શૉ યોજાયો. તેનો અહેવાલ છાપમાં વાંચ્યો એ ઉપરથી આ પત્ર લખાયો છે.

સાયગલે સંગીતની કોઈ તાલીમ લીધી ન હતી, ક્યાંય સરગમ શીખ્યા ન હતા. સંગીત સાંભળે પછી ગાવા બેસી જાય. કાનપુરમાં એક કોઠા સામે બેસી તવાયફની ઠુમરી સાંભળી ઠુમરી શીખ્યા. અબ્દુલ કરીમખાંની શાસ્ત્રીય રચના સાયગલે પોતાની રીતે એવી સહજતાથી ગાયેલી કે ખાંસાહેબે સલામી આપી : 'અરે ભાઈ, અમને સૂર લગાવતાં બે કલાક લાગી જાય છે અને તું તો બે મિનિટમાં સૂર-વિશ્વ સરજી આપે છે.'

મૅટ્રિક પછી બાપની ઇચ્છા તો સાયગલને કૉલેજ ભણાવવાની ન હતી. એટલે ઘેરથી ભાગી ગયા. ઈધર-ઉધર સંગીતના કાર્યક્રમ કર્યા. છેવટે કલકત્તા પહોંચ્યા. ત્યાં કેટલીક ગીતોની રેકર્ડમાંથી થોડી કમાણી કરી અને ૧૯૩૪માં ન્યૂ થીએટર્સમાં જોડાયા. તે પછીના સાયગલને આપણે બધાં જાણીએ છીએ. પહેલાં હિન્દી ફિલ્મોમાં નાટકીય ઢબે રાગ-રાગિણીમાં બુલન્દ, ઊંચા સ્વરે ગવાતું. સાયગલે ગાયનમાં સહજતા આણી. ફિલ્મી સંગીતની એક નવી ઓળખ સાયગલે ઊભી કરી. 'એક બંગલા બને ન્યારા', 'સોજા રાજકુમારી, સોજા' વગેરે.

પણ સમય જતાં સાયગલનાં આ હલકાં-ફુલકાં ગીત, હાલરડાં પાછળ રહી ગયાં અને દર્દભર્યાં ગીતો, 'બાબુલ મોરા',

'દુઃખ કે અબ દિન બિતત નાહીં', 'અબ જીકે ક્યા કરેંગે' ને કારણે સાયગલ દર્દનો શહેનશાહ બની ગયો. અને આ દર્દનો શહેનશાહ તેના ચિત્ર દેવદાસમાં કળાની પરાકાષ્ઠાએ પહોંચ્યો અને એ ચિત્રના પાત્ર દેવદાસની જેમ જ સાયગલના જીવનનો અંત આવ્યો. સાયગલને કીર્તિ મળી, માન-સન્માન મળ્યું, પણ કોણ જાણે શું થયું, તેના પાત્ર દેવદાસની જેમ દર્દ અને નશામાં બેતાળીસ વર્ષની નાની વયે, ૧૧ અને ૫ વર્ષની દીકરીઓ અને પત્નીને મૂકીને વિદાય થયો! તેનાં ગીત રહ્યાં અને ગીતોનું દર્દ આજે પણ ઘૂંટાઈ રહ્યું છે.

ગાંધી અને ગણિતવાળો હું ગુજરાતી

તા. ૫-૪-૯૮ : (૧) ૧૯૨૬માં હું બીજા ધોરણમાં



ભણતો હતો. ૧૯૨૪માં ગાંધીજીની આત્મકથા 'સત્યના પ્રયોગો' બહાર પડી. મારા પિતાને તે વાંચવી હતી. પણ આંખ નબળી તેથી પુસ્તક જાતે વાંચે તેવી સ્થિતિ હતી નહીં. બસ હું બીજી ગુજરાતીમાં આવ્યો એટલે એમનાં સૂચન પ્રમાણે, રોજ સાંજે તેઓ પોસ્ટઑફિસની નોકરીથી ઘેર આવે પછી મારે તેમની પાસે 'સત્યના પ્રયોગો'નું એક પ્રકરણ વાંચવું એવો નિયમ થયો. આમ અનાયાસે ૮-૯ વર્ષની ઉંમરે ગાંધીજીની આત્મકથા વાંચી જવાનો મને સુયોગ થઈ ગયો. તે વખતે વાચનમાંથી કેટલું સમજ્યો તે એક વાત છે પણ મારા કુમળા બાળ-માનસ પર તેની કેટલી વિસ્તૃત છાપ ઊપસી હતી તે તો આજ ૮૦ વર્ષની ઉંમરે હું સ્પષ્ટ જોઈ શકું છું.

કૉલેજ-શિક્ષક તરીકે કે કૉલેજના આચાર્ય તરીકે, પબ્લિક સર્વિસ કમિશનના અધ્યક્ષ તરીકે કે યુનિવર્સિટીના વાઈસ-ચાન્સેલર તરીકે અનેક પ્રસંગોએ નિર્ણય કરતી વખતે મારા બાળ-માનસ પર ગાંધીજીની છાપે મને નિર્ણય લેવામાં સ્પષ્ટ મદદ કરી છે એવું આજે હું જોઈ શકું છું.

(૨) હવે એક બીજી વાત. ૧૯૫૯-૬૪ના ગાળામાં ડૉ. વિક્રમ સારાભાઈ સાથે કામ કરવાનો અવસર મળ્યો. તે અરસામાં વિક્રમભાઈએ વિજ્ઞાન-શિક્ષણ-સુધારણા માટે એક જૂથ ઊભું કર્યું Group for Improvement of Science Education - GISE. આ જૂથમાંથી જ આજનું કોમ્યુનિટી સાયન્સ સેન્ટર થયું છે. હું આ જીઝેમાં જોડાયો અને ગણિત-શિક્ષણ-સુધારણાની પ્રવૃત્તિ મેં ઉપાડી. આ પ્રવૃત્તિનાં તો ઘણાં સારાં પરિણામ આવ્યાં પણ તેમાંના એક ખાસ પરિણામ વિષે અત્યારે વાત કરવી છે. ૧૯૬૩માં અમે એક ગણિતનું સામયિક 'સુગણિતમ્' નામે ગુજરાતી ભાષામાં શરૂ કર્યું. ગુજરાતીમાં સામયિક અને તે પણ ગણિત જેવા વિષયને લગતું, એ તો કેટલું ચાલે? પણ, ના, અમારું આ 'સુગણિતમ્' છેલ્લાં ૩૫ વર્ષથી નિયમિત રીતે પ્રગટ થાય છે. માર્ચ-એપ્રિલ ૧૯૯૮નો અંક તેના ૧૫૦૦ ગ્રાહકોને એપ્રિલની ૧૬મી તારીખે પોસ્ટ થયો (સુગણિતમ્ દ્વિમાસિક છે).

દેશમાં ગણિતના વિષયના શાળાના શિક્ષક વિદ્યાર્થીને રસ પડે તેવાં કેટલાંક સામયિકો પ્રગટ થાય છે. આ સામયિકો મુખ્યત્વે અંગ્રેજીમાં પ્રકટ થાય છે. આ સઘળાં સામયિકોમાં સુગણિતમ્ ૧૯૬૩થી નિયમિત રીતે પ્રકટ થતું, કદાચ જૂનામાં જૂનું સામયિક છે.

ગાંધી, ગણિત અને ગુજરાતી આ ત્રણ ગ,ગ,ગાઓને યાદ કરી શિક્ષણ ગોઠવવાનો મને કેવો સુયોગ મળી ગયો!

એક વાચકનો પત્ર

તા. ૧૪-૬-૯૮ : પસ્તીનાં પાનાંના વાચક તરફથી ઓરીસ્સાથી આવેલો એક પત્ર આ રહ્યો :

તા. ૧૩-૪-૯૮,

પૂજ્ય ડૉ. વૈદ્ય,

'કુમાર'માં પસ્તીનાં પાનાં વાંચું છું. માર્ચના અંકમાં ભીમ પાવડર અને ભોટ વિષે વાંચી આનંદ આવ્યો અને એ વિષેના મારા અનુભવો લખવાની ઇચ્છા થઈ તેથી જ આ પત્ર.

'મારા પિતાશ્રી ૧૯૨૩માં ભાવનગરના મહુવાથી અહીં આવ્યા. મારો જન્મ ૧૯૩૯માં. અહીંની મેટ્રિક સુધી ઓડિયા (ORIYA ઉડિયા નહિ) માધ્યમમાં ભણ્યો. ભાષા બંગાળી જેવી મીઠી નહિ, તો પણ ગમે તેવી. ઓડિયા બારાખડીમાં 'વ' અક્ષર નથી. તેના બદલે 'બ' છે. પણ દરેક 'વ' ને બદલે 'બ' ન બોલાય. અમુક સ્થળે તે 'ભ' પણ થાય. 'જીવન' અને 'પવન'ને 'જીબન' અને 'પબન' બોલે, લખે. પણ ઇંગ્લિશ Victoryને ભિક્ટરી અને આપણા વેણીભાઈને ભેણીભાઈ. વિશ્વવિદ્યાલય, વાણીવિહાર (અહીંની યુનિવર્સિટીનું નામ) ને બિશ્વબિદ્યાલય, બાણીબિહાર બોલાય અને લખાય. ટૂંકમાં જે 'વ'થી શરૂ થતો શબ્દ ઓડિયા ભાષામાં હોય તે 'વ'નો 'બ' થાય પણ બીજી ભાષામાં 'વ'થી શરૂ થતા શબ્દમાં 'વ'નો 'ભ' થાય. Van નું 'ભેન' થાય અને વાડીલાલનું ભાડીલાલ થાય...

'બીજી એક વાત. આમાં કદાચ એ લોકો સાચા હશે. ગુજરાતીમાં આપણે 'રામ' ને 'રામ્', 'કુસુમ' ને 'કુસુમ્' બોલીએ છીએ. અહીં રામ (રામ્+અ), કુસુમ (કુસુમ્+અ) એમ બોલે છે. જ્યાં હલન્ત ન હોય તેને પૂરા અક્ષરના વજન સાથે જ બોલાય ને? વળી English Medium વાળા તો Rama, Krishna, Buddha એવી રીતે બોલે કે સાચા ઉચ્ચાર રામા, કૃષ્ણા અને બુધા હોય, દિલ્હીના બુધા પાર્ક વિશે આપણાં બાળકોમાં ઘણાંને ખબર નથી કે ગૌતમ બુદ્ધને નામે પણ બગીચો છે.

ઘણા વખતથી આ વાત કરવી'તી. તમારું લખાણ વાંચી તમારી સાથે વાત કરવાની ઇચ્છા થઈ. તમારું ઠેકાણું નથી તેથી 'કુમાર'માં આ પત્ર મોકલું છું. -ચંદ્રકાન્ત જ. દોશીનાં વંદન.

(ક્રમશઃ)

સાહિત્યસંપર્ક

જ્હૉન ગૅલ્સવર્ધી - ૭૦મી પુણ્યતિથિએ



સાહિત્યને જીવન તથા સમયના પ્રતિબિંબ તરીકે ઓળખવામાં આવ્યું છે અને જ્યારે તેનો સર્જક અમુક સમયખંડને અને ત્યારે અસ્તિત્વ ધરાવતાં સ્ત્રી-પુરુષોને ચિત્રિત કરવાની ઇચ્છા રાખતો હોય ત્યારે આ સાહિત્ય તે વર્ષોનું 'દસ્તાવેજ' બને છે. જુદા જુદા સમયખંડની અનેરી લાક્ષણિકતા હોય છે. તેમાં સમાજ, કુટુંબના રિવાજો, ત્યારની પરિસ્થિતિ વગરેની પણ અસર દેખાય છે.

આ પ્રકારની રિપ્લે ઈંગ્લંડમાં, જ્હૉન ગૅલ્સવર્ધીએ તેમનાં નાટકો, ટૂંકી વાર્તાઓ, નવલકથાઓમાં વાપરી, અપનાવી.

પરિવારમાં, પિતા સૉલિસિટર હોવાથી, એ સ્વાભાવિક હતું કે તે પણ આ શાખા પસંદ કરે, અને આમ તેમણે કર્યું. ફ્રાન્સના એક સ્ટેશને હતા ત્યારે તેમણે પ્લૅટફૉર્મનો 'બુકસ્ટોલ' બતાવી કહ્યું, 'તમારું પુસ્તક અહીં ક્યારે દેખાશે?' હવે આ પત્ની અતિસુંદર હતાં અને વર્ષોથી ગૅલ્સવર્ધી તેમના પ્રેમમાં હતા. જ્યારે તેમણે એડાએ, પતિથી લગ્ન-વિચ્છેદ દ્વારા, મુક્તિ મેળવી ત્યારે તેમણે ગૅલ્સવર્ધીને સ્વીકાર્યો અને પછી તેમનું દામ્પત્ય જીવન ઘણું સુખી નીવડ્યું. પત્નીની પ્રેરણાએ તેમણે સફળ નાટકો લખ્યાં. જેમાં 'સ્ટ્રાઈક', 'જસ્ટીસ', 'સિલ્વર બૉક્સ'નો સમાવેશ કરી શકાય. 'ક્વૉલિટી' જેવી સ્પર્શી જાય તેવી વાર્તાઓ લખી, સાથે સાથે, 'ફોર્સાઈટ' પરિવાર વિષે નવલકથાઓ સર્જી અને અન્તે ૧૯૩૨માં નોબેલ પારિતોષિક પ્રાપ્ત કર્યું.

આ નવલકથાશ્રેણી લખવા પાછળ તેમનો હેતુ ૧૮૮૦ અને ૧૯૨૦ના ૪૦ વર્ષના ગાળામાં ઈંગ્લન્ડના મધ્યમવર્ગની મનઃસ્થિતિ પ્રદર્શિત કરવાનો હતો. આ વર્ષોમાં ત્યાં શ્રીમંતાઈ વધી હતી, મધ્યમ-વર્ગે ઠીકઠીક પ્રમાણમાં ધન-મિલકત એકઠી કરી હતી. પણ આ વિત્તલાલસા સાથે એક દુર્ગુણ પણ વૃદ્ધિ પામતો હતો - માલિકીપણું અને આ વૃત્તિ કેવળ પૈસાને જ સ્પર્શતી ન હતી. જડ વસ્તુઓને પણ તે આવરી લેતી - પછી તે ચિત્રો હોય, વાજિંત્રો હોય કે અન્ય કાંઈ પણ ત્યાં આ 'લાલસા' અટકતી ન હતી ને માનવીઓને પણ લાગુ પડતી, અને તેથી જ્યારે સોમ્સ ફોર્સાઈટ, વર્ષોથી વાંછેલી પ્રેયસી આઈરીનને પરણ્યો ત્યારે તેને માટે તે અતિ સુંદર સ્ત્રી, પોતાની 'માલિકીની છે' એ વિચાર તેને ઘણો આનન્દ આપતો. તેને ખુશ રાખવા તેણે પૈસા સામું ન જોયું અને અન્તે તેને માટે એક ભવ્ય મકાન બંધાવવાનું નક્કી કર્યું. આ સર્વમાં આઈરીનને કાંઈ ખાસ રસ ન હતો પણ, જ્યારે તે આ મકાનનું બાંધકામ જોવા ગઈ ત્યારે તેનો પરિચય આર્કિટેક ફિલિપ બોઝીની સાથે થયો, અને આ વ્યક્તિ તેને એટલી બધી પસંદ પડી કે તે ઉભય વચ્ચે પ્રેમના તંતુઓ બંધાયા. આ બોઝીનીને સૌંદર્ય પ્રત્યે વધુ અભિગમ હતો, ને તેથી તે મકાનને એક સુંદર કૃતિ કરવામાં સોમ્સે આપેલા અડસટ્ટાની તેણે અનેક વેળા અવગણના કરી. આમ તો શક્ય છે, સોમ્સ આ બધું સાંખી લેત, પણ ત્યારે એને પત્ની ને બોઝીની વચ્ચેના પ્રેમની ખબર પડી, પોતાની માલિકીની વસ્તુ પર અન્ય કોઈ 'અધિકાર' મેળવે તે વાતથી તેને ક્રોધ ચઢ્યો અને તેની ગરીબાઈનો વિચાર ન કરતાં, તેણે તેની સાથે કોર્ટમાં કેસ માંડ્યો, જેમાં બોઝીની હારી ગયો ને ૩૫૦ પાઉણ્ડ તેણે સોમ્સને આપવાના થયા. એની પાસે એટલા પૈસા ક્યાંથી હોય? અને તેથી તેણે એક ઘન-ધુમ્મસમાં વીંટાયેલા શિવસે માર્ગમાં અકસ્માત નડતાં મરણ પામ્યો - આત્મહત્યા કરી. આથી સોમ્સની ઈર્ષા કરતા માલિકી વૃત્તિ સંતોષાઈ પણ સંપૂર્ણ રીતે નહીં. તેમાં બોઝીનીનું અવસાન જે કારણોથી થયું, એ જાણીને એણે એને જ માટે બંધાયેલા સુંદર ઘરમાં જવાની ના કહી દીધી અને તેના કાકા ઓલ્ડ જોલ્યોનને, તેના આમંત્રણે રહેવા લાગી. તેનો પુત્ર યંગ જોલ્યાને, તેમની વિરુદ્ધ એક હોટેલની બાઈ સાથે લગ્ન કર્યાં હતાં અને તેથી તેમણે તેને પોતાના પુત્ર તરીકે સ્વીકારવાની ના કહી, પણ પછી, તેમને ઘરમાં એકલું લાગતાં તેને પિતા જોલ્યોન મળવા ગયા, તેનાં બે બાળકો - જોલી અને હોલી - સાથે ખૂબ માયા થઈ અને તે ફરી પિતા સાથે રહેવા લાગ્યો. એની પત્નીનું અવસાન થતાં, તે ને આઈરીન લગ્ન-ગ્રંથિથી જોડાયાં, અને આ લગ્ન- વિચ્છેદ પછી સોમ્સે પણ એક ફ્રેંચ સ્ત્રી આનેત સાથે લગ્ન કર્યાં. હવે તેમની પુત્રી ફુલર માટે પિતા સોમ્સને બહુ પ્રેમ હતો. કારણ કે તેનું પોતાનું બાળક હતું, જેના પર તેનો પૂર્ણ અધિકાર હતો. વર્ષો વીતે છે. વિધિના લેખ એવા કે ફુલર અને જોન પ્રેમમાં પડ્યાં. તેઓને તેમનાં માતા ને પિતાના પૂર્વ ઈતિહાસનો ખયાલ ન હતો. આ અજ્ઞાનમાં અને રોમિયો અને જૂલિએટની જેમ, પોત-પોતાના કુટુંબની ઈચ્છા વિરુદ્ધ તેઓએ લગ્ન કરવાનું નક્કી કર્યું. ત્યારે પિતા ઓબુજોલ્યોન, જે હવે અંતિમ દશાએ પહોંચ્યા હતા, અને મરણ આંખ સામે ઊભું હતું તેમણે એક છેલ્લી અપીલ કરી. તેમણે જોનને જણાવ્યું કે 'ફુલર તેની દીકરી છે, જેના પિતા સોમ્સે તેની માતા આઈરીનને ગુલામ તરીકે રાખી, માનસિક ત્રાસ આપ્યો હતો. તેનું સ્વાતંત્ર્ય, સુખ, સ્વેચ્છા હણી હતી. આ લગ્નથી તું એ જૂથને જોડાઈશ, જેણે તારી માતાને એક

કેદી બનાવી હતી.' આ વાંચી જોન જેનો પ્રેમ સહારાના રણ જેવો ઉષ્ણ હતો, જેને ફુલર માટે વર્ષોથી ઝંખના રાખી હતી, તે ભાંગી પડ્યો અને જોલ્યોનનું અવસાન થતાં, તે ઈંગ્લન્ડનો ત્યાગ કરી પરદેશ જતો રહ્યો. ફુલરને આઘાત તો જરૂર લાગ્યો પણ પછી તેણે સમય જતાં, સાંત્વન મેળવ્યું ને અન્ય સ્થળે સંસાર માંડ્યો. અને જે ઘર આઈરીન માટે સોમ્સે કેટલા આનન્દ, ઉત્સાહ, આશાએ પૈસાથી સર્જાવેલું હતું તે ખાલી પડ્યું, 'ટુ લેટ'નું પાટિયું બહાર મૂકવામાં આવ્યું.

આમ, નવલકથા શ્રેણી દ્વારા 'ધ ફોરસાઈટ સાગા' પૂરી થાય છે. તેનાં પૃષ્ઠોમાં માનવીની 'માલિકી વૃત્તિ' પ્રત્યેક (વસ્તુ) જેમાં માનવોનો પણ સમાવેશ ખરો)નું મૂલ્ય ન જોતાં કિંમતનો જે વિચાર કરવાની લાક્ષણિકતા, પુરુષપ્રધાન સમાજ પર કર્તાએ વેધક દૃષ્ટિપાત કર્યો છે. વિક્ટોરિયાના ઈંગ્લંડમાં કોઈ જીવન સિદ્ધાંતો હતા, તેનો પણ હ્રાસ અહીં બતાવાયો છે.

અને છતાં, આપણને સોમ્સ પ્રત્યે તિરસ્કાર નથી થતો, કારણ કે તેની અને સર્જક વચ્ચે આત્મીયતાનાં સૂત્રો, તાંતણાં બંધાયાં છે.

પછી, એમણે આ ફોરસાઈટ પરિવારની ગાથા અન્ય નવલકથાઓમાં ચાલુ રાખી. ધ વ્હાઈટ મંકી, ધ સિલ્વર સ્પૂન, સ્વોન સૉંગ - અને આ સાથે વિલીન થયેલી વિક્ટોરિયન સંસ્કૃતિની તેમણે વિદાય લીધી.

'અ મૅન ઑફ પ્રોપર્ટી' ૧૯૦૬માં પ્રસિદ્ધ થઈ ને ગૅલ્સવર્ધી એક વિશિષ્ટ સાહિત્યકાર તરીકે પંકાયા. ત્યાર પહેલાં, તેમણે આ દિશામાં પ્રયત્નો તો કર્યા જ હતા (ધ આઈલૅન્ડ ફેરીરી, 'એસેલીન' વ.), કેટલીક વાર્તાઓ પણ 'જોન સીન જોન'ના ઉપનામથી પ્રસિદ્ધ કરી હતી. તેમનાં નાટકો મનોરંજન આપવા જ સર્જાયાં ન હતાં, પ્રત્યેક પાછળ એક સંદેશો હતો જે ઘણો અસરકારક નીવડ્યો. 'જસ્ટીસ'માં કેદીને એકલો કોટડીમાં પૂરી રાખવાના ગેરફાયદાઓ એવી તીવ્ર કલમે આલેખ્યા કે પાર્લમેન્ટે પણ તેની નોંધ લેવી પડી. 'સ્ટ્રાઈક'માં મિલમાલિકોનો કાર્યકરો પરનો જુલ્મ, રોબર્ટ્સના શબ્દોમાં અંકિત થયો છે. આપણને કૂતરાથી વધુ કફોડી સ્થિતિમાં મૂકવામાં આવશે. આપણી સ્ત્રીઓ બાળકોને પણ સહન કરવાનો સમય આવશે પણ આપણે નમતું નહીં જોખીએ. પોતે નાટકકાર ઉપરાંત ધારાશાસ્ત્રી પણ હતા ને કાયદાની આંટી-ઘૂંટીઓ સમજતા, પ્રજાનાં દુઃખને ઓળખતાં. તેને સુધારવા માર્ગો સૂચવતા. આમ, નાટકો 'સામાજિક સમસ્યા'ને પ્રકાશમાં લાવતા. ઑગસ્ટ ૧૪, ૧૮૬૭માં જન્મ. પિતા ધારાશાસ્ત્રી ને પરિવાર પૈસેટકે સુખી. ઑક્સફર્ડમાં શિક્ષણ મેળવ્યું. બૅરિસ્ટર થયા. પણ મનને આ વ્યવસાય પસંદ નહોતો. સાહિત્ય પ્રત્યે વળાંક તો લીધો, પણ એડાના પ્રોત્સાહનોને તેમને સફળતા તરફ અને તેના સાન્નિધ્યમાં મોકલ્યા અને નોબેલ પારિતોષિક વિજેતા થઈ શક્યા. જાન્યુઆરી ૩૧, ૧૯૩૩ - આજથી ૭૦ વર્ષ પૂર્વે - અવસાન થયું ત્યારે તો એમની કીર્તિ જ્વલંત હતી પણ પછીનાં વર્ષોમાં નવલકથા લખવામાં ફેરફારો થયા. માનસશાસ્ત્રનો ઉપયોગ થતો ગયો, રાજકીય પ્રશ્નોનો પણ ઉલ્લેખ થતો ગયો, યુદ્ધને આવરી લેતી કૃતિઓ બહાર પડી, શોધનાત્મક પત્રકારત્વનો પણ સમાવેશ થતો ગયો એટલે તેમની કૃતિઓ પ્રજાના ધ્યાન આગળથી ખસી ગઈ. જેમ ફૅશનમાં, તેમ વાચનમાં લોકોની વૃત્તિઓ સદાય પરિવર્તન પામે છે. સમયનો અભાવ, જીવનમાં દૈનિક તનાવ, આર્થિક ચિંતાઓ અને હવે ટીવીને લીધે વાચન ઘટતું ગયું છે. લાંબી નવલકથા માટે સમય નથી, વાચક પણ નથી. બીજાં એટલાં આકર્ષણો અસ્તિત્વ ધરાવતાં થયાં છે કે હવે ગૅલ્સવર્ધીની કક્ષાની કથાઓ વંચાતી નથી. વાંક લેખકનો કે કૃતિનો નથી, અત્યારે-આજની પરિસ્થિતિ આને સ્વીકારી શકતી નથી.

પણ જ્યારે કોઈ સમય કાઢી તેમની 'સાગા' વાંચો તો ૧૦૦-૧૫૦-વર્ષ પૂર્વેનું ઈંગ્લંડ ફરી જીવિત થશે. ત્યારની સાંકડી મનોવૃત્તિ, ફાયદો જોવાની તૃષા, આધિપત્ય જમાવતી રીતિ - આ સર્વ ફરી ક્લેવર ધારી દેખા દેશે.

ગઈ સદીના પહેલા પચ્ચીસ વર્ષમાં ત્રણ નવલકથાકારોએ ઈંગ્લંડને કીર્તિ અર્પી હોય તો તે એચ.જી.વેલ્સ, આર્નોલ્ડ બેનેટ અને જ્હૉન ગૅલ્સવર્ધી. વેલ્સે મુખ્યતઃ વિજ્ઞાન વિષે લખ્યું, બેનેટે પ્રાદેશિક નવલકથા-પાંચનગરો-માટે કલમ વાપરી, ગૅલ્સવર્ધીએ સમાજની સમસ્યા ને તેનું વિવેચન, કલા દ્વારા કર્યું. *- ડૉ. મહેન્દ્ર ન. પંડ્યા*

———અવલોકન———

મધ્યકાલીન પદસાહિત્યનું ખપ લાગે તેવું સંપાદન

'આત્માને સંતોષે કે અંતરની તરસ છિપાવે કે હૃદયને ભીંજવે કે મનમાં વસી જાય એવાં - કવિત્વ અંશવાળા પદ'નો સંચય તે 'આરાધના'. એનું સંપાદન મધ્યકાલીન ગુજરાતીના અભ્યાસી-સંશોધક ડૉ. શિવલાલ જેસલપુરાએ કર્યું છે. મધ્યકાલીન સાહિત્યના ઊંડા અભ્યાસ દરમિયાન એમને જે પદો વિશેષ રુચિર ને કાવ્યાત્મક લાગ્યાં છે તેનું સંપાદન કરીને એક સ્તુત્ય કાર્ય કર્યું છે. સુડતાલીસ કવિઓનાં નેવું પદો અહીં સંગૃહીત કર્યાં છે. પ્રારંભે પ્રત્યેક કવિનો મિતાક્ષરી પરિચય છે. પછી શુદ્ધ અને પ્રમાણભૂત પાઠયુક્ત પદ અને તેની સાથે તે પદ વિષેની ટૂંકી છતાં રસગર્ભ સમજ આપી છે. શબ્દોના અર્થ સંપાદકની અભ્યાસનિષ્ઠા દર્શાવે છે. આ પદોના સંપાદકનું ઊજળું પાસું તે પ્રત્યેક પદની સરળ સમજ. 'તું મારે ચાંદલિયે ચોંટ્યો' એ નરસિંહ મહેતાના પદની સમજ આમ

આપી છે - 'તેમાં કૃષ્ણનું અંતર્યામીત્વ રહેલું છે તે આલેખતું કવિનું ભાષા પ્રભુત્વ અદ્‌ભુત છે. એવું જ પ્રસન્નકર વર્ણાનુપ્રાસ અને અંત્યપ્રાસનું લાલિત્ય છે. ભાવથી ભરેલું તેમજ આંખ અને કાનને તૃપ્ત કરે એવું આ એક ઉત્તમ પદ છે.' 'દાસ રણછોડ ઘર સંભાળ્યું / જડી કૂંચી ને ઊઘડ્યું તાળું / થયું ભોમંડળમાં અજવાળું'.

આ કવિ રણછોડના 'દિલમાં દીવો કરો'ની અંતિમ કડી છે. આ પદની સમજ સંપાદકે આમ આપી છે - 'ગુરુગમવાળા સાચા સંતના માર્ગદર્શનથી બ્રહ્મને ઓળખી શકાય.' ડૉ. શિવલાલ જેસલપુરાની વિવેચક પ્રતિભા લખીરામના પદની સમજૂતીમાં દેખાય છે. એમણે નોંધ્યું છે કે 'અનુભૂતિને સચોટ અને સરળ બનાવવા કવિએ ઘડીઘડીમાં ઘડિયાળાં વાગે, ઝળકત મહોલ ને ઝરૂખા-જાળિયાં, ઝાલરી વાગે ઝીણી ઝીણી-જેવાં આંખ અને કાનને તૃપ્ત કરે એવાં પ્રતીક/પ્રતિરૂપો યોજ્યાં છે.'

પ્રત્યેક પદનો અર્થ અને એના કાવ્યત્વની સાદી સમજ આપીને ડૉ. જેસલપુરાએ ભુલાતાં જતાં પદસાહિત્યના સત્ત્વને ઉઘાડી આપવાનું પ્રશંસનીય કાર્ય કર્યું છે. મધ્યકાળના સાહિત્યને સમજવા માટે ખપ લાગે તેવું આ સંપાદન છે.

('આરાધના - મધ્યકાલીન ભક્તિ-ગીતો', સંપાદક-સંશોધક : ડૉ. શિવલાલ જેસલપુરા, પ્રકાશક : સાહિત્ય સંશોધન પ્રકાશન, ૧૩, તેજપાળ સોસાયટી, પાલડી, અમદાવાદ. પૃ. ૧૧૨+૧૬, ડેમી સાઈઝ, કિંમત રૂ. ૬૦.) - *પ્રફુલ્લ રાવલ*

ઉરોદ્‌ગાર

સાવ સાધારણ પરિવારમાં જન્મેલા લેખક-કવિ શ્રી ભગવતલાલ ઓચ્છવ-લાલ શાહ શેઠ સી. એન. વિદ્યાલય અમદાવાદના નિવૃત્ત શિક્ષક છે. તેમનાં જીવનસૂત્રો : 'જાત મહેનત ઝિંદાબાદ, જમણો હાથ જગન્નાથ', 'શુભોદ્દેશે સર્વશ્રેય', 'પુરુષાર્થ પ્રારબ્ધનું પીઠબળ છે' - આવું સાત્વિક જીવન જીવી જનાર શિક્ષકના અનુભવ-નિચોડ રૂપ ભક્તિ-સાહિત્ય, ધાર્મિક કૃતિઓ, સમય-સમયનાં સંત-સાધ્વી-સતીઓનાં ઉપદેશ-ગીતો વગેરેનું દોહન આ 'ઉરોદ્‌ગાર' પુસ્તકમાં રજૂ કર્યું છે. પુસ્તક બે ભાગમાં વહેંચાયેલું છે. ૧. પદ્ય અને ૨. પદ્યામૃત. પ્રથમ ભાગમાં ૧૪૫ અને દ્વિતીય ભાગમાં ૧૬૭ જેટલી સ્વરચિત ભક્તિ-રસમય રચનાઓ રજૂ કરી છે. આ બધી રચનાઓ વાંચતાં આપણને ભક્તિભાવવિભોર બનાવી દે છે. ('ઉરોદ્‌ગાર' રચયિતા : ભગવતલાલ ઓચ્છવલાલ શાહ (ભાવુક) 'જશોદા-નિવાસ', ૭-બી, વીણાકુંજ કો. ઓ. સોસાયટી, વસ્ત્રાપુર ક્રૉસિંગ પાસે, આર. આર. ત્રિવેદી સ્કૂલ સામે, અમદાવાદ-૩૮૦ ૦૧૫, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૩૦૪, કિંમત જણાવી નથી.) -*કા.વ.રામી*

સ્પંદન

આસ્વાદ કરવા અને આચમન કરવાયોગ્ય કાવ્યસંગ્રહ લઈને કવિશ્રી નરેન્દ્ર કે. શાહ 'અભ્યાસી' ગૂર્જર કાવ્ય-ક્ષેત્રે પ્રવેશ કરી રહ્યા છે. તેમનાં કાવ્યોમાં કલ્પના-ભાવના-ઊર્મિ-વિચારનું વિશેષ સામંજસ્ય જોવા મળે છે. અભિવ્યક્તિ ઉત્તમ છે અને આખા કાવ્યસંગ્રહમાં કવિનું હૃદયસ્થ ઝરણું વહેતું રહ્યું છે. આ સંગ્રહમાં કવિએ બાળકાવ્યો, હાઈકુ, મુક્તકો, ગઝલો, પ્રસંગકાવ્યો વગેરેનો સમાવેશ કર્યો છે. કાવ્યો સરળ અને ભાવવાહી શૈલીમાં રચાયેલાં જણાઈ આવે છે. એક-બે મુક્તક જોઈએ :

'કડવાશનો ઘડો ખાલી કરવો છે મારે,
જો તમે પ્રેમથી માર્ગ ચીંધો તો.'

*

'વસંતને પાનખરની ખબર ક્યાં છે?
યૌવનને ઘડપણની નજર ક્યાં છે?
આમ તો ઘૂઘવ્યાં કરે છે વાદળ બધાં
વરસે તેવા મેઘ ગગનમાં ક્યાં હોય છે?'

ભવિષ્યમાં તેઓ આથી પણ ઘણાં ઉચ્ચ શૈલીનાં અને હૃદયસ્પર્શી કાવ્યો આપણને આસ્વાદવા આપી શકશે એવી શ્રદ્ધા છે. ('સ્પંદન' (કાવ્યસંગ્રહ) : લે. નરેન્દ્રભાઈ કે. શાહ 'અભ્યાસી', મંગલમ્, ગણેશગલી, મણિનગર ચાર રસ્તા પાસે, અમદાવાદ-૩૮૦ ૦૦૮, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૮૦, કિં. રૂ. ૨૦) - *કા.વ.રામી*

પ્રાપ્ત પ્રકાશનો

ઈમેજ પબ્લિકેશન પ્રા. લિ. (૧૧૯-૧, ગોપાલ ભુવન, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ અને ૧-૨, અપર લેવલ, સેન્ચૂરી બજાર, આંબાવાડી સર્કલ, અમદાવાદ-૩૮૦ ૦૦૬)નાં પ્રકાશનો : *શબ્દની ફ્રેમમાં* (રેખાચિત્ર સંગ્રહ) લે. પ્રીતમ લખલાણી, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૧૦૪, રૂ. ૬૦. *ઝલક-દિશા અગિયારમી* (લેખસંગ્રહ) લે. સુરેશ દલાલ, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૧૧૨, રૂ. ૭૦. *ભમરો વાત વહે ગુંજનમાં* (હરીન્દ્ર દવેનાં કાવ્યોના આસ્વાદ) લે. સુરેશ દલાલ, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૨૨૪, રૂ. ૧૨૫. *પ્રેમપત્ર અને અન્ય વાર્તાઓ* (પ્રતિભા રાયની ટૂંકી વાર્તાઓ) અનુ. નિર્મળા છેડા, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૧૨૦, રૂ. ૭૦. *મારો ગધેડો ક્યાંય દેખાય છે?* (હાસ્ય વિષયક લેખો) લે. શાહબુદ્દીન રાઠોડ, ડિમાઈ સાઈઝ, કાચું પૂંઠું, પૃ. ૧૨૮, રૂ. ૮૦. *રાજા રામમોહનરાય* (જીવનચરિત્ર) લે. જયંત કોઠારી, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૧૬૦, રૂ. ૯૦. *સંબંધના સરોવર* (સંબંધવિષયક લેખો) સંપા. સુરેશ દલાલ, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૨૮૮, રૂ. ૧૫૦. *કવયિત્રી વિશ્વ* (વિશ્વની કેટલીક સ્ત્રીકવિઓની રચનાઓના અનુવાદ અને વિવેચન) સંપા. સુરેશ દલાલ, પાકું પૂઠું, પૃ. ૪૬૪, રૂ. ૩૦૦. *શ્રી રમણ વચનામૃત*

(શ્રી રમણ મહર્ષિનાં ક્વૉટેશન) સંકલન : તરલા દેસાઈ, ક્રાઉન સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૧૪૪, રૂ. ૬૦. *Khan Chan in Japan* (એક વિદ્યાર્થીની ડાયરી) લે. કાનન ધ્રુ, ક્રાઉન સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૧૩૦, રૂ. ૭૫. *જન્માક્ષર : વિધાતાના હસ્તાક્ષર* (મરાઠી 'સારીપાટ-સોગઠાંબાજી' પુસ્તકનો અનુવાદ) લે.વસુધા વાઘ, અનુ. જયા મહેતા, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૨૦૮, રૂ. ૫૦. *કીમિયાગર* (અંગ્રેજીનો અનુવાદ) લે. પોલો કોયેલો, અનુ. અવનીશ ભટ્ટ, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૧૧૬, રૂ. ૭૦. *અમદાવાદમાં રવીન્દ્રનાથ* સંપા. નિરંજન ભગત, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૯૬, કિંમત જણાવી નથી. *Tagore's Poetic Greatness: by William Radice (A Lecture)* ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૨૮, સરદાર વલ્લભભાઈ પટેલ રાષ્ટ્રિય સ્મારક ભવન, અમદાવાદ, કિંમત જણાવી નથી.

<u>પ્રવીણ પ્રકાશન પ્રા. લિ.</u> (લાભ ચેમ્બર્સ, મ્યુ. કોર્પો. સામે, ઢેબર રોડ, રાજકોટ) નાં પ્રકાશનો : *ક્રિકેટ વિશ્વના રાજકુમાર રણજી* ('કુમાર'માં પ્રકાશિત થયેલા લેખની પુસ્તિકા) લે. ભરત ભટ્ટ, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૪૮, રૂ. ૩૫. *ક્રિકેટ જગતની અજબગજબ* (ક્રિકેટની વિશિષ્ટ વિલક્ષણ ઘટનાઓ તેમજ વિગતોનું પુસ્તક) લે. ભરત ભટ્ટ, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૮૦, રૂ. ૬૦. *સ્પંદન અને સંવેદન* (લેખસંગ્રહ) લે. પન્નાલાલ ર. શાહ, ડિમાઈ સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૨૬૪, રૂ. ૨૦૦.

<u>આર. આર. શેઠ ની કું.</u> (૧૧૦-૧૧૨ પ્રિન્સેસ સ્ટ્રીટ, કેશવ બાગ, મુંબઈ-૪૦૦ ૦૦૨ અને ફુવારા સામે, ગાંધી રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૧)નાં પ્રકાશનો : *પાંખડી* (ગઝલસંગ્રહ) લે. અહમદ 'ગુલ', ક્રાઉન સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૬૦, રૂ. ૪૦. *ગુજરાતી ગીત* (સ્વરૂપ વિચાર) લે. ભગીરથ બ્રહ્મભટ્ટ, ક્રાઉન સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૧૬૮, રૂ. ૮૫. *ધરતીનાં અજવાળાં* (રેખાચિત્રો) લે. ભગીરથ બ્રહ્મભટ્ટ, ક્રાઉન સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૧૩૬, રૂ. ૭૦. *સૌંદર્યની નદી નર્મદા* (નર્મદાયાત્રા વૃતાંત) લે. અમૃતલાલ વેગડ, ક્રાઉન સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૨૭૨, રૂ. ૧૨૦. *રહી છે વાત અધૂરી* (કાવ્યસંગ્રહ) લે. હર્ષદ ત્રિવેદી, ક્રાઉન સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૧૦૪, રૂ. ૫૫.

<u>ગુજરાત સાહિત્ય અકાદમી</u> (જૂનું વિધાનસભા ભવન, સેક્ટર-૧૭, ગાંધીનગર-૩૮૦ ૦૧૭)નાં પ્રકાશનો : *સાહિત્ય વિચાર* (આનંદશંકર ધ્રુવ શ્રેણી-૩) સંપાદકો : યશવંત શુક્લ, ધીરુ પરીખ, વિનોદ અધ્વર્યુ, ડિમાઈ સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૫૪૪, રૂ. ૨૧૦. *કેળવણી વિચાર* (આનંદશંકર ધ્રુવ શ્રેણી-૪) સંપાદકો : યશવંત શુક્લ, ધીરુ પરીખ, વિનોદ અધ્વર્યુ, ડિમાઈ સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૫૨૮, રૂ. ૧૮૦. *ભીલ કથાગીત : હોનોલ હોરી, ભીલ ભજનવારતા : હાલદે હોળંગી અને નાગઝી દલઝી* (સંશોધન સંપાદન) સં. ડૉ. ભગવાનદાસ પટેલ, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૧૨૪, રૂ. ૬૦. *ચન્દ્રવદન મહેતા-સમગ્ર નાટ્યકૃતિઓ : ખંડ-૧* (એકાંકીઓ) લે. ચન્દ્રવદન મહેતા, ડિમાઈ સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૬૨૦, રૂ. ૨૫૦. *વાચનવિશેષ : ૨૦૦૧* (પસંદ કરેલી વાચન સામગ્રીનો સંચય) સં. ડંકેશ ઓઝા, ડિમાઈ સાઈઝ, પાકું પૂંઠું, પૃ. ૨૮૮, રૂ. ૧૧૫. *મુંદ્રા અને કુલીન અથવા અઢારમી સદીનું હિન્દુસ્તાન* લે. જેહાંગીર શાહ અરદેસર તાલેયારખાં, સં. ડૉ. મધુસૂદન પારેખ, ડિમાઈ સાઈઝ, પાકું પૂંઠું, પૃ. ૨૪૦, રૂ. ૯૦. *દલપતરામ* (ચૂંટેલી કવિતા) લે. દલપતરામ, ચયન : ચિમનલાલ ત્રિવેદી, ડિમાઈ સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૨૪૦, રૂ. ૫૦. *સાંજ ઢળી ગઈ* (ગઝલસંગ્રહ) લે. શ્યામ સાધુ, સં. નીતિન વડગામા, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૬૮, રૂ. ૩૫. *હદપારના હંસ અને આલ્બેસ્ટ્રોસ* (પ્રતીકવાદના વિવેચનનો સંચયગ્રંથ) સં. ડૉ. બળવંત જાની, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૧૪૦, રૂ. ૬૦. *લોકગુર્જરી* (અંક સોળ) સં. ડૉ. બળવંત જાની, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૨૬૦, રૂ. ૧૧૫. *આજ સંસાર ખુશબોભર્યો લાગતો* (કાવ્ય સંગ્રહ) લે. પ્રહ્લાદ પારેખ, સં. વિનોદ જોશી, ડિમાઈ સાઈઝ, કાચું પૂંઠું, પૃ. ૭૨, રૂ. ૫૦. *લોકગીત : તત્ત્વ અને તંત્ર :* સં. બળવંત જાની, ડિમાઈ સાઈઝ, કાચું પૂંઠું, પૃ. ૨૫૬, રૂ. ૧૧૫. *આનંદશંકર ધ્રુવ : શ્રેણી -૫* (ઇતિહાસ, સમાજવિચાર તથા અન્ય) સંપાદકો : યશવંત શુક્લ, ધીરુ પરીખ, વિનોદ અધ્વર્યુ, ડિમાઈ સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૪૮૦, રૂ. ૧૬૫. *Khemi and Other Stories* લે. રામનારાયણ વી. પાઠક 'દ્વિરેફ, અનુ. અનિલા દલાલ, ડિમાઈ સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૧૬૦, રૂ. ૯૫. *More Happenings (Gujarati Theatre Today)* લે. એસ. ડી. દેસાઈ, ડિમાઈ સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૨૮૮, રૂ. ૧૨૫.

<u>અન્ય પ્રકાશકોનાં પ્રકાશનો</u>

હાસ્ય વિપ્લવ (હાસ્યવિષયક લેખસંગ્રહ), પ્ર. વાલ્મિક મહેતા, પ્ર. પાર્શ્વ પબ્લિકેશન, નિશાપોળ, ઝવેરીવાડ, રિલીફ રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૧, ક્રાઉન સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૨૦૮, રૂ. ૯૦. *નિબંધવિહાર* (નિબંધલેખન-કળાવિષયક લેખો) લે. નટવર આહલપરા, પ્ર. હેતલ પ્રકાશન, 'શ્રી પવનતનય' ૩, સુનિત ફ્લેટ્સ, પહેલે માળે, ટાગોર રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૨, ક્રાઉન સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૧૧૨, રૂ. ૪૦.

કંકાવટી

કટબકામનાં કસબી તેજીબહેન

મારુ મેઘવાળ જ્ઞાતિનાં તેજીબહેન મકવાણાને ખોરડે ટપાલી આવીને રાજઘરાનાનું આકર્ષક કવર નાખી ગયો. ચાર ગુજરાતી ભણેલાં તેજીબહેન પડોશી પાસે જઈને કહેવા લાગ્યાં : 'રોયો ટપાલી કો'કના બંગલાનું પરબીડિયું મારા ઘર્યે નાખીને વિયો જિયો સે.'

પરબીડિયું વાંચી આપતાં પડોશીએ હરખના સમાચાર આપીને કહ્યું : 'પ્રિન્સ ચાર્લ્સનાં લગ્ન છે. ઈંગ્લન્ડનાં મહારાણી ઈલિઝાબેથના કુંવરના લગ્નમાં તમને આગ્રહપૂર્વક નોતર્યાં છે. જવા-આવવાની ટિકિટની પણ વ્યવસ્થા કરી આપી છે.'

તેજીબહેનને બગાસું ખાતાં મોંમાં પેંડો નહોતો આવી ગયો. પણ વાત કંઈક આમ હતી. સને ૧૯૮૨માં બ્રિટન ખાતે ફેસ્ટિવલ ઑવ્ ઈન્ડિયાનું દબદબાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં ભાગ લેવા ભારતીય કલાકારોનું એક જૂથ ત્યાં ગયું હતું. એમાં કટબકામ (પૅચવર્ક)નાં કસબી કલાકાર શ્રીમતી તેજીબહેનનો પણ સમાવેશ થયો હતો. બ્રિટન ખાતેના ભારત મહોત્સવમાં ૪૨ વર્ષનાં તેજીબહેને પૅચવર્કના પોતાના બનાવેલા રંગબેરંગી કલાપૂર્ણ નમૂના પ્રદર્શિત કરી સૌનાં દિલ જીતા લીધાં હતાં. તેજીબહેન ત્યાંના મેયરનાં મહેમાન બનીને એમની સાથે ભોજન લઈ આવ્યાં. પાંચ મહિના દરમિયાન તેજીબહેન કલાની અને એમના સ્વભાવની સુવાસ સર્વત્ર ફેલાવી આવ્યાં હતાં. મહારાણી એમની રંગબેરંગી કચ્છી વેશભૂષા જોઈને અત્યંત પ્રભાવિત થયાં હતાં. તેના પરિણામ-રૂપે તેજીબહેન મકવાણાને આજ ઈંગ્લન્ડના રાજકુટુંબનાં શાહી લગ્નનું નિમંત્રણ મળ્યું હતું.

બ્રિટનનાં મહારાણીનું નોતરું સ્વીકારીને અમદાવાદના ગાંધી ટેકરાની ગરીબ વસ્તીની વચ્ચે વસતાં તેજીબહેન એમના પતિ સાથે પ્લેનમાં બેસીને બ્રિટન ગયાં. બકિંગહામ પૅલેસમાં યોજાયેલા પ્રિન્સ ચાર્લ્સના લગ્નમાં રંગબેરંગી કચ્છી પોષાક પહેરીને ત્યાં હાજર રહ્યાં. આ પ્રસંગે તેજીબહેને બ્રિટનનાં મહારાણીને રાધા-કૃષ્ણના કલાપૂર્ણ કટબકામવાળો ચાકળો ભેટ આપ્યો. મહારાણીએ ખુશ થઈને ચાંદીની મુદ્રાઓ અને રાજચિહ્નવાળી ચાંદીની ચમચીઓ તેજીબહેનને ભેટ આપી.



ઘર-ઉંબરના દીવડા જેવાં કચ્છી કલાકાર તેજીબહેનને કચ્છ, કાઠિયાવાડ કે અમદાવાદ ઓછું ઓળખે છે પણ દેશ-વિદેશના કલાપ્રેમીઓ ગુજરાતમાં આવે તો તેજીબહેનની મુલાકાતે આવ્યા વિના રહેતાં નથી.

વિશ્વભરમાં પોતાની કલાનો ડંકો વગાડનાર તેજીબહેનનો જન્મ સન ૧૯૪૫માં સિંધ પ્રાંતમાં હૈદરાબાદ ખાતે એક કચ્છી હરિજન કુટુંબમાં થયો હતો. એમના પિતા કડિયા-કંતરાટી શ્રી નગરામ કમારામ ચૌહાણને પાંચ દીકરીઓ હતી. એમાં તેજીબહેન એ એમના ચોથા નંબરનાં દીકરી. ભારત-પાકિસ્તાનના ભાગલા પડતાં સને ૧૯૪૭માં સિંધ પ્રાંતમાંથી હિજરત કરીને તેમના પિતા માદરે વતન કચ્છમાં આવ્યા. કચ્છમાંથી કામધંધાની શોધમાં અમદાવાદ આવીને સ્થાયી થયા. આર્થિક સ્થિતિ નબળી હોવાને કારણે તેજીબહેનને ઘરકામમાં વ્યસ્ત રહેવું પડતું. પરિણામે ઝાઝું ભણી શક્યાં નહીં. ઘરકામ ઉપરાંત અડોશ-પડોશમાં કપડાં-વાસણનું કામ પણ કરતાં રહ્યાં. એમનાં બા ગોદડીઓ બનાવવાનો કસબ બહુ સારો જાણતાં હતાં. રંગબેરંગી કચ્છી ગોદડીઓ બનાવી આપે, જે ઊપજ થાય તેમાંથી તેમના ઘરનો કારોબાર ચાલતો.

યુવાનીના ઉંબરે પગ મૂકે ને લગ્નની સમજણ આવી ઈ મોર્ય ૧૪ વર્ષની કુમળી વયે એમનાં લગ્ન લેવાઈ ગયાં. નાની ઉંમરે સાસરે ગયાં ત્યાં પણ નસીબ બે ડગલાં આગળ હતું. પતિ ગોવિંદલાલની આવકમાંથી ઘર-ખર્ચ નીકળતું નહીં. સસરા સતત બીમાર રહેતા. ઘરમાં પૈસાની ખેંચ વરતાયા કરતી.

સાસરાના ઘરની સ્થિતિ સારી ન હોવાથી માતા પાસેથી કલાનો વારસો લઈ આવેલાં કસબી તેજીબહેને ભરત-ગૂંથણ અને પૅચવર્કનું કામ શરૂ કર્યું. સાડલા પર પૅચવર્ક અને ભરતકામ કરી રતનપોળના વેપારીને બતાવવા ગયાં. એ ભરત જોઈને ખુશ થયેલા વેપારીએ ૫૦ સાડીઓ સામટી ભરવા આપી. તેજીબહેનને જીવનમાં સૌથી મોટું કામ આજ મળ્યું હતું. તેઓ રાજીના રેડ થઈ ગયાં. ઓછી મજૂરીથી સાડીઓ પર ભરત અને પૅચવર્ક શરૂ કરતાં વેપારીઓમાં એમના નામની અને કામની પ્રતિષ્ઠા ઊભી થઈ. એ પછી તેજીબહેને પૅચવર્કની ચાદરો, ઓશિકાના કવર, સાડીઓ, ડ્રેસ, ચણિયા-ચોળી, ચાકળા, બારીના પડદા જેવા અવનવા નમૂના બનાવવા માંડ્યા. પોતે પહોંચી વળતાં નહીં આથી એમની દીકરિયું ને પુત્રવધૂઓને આ કામ શીખવ્યું. અડોશ-પડોશની બહેનોને પૅચવર્કમાં પારંગત કરી. તેજીબહેન આજે ગૌરવપૂર્વક કહે છે કે આજ સુધીમાં મારી પાસે ૫૦૦ ઉપરાંત દીકરિયું પૅચવર્ક શીખીને સાસરે ગઈ છે.

તેજીબહેનનું આ કામ કોઈ સામાજિક મહિલા કાર્યકરની નજરે ચડ્યું. એમણે તેજીબહેનને ગુજરાત હસ્તકલા નિગમમાં ઓળખાણ કરાવી. ત્યાંથી એમને કામ

મળવાનું શરૂ થયું. આ વાતને આજે ૩૫ વર્ષનાં વહાણાં વાયાં. પછી તો તેજીબહેને મહિલા સહકારી હસ્તકલા મંડળી શરૂ કરી. આજે ૨૦૦ ઉપરાંત બહેનો એમાં જોડાઈને વરસે-દહાડે ૧૦થી ૧૨ લાખ રૂપિયાનું કામ કરે છે. ગરીબ વિસ્તારની બહેનો માટે પૅચવર્કકળા આશીર્વાદરૂપ પુરવાર થઈ છે.

તેજીબહેન રાષ્ટ્રિય-આંતરરાષ્ટ્રિય અનેક પ્રદર્શનોમાં ભાગ લઈ ચૂક્યાં છે. ગુજરાતની લોકકલાને ઊંચા શિખરે બેસાડનાર ગરીબ ગૃહિણી તેજીબહેનના પૅચવર્કના નમૂના જોઈને ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ વેંકટરામન, વડાપ્રધાન ઇન્દિરા ગાંધી, રાજીવ ગાંધી અને વી.પી.સિંઘ જેવા મહાનુભાવો અત્યંત પ્રભાવિત થયાં હતાં.

થોડાં વર્ષો પૂર્વે પ્રગતિમેદાન ખાતે યોજાયેલ આંતરરાષ્ટ્રિય ઔદ્યોગિક મેળામાં તેજીબહેન પોતાની કળા દ્વારા સૌના આકર્ષણ-રૂપ બની ગયેલાં. એમનો બનાવેલો પૅચવર્કનો ઉત્તમ નમૂનો જોઈને નિર્ણાયક સમિતિએ એમને 'માસ્ટર ક્રાફ્ટવુમન'નું બિરુદ આપી એમના કામની ભરપૂર પ્રશંસા કરી પ્રમાણપત્ર આપ્યું. એમનો આ નમૂનો રૂ. ૧૦ હજારમાં એક જર્મન યુગલે ખરીદવાની તૈયારી બતાવી પણ તેજીબહેને તે ન વેચતાં પોતાની પાસે સાચવી રાખ્યો છે. ભારત સરકારે તેજીબહેનની કલાને સન્માનીને એમને રાષ્ટ્રિય કક્ષાનું પારિતોષિક અને ગુજરાત સરકારે ઍવૉર્ડ આપી એમની કલાનું બહુમાન કર્યું છે. કટબકામ એ સૌરાષ્ટ્રની પ્રાચીન કલા છે. સૌરાષ્ટ્રના દરજીઓ કપડું વેતરે ત્યારે જે કપલાકૂપલા વડે તેને દરજણો કાતરથી કાપીકૂપી બીજા કપડા પર ટાંકા લઈને સીવીને ચાકળા, ચંદરવા, રજાઈઓ બનાવતી. આ કળા જૂના કાળે કચ્છી હરિ-જનોમાં પ્રચાર પામી. કટબકામનાં કસબી તેજીબહેને આ કળાને બદલાતી માગ અને ફૅશનને અનુરૂપ બનાવી. કટબકામ કરતાં કરતાં તેજીબહેન સુરિલા કંઠે લગ્નગીતો અને લોક-ગીતો પણ ગાય છે. એમનું ઘર નાનકડું સંગ્રહ-સ્થાન છે. - *('ફૂલછાબ'માંથી ટૂંકાવીને)*

જોરાવરસિંહ જાદવ

અતીતમાં અવગાહન

સર્જનહારની સૃષ્ટિ



ઝિબ્રા

જગતમાં માણસજાતને સૌથી ઉપયોગી ને સુંદર પ્રાણી તે ઘોડો. ઝિબ્રા પણ ઘોડાની જ જાતનું એક પ્રાણી છે. તે લગભગ ઘોડા જેવડું જ ઊંચું ને ઘણું મજબુત હોય છે; માત્ર તેના લાંબા કાન અને છેડે વાળના ગુચ્છાવાળું પૂછડું એ ગધેડાને મળતાં આવે છે. એના ધોળા શરીર પર જે કાળા ચટાપટા દેખાય છે તે તેને આખે ડીલે કુદરતે બહુ માપસર અને સુંદર રીતે પાડેલા છે. આપણે તેને ચટાપટાવાળો જંગલી ઘોડો કહી શકીએ. આફ્રિકાના જુદા જુદા ભાગમાં તે મળી આવે છે.

માણસજાતે દુનીઆના ભલભલા જંગલી ઘોડાઓને હેળવીને તાબે કર્યા છે અને પાળીને કામે લીધા છે; પણ માત્ર ઝિબ્રાને જ હેળવવો બહુ ભારે પડ્યો છે. પ્રેમ કે ભય કશાથી તેને હેળવી શકાતો નથી. આજ સુધીમાં માણસો બહુ જ થોડા ઝિબ્રાને હેળવીને કામ લઈ શક્યા છે. વળી બીજી નવાઈની વાત એ છે કે પાળેલા ઝિબ્રાનાં બચ્ચાં ક્વચિત જ થાય છે. એની પ્રજા જંગલમાં જ વધે છે, અને ઝિબ્રાનાં બહુ નાનાં બચ્ચાં જંગલમાંથી પકડી લાવો તો જ તેને પાળી શકાય છે. કહેવાય છે કે હવે તો એના મૂળ વતન આફ્રિકામાં પણ એની જાત ઓછી થતી ચાલી છે: અને થોડા સૈકામાં એ પ્રાણીની જાત દુનીઆ પરથી તદ્દન નાબુત થઈ જશે.



અમદાવાદના સારંગપુર અખાડાનું હસ્તલિખિત સામયિક

અથાણું

શિક્ષક : પાણીનું રૂપાંતર બરફમાં થાય છે ત્યારે તેમાં શો ફેરફાર થાય છે?

છોકરો : મોટો ફેરફાર કિંમતમાં થાય છે. કેમ કે પાણીનાં નાણાં નથી બેસતાં, જ્યારે બરફની કિંમત આપવી પડે છે.

•

સવારના પહોરમાં એક સાહેબ હાથમાં ગિલ અને ખભે ટોપલી ભેરવી સરોવર કાંઠે માછલાં મારવા જતા હતા. એ જોઈ એક જણે કોઈને પૂછ્યું 'સાહેબ અત્યારમાં ક્યાં ચાલ્યા?'

'સાહેબ ઝખ મારવા જાય છે.' પેલાએ જવાબ આપ્યો.

(વર્ષ ૨, અંક ૪, ચૈત્ર ૧૯૮૧માંથી)

—કલાસ્મૃતિ—

ચિત્રકાર શ્રી ગોપાલ ઘોષ



દુનિયાભરમાં જે ચિત્રકલાનાં સર્જનો થયાં છે તેમાં મોટા ભાગે કૅન્વાસ ઉપર તૈલ-રંગોના માધ્યમથી કલા-કૃતિઓનાં સર્જનો થયેલાં છે. આ સર્જનો માટે, પ્રારંભિક નોંધો જેવા ચિત્રો, જળરંગો, પેન ઈન્ક રેખાંકન, ચારકોલ તેમજ વિવિધ પેન્સિલથી થતાં. જે મોટા ભાગે અભ્યાસ માટેની નોંધ કહેવાતી. સન ૧૮૦૦નો અંત અને ૧૯૦૦ની શરૂઆતમાં, પેસ્ટલ નામનું નવું માધ્યમ પ્રકાશમાં આવ્યું, જેનો ઉપયોગ ફ્રાન્સ તેમજ પૅરિસના કલા-કારોએ સુંદર રીતે કર્યો. આના માસ્ટર્સ ગણાય છે અડેગર દેગા અને તુલુ લોત્રેક. પેસ્ટલના આ માધ્યમને ઘણા બધા દેશોના કલાકારોએ અપનાવી સુંદર સર્જનો કરેલાં છે.


ભારતમાં કોલકતામાં, સન ૧૯૧૩માં જન્મેલા ચિત્રકાર શ્રી ગોપાલ ઘોષે આ પેસ્ટલ માધ્યમને ખૂબ જ સુંદર રીતે ઉપયોગમાં લઈ જિંદગી દરમિયાન ઘણાં ચિત્રો કર્યાં છે. ગોપાલ ઘોષનું બાળપણ હિલ સ્ટેશન સીમલામાં, ત્યાર બાદ બનારસ અને અલ્હાબાદમાં પણ રહેવાનું થયું. તેમની પ્રારંભિક ચિત્ર-કલાનું શિક્ષણ જયપુર સ્કૂલ ઑફ આર્ટ્સ ઍન્ડ ક્રાફ્ટ્સમાં સન ૧૯૩૧-૩૫માં સંપન્ન થયું. ડિપ્લોમા પ્રાપ્ત કર્યા બાદ તેઓ વધુ કલાભ્યાસ માટે ચેન્નાઈની આર્ટ કૉલેજમાં, જાણીતા ચિત્રકાર-શિલ્પકાર શ્રી દેવીપ્રસાદ રાય ચૌધરીની નિશ્રામાં જોડાયા ૧૯૩૫-૩૮. ત્યાર બાદ શ્રી ઘોષ કોલકતાની આર્ટ કૉલેજમાં કલાના પ્રાધ્યાપક તરીકે જોડાયા. આ સમયગાળામાં તેમનાં ચિત્રો જાણીતાં થયાં. યુરોપ અને અમેરિકાનો પ્રવાસ રોક ફેલર તેમજ અન્ય ફેલોશિપ દ્વારા થયો. મુંબઈ, દિલ્હી તેમજ કોલકતામાં વૈયક્તિક પ્રદર્શનો યોજાયાં અને સંગ્રહાલયો તેમજ કલારસિક જગતમાં સ્થાન પામ્યાં.

ગોપાલ ઘોષનાં ચિત્રોમાં મોટા ભાગે નિસર્ગ જોવા મળે છે. તેમણે પક્ષીઓ, પોર્ટ્રેઈટ, મનુષ્યપાત્રો, સ્ટીલ લાઈફ જેવા વિષયોમાં કામ કરેલ છે. પણ તેમની ખરી ઓળખ તેમના 'લૅન્ડસ્કેપ' ચિત્રોથી થાય છે. તે જમાનમાં પેસ્ટલનું ઉત્પાદન ફ્રાન્સ ઉપરાંત જપાનમાં પણ થતું અને કોલકતાના બંદરે વિવિધ પ્રકારની કલાની સામગ્રી ઉપલબ્ધ થતી. તેમાં જપાનીસ ઈન્ક, બ્રશ, કોન્ટે અને પેસ્ટલ રંગો સારી માત્રામાં મળતા. ડ્રાઈ પેસ્ટલ સાથે ઑઈલ પેસ્ટલનું ગોપાલ ઘોષ સુંદર સંયોજન કરી શકતા. પેસ્ટલના ટુકડા કરી, આડાઊભા સ્ટ્રોક્સ લગાડવા, પેસ્ટલને દબાવીને કાગળ ઉપર ઘસવા તેમજ હાઈ લાઈટ્સ જેવા ટચીસ આપવામાં તેમણે ખૂબ જ કુશળતા પ્રાપ્ત કરી હતી. સંધ્યા કાળ કે પ્રાતઃકાળના વાતાવરણમાં દૂર દેખાતાં ચોખાનાં ખેતરો, નાળિયેર તેમજ તાડનાં ઝાડ, નાનકડી કેડીઓ જેવા રસ્તા, દૂરથી આવતાં એક વસ્ત્રધારી સાંથાલ સ્ત્રીપાત્રો, ક્યારેક ફોટોગ્રાફની કક્ષાએ પ્રકટ થતાં છતાં આ ચિત્રોમાં કાવ્યતત્ત્વ ઉમેરાતું. તો ક્યારેક ગોધુલીવેળાનું ઝાંખું ચિત્ર દર્શકને ખૂબ જ આનંદ કરાવતું.

મોટા ભાગના ચિત્રકારો, જળરંગો અને તૈલરંગોમાં કામ કરવાનું પસંદ કરતા હોય છે તેનું કારણ આપતાં શ્રી ગોપાલ ઘોષ કહેતા કે, કૅનવાસ અને પેપરના અવકાશ ભરવામાં, પૂર્ણ કરવામાં, ઉપરોક્ત માધ્યમથી સરળતા રહે છે. એક જ લસરકામાં જલદીથી કાર્ય થઈ શકે છે જ્યારે પેસ્ટલ, પેન્સિલ, ઈન્ક, રેખાંકનમાં ધીરે ધીરે કામ કરવું પડે છે, સમય લાગે છે. હાથ-આંગળીઓ તેમજ બાવડાને શ્રમનો અનુભવ થાય છે. સર્જન કરનાર ક્યારેક કંટાળે છે અને પેસ્ટલનું માધ્યમ છોડી દે છે. જે કલાકારો પરિશ્રમી અને ધૈર્યવાન છે તેઓ જ આ માધ્યમને અપનાવે છે.

સન ૧૯૪૨માં કોલકતા જૂથની સ્થાપના થઈ. જેમાં ગોપાલ ઘોષ ઉપરાંત આજના ગજાના કહેવાતા ચિત્રકારો જેવા કે, કે.સી.એસ.પન્નીકર, રથીન મિત્રા, નિરોદ મજુમદાર, પારિતોષ સેન, પ્રદોશ દાસગુપ્તા. આ કલાકારોએ ઈન્ડિયન મૉડર્ન આર્ટની શરૂઆતનો પાયો નાખ્યો તેમ કહી શકાય. સન ૧૯૪૪માં સાંથાલ પરગણાના ડિસ્ટ્રિક્ટ મૅજિસ્ટ્રેટ, વિલિયમ આર્ચરે, કોલકતા જૂથના કલાકારોને પૂર્વના સાંથાલ તેમજ અન્ય આદિવાસી પ્રદેશોમાં

(અનુસંધાન પૃ. ૨૮૧ પર)



ગોપાલ ઘોષનું પેસ્ટલ રંગોનું દૃશ્યચિત્ર

કલાવાર્તા

વિશ્વના મહાન ચિત્રકારો-૧૫

જોસેફ ટર્નર



જોસેફ ટર્નરનું નામ બ્રિટિશ ચિત્રકારોમાં પ્રથમ હરોળનું ગણાય. દૃશ્ય ચિત્રકારોમાં તેની શૈલી સાવ નિરાળી. રોમૅન્ટિક કહી શકાય. એણે ચિતરેલું આકાશ-ગહન, વાદળાંની ભાત દરિયા જેટલી જ તોફાની. વાદળો તો ટર્નરનાં જ. દરિયો ચીતરે ત્યારે પાણીના લોઢ ધસમસતા બતાવે. એમાં નાવ અટવાયું હોય અને માનવી એ તોફાનોમાં ઝઝૂમતો હોય. જે સનાતન સત્ય છે. તેણે 'સ્નો સ્ટોર્મના' ચિત્રમાં પોતે અનુભવેલું તોફાન ચીતર્યું છે. તેને ટેમ્સ નદીનું આકર્ષણ હતું. તેનાં ચિત્રોમાં લંડનનાં ઉત્તમ દૃશ્ય કંડારાયાં છે. આ ટેમ્સને તો ઈટાલિયન કૅનેલીટો અને પ્રભાવવાદી ચિત્રકાર માનેએ પણ ચીતરી છે. ટર્નરે વેનિસ પણ એટલું જ ચીતર્યું. ટર્નરનું રહેઠાણ ટેમ્સને કિનારે હતું. સતત વહેતી નદી, તે પર પડતો પ્રકાશ, તે માણતો. ફ્રાંસની સેન તરફ તેણે ૧૮૨૯માં ધ્યાન કેન્દ્રિત કર્યું. તેણે તેનું ખૂબ ઉજમાળું ચિત્ર કર્યું છે. જૂના કિલ્લાની ભવ્યતા અને ગિરિમાળાથી ચિત્રમાં નિસીમનાં દર્શન થાય છે. ટર્નરને મીમાંસકોએ પાણીનો ચિત્રકાર કહ્યો છે.

તેનું આખું નામ હતું જોસેફ મેલાર્ડ વિલિયમ ટર્નર. તેનો જન્મ ૨૩ એપ્રિલ, ૧૭૫૫. તેનો પિતા વિગમેકર હતો જે હેરડ્રેસર બન્યો. જન્મસ્થળ મેઈડન લેન, લંડન. તેની મા ખાટકીની દીકરી હતી અને અસ્થિર મનની હતી. ગાંડી થયેલી અને એક ખાનગી હૉસ્પિટલમાં ગુજરી ગઈ. તે વિષે બીજી કોઈ માહિતી નથી. તેની બહેન પણ નાનપણમાં જ ગુજરી ગયેલી, પરિણામે બાળપણમાં પિતાએ તેને કાકા સાથે રહેવા મોકલ્યો. તેનો અભિગમ ચિત્ર તરફ હતો. ૧૪ વર્ષની ઉંમરે તેને રૉયલ ઍકેડેમીમાં ચિત્રના વર્ગો મફત ભરવા મળ્યા. તેની શક્તિની ત્યાં નોંધ લેવાઈ. એફ આર કોઝેન્સનાં ચિત્રોની અનુકૃતિઓ ત્રણેક વર્ષ કરી.

તે ખૂબ શક્તિશાળી હતો પણ ઊંધી ખોપરીનો ખરો. ક્વીન વિક્ટોરિયાએ તેને ગાંડામાં ગણી નાખેલો. પરિણામે તેને નાઈટહૂડનો ઈલ્કાબ ન મળ્યો. તેના જમાનામાં અલૅક્ઝાંડર કેટલૉક જેવા સામાન્ય ચિત્રકારને એ ઈલ્કાબ મળેલો.

ટેમ્સ નદી, તેના નાવડાં કે સ્ટીમર્સ પર ફરી વળેલું ધુમ્મસ તો તે બાળપણથી માણતો. એ ડોક અને વાતાવરણ તેના દિલ-દિમાગ પર છવાયેલું હતું. તેની આસપાસનો લૅન્ડસ્કેપ પણ તેની મનોભૂમિ પર ચીતરાયેલો હતો. ૧૭૯૦માં ૧૫ વર્ષની નાની ઉંમરે તેનું પ્રથમ ડ્રૉઈંગ પ્રદર્શિત થયું. ઍકેડેમીમાં તે ટોમસ માલ્ટન નામના જલરંગી દૃશ્યકાર પાસે ભણ્યો. એ જલરંગનો તો જાદુગર ગણાય છે. ૧૭૯૪ પછીનાં ત્રણ વર્ષ કૉપિવર્ક કર્યું. તેમાં ગીરટીન તેનો સાથીદાર હતો. તે રેખાચિત્ર કરે અને ટર્નર રંગ પટો ભરે. બન્ને સખત કામ કરતા. ચિત્રમાં પણ હવે તેની હથોટી જામી હતી. સર રેનૉલ્ડની 'કાવ્યમયતા' અને પ્લૅટોની આઈડિયલ ફૉર્મની થિઅરી તેને પચી ગઈ હતી. ચિત્રમાં વાસ્તવિકતાની પેલે પારનાં સત્યનાં દર્શન થયાં હતાં.

૧૭૯૪માં તેને સોસાયટીનો સિલ્વર પ્લૅક મળ્યો. ૧૭૯૯માં તે ઍકેડેમીનો એસોસિયેટ મેમ્બર થયો. કોન્સ્ટેબલ તેનો સમકાલીન હતો. ટર્નર આગળ તે ઝાંખો પડતો. કોન્સ્ટેબલ તેને 'અનક્લૉથ બટ




ટિન્ટર્ન એબિ

વિથ અ વંડરફૂલ માઈન્ડ' કહેતો.

ટર્નરે તેના જીવનમાં ખૂબ પ્રવાસો કર્યા. પ્રથમ પ્રવાસ વેળાએ તે ૧૮ વર્ષનો હતો. પૅરિસના પ્રવાસે જતાં પહેલાં તે સ્વીટ્ઝરલૅન્ડ ગયો અને ત્યાં ૪૦૦ ડ્રૉઈંગ્સ કર્યાં. સીવટ્ઝરલૅન્ડનો આલ્પ્સ તેનાં ચિત્રોમાં ઘણી જગાએ ડોકાય છે. પછીના પ્રવાસમાં તે પૅરિસ ૧૦ અઠવાડિયાં રહ્યો. ત્યાં લુવ્રમાં ૩૦ જેટલાં ચિત્રોનો અભ્યાસ કર્યો. નેપૉલિયને યુરોપ જીતીને, લૂંટીને ભેગાં કરેલાં ચિત્રો લુવ્રમાં મૂક્યાં. ટર્નર તે જોવા ચૅનલ ક્રૉસ કરીને પહોંચ્યો. અને કાલાઈસમાં રહ્યો. તે સ્થળ પણ ચીતર્યું. ૧૮૧૯માં એણે ઈટલીની પ્રથમ સફર કરી. બે માસ રહ્યો. ત્યાં ૧૫૦૦ સ્કેચીઝ કર્યાં. ૧૮૨૮માં તે બીજી વખત ઈટલી ગયો અને એ સફરથી તેનાં ચિત્રોમાં રંગની દૃષ્ટિએ વિસ્ફોટ થયો.

ટર્નરની સ્કેચબુકની વાત વિશેષ મહત્ત્વની છે. તે ખીસામાં રાખી શકાય



ગ્લેસિયર વેલિ ઓવ્ કેમોનિક્સ (૧૮૦૨)



ઈસ્ટ ઈન્ડિયા કંપનીનાં જહાજો

તેવી ૫x૭ની આસપાસની સ્કેચબુકો રાખતો. ક્યારેક એથી યે નાની. એમાં તે પેન્સિલથી ઝડપી નોંધો કરતો. રંગો પણ નોંધતો. ક્યારેક રંગ પૂરી પૂર્ણ પણ કરતો. આવી ઘણી સ્કેચબુકો ટર્નર ગૅલરીમાં ખુલ્લી છે. તે સ્થળ પર બેસી મોટાં જલરંગી ચિત્રો બનાવવાનું નહોતો માનતો. સ્થળ પર એક જલરંગી ચિત્ર પૂર્ણ થાય એટલા સમયમાં ૧૫ થી ૧૬ ત્વરાલેખનો કરતો. તે સ્થળને ચારેય બાજુથી પામતો. સ્ટૂડિઓમાં પછી તે ચિત્ર જલરંગ કે તૈલ-રંગમાં કરતો. તેની બેદરકારીમાં કેટલાંક તૈલરંગી ચિત્રો બગડેલાં.

ટર્નર દેખાવે બાંધી દડીનો, ગઠ્ઠો, વિખરાયેલા વાળવાળો અને ઓછાબોલો. સ્ત્રીઓ તરફ ઢળતો હતો. જુવાનીમાં તેની હાઉસ કીપરની ભત્રીજી સાથે લળેલો. તેઓ સાથે રહ્યાં, તેને બે દીકરીઓ થઈ, પરંતુ તેને પરણ્યો નહિ. પછીની ઉંમરમાં તે મીસીસ બુથ સાથે રહ્યો. વર્ષો સુધી રહ્યો અને તેનું ખાનગી જીવન ખાનગી રહ્યું. કંજૂસ એવો કે મીસીસ બુથ સાથે રહે પણ પાઈ ન આપે. પાછળથી તેણે તેનું નામ પગી બુથ રાખ્યું જે બંધ બેસતું હતું. તેણે જીવનભર લગ્ન ન જ કર્યાં. તેણે એક સૂત્ર અપનાવેલું કે 'કોઈ પણ સંબંધ તેના કામમાં અવરોધ-રૂપ ન હોવો જોઈએ.' તેણે શૃંગારી ડ્રૉઈંગ્સ પણ કરેલાં.

૪૪ વર્ષની ઉંમરે તે શક્તિ અને સધ્ધરતાની રીતે શિખર પર હતો ત્યારે ૮૫ વર્ષના વૃદ્ધ પિતા વિદાય લે છે. ટર્નર પર આ વજ્રાઘાત હતો. પાછલી ઉંમરમાં તેના પિતાએ સ્ટૂડિઓ ઍસિસ્ટન્ટ તરીકે કામ કરેલું. આ પિતાના મૃત્યુ પછી ટર્નર ક્યારેય મૂળ સ્વરૂપે દેખાયો નથી. પેટવર્થને ઘેર લૉર્ડ એગ્રેમાઉન્ટના મહેમાન તરીકે જાય છે તેનાથી થોડું આશ્વાસન મળે છે. વળી સોફિયા બુથ પણ તેનું આશ્વાસન હતી.

તેના જીવનના છેલ્લા તબક્કામાં ઘણાં જ્વલંત ચિત્રો કર્યાં. ધ ફાઈટિંગ ટેમરાયર, રેઈન, સ્ટીમ ઍન્ડ સ્પીડ ઍન્ડ પીસ, બ્યુટીફુલ એટ સી. ટેમરાયર જ્યારે તૂટવાનું હતું (યુદ્ધનૌકા) ત્યારે તેને થયું કે આમાંથી ભવ્ય ચિત્ર થશે અને થયું. ત્યારે તેણે ઘણાં ત્વરાલેખનો કરી લીધેલાં. સંધ્યા સમયે તેનું દર્શન અદ્ભુત ચિત્ર છે. તેનું વિલીન થવું એ સૂર્યાસ્ત અને ચંદ્રદર્શનથી રજૂ થાય છે.

તેના જીવનનું મહત્ત્વનું પાસું તે ચેલસાનું મકાન. તે ખરીદ્યું અને તેમાં ગૅલરી બનાવી. તેમાં બુથને માનપૂર્વક રાખી. મકાનમાંથી દક્ષિણે નદીનો પટ દેખાતો. તેના જીવનની આ છેલ્લી ખ્વાહેશ હતી કે તેનું કામ એક જ જગાએ સંગૃહીત હોય. લોકો તે જુએ અને સમજે. પોતાની ગૅલરી હોવી એ બ્રિટિશ ચિત્રકાર માટે નવી દિશા હતી.

૧૮૩૦ પહેલાંથી તેનાં વેનિસનાં દશ્ય વેચાવા માંડ્યાં. ઍન્ગ્રેવિંગ દ્વારા પ્રિન્ટ થતાં. ૧૮૩૫માં જ્હોન રસ્કિને 'મૉડર્ન પેઈન્ટર્સ' પુસ્તક પાંચ વૉલ્યુમમાં પ્રકટ કર્યાં. જેમાં ટર્નરને સારું સ્થાન હતું. તેને માટે જીવનની આ મોટી ઘટના હતી. ટર્નરે તેની પાછલી ઉંમરનાં ચિત્રોમાં વિષય છોડવા માંડેલો તે માત્ર પ્રકાશને ચીતરતો હતો. તે ઈમ્પ્રેશનિસ્ટોનો પુરોગામી બન્યો.

તેનાં ચિત્રો તાત ગૅલરી અને નૅશનલ ગૅલરી લંડનમાં એકત્રિત છે. અસંખ્ય ચિત્રો છે. નાનાં કદનાં ૫''x૭'' ઈંચનાં ચિત્રોથી તેની સ્કેચબુકો ભરચક્ક છે. તેથી યે નાનાં પણ છે. આરંભનાં સામાન્ય ચિત્રો પણ છે. પણ પાછળનાં કામો ઉત્તમ છે.

તેની ટેકનિક જાણવા જેવી ખરી. તેના રંગો સંવાદી હતા તે જ આપણને મહાત કરે છે. તે એક પર એક રંગપટો ચઢાવતો. સુકાયા પછી રંગો બને ત્યાં સુધી શુદ્ધરૂપે વાપરતો. જલરંગમાં પ્રકાશ મેળવવા રંગોને બ્રશ, સ્પોન્જ કે પાઉં વડે સપાટી પરથી ઉપાડી લઈ પ્રકાશનો વિસ્તાર ઊભો કરતો. ક્યારેક વૅક્સ લગાડે ને પેપર સાચવે. એ માનતો કે ખુલ્લા આકાશ નીચે કે તાપમાં બેસી ચીતરું ને તકલીફો વેઠું તે કરતાં તેની નોંધો કરી સૂડીમાં જ ચિત્ર કરવું સારું. તેનાં ચિત્રો તાદશ્ય નહિ પણ કલ્પનાગામી છે. તેના મૃત્યુ પછી ખબર પડી કે પીળા રંગની તો છએક જાતની ટ્યૂબો રાખતો. આકાશને તે સુવર્ણ રંગે ચીતરતો.

તેણે રૉયલ ઍકેડેમીમાં છેલ્લું ચિત્ર મૂક્યું 'ધ વિઝિટ ટુ ધ ટુમ્બ'. બસ તેની ગતિ તે તરફ હતી. ચેલસાના ઘરમાં ૧૯૮૧માં



વરાળયુગનું પ્રતીકચિત્ર



મહંમદઅલીનું પોર્ટ્રેટ

તે મૃત્યુ પામે છે. મૃત્યુ તે શયનખંડમાં પામે છે. તેની છેલ્લી નજર ટેમ્સનાં ઉજમાળાં પાણી પર પડે છે. જલતત્ત્વનો ચાહક પંચતત્ત્વમાં વિલીન થાય છે. તેની કબર સેન્ટ પૉલના કથિડ્રલમાં થાય છે.

તેના મૃત્યુટાણે ડાઘુઓ તેની ગૅલરીમાં ભેગા થાય છે. ચિત્રોના ઢગ જોઈ આભા બને છે. તેના જીવન દરમિયાન ૩૦૦ તૈલચિત્રો કરે છે અને ૨૦૦૦ જલરંગી ચિત્રો કરે છે. તેના વિલમાં લખે છે કે ચિત્રો એક જગાએ ભેગાં રાખવાં. તેની મિલકત-માંથી ૧૪,૦૦૦ પાઉન્ડની રકમ જરૂરિયા-તવાળા પુરુષ ચિત્રકારો (ઇંગ્લિશ કલાકારો) માટે વાપરવી. જો કે તેમ બન્યું નહિ. બસ, પ્રકાશનો પંથી પ્રકાશ મૂકતો ગયો. તેનાં નાનાં-મોટાં ૨૦૦૦ જેટલાં સર્જનોમાં તે જીવંત રહ્યો. - *નટુ પરીખ : હરિત પંડ્યા*

કલાવૃત્ત

જેસલમેરનો મરુમહોત્સવ

પશ્ચિમ રાજસ્થાનની સૌથી મોટી સાંસ્કૃતિક વિરાસત ધરાવતી સુવર્ણનગરી જેસલમેરમાં તા. ૧૪મી ફેબ્રુઆરીએ વિશ્વવિખ્યાત મરુમહોત્સવ ૨૦૦૩, દેશવિદેશના અસંખ્ય પર્યટકોની ભારે મોટી ભરમાર વચ્ચે ખુલ્લો મુકાયો. રાજસ્થાનના ઇતિહાસપ્રસિદ્ધ જેસલમેરમાં તા. ૧૪-૧૫-૧૬ એમ ત્રણ દિવસ માટે યોજાયેલા અને આંતરરાષ્ટ્રિય ક્ષેત્રે લોક-પ્રિયતા પ્રાપ્ત કરી રહેલા રાજસ્થાન ટૂરિઝમ યોજિત મરુમહોત્સવને જેસલમેર ખાતેના શહીદ પૂનમસિંહ સ્ટેડિઅમમાં ઢોલ, શરણાઈ અને મશકવાદનની સુરાવલીઓ સાથે શુભારંભ કરાવીને રાજસ્થાનના પર્યટન, કલા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રી શ્રી શાંતિ ધારીવાલે દેશવિદેશથી આવેલા કલાપ્રેમી પ્રવાસીઓનું સ્વાગત કરતાં કહ્યું કે, 'મરુમહોત્સવના માધ્યમથી રાજસ્થાનની સમૃદ્ધ સાંસ્કૃતિક વિરાસતે દેશમાં જ નહીં, સમગ્ર દુનિયામાં અમીટ છાપ-પ્રતિષ્ઠા ઊભી કરી છે. અમને એનું ગૌરવ છે.'

મરુમહોત્સવનો શુભારંભ ભવ્ય શોભાયાત્રા સાથે થયો. પૂનમસિંહ સ્ટેડિઅમમાં હૈયેહૈયું દળાય એવી ભીડ હતી. તડકો કહે મારું કામ. બરાબર એક ને પાંચ મિનિટે જિલ્લા કલેક્ટર દિનેશચંદ્ર જૈને શોભાયાત્રાને લીલી ઝંડી બતાવી. શોભાયાત્રામાં શણગારેલાં ઊંટો ઉપર રંગબેરંગી વેશભૂષામાં હાથમાં અણિયાળાં ભાલાં લઈને બેઠેલા સીમા સુરક્ષાદળના બંકા જુવાનો આકર્ષણનું કેન્દ્ર બની રહ્યા. શોભાયાત્રામાં વિશ્વનું એક-માત્ર 'કેમલ માઉન્ટેન બૅન્ડ' પણ જોડાયું. ૧૭ ઊંટો પર રાજસ્થાની લોકગીતોની ધૂનોની ધૂમ મચાવતું. સ્ટેડિઅમમાં બેઠેલા પ્રેક્ષકો આગળથી શણગારેલા ઊંટસવારો, ઊંટગાડીઓ, ઢોલ, શરણાઈ, ભૂંગળ, મશકવાદનના કલાકારો કચ્છી ઘોડી અને કાલબેલિયા નર્તકીઓ અને ઊંટગાડી-ઓમાં બેઠેલાં તેરહતાલ મંજિરાવાદકો અને રાજસ્થાનના સંગીતકારો પરંપરિત લોકવાદ્યો સાથે સંગીતની સુરાવલીઓ રેલાવી રહ્યા હતા. એ શોભાયાત્રામાં માથે મંગલ કળશ લઈને રાજસ્થાની કન્યાઓ ચાલતી હતી. સાથે સાથે માથે રાજસ્થાની સાફા-પાઘડીઓ પહેરેલાં દાઢિયાળા-મૂછાળા મરદો હાથમાં તલવારો



સાથે ચાલતા હતા.

સ્ટેડિઅમની મધ્યમાં રંગમંચ ઊભો કરવામાં આવ્યો હતો. આ રંગમંચ પર જેસલમેરના કલાકાર શ્રી કમરૂદ્દીનની રાહબરી નીચે ૧૦૦ કલાકાર બહેનોએ રાજસ્થાની ઘુમ્મર નૃત્યની શાનદાર રજૂઆત કરી. એ પછી આરંભાઈ જાત-જાતની ને ભાતભાતની હૈયું હરી લેનારી હરીફાઈઓ. મરુમેળાના અવસરે યોજાયેલ 'મરુશ્રી' હરીફાઈમાં શારીરિક સૌષ્ઠવ ધરાવતા રાજસ્થાની વેશભૂષામાં સજ્જ ૨૫ સ્પર્ધકોમાંથી રાણસિંહ રાજપુરોહિત અને ભગવાનદાસ સિંધીને 'મી. ડેઝર્ટ' અર્થાત્ 'મરુશ્રી-૨૦૦૩' જાહેર કરવામાં આવ્યા.

મરુમેળાની સર્વાધિક પ્રતિષ્ઠાપૂર્ણ મૂમલ પ્રતિયોગિતાનો ખિતાબ કુ. સોનમ મેળવી ગઈ. આમાં રજૂ થયેલી ૨૦ કન્યાઓએ પહેરેલ રાજસ્થાની પરિવેશે સૌનું ધ્યાન ખેંચ્યું. રૂપસૌંદર્ય, વેશભૂષા અને આકર્ષક વ્યક્તિત્વને કારણે કુ. સોનમ 'મૂમલ-૨૦૦૩' જાહેર કરાઈ. લાંબી મૂછની હરીફાઈમાં હાજર રહેલા ૧૫ જેટલા હરીફોમાં ગિનેસ બુક ઑવ્ વર્લ્ડ રેકોર્ડમાં નામ નોંધાવી ચૂકેલા કર્ણારામ ભીલના પુત્ર ધનારામ ભીલ પ્રથમ, મંગલારામ દ્વિતીય અને પુરણસિંહ સોઢા તૃતીય જાહેર થયા.




એ પછી આરંભાઈ સાફા બાંધવાની હરીફાઈ. ઉપસ્થિત ૧૫ હરીફોમાંથી વયસ્ક શ્રી મદનલાલ વ્યાસે પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું. આ રીતે રંગમંચ પર વિદેશી પર્યટકો માટે પણ સાફા-પાઘડી બાંધવાની ઝડપી સ્પર્ધા થઈ. એમાં રજૂ થયેલા ૧૦ સ્પર્ધકોમાં ૨ મહિલાઓ પણ જોડાઈ. અમરપ્રેમી મહેન્દ્ર-મૂમલ હરીફાઈમાં જાહ્નવી શર્મા મૂમલ અને વીણા શર્મા મહેન્દ્ર બનીને પારિતોષિક મેળવી ગયાં.

જેસલમેરના મરુમહોત્સવમાં પ્રથમવાર દાખલ કરાયેલી વિદેશી મહિલાઓ માટેની 'દુલ્હન સ્પર્ધા'માં રાજસ્થાની દુલ્હનના પરિવેશમાં સજ્જ થઈને આવેલી રૂપસુંદરીઓમાંની કુ. આસ્થા પ્રથમ, જોજોબીન હાવાર્ડ દ્વિતીય અને કૅનેડાની હરજિત ધારીવાલ તૃતીય નંબરે વિજેતા બની.

સાંજના સમયે દેદાનસર મેદાનમાં યોજાયેલી ઊંટદોડની સ્પર્ધામાં સીમા સુરક્ષાદળના શ્રી મહિપાલસિંહ પ્રથમ અને રૉયલ ડૅઝર્ટ સફારીના શ્રી મોહનરામ દ્વિતીય વિજેતા બન્યા. ઊંટ શણગાર હરીફાઈમાં ઊંટોનો શણગાર, એની શોભાસજ્જા, એનાં કદ અને કાઠી દર્શનીય બની રહ્યાં. અંબાધારી હોટેલ પૅરૅડાઈસનો ઊંટ 'પતંગ' પ્રથમ રહ્યો. છેલ્લાં આઠ વર્ષથી 'પતંગ' પ્રથમ નંબરે જ રહેતો આવ્યો છે.

એ પછી મહેંદી હરીફાઈ, ઊંટની પોલો રમતો, ભારતીય અને વિદેશી મહિલાઓની દોરડાખેંચ જેવી અનેક સ્પર્ધાઓ દિવસભર ચાલતી રહી. સાંજના જેસલમેરમાં આવેલા ગઢસીસારસર સરોવરના કાંઠે સાંસ્કૃતિક સંધ્યાનું આયોજન થયું. કાર્યક્રમનો શુભારંભ આંતરરાષ્ટ્રિય ખ્યાતિ ધરાવતા કલાકાર પંડિત શિવરામ શર્માના સંતુરવાદનથી થયો. શિવકુમાર અને એમના સુપુત્ર રાહુલ શર્માએ જુગલ-બંધી બાદ રાગ મિશ્ર ખમાજ, દાદરા અને તીનતાલની રજૂઆત કરી દર્શકોને મંત્રમુગ્ધ કર્યા. રાજસ્થાનના લોકકલાકારોએ રણનું લોકસંગીત રજૂ કરતાં કરતાં એની વિશિષ્ટતાઓ રજૂ કરી. ફલોદીથી આવેલા મોહમ્મદ અને સાથીઓએ ઊંટના શણગાર અંગેનું લોકગીત ગોરબંધ રજૂ કરી રણના જનજીવનની ઝાંખી કરાવી. આ ગીતમાં ઊંટના શણગાર ગોરબંધ બનાવવાની પ્રક્રિયાનું મનોહર વર્ણન હતું. શ્રીમતી ગંગા કલાવંતે મશહૂર રાજસ્થાની લોકગીત 'કેશરિયા વાલમ આવોની, પધારોની મ્હારે દેશ'માં રાજસ્થાની આતિથ્ય-સત્કારની પરંપરા જીવંત કરી. શ્રી ચેલુરામ મેઘવાલે માથા પર સાત મટકા મૂકીને રાજસ્થાની ભવાઈની રજૂઆત કરી. શ્રી મૂલસાગર ભીલે અલગોજા (જોડિયા લાંબા પાવા) વાદન દ્વારા વિદેશીઓને ય ડોલાવી દીધા. આ પ્રસંગે ગઢસીસાસર સરોવરમાં અસંખ્ય દીવડા તરતા મુકાયા હતા.

બીજા દિવસે સવારે દસ વાગ્યે સરહદી સુરક્ષાદળના જવાનોએ રૂવાડાં ખડાં કરી નાખનારો 'કેમલ ટેટુ શો' રજૂ કર્યો. વિશ્વની આઠમી અજાયબી જેવા કેમલ બૅન્ડે રાજસ્થાની લોકગીતોની ધૂન વગાડતાં શોભાયાત્રારૂપે ફરીને ઊંટ ઉપર શીર્ષાસન, દોડીને ઊંટ ઉપર ચડવું, ઊંટની ડોકે લટકી જવું, ઊંટ પર ૧૦ જણની સવારી, બે ઊંટ પર એક ફૌજીની સવારી, ઊંટને જમીન પર સુવરાવી દેવા વગેરે કરતબો સાથે જોકરના ઊંટે લોકોને ખૂબ હસાવ્યા.



જેસલમેરનો મરુમહોત્સવ માણવા આવેલા ઈટાલીના બાર પ્રેક્ષકકલાકારોએ ઈટાલિયન લોકગીતો, બે હાથ વડે અસંખ્ય દડા ઉછાળીને ઝીલવાના સરકસના હેરતભર્યા પ્રયોગો અને ઈટાલિયન વાદ્યો સાથે રજૂઆતની સ્ટેડિઅમને તાલીઓના ગડગડાટથી ગુંજાવી મૂક્યું. કલાકાર કર્થીનેલો, સ્ટેફેના, મોરગેન્ત્રીના રોમાંચક પ્રયોગોએ પ્રેક્ષકોને પેટ પકડીને ખૂબ હસાવ્યાં.

બીજે દિવસે સાંસ્કૃતિક સંધ્યાનું આયોજન પૂનમસિંહ સ્ટેડિઅમ પર થયું. રંગમંચની પાર્શ્વભૂમાં સોનેરી પ્રકાશથી જેસલમેરનો કિલ્લો અનેરું આકર્ષણ ઊભું કરતો હતો. શણગારેલા સંખ્યાબંધ ઊંટોની આજુબાજુમાં બનાવેલો ભવ્ય રંગમંચ રાજસ્થાની માહોલ ઊભો કરતો હતો. સાંસ્કૃતિક સંધ્યાનો શુભારંભ દિલ્હીની ખ્યાતનામ કલાકાર રોહિત આનંદના બંસરીવાદનથી થયો. એમણે આલાપ, જોડ વગેરે ગીતો રજૂ કરી દિલ્હીનાં લબ્ધપ્રતિષ્ઠિત ગાયિકા ગુલજારબાનો અને સાથી કલાકારોએ સાંપ્રદાયિક સદ્ભાવના ઊભી કરતી કવ્વાલીની રજૂઆત કરી. જોધપુર

એન્જિનીઅરિંગમાં અભ્યાસ કરતી કુ. નૂપુલ જૈને રાજસ્થાની ભવાઈની હૃદયંગમ રજૂઆત કરી. પાદરલા ગામની ચંદ્રિકા-દેવીએ તેરહતાલ મંજિરા નૃત્યની મન-ભાવન રજૂઆત કરી. રામદેવપીરનો હેલો રજૂ થતાં માનવ-મહેરામણ હેલે ચડ્યો. મોડી રાત સુધી હજારો પ્રેક્ષકોએ કલાપૂર્ણ કાર્યક્રમ માણ્યો.

ત્રીજા દિવસનો કાર્યક્રમ જેસલમેર નગર અને જેસલે બાંધેલો ગઢકિલ્લો જોવાનો હતો. આમેય જેસલમેર શિલ્પ-સ્થાપત્યના સૌંદર્યથી છલકતું નગર છે. એના ગઢ માટે એક દુહો કહેવાય છે : 'ગઢ દિલ્હી ગઢ આગરા, અધગઢ બિકાનેર, ભલો ચુનાયો ભાટિયા, શિરે જેસલમેર.'

રાજસ્થાની સંસ્કૃતિનું પ્રતીક બની રહેલ મરુમહોત્સવની પુર્ણાહુતિનો કાર્યક્રમ જેસલમેરથી ૪૦ કિ.મી. દૂર આવેલી રેતીથી ઓપતી રણની ટેકરીઓની વચમાં હતો. અહીંની બારીક રેતીમાં પવનની લહેરખીઓની છાપ સ્પષ્ટ દેખાતી હતી. શણગારેલાં ઊંટ પર રણમાં સૌ ખૂબ ફર્યાં. ચાંદની રાતે વીસેક હજારની માનવમેદનીએ રાજસ્થાની ગીત, સંગીત અને નૃત્યનો કાર્યક્રમ મોડી રાત સુધી માણ્યો. જીવનમાં એક વાર જેસલમેરનો મરુમહોત્સવ અવશ્ય માણવા જેવો છે. રાજસ્થાન ટુરિઝમ પેકેજ પ્રોગ્રામ ગોઠવે છે. - *જોરાવરસિંહ જાદવ*

છઠ્ઠી રાષ્ટ્રિય તસવીરકલા સ્પર્ધા — જળ અને જીવન

તાજેતરમાં ગુજરાત રાજ્ય લલિત કલા અકાદમી દ્વારા અમદાવાદની રવિશંકર રાવળ કલાભવનની ગૅલરીમાં છઠ્ઠી રાષ્ટ્રિય તસવીરકલાની નોંધપાત્ર સ્પર્ધાના પ્રદર્શનનું સુંદર આયોજન કરવામાં આવ્યું. સ્પર્ધાનો વિષય હતો 'જળ અને જીવન'. આ પ્રકારની તસવીરકલા-સ્પર્ધા સમગ્ર દેશની વિવિધ



રંગવિભાગમાં પ્રથમ પારિતોષિક - કલ્પનાનું ઉડ્ડયન (કુમાર ચંદ્રકાન્ત)

તસવીરકલાની સંસ્થાઓના સાથ અને સહકારથી ૧૯૯૭થી સતત યોજાતી આવી છે. ૧૩૫૧ રંગીન અને ૪૭૭ મોનોક્રમ તસવીરો ૨૦ રાજ્યોના ૪૩૫ તસવીરકારો દ્વારા પ્રાપ્ત થઈ. આ બધામાંથી ૧૭૫ તસવીરો જ પસંદગી પામી અને પ્રદર્શિત કરવામાં આવી. તસવીરસ્પર્ધાના નિર્ણાયકો હતા મુંબઈના પ્રફુલ્લભાઈ પટેલ, દિલ્હીના દેવિકા દોલતસિંઘ અને અહીંના ગુજરાતના



મોનોક્રોમમાં દ્વિતીય પારિતોષિક - કૂવા તરફ (રાવત પ્રવીણ)

અમદાવાદના એમ.એફ.જાદલીવાળા. કુલ પંદર તસવીરોને ઈનામો આપવામાં આવ્યાં. રંગીન તસવીર વિભાગમાં ત્રણ તસવીરોને અનુક્રમે રૂ. ૧૦,૦૦૦, રૂ. ૭,૦૦૦ અને રૂ. ૫,૦૦૦ના ઈનામો મળ્યાં. એકરંગી તસવીર વિભાગમાં બે તસવીરોને અનુક્રમે રૂ. ૭,૦૦૦ અને રૂ. ૫,૦૦૦નું ઈનામ આપવામાં આવ્યું. આશ્વાસન ઈનામો પાંચ રંગીન તસવીરોને દરેકને રૂ. ૧,૦૦૦ તથા એકરંગી તસવીર વિભાગમાં આશ્વાસન ઈનામો પાંચ તસવીરને દરેકને રૂ. ૧,૦૦૦નું ઈનામ એનાયત કરવામાં આવ્યું.

ઈનામવિજેતા તસવીરો ઉપરાંત પસંદગી પામેલી બીજી અનેક તસવીરો ખરેખર નોંધપાત્ર કલાકૃતિઓ હતી. તેમાં જાણીતા તસવીરકાર હેમેન્દ્ર શાહની પાણી પીતા કપિવૃંદની તસવીર સુંદર અને ધ્યાનાકર્ષક હતી. નોંધવા જેવી ખાસ બાબત એ છે કે કલકત્તાના તસવીરકારોને જ મોટા ભાગનાં ઈનામો પ્રાપ્ત થયાં છે, છતાં મુંબઈના કુમાર ચંદ્રકાન્તની, વડોદરાના સુરેશ પારેખની, અમદાવાદના દેસાઈ વિવેક જિતેન્દ્ર અને બ્રહ્મભટ્ટ આલાપની તથા વડોદરાના રાણા કમળ કાંતિભાઈની તસવીરો ગુજરાતની તસવીરકળાને યશ અપાવે છે. સુરેશ પારેખની 'વંટોળ' તસવીર તો સદ્ગત મહાન તસવીરકાર રઘુબિરસિંઘની એક રાજસ્થાની તસવીરની યાદ આપતી દૃશ્ય કાવ્યકૃતિ છે. - *બંસીલાલ દલાલ*



પાણી ઘણું નજીક, ઘણું દૂર (બ્રહ્મભટ્ટ આલાપ)

અડકો દડકો

જંગલમાં આગ

એક હતું જંગલ. એમાં વાઘ, હાથી, વરુ, શિયાળ, વાંદરા વગેરે એવાં પશુઓ રહેતાં હતાં.

જંગલમાં ઘણાં ઝાડ હતાં. એ ઝાડ પર નાનાં-મોટાં ઘણાં પંખીઓનાં ઘર હતાં.

બધાં જંગલમાં ફરે. ખાય-પીયે ને મજા કરે.

અચાનક એક દિવસ જંગલમાં આગ લાગી. એક મોટા ઝાડની બે મોટી ડાળીઓ વચ્ચે કજિયો થયો. બેઉ એવી બાઝી કે એમાંથી તણખો ખર્યો ને આગ લાગી.

વૃક્ષો ભડભડ બળવા લાગ્યાં. પંખીઓ ચીસાચીસ કરવા લાગ્યાં. જાનવરોયે ભાગ્યાં. ચારે તરફ 'ભાગો! ભાગો!' થઈ રહ્યું.

બધાંને આમથી તેમ ભાગતા જોઈ કપિ નામનો વાંદરો કહે, 'અરે દોસ્તો, તમે આમ ભાગી ભાગીને ક્યાં જશો? બેપગાળા કાળા માથાવાળાને ઘેર જઈને રહેશો? એ કંઈ તમારો વાલેશરી નથી, એના ગુલામ થઈને એના ચાબખા ખાવા હોય તો જાઓ!'

તરત બધા વાનરો થંભી ગયા. કહે, 'અમને તો એ કાળા માથાવાળો દીઠોય ગમતો નથી.'

હાથી કહે, 'આપણે માટે તો આ જંગલ છે તે ખરું છે. પણ કરીએ શું? અહીં રહીએ છીએ તો આગ ભરખી જાય છે! જો ને, એની જીભ કેવી લબકારા મારે છે! અને એને કંઈ એક જીભ છે?'

કપિએ કહ્યું, 'એ ખરું, પણ દુશ્મનથી બીને ભગાય નહિ, એની સામે લડવું જ જોઈએ.'

રીંછે કહ્યું, 'મને લડવું ગમે છે, પણ આગની સામે કેવી રીતે લડવું? લડવા જાઉં તો એ મને રોકીને ખાઈ જાય!'

હાથીએ પણ આવું કહ્યું.

કપિએ કહ્યું, 'મને એનો ઉપાય સૂઝે છે. દુશ્મન આખું જંગલ બાળીને સાફ કરી નાખે એ પહેલાં કોઈ રીતે એને અટકાવવો જ જોઈએ. હાથીભાઈ, તમે જો આમાં આગળ થાઓ તો આપણે જરૂર જીતીએ.'

હાથીએ કહ્યું, 'હું તૈયાર છું.'

રીંછે કહ્યું, 'હું તૈયાર છું.'

પછી તો બધા જાનવરોએ કહ્યું, 'અમે તૈયાર છીએ.'

કપિએ કહ્યું, 'આગ જીભના લપકારા લેતી આગળ વધે છે. ઝાડ બધાં ગીચોગીચ છે. એટલે એને હોઈયાં કરવું ફાવે છે. આપણે જો વચમાંથી ક્યાંક ઝાડ પાડી નાખી ત્યાં ખાલી મેદાન કરી દઈએ અને ત્યાં મોટા મોટા પથરાની પાળ કરી દઈએ તો આગ ગમે તેટલું જોર કરે તોયે આગળ વધી શકશે નહિ. બસ, પછી દુશ્મનને ખાવાનું નહિ મળે એટલે એ ઢીલોઢસ થઈ જશે અને એની મેળાએ મરશે.'

આ સાંભળી હાથી બોલ્યો, 'વાહ, આ મને ગમ્યું! સાવ સહેલું કામ છે. મારું આખું કુટુંબ અને મારાં બધાં સગાં-વહાલાં હમણાં જ અમે કામે લાગી જઈએ છીએ. વૃક્ષોને ઉખાડી ઉખાડી દૂર ફેંકી દઈ ચારે કોર મેદાન બનાવી દઈશું.'

રીંછને પણ જોર ચડ્યું. એ કહે, 'અમે એ મેદાનમાં પથરા ખડકી દેશું. કપિભાઈ તમે અમને બરાબર કામ દેખાડતા રહેજો.'

જંગલમાં બધાં જ જાનવરો એકસાથે કામે લાગી ગયાં. હાથીઓ ઝાડના થડ ફરતી સૂંઢ ભેરવી ઝાડને પાડે અને દંતશૂળ પર ચડાવી એને દૂર ફેંકી આવે. ખાલી પડેલી જગાએ બીજાં જાનવરો પથરા ગોઠવી દે.

બીજી બાજુ આગ જોરમાં ચાલતી હતી. કેટલાંય ઝાડ બળીને ભસ્મ થઈ ગયાં. આગ ખાઉં-ખાઉં કરતી આગળ વધતી હતી, પણ એકાએક એ ભડકીને ઊભી રહી ગઈ. ભૂખ તો ઘણી હતી, આખા જંગલને ખાઈ જાય તો યે શમે નહિ એવી ભૂખ હતી, પણ ખાવું શું? આગને ખાવા જોઈએ ઝાડ-પાન ને જાનવર, પણ એને બદલે અહીં તો ધૂળ, ઢેખાળા ને પથરા હતા! એ કેવી રીતે ખવાય? આગ ધૂંધવાઈને ઊભી રહી ગઈ અને એમ ઊભી ને ઊભી એ ભૂખે મરી ગઈ!

જંગલનાં જાનવરો અને પંખીઓમાં આનંદ આનંદ થઈ રહ્યો. કેટલાંક ઝાડ બળી ગયાં અને એની સાથે કેટલાંકનાં ઘર બળી ગયાં. પણ જંગલ તો બચ્યું ને! થોડું બળ્યું એનો શોક કરવાને બદલે ઘણું બચ્યું તેનો આનંદ શા સારું ન કરવો?

દુશ્મનનો નાશ થયા પછી વનનાં પશુપંખીઓની મોટી સભા થઈ. સભાએ કપિને ખૂબ ધન્યવાદ આપ્યા અને હાથી પર એનો વરઘોડો કાઢ્યો.

- રમણલાલ સોની

પાંચ લંગોટિયા / હરિકૃષ્ણ પાઠક

૧. આનંદી ઉકડિયો

ઉકડની એક આંગળી પાકી,
તો ય ઉકડિયો રાજી રાજી,
બાકીની તો સાજી;
ભલે ને એક આંગળી પાકી!

ઉકડને પગમાં વાગી ઠેસ,
તો ય ઉકડિયો રાજી;
એને કોક જણે તો પાટો બાંધ્યો,
કોક જણે તો કહ્યું :
ઉકડિયા, ઘડી નિરાંતે બેસ,
ભલે ને પગમાં વાગી ઠેસ!

ઉકડની પાટીમાં તડ્ય પડી,
તો ય ઉકડિયો રાજી રાજી,
બીજી પાટી આવે ત્યાં લગ
લેસન-બેસન કરવામાંથી
રજા વધુકી જડી—
ભલે ને પાટીમાં તડ્ય પડી!

૨. હરખો હરખપદૂડો

હરખપદૂડો હરખો
સતપત કરતો રહે સદંતર
ઘડી ન બેસે સરખો,
હરખપદૂડો હરખો.

અડધે વેણે ઊભો થાતો
અડધી સમજે વાત,
અડધું કામ કરે, ના દેખે
દિવસ થયો કે રાત.

અડધી પડધી અક્કલનો
ચાલ્યો જાણે કે ચરખો,
હરખપદૂડો હરખો.

૩. છગન છીંડું

છગનને જડી ગયું છે છીંડું.
બોર-શેરડી-મગામઠી
છાનો છાનો લઈ આવે
છો ને મળે માર્કમાં મીંડું!

છગન બધાનો માનીતો
દોસ્તારોનો નહીં પાર,
ક્યાંક કદી ઝડપાઈ જતો—
તો પડતો થોડો માર;
પણ બડકંદો બાદર એવો—
રમવા શેરીમાં આવે તો લાગે
જાણે બહાદુરીના ખેલ ખેલતાં
માથે મૂક્યું ઈંડું!

છગનને જડી ગયું છે છીંડું.

૪. ગટુ ગરબડ

ગટુએ ભારે ગરબડ કરી.
માથે પ્હેર્યો મોર-મુગટ
ને પગમાં છાંટી જરી!
ગટુએ ભારે ગરબડ કરી.

પાઠ હતો નાટકનો
ગટિયો થાવાનો'તો ગરુ
આંખ મીંચીને કહેવાનું'તું
ક્યાં દાટ્યો છે ચરુ.
પણ ભૂલી ગ્યો સંવાદ બધા
ને બેઠો અવળું ફરી!

ગટુએ ભારે ગરબડ કરી.

૫. મગન મંતર

મગનિયો મંતર-તંતર ભણે.
ઊંધી પોથી ધરે હાથમાં,
અવળ પલાખાં ગણે,
મગનિયો મંતર-તંતર ભણે.

કરડ્યો ક્યાંક મકોડો તો ત્યાં જઈને ઝેર ઉતારે,
અને ક્યાંક પડછાયો વળગ્યો, મૂઠ મજાની મારે!
અજવાળામાં ઊભો ઊભો
અંધારાં ગણગણે,
મગનિયો મંતર-તંતર ભણે.

ઓમ-બોમ બમ-બોલે તેરા ભાગ્ય બડા હૈ જાલી,
કાલી કલકત્તા વાલીકા વચન જાય ના ખાલી!
રળ્યો બે'ક કાવડિયાં
-તો આખે આખો ખણખણે,
મગનિયો મંતર-તંતર ભણે.

[બાલકાવ્યોના આગામી સંગ્રહ 'હલ્લો-ફલ્લો' માંથી]

અનુસંધાન] કલાસ્મૃતિ [પૃ. ૨૭૪ થી

જોવા ફરવા તેમજ ચિત્રો કરવાનું નિમંત્રણ પાઠવ્યું. આથી ગોપાલ ઘોષને ઘણાં ઉત્તમ સર્જનો કરવાનો અવસર પ્રાપ્ત થયો. તેઓ કહેતા કે નિસર્ગમાં ગયા વગર, તેને માણ્યા વગર, નૈસર્ગિક અનુભૂતિ ચિત્રકાર પોતાનાં ચિત્રોમાં લાવી શકતો જ નથી.

કલાકારો ધૂની, મોજીલા તેમજ સનકી ગણાયા છે. તેનાં કંઈક તો કારણો હશે જ. ગોપાલ ઘોષ તેમજ તેમના મિત્ર અને સહાધ્યાયી શિલ્પકાર-ચિત્રકાર શ્રી રામકિંકર બૈજની કેટલીક પ્રકૃતિ એક-સરખી હતી. ટેવો-કુટેવો પણ એ જ પ્રકારે રહેતી. તેઓ આનંદમાં હોય ત્યારે અને અતિ આનંદમાં હોય ત્યારે વિરોધાભાસી વ્યક્તિત્વ ઉપસાવતા. અહીં જાણે-અજાણે વિનસેન્ટ વાન ગોહ અને પોલ ગોગાંની મિત્રતાના દિવસોના પ્રસંગો યાદ આવી જાય છે. એ જ રીતે પૅરિસના ચિત્રકાર મોદિગ્લીઆની વિષે પણ કહેવાતું. ફરક માત્ર એટલો જ કે ભાવાવેશમાં, ભારતીય ચિત્રકારો વહી જતા અને ચિત્રસર્જન ઓછું થતું. જ્યારે પરદેશી ચિત્રકારો ગમે તેવી લાગણીઓના પ્રવાહમાં પણ સર્જનો ચાલુ રાખી શકતા.

ગોપાલ ઘોષના ૬૭ વર્ષના જીવન દરમિયાન અઢળક કામ થઈ શક્યું નથી, પણ જે કાંઈ સર્જનો છે તે આજે અપ્રાપ્ય છે. સંગ્રાહકો, મ્યૂઝીઅમ વગેરે સ્થળે જોઈ શકાય છે. ક્યારેક મોટા લિલામ પ્રદર્શનના કૅટલૉગમાં જોવા મળે છે. પેસ્ટલ કલરના માધ્યમને ખૂબ જ સુંદર રીતે ચિત્રકલામાં પ્રયોજીને અદ્‌ભુત દૃશ્યચિત્રોનું પ્રદાન કરનાર, ભારતના એકમાત્ર 'પેસ્ટલિસ્ટ' તરીકે તેમનું નામ સદાય યાદ રહેશે. સન ૧૯૮૦માં શ્રી ગોપાલ ઘોષનું કોલકાતામાં અવસાન થયું.

- ગજેન્દ્ર શાહ


સાંચી
(દેશાટન-૫૦)



પ્રાચીન વિદિશાનગરીની પાસે સાંચી નામનો ઐતિહાસિક પર્વત આવેલો છે. ત્યાંના વિખ્યાત બૌદ્ધ સ્તૂપનું નિર્માણ ઈ.સ. પૂર્વે ત્રીજી શતાબ્દીમાં થયું હતું. એવી માન્યતા છે કે આ સ્તૂપનું નિર્માણ સમ્રાટ અશોકે કર્યું હતું જેમણે બૌદ્ધ ધર્મ સ્વીકાર્યો હતો. વિશ્વ-પર્યટન સ્થળોમાં સાંચી ધાર્મિક અને ઐતિહાસિક કેન્દ્રના રૂપમાં વિખ્યાત છે અને યુનેસ્કો દ્વારા વિશ્વની અનામત-શ્રેણીમાં તેની ગણના થાય છે.

સાંચીમાં ત્રણ બહુ ભવ્ય સ્તૂપ આવેલા છે. સૌથી મોટો સ્તૂપ એક વિશાળ અર્ધગોળાકારમાં રચાયેલો છે. એનો વ્યાસ ૧૨૦ મીટર છે. ઊંચાઈ ૫૪ ફીટ છે. એની ફરતી દીવાલમાં પશ્ચિમ, પૂર્વ, ઉત્તર અને દક્ષિણ દિશાઓમાં ચાર દરવાજા આવેલા છે. દરવાજા ઉપર ભગવાન બુદ્ધ દ્વારા બૌદ્ધ ધર્મની સ્થાપના અને તે પછીની ઘટનાઓ દર્શાવી છે. ભારતીય સંસ્કૃતિના પ્રાચીન અવશેષો અને પથ્થર પર સચિત્ર બનાવેલી બૌદ્ધ ધર્મની જાતકકથાઓ જોવાલાયક છે.

સાંચીના પહાડો અલગ અલગ ખડકોના રૂપમાં ઊંચાઈ તરફ જતા હોય છે જેમાં સ્તૂપ નં. ૨વાળો પહાડ ઉપર તથા સ્તૂપ નં. ૩વાળો પહાડ મધ્યમાં આવેલો છે. દરેક શિખરો ઉપર મઠ આવેલા છે તથા ત્યાં સાતમી શતાબ્દીમાં નિર્માણ પામેલું મંદિર પણ છે. *('યોગક્ષેમ'ને આધારે)*



વિરમતા સૌ સ્વર મૃદુલ કોમલ, વસંતલ ફાગના,
જાગ્યા અનાહતનાદ સહસા મત્ત ત્યાં વૈરાગના!
જટાજૂટ વિખેરતો જોગી ઉનાળો આવિયો,
નાખ્યા અડિંગા લીમડા નીચે, મુકામ જ એક એ એને ભલેરો ભાવિયો.
('આતિથ્ય'માંથી) *-ઉમાશંકર જોશી*

મનહર મોદીનું નિધન

કવિ મનહર મોદીનો એક શેર છે : 'માર્ગ ચાલવા દે છે, / ને થાક પણ લગાડે છે.'

આ શેરને જરા ફેરફાર કરીને મૂકીએ તો – 'માર્ગ ચાલવા દે છે, / ને મોત પણ જગાડે છે.'

૧૬મી માર્ચ ૨૦૦૩ના રોજ રવિવારે સવારે મનહર ચાલવા નીકળ્યા હતા અને કોઈ સ્કૂટરની ટક્કર વાગવાથી પડી ગયા ને ભાન ગુમાવ્યું તે પરત ના જ આવ્યું! અને ૨૩મી માર્ચ ને રવિવારે સવારે દેહત્યાગ કર્યો. આમ, જે માર્ગે ચાલવા નીકળ્યા હતા તે માર્ગે જ એમના ગોપિત મોતને જગાડી દીધું!

મનહર મોદીનો જન્મ ૧૯૩૭ના એપ્રિલની ૧૫મીએ અમદાવાદમાં. ૧૯૬૨માં અર્થશાસ્ત્ર તથા આંકડાશાસ્ત્રના વિષયો લઈ એ સ્નાતક થયા અને ૧૯૬૪માં ગુજરાતી અને સંસ્કૃત વિષયો લઈ ફરી સ્નાતક થયા. તો ૧૯૬૬માં ગુજરાતી અને સંસ્કૃત વિષયો લઈ અનુસ્નાતક થયા. દરમિયાનમાં ૧૯૫૬ થી ૧૯૫૮ સુધી ટેક્ષ્ટાઈલ ડિઝાઈન સેલ્સમૅન તરીકે તથા ૧૯૫૮ થી ૧૯૬૬ પશ્ચિમ રેલવેમાં નોકરી કરી.

પરન્તુ ૧૯૬૬માં એ શિક્ષણક્ષેત્રે પ્રવેશ્યા. અહીં ભવન્સ કૉલેજમાં અને પછી તેની ડાકોર શાખામાં ગુજરાતીના વ્યાખ્યાતા તરીકે કામગીરી બજાવ્યા બાદ ભક્ત વલ્લભ ધોળા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ શરૂ થતાં તેમાં ગુજરાતીના વ્યાખ્યાતા તરીકે જોડાયા અને નિવૃત્તિ પર્યંત ત્યાં જ રહ્યા.

એમની આ શૈક્ષણિક કારકિર્દી દરમિયાન 'નિરીક્ષક', ઉદ્‌ગાર' અને પછી પોતાની પ્રકાશન સંસ્થા રન્નાદે પ્રકાશનના ગૃહસામયિક 'ઓળખ'નું સંપાદનકાર્ય સંભાળ્યું. ૨૦૦૩ના જાન્યુઆરીથી ગુજરાતી સાહિત્ય પરિષદના મુખપત્ર 'પરબ'નું તંત્રીપદ સંભાળ્યું અને પોતીકી મુદ્રા એને આપવાનો પ્રયાસ પણ કર્યો.

સર્જક તરીકે એમનો આરંભ ગઈ સદીના છઠ્ઠા દાયકામાં. રોમૅન્ટિક મિજાજ



અને એટલે પ્રયોગ-વૈવિધ્ય તરફનું વલણ. આ પ્રકૃતિ એમને 'રે મઠ'ના મિત્રો અને પ્રવૃત્તિ તરફ દોરી ગઈ. ૧૯૬૩માં પ્રકટ થયેલો 'આકૃતિ' એમનો પ્રથમ કાવ્યસંગ્રહ. ૧૯૬૭માં બીજા કાવ્યસંગ્રહ 'ૐ તત્‌ સત્‌'માં પ્રયોગોની ભરમાર છે. છંદમાંથી મુક્તિ દ્વારા જીવનની છિન્નતાનો વિષાદભાવ કેન્દ્રસ્થાને રહે છે. ભાષાકીય સુશ્લિષ્ટ અર્થાયોજનમાંથી નર્થ

તરફની તેમની ભાષાકીય ગતિ પ્રકટ થાય છે. ૧૯૮૬માં ત્યાં સુધીની એમની લગભગ સઘળી ગઝલોને સમાવતો '૧૧ દરિયા' સંગ્રહ પ્રકટ થાય છે. એ જોતાં લાગે છે કે પરંપરા અને પ્રયોગના સંમિશ્રણથી કેટલાંક સુભગ પરિણામો નિપજાવી શક્યા છે. ૧૯૮૭માં 'હસુમતી અને બીજાં'માં પણ એમની ભાષાકીય અને રચનારીતિગત કેટલીક વિલક્ષણ રચનાઓ જોવા મળે છે. છેલ્લે 'મનહર અને મોદી' સંગ્રહમાં પરંપરા અને પ્રયોગને વધુ સર્જનાત્મક સ્તરે લઈ ગયાનો એહસાસ થાય છે. 'મનહર અને મોદી' શીર્ષકમાં સ્વનામ અને અટકને છૂટા પાડી દ્વિભાજિત વ્યક્તિત્વની અભિવ્યંજના તરફ આંગળી ચીંધી છે. ૧૯૭૪માં એમણે 'રે મઠ'ના મિત્રો સાથે 'ગઝલ ઉસને છેડી' તથા ૧૯૮૦માં ચિનુ મોદી અને આદિલ સાથે 'ગાઈ તે ગઝલ' નામક સંપાદનો આવ્યાં. એમનાં કાવ્યોમાં રચનારીતિના પ્રયોગો, ગઝલોમાં તળ ગુજરાતીતા લાવવાનો પ્રયાસ, ઇન્દ્રિયવ્યત્યયોથી માર્મિક કલાત્મક અભિવ્યક્તિ સાધવાનો પ્રયાસ આદિ વિશેષો ધ્યાન ખેંચે છે.

અધ્યાપકને નાતે 'ગુજરાતીનો અધ્યાપક સંઘ'માં પણ તે સક્રિય હતા અને તેના વાર્ષિક 'અધીત'નાં કેટલાંક સંપાદનો પણ કરેલાં. તેઓ છેલ્લાં બે વર્ષથી ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપપ્રમુખનો હોદ્દો સંભાળતા હતા.

તેમની પ્રકૃતિ મસ્તરામની. સૌની સાથે તેમને બને તેનું કારણ તેમનો ખુશમિજાજ અને નમ્રતા. હા, તેમના આક્રોશમાં પણ અવિનયનું તત્ત્વ નહિ. આવા ખેલદિલ માનવી અને ખરા સર્જકની આકસ્મિક વિદાયથી સહુ સાહિત્યરસિકો દુઃખની લાગણી અનુભવે તે સ્વાભાવિક છે. - *ધીરુ પરીખ*

'કુમાર'ના લેખક પરિવારના ધનુભાઈ મહેતાની વિદાય

'આવો, શીખીએ અંગ્રેજી' એ શીર્ષકથી જેમની ઉપયોગી લેખમાળા લગભગ સતત ત્રણ વર્ષ 'કુમાર'માં પ્રકટ થતી રહી હતી તેના વિદ્વાન લેખક ધનુભાઈ મહેતાનું ૨૫મી માર્ચ, ૨૦૦૩ અને મંગળવારે અવસાન થયું. આમ તો તે આજીવન અચ્છા શિક્ષક. એમનો જન્મ ૧૯૨૧ના માર્ચની ૮મી તારીખે ભાવનગરમાં રાજ્ય-દાક્તર પિતા બાલકૃષ્ણભાઈ અને માતા ગિરિજાબહેનને ત્યાં થયેલો. દાદા નારણજીભાઈ સાદાસીધા તથા સમાજસુધારક વૃત્તિના. પિતા વૈજ્ઞાનિક અને માનવીય અભિગમ ધરાવતા તથા માતા સરલ અને સહનશીલ સ્વભાવનાં.



ધનુભાઈને દાદાની સમાજસુધારકવૃત્તિ, પિતાનો વૈજ્ઞાનિક અને માનવીય અભિગમ તથા માતાની સરલતા અને સહનશીલતા વારસામાં મળ્યાં હતાં. ભાવનગરની સનાતન ધર્મ હાઈસ્કૂલમાંથી મૅટ્રિક થઈ ત્યાંની સામળદાસ કૉલેજમાંથી બી.એ. થયા અને વડોદરાની મ.સ. યુનિવર્સિટીમાંથી બી.ટી. થયા. એમણે સ્વેચ્છાએ શિક્ષકનો વ્યવસાય સ્વીકાર્યો, નવા નાગરિકોને શિક્ષિત કરવાના ધ્યેયથી. આરંભમાં અમદાવાદની 'ગર્લ્સ ઓન હાઈ સ્કૂલ'માં, પછી 'મોડલ હાઈસ્કૂલ'માં શિક્ષણકાર્ય કર્યા બાદ નિવૃત્ત થયા ત્યાં સુધી 'ધી મૉડર્ન હાઈસ્કૂલ'માં શિક્ષક, નિરીક્ષક અને અંતે આચાર્ય તરીકે સેવાઓ આપી.

તેમની શિક્ષણપદ્ધતિ આગવી અને આદર્શ પૂત. શિસ્તના એ પરમ આગ્રહી. કોઈની પણ ગેરશિસ્ત ચલાવી ન લે. સ્વમાનના ભોગે તો કશું જ ચલાવી ન લે. ગુજરાતી અને અંગ્રેજી એમના શિક્ષણના વિષયો. પરંતુ સંસ્કૃત પરનું પ્રભુત્વ પણ એવું જ. તૈયારી વગર ક્યારેય વર્ગમાં જવાનું નહિ. બ્રિટિશ ઈંગ્લિશના આગ્રહી. અંગ્રેજીમાંથી સહજ ગુજરાતીમાં સુન્દર અનુવાદ કરી આપે. 'કુમાર'ને પણ એનો લાભ મળ્યો છે. નિવૃત્ત થયા પછી તો એમણે સ્વેચ્છાએ અંગ્રેજીનું શિક્ષણ આપવા વર્ગો શરૂ કર્યા અને વિદ્યાર્થીઓનો ધસારો ખાળ્યો ખાળી ન શકાય તેવો. કદાચ શાળાના વર્ગમાં અંગ્રેજીનું શિક્ષણ આપ્યું અને શાળાપૂરતી એમની ખ્યાતિ સીમિત રહી, પરન્તુ નિવૃત્ત થયા પછી એમણે જે અંગ્રેજીનું શિક્ષણકાર્ય કર્યું તેનાથી તો સમાજના વ્યાપક સ્તરે વિદ્યાર્થીઓ અને વાલીઓ આફરીન હતા.

એમની અંગત માન્યતાઓ રૂઢીવાદી નહિ. ધર્મ-ઈશ્વર-આત્મા, મંત્ર-તંત્ર, દોરા-ધાગા, જન્મકુંડળી-હસ્તરેખા, જ્યોતિષઃ આ બધાંનો અસ્વીકાર. જીવાતા જીવનની ઉત્તમતા એ જ એમનું લક્ષ્ય. સમાજ-સુધારણા એમના લોહીમાં ભળી ગઈ હતી. એ માત્ર વાગાડંબર નહિ, પણ આચારસંહિતા સુધી પહોંચી હતી. એકના એક પુત્રને યજ્ઞોપવીત સંસ્કાર આપવાનો માંડી વાળેલો. એમનો આખો જીવનાભિગમ બૌદ્ધિક અને વૈજ્ઞાનિક. નિર્દંભ અને નરવું વ્યક્તિત્વ. સરલ સાલસ સ્વભાવ. પરોપકારની પરમ ધગશ, પણ એના દેખાડાનો સહેજ પણ ધખારો નહિ. ગરીબ વિદ્યાર્થીઓને ફી અને પુસ્તકોની સહાય કરે, પણ ક્યાંય એની સભાનતા કે અભિમાનવૃત્તિ નહિ. બધું સહજ-સ્વાભાવિક. મારા તો એ ૪૫ વર્ષના મુરબ્બી મિત્ર. એઓ પાંચ ભાઈઓ, મને છઠ્ઠો ભાઈ ગણે એ મારું સદ્ભાગ્ય. એમના જવાથી આ સદ્ભાગ્યની સ્મૃતિ મારે માટે જીવનભાથું બની રહેશે. - *ધીરુ પરીખ*

ભારતીય અંકપદ્ધતિની ભવ્યતા

પ્રાચીન સમયમાં લોકોના જીવનમાં પશુઓ મહત્ત્વનો ભાગ ભજવતાં. આ પશુઓ સાંજે ચરીને આવે ત્યારે એક વાડામાં પૂરવામાં આવતાં, જેથી જંગલી પશુઓથી તેઓને બચાવી શકાય

અને પશુઓ ભાગી ન છૂટે. એક દિવસ પશુપાલકે પશુઓને સાંજે ચરાવી આવીને વાડામાં પૂર્યાં, પણ તેને શંકા ગઈ કે પશુઓ થોડાં ઓછાં છે. તેણે જંગલમાં જઈને તપાસ કરી તો બે-ચાર પશુઓ મળી આવ્યાં. બે-ચાર પશુઓને જંગલી પશુઓએ મારી નાખ્યાં હતાં. બે-ચાર ખીણમાં ફસાઈ ગયાં હતાં. તેને પછી વિચાર આવ્યો કે દરરોજ કેવી રીતે જાણવું કે બધાં જ પશુઓ ચરીને આવી ગયાં છે. તેણે નાના નાના પથ્થરો એકઠા કર્યા. જ્યારે પશુ વાડામાં જાય ત્યારે તે એક પથ્થરને બાજુમાં મૂકતો. આમ જેટલા પશુઓ વાડામાં જાય તેટલા પથ્થરોનો ઢગલો થતો. બીજે દિવસે સવારે જેમ જેમ પશુ વાડામાંથી નીકળે તેમ તેમ ઢગલામાંથી પથ્થર લઈ બાજુમાં મૂકે. ઢગલામાં જેટલા પથ્થર હોય તેટલા પશુઓ બહાર ચરવા ગયાં છે તેમ મનાતું. આમ, સવાર-સાંજ પશુઓનો હિસાબ રખાતો. આમ વસ્તુઓને ગણવાની ક્રિયા પશુઓ અને પથ્થરોની એક સંગતતાથી શરૂ થઈ. આમ, ગણવાની ક્રિયા ૧,૨,૩,... ની સંખ્યા અને વસ્તુઓ વચ્ચે એક-એક સંગતતાનો વિચાર છે. માટે જ ૧,૨,૩ પશુઓ પણ ગણી શકે, માણસો પણ ગણી શકે અને ચીજવસ્તુઓ પણ ગણી શકે. હકીકતમાં ૧,૨,૩... એ એક-એક સંગતતાની વિચારસરણી છે. ૧,૨,૩... સંખ્યા નથી ચીજ, નથી માણસ. એ એક લેબલિંગની ક્રિયા છે. આમ, ૧,૨,૩... વગેરે સંખ્યાનો જન્મ થયો.

૧,૨,૩...૯ની સંખ્યા આવે અને તેથી વધે એટલે ભારતીયોએ તેને ૧૦ કહી. ૧૦ અર્થ થાય દશનું એક બંડલ અને શૂન્ય. દશથી વધે એટલે ૧૧. ૧૧ એટલે દશનું એક બંડલ અને તેની ઉપર એક, ૧૨ એટલે દશનું એક બંડલ અને બે. ૨૦ એટલે દશનાં બે બંડલ. ૧૦૦ એટલે દશનાં દશ બંડલ અને શૂન્ય. ૧૦૧ એટલે દશનાં દશ બંડલ અને ઉપર એક. ૧૧૧ એટલે દશના દશ બંડલ, એક બીજું દશનું બંડલ અને એક, ૧૧૨ એટલે દશનાં દશ બંડલ વત્તા દશનું એક બંડલ અને તેના ઉપર ૨=૧૧૨. આમ, એકમ, દશક ને સો થયા. શૂન્યે જબદજસ્ત ક્રાંતિ આણી. આમ સંખ્યા ૦,૧,૨,૩...૯,૧૦ શરૂ થઈ. આ વિચારસરણી બાળકની રમત જેવી લાગે છે, પણ તેની દાર્શનિકતા જબ્બર છે, તેની પાછળની વિચારસણી બહુ ગજબની છે.

પશ્ચિમમાં ભારતીય દશાંશ આંકડા હતા નહીં તેથી તેઓ રોમન આંકડા વાપરતા. આ આંકડામાં ૯ લખાય અને ૧૧ લખાય. આ આંકડામાં મોટી મોટી રકમ ઘણી અઘરી પડે. આ આંકડામાં શૂન્ય હતું નહીં તેથી ગણિતની પ્રગતિ થતી ન હતી. ભારતીયોની શૂન્યની આંકડાની અને દશાંશ પદ્ધતિની શોધ પછી ગણિત ઘણી ઝડપથી પ્રગતિ કરવા લાગ્યું. સરવાળો, બાદબાકી, ગુણાકાર અને ભાગાકારને અર્થ મળ્યો. આઈન્સ્ટાઈને એક વાર કહ્યું હતું કે આખી દુનિયા ભારતની ઋણી છે, જેણે દશાંશ પદ્ધતિ-આંકડા અને શૂન્યની શોધ કરી; જેના વગર વિજ્ઞાન આગળ વધી શક્યું ન હોત. આ હકીકત છે, કારણ કે વિશાળ વિશ્વ સમજવા, વિશ્વમાં રહેલા પદાર્થકણોને ગણવા અને અબજો તારાભરી, અબજો મંદાકિનીઓના વિસ્તૃતપણાને સમજવા અને દર્શાવવા મોટી, ઘણી મોટી, સંખ્યાની જરૂર પડે છે અને આ માત્ર દશાંશ પદ્ધતિથી જ સમજી શકાય એટલું જ નહીં, નાની અતિ નાની સંખ્યાને સમજવા પણ દશાંશ પદ્ધતિની જરૂર પડે છે. આમ, બહારનું વિશાળ જગત અને અણુ અંદરનું સૂક્ષ્મ જગત સમજવા, તેની સાઈઝ અને કદ સમજવા ભારતીય અંકશાસ્ત્ર જ બંધ બેસે છે.

હવે આપણે ભારતીય અંકસંખ્યાની ભવ્યતા જોઈએ. એકમ (૧), દશક (૧૦), સો (૧૦૦), હજાર (૧,૦૦૦), દશ હજાર (૧૦,૦૦૦) ને આપણા પૂર્વજો અયુત કહેતા. હજારને સંસ્કૃતમાં સહસ્ર કહે છે. સોને શતક કહે છે. લાખ (લક્ષ્ય) ૧,૦૦,૦૦૦ - એક પછી પાંચ શૂન્ય એટલે દશ અયૂત. દશ લાખ (૧૦,૦૦,૦૦૦) એટલે સો અયૂત. કરોડ (૧,૦૦,૦૦,૦૦૦) કોટી, દશ કરોડ (૧૦,૦૦,૦૦,૦૦૦) ને અર્બુદ કહે છે. અબજ (૧,૦૦,૦૦,૦૦,૦૦૦) એક પછી નવ શૂન્યનો આંકડો છે જે દશ અર્બુદ છે. આ પછી દસ અબજ (૧૦,૦૦,૦૦,૦૦,૦૦૦) એક પછી દશ શૂન્ય. સો (સતક) અબજ એક પછી અગિયાર શૂન્ય (૧,૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦). તે પછીનો આંકડો છે સહસ્ર અબજ. એક પછી બાર શૂન્ય. (૧૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦). સહસ્ર અબજને આપણે ખર્વ કહીએ છીએ. ખર્વને અંગ્રેજીમાં ટ્રિલ્યન કહે છે. દશ ખર્વ એટલે એક પછી તેર શૂન્ય. (૧,૦૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦). તે પછીનો આંકડો સો (સતક) ખર્વ એટલે નિખર્વ-એક પછી પંદર શૂન્ય. તે પછી દશ નિખર્વ - એક પછી સોળ શૂન્ય. સો (શતક) નિખર્વ - એક પછી સત્તર શૂન્ય અને પછી હજાર (સહસ્ર) નિખર્વ - એક પછી અઢાર શૂન્યનો આંકડો છે. આપણા ભારતમાં આ આંકડાનું નામ મહાપદ્મ છે. આવા મોટા આંકડા માટે દુનિયામાં નામ ભારતે જ આપ્યાં છે, કારણ કે તે એક સંખ્યાનું જનક છે.

ભારત આટલેથી અટકતું નથી. તેની પાસે દશ મહાપદ્મ (એક પછી ઓગણીસ શૂન્ય), સો (શતક) મહાપદ્મ (એક પછી વીસ શૂન્ય) હજાર (સહસ્ર) મહાપદ્મ (એક પછી એકવીસ શૂન્ય). તે પછી દશ જલધિ આવશે અને પછી સહસ્ર જલધિ, જેને આપણે અંત્ય કહીએ છીએ. આ આંકડો એક પછી સત્તાવીસ શૂન્યવાળો છે. તે પછી દશ અંત્ય, શતક અંત્ય અને સહસ્ર અંત્ય. - *(ફૂલછાબ'માંથી ટૂંકાવીને) ડૉ. જે.જે.રાવલ*

ધીખ્યા વિણ નહિ ટુકડા લોહ તણા સંધાય—
સંધિ-કારણ તે જ છે, તેજે રવિ પૂજાય!

— સ્નેહરશ્મિ

શાહજી રાજાની પૂનાની જાગીરનું કારભારું સાચવનાર ને બાળપણમાં છત્રપતિ શિવાજી મહારાજનું ચારિત્ર્યગઠન કરનાર દાદાજી કોંડદેવ ખૂબ નીતિનિષ્ઠ બ્રાહ્મણ હતા.

એક વખત રાજાના બાગમાં એક સરસ ફળ પર નજર ઠરતાં તે તોડ્યું, પણ તરત જ ભાન થયું કે આ તો મેં માલિકને ત્યાં ચોરી કરી, અને પોતાનો એ હાથ કાપવા તૈયાર થયા. અંતે જીજાબાઈને ખબર પડતાં તેમણે વચ્ચે પડીને વાર્યા ને હાથને બદલે અંગરખાની અરધી બાંય કાપવાનું ઠર્યું. સ્વામીનિષ્ઠ દાદાજીની એ બાંય તે પછી જીવનભર અરધી જ રહી.

*

કેરીની ગોટલીનો રસ કાઢી એનાં ટીપાં નાખવાથી નાકમાંથી પડતું લોહી બંધ થાય છે.

*

ઉત્તર કેરોલિનામાં થતા ઈટા કોલુમાઈટ નામના પથ્થર એટલા નરમ હોય છે કે તે હાથથી દબાવીને વાળી શકાય છે.


*

લગ્નપ્રસંગે ઘંટ, શરણાઈ તથા ઢોલ વગાડવાનો રિવાજ અપવિત્ર આત્માઓને ભગાડવાની મૂળ વિધિમાંથી ઊતરી આવ્યો છે.

*

લેસર કિરણમાં સૂર્યકિરણ કરતાં બે હજાર ગણી વધુ ગરમી-ઊર્જા હોય છે.

*



ટિફિન આકારમાં 'ટિફિન' શબ્દ
(મહેબૂબ એ. સૈયદ)

દુનિયામાં સૌથી શક્તિશાળી માઈક્રોસ્કોપ સ્વીત્ઝરલૅન્ડની આઈબીએમ કંપનીએ બનાવ્યું છે અને એ અણુના એકસો ગણા નાના ભાગને પણ બતાવી શકે છે.

*

અવાજ કરતાં વધુ ઝડપે વિમાન ઉડાડવાનો રેકૉર્ડ કૅપ્ટન ચાર્લ્સ એલ્વુડ ચીગરે ૧૪ ઑક્ટોબર ૧૯૪૭ના રોજ નોંધાવ્યો હતો.

*

વિશ્વનાં સૌથી વધુ લોકપ્રિય કોલ્ડ્રિન્ક કોકાકોલાએ ૧૯૮૮માં રોજની ૪૧ કરોડ ૯૦ લાખ બોટલ વેચી હતી.

*

દુનિયાનું સૌથી મોટું સોનાનું ગચિયું બસો કિલોગ્રામ વજનનું જપાનમાં છે અને આ વર્ષે ગિનેસ બુક ઑફ વર્લ્ડ રેકૉર્ડમાં તેના માલિક સાથે આ ગચિયાનું નામ આવશે.

*

આપણે સહુ આપણા ટપાલખાતાથી નારાજ છીએ, પરંતુ બ્રિટનમાં દર અઠવાડિયે નવ લાખ સત્તાવન હજાર સાતસો વસ્તુ નામ-સરનામું સાચું હોવા છતાં ગેરવલ્લે જાય છે!

*

છાપું 'અસાહિ શિમ્બુન' જપાનમાંથી પ્રકટ થાય છે એની એક કરોડ ૩૬ હજાર નકલો વેચાય છે.

*

ગણિતગમ્મત

૩૭ x ૧૨૯ = ૪૭૭૩; ૩૭ x ૧૦૨ = ૩૭૭૪
૩૭ x ૧૩૫ = ૪૯૯૫; ૩૭ x ૧૬૨ = ૫૯૯૪

ઉપર પહેલી કૉલમમાં ગુણાકારમાં પહેલો અંક ૪ જ રહે છે અને પહેલા તથા છેલ્લા અંકોનો સરવાળો વચ્ચેના અંકો બરાબર જ આવે છે તેની નોંધ લો. આ કોઠામાં ૩૭ x ૧૩૨ની રકમ શા માટે બાકાત રાખવામાં આવી છે તેનું કારણ શોધી કાઢો.

-નૌતમભાઈ વખારિયા



નિષ્ઠાવાન જવાન! (રેખાંકન: ઇન્દ્રદેવ આચાર્ય)

પત્ની: 'તમે ક્યારેય મારી સલાહ માનતા નથી અને પછી પસ્તાવ છો!'
પતિ: 'એવું નથી, તારી સાથે લગ્ન કરવાની તારી સલાહ માનીને હું જિંદગીભર પસ્તાયો છું.'

*

કમ્બોડિયામાં શાહી ઉત્સવનો પ્રારંભ સંસ્કૃત શ્લોકોથી કરવામાં આવે છે. ત્યાંની કેટલીય ધાર્મિક પરંપરાઓ હિંદુ રીતરિવાજો પ્રમાણે છે. અને ત્યાંના રાજવીના મહેલમાં હિંદુ બ્રાહ્મણોનું એક વિશિષ્ટ જૂથ વસે છે, જે કેટલીયે સદીઓથી રાજપુરોહિતનું કામ કરે છે. ભારતની માફક અહીં પણ બે હાથ જોડીને પ્રણામ કરવાની પ્રથા છે અને કમ્બોડિયાના કેટલાય પૅગોડા (મંદિર) પર સંસ્કૃત શ્લોકો કોતરાયેલા મળે છે.

*

યુરો નામના ચલણનું નામ ફિનેસિયાની રાજકુમારી 'યુરોપા'ના નામ પરથી પડ્યુ છે.

*



કલાકૃતિ: પિત્તળનો કૂંજો, જેમાં રજત અને તાંબાનું જડતરકામ છે, અને ઈ.સ. ૧૨૩૨માં મોસુલમાં સૂજા-ઈબ્ન-માનાએ તે તૈયાર કરાવ્યો હતો. હાલ તે બ્રિટિશ મ્યુઝીયમમાં છે.